સૂરજ ઊગ્યો સમણાંને દેશ

ભવાની શંકર

હર્ષ પ્રકાશન
ફુવારા સામે, ગાંધી રોડ,
અમદાવાદ–૧.

VISIT…

LANZAROTE Caliente.com


સૂરજ ઊગ્યો સમણાંને દેશ
નવલકથા



આવૃત્તિ : પહેલી, ૧૯૮૪

પ્રકાશક : હર્ષદકુમાર ગોવિંદલાલ પટેલ
હર્ષ પ્રકાશન
ગાંધી રોડ, ફુવારા સામે,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.

મુદ્રક : ઠાકોરલાલ ગોવિંદલાલ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોરનાકા,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.



કિંમત : રૂ. ૩૬–૦૦

Sooraj Oogyo Samanane Desh
A Novel in Gujarati
by Bhawani Shankar
Published by
Harsh Parkashan,
Opp. Fuvara, Ganhhi Road, Ahmedabad-1.
Price Rs. 36/-

જીવનસંગિની
દેવયાનીને

મેરે લિયે તૂંને
લાખોંકે બોલ સહે.

લેખકની કૃતિઓ

નવલકથા

પ્રીત થયા પહેલાં

ઝરમર શ્રાવણ

સૂરજ ઊગ્યો સમણાંને દેશ

સિંદૂરી સમણાંના લીલા ડંખ (છપાય છે)

પ્રેરક નિબંધિકાઓ

ક્ષણનો સાદ (હવે પછી)

પોતાની કૃતિ વિષે સર્જક પોતે ઘણું કહે, કૃતિને ભાવકોએ કેમ માણવી તેનું સીધું કે આડકતરું માર્ગદર્શન આપવા બેસે એ ખ્યાલ, વાજબી રીતે જ, બહુ જરીપુરાણો અને મહદ્અંશે રમૂજ-પ્રેરક બની ગયો છે. સર્જકના સો-સો પ્રયત્નો છતાં પ્રત્યેક વાચક એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે જ કૃતિને માણવાનો છે, પોતાની રીતે જ મૂલવવાનો છે.

અને તેમાં કંઈ વાંધો કાઢી શકાય નહિ. વાચકનો એ અધિકાર છે. તેથી એવું પણ બનવાનું કે કોઈ કૃતિ કોઈકને ખૂબ ગમી જાય, કોઈકને તે ઓછી ગમે કે કોઈકને બિલકુલ ન ગમે. મારી કૃતિ પણ તેમાં અપવાદ બની શકે નહિ. જેવી છે તેવી તેને મારા સહૃદયી વાચકોના હાથમાં મૂકતાં, સાચે જ, આનંદ અનુભવું છું. તેને રસાળ, સુંદર, ચિત્તાકર્ષક બનાવવા મેં શક્ય તેટલી તમામ જહેમત ઉઠાવેલી છે. હવે તેને માણવા-મૂલવવાનું કામ આપ સૌ વાચકોનું છે. તેને માણો કે મૂલવો તો તે મને વ્યક્તિગત રીતે લખી જણાવશો તો ખૂબ આનંદ થશે.

વિદ્વાનોનાં લાંબાં વિવેચનો કે પ્રસ્તાવના કોઈ કૃતિને કેટલે અંશે ઉપકારક થઈ શકે તે ચર્ચાનો જુદો જ મુદ્દો છે. અહીં તે અપ્રસ્તુત છે. હું તો એક-એક વાચકના અંતરમાંથી ઊગેલા બે કે ચાર શબ્દોના 'વિવેચન'ને પણ એટલું જ મહત્ત્વનું માનું છું. આ વાર્તા પૂરી કરીને પુસ્તક એક બાજુ મૂકતાં જો વાચક મુખ મરકાવીને એટલું જ બોલી ઊઠશે : "વાહ! મજા આવી ગઈ!"......તો એટલા શબ્દોને વાર્તાનું સાચું મૂલ્યાંકન માનીને હું આનંદ પામીશ. કારણ, એ શબ્દો, જેને માટે આ વાર્તા લખાઈ છે તે વાચકના અંતરમાંથી જ સીધા આવેલા, ગ્રંથિઓ કે પૂર્વગ્રહોથી સંપૂર્ણ મુક્ત શબ્દો હશે.

આ પહેલાંની મારી નવલકથાઓને એવો ઉમળકાભર્યો સ્નેહ આપવા બદલ સૌ વાચક ભાઈ-બહેનોનો આભારી છું.

આ કથા 'સંદેશ' પ્રકાશ 'સ્ત્રી' સાપ્તાહિકમાં ધારાવાહી રૂપે પ્રગટ થઈ ત્યારનું તેનું શીર્ષક 'આંસુ ઢળી ગયાં આંખમાં' બદલીને 'સૂરજ ઊગ્યો સમણુાંને દેશ' રાખ્યું છે.

'સ્ત્રી' સાપ્તાહિક દ્વારા વાર્તાને હજારો વાચકો સુધી પહોંચવાની તક આપવા બદલ 'સંદેશ'ના આદરણીય તંત્રી મુરબ્બી શ્રી. ચીમનભાઈ પટેલ તથા 'સ્ત્રી'ના તંત્રી શ્રી. લીલાબહેન પટેલનો હું ઋણી છું. પુસ્તકના છાપકામ અને સજાવટ પાછળ કાળજીભર્યો શ્રમ ઉઠાવવા બદલ મારા પ્રકાશક શ્રી. હર્ષદભાઈ પટેલનો પણ આભારી છું.

અને છેલ્લે, મારી લેખનપ્રવૃત્તિમાં મારા કરતાં ય અદકો રસ લઈ મને સતત લખતો રાખનાર મારા પરમ મિત્ર શ્રી. મોહમ્મદ માંકડનું ઋણ – મિત્રનું કદી ઋણ હોય જ નહિ એમ તેઓ સાવ સાચુકલાઈપૂર્વક કહે છે છતાં – સ્વીકાર્યા વિના રહી શકતો નથી.

– ભવાની શંકર

૫૨૪૬/૧ : વડવાળી મહેતા પોળ,
ઊભો ખાંચો : શાહપુર ચકલા,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.

સૂરજ ઊગ્યો સમણુાંને દેશ

ભવાની શંકર

Doubt that the stars are fire;
Doubt that the sun doth move;
Doubt truth to be a liar;
But never doubt I love.

– Shakespeare
(Hamlet)

૧

"પરાશર આર્ટિસ્ટ તો બહુ સારો છે. પણ લગ્નની કંકોતરીમાં તેણે એવા તે શા મોર ટાંક્યા હશે કે આટલા બધા વખાણ કરતો હશે ?" નીલિમાએ વિચાર્યું, અને ટેબલ પર પડેલી કંકોતરી હાથમાં લીધી.

અને તેણે જોયું, પરાશરે કંકોતરી જેવી સામાન્ય ચીજને ય અસામાન્ય કલ્પનાથી શણગારી હતી. તેના તસુએ તસુમાં કલાના મનભર મોર ટાંકી દીધા હતા. ઊડીને આંખને વળગે અને મનને મુગ્ધ કરે એવી રંગોની ખીચોખીચ મેળવણીમાંથી ઊપસતી અવનવી ડિઝાઇન ઉપર પત્રિકાનું લખાણ મરોડદાર અક્ષરોમાં હાથે લખેલું હતું. ગણેશ, સ્વસ્તિક, કુંભ, એવા એવા કેટલાંય મંગલ પ્રતીકોને એવી ખૂબીથી ઉપસાવ્યાં હતાં કે તે બધાં એકમેકમાં ભળી જઈને જાણે માંગલ્યની એક સુંદર અખિલાઈ રચતા હતા.

પ્રશંસાભરી, અચંબાભરી આંખે નીલિમા તેની સામે જોઈ રહી. અને પછી તેનો ફોલ્ડ ઉકેલ્યો, ઓહ ! અંદરના પાને તો વળી અજબ કરામત હતી ! જમણી તરફ શિવની પ્રસન્ન-મંગલ મુખમુદ્રા આછા રંગમાં ઊપસતી હતી. વચ્ચે એક લાલચટક ગુલાબ ખીલીને ઝૂમી રહ્યું હતું. અને ડાબી તરફના છેડે વર-વધૂની તસ્વીરો હતી. વરરાજાનું મુખ શિવ તરફ હતું. જાણે એક એક પગલું ભરતો

તે શિવ તરફ આગળ જઈ રહ્યો હોય. તેની પાછળ કન્યાની તસ્વીર હતી. તે જાણે વરની પાછળ તેનાં પગલાંને અનુસરતી અનાયાસ સરકતી હતી.

નીલિમાની આંખો તે દૃશ્યને અપલક જોઈ રહી. "આનંદ!" તેના મનમાં શરણાઈ જેવો એક સૂર ગૂંજી ઉઠ્યો, "ઓહ! આનંદ આનંદ!"

અને કંકોતરીની તસ્વીરો જાણે ઓગળવા લાગી. બધા રંગ, બધી ડિઝાઇન જાણે પ્રવાહી બનીને એકમેકમાં ભળવા લાગ્યા, ગતિમાન બનીને ગોળ ગોળ ઘૂમવા લાગ્યા. પછી તેમાં આનંદની તસ્વીર ઊપસી આવી. ધીમાં, ગૌરવભર્યાં ડગલાં માંડતો તે ચોરીના ફેરા ફરી રહ્યો હતો અને છેડાબંધનની ગાંઠ તેને આનંદની પાછળ પાછળ ખેંચી રહી હતી. નીચાં ઢાળેલાં પોપચામાંથી, પાંપણની આરપાર અધીર નજરે આનંદને જોઈ લેતી પોતે રોમાંચક આનંદના પૂરમાં તણાઈ રહી હતી. દિલના એક એક ધબકારે માદક શરણાઈ બજી રહી હતી. રૂંવાડે રૂંવાડે પારિજાતનાં ફૂલ મ્હેકી ઊઠ્યા'તા.

બે, ચાર, પાંચ-કેટલી પળ વીતી ગઈ, નીલિમાને શી ખબર? એ તો ગરકાવ હતી ખુશીના એક સમંદરમાં, સમયની તેને શી પરવા?

ચાર ફેરા પૂરા કરીને આનંદે મીઠું સ્મિત કરતાં તેની સામે જોયું. આહ! કેટલું પ્યારું સ્મિત! કેટલી શાતા આપતું હતું મનને! અને ઊંડા, નીતર્યાં નીર જેવી તેની આંખો? નીલિમાએ તે આંખોમાં જોયું. હસું, હસું થતી કીકીઓમાં પ્રતિબિંબ સ્પષ્ટ દેખાતું હતું. પણ-પણ-ઓહ! એ પ્રતિબિંબ પોતાનું નહોતું, નીલિમાનું નહોતું! નીલિમાને જાણે ફટકો વાગ્યો. આનંદની કીકીઓમાં ખિલ-ખિલ હસતી દેખાતી હતી એ તો નિરાલી હતી! નિરાલી – તેની માસીની દીકરી!

એકદમ બધું ઘૂમવા લાગ્યું. કંકોતરી, પોતે, ઓરડો બધું

એકદમ ચકડોળે ચડી ગયું–ચક્કર, ચક્કર, ચક્કર...અને પછી ધડાક દઈને બધું થંભી ગયું. હૃદયને જાણે વરામનો હડદો લાગ્યો હોય તેમ ક્ષણભર તે અચેત થઈ ગયું. અને પછી ઊંડે સુધી ભોંકાઈ ગયેલી શૂળ જેવી એક વેદના ઉપડી. અંદર કંઈક બળવા લાગ્યું, દિલને દઝાડવા લાગ્યું...સખત દઝાડવા લાગ્યું...ઓહ!...ઓહ!...

મીંચાઈ ગયેલી આંખો તેણે જોર કરીને ખોલી નાખી અને એ સાથે જ ઊર્મિઓના ઝંઝાવાતી પ્રદેશમાંથી વાસ્તવિકતાની જાગૃતિમાં પાછી આવી ગઈ. ઊર્મિઓ અને આવેગો, હવાના ઠાલા ગુબારા! તેને સ્પર્શી ન શકાય, આંબી ન શકાય. વાસ્તવિકતા એટલે જ સત્ય, તે નક્કર હોય છે, તેને મીટાવી ન શકાય.

વાસ્તવિકતા એ હતી કે આનંદના લગ્ન નિરાલી સાથે થવાના હતા. તેની સાથે નહિ. નિરાલી સાથે જ તેનું વેવિશાળ થયેલું હતું. અને કંકોતરીમાં આનંદની પાછળ નિરાલીની તસ્વીર હતી, તેની નહિ. નિરાલીની જગ્યાએ તે પોતાની તસ્વીર કલ્પી લે એ તેની જ મૂર્ખતા હતી. કેવળ બાલિશ, અર્થહીન મૂર્ખતા.

એ મૂર્ખતા જ છે એ સમજવા જેટલી બુદ્ધિ નીલિમામાં હતી. પરીકથાની દુનિયામાં રાચનાર તે ઢીંગલી નહોતી. ગ્રેજ્યુએટ, મુંબઈમાં ઉછેરેલી, સમજદાર, બાવીસ વર્ષની નીલિમાની બુદ્ધિમત્તા અને સમજદારી માટે તેની માસીનો પણ ઊંચો અભિપ્રાય હતો, એટલે જ તો તેમણે તેને નોકરીમાંથી આટલી લાંબી રજા લેવરાવીને અમદાવાદ પોતાને ત્યાં તેડાવી હતી. નિરાલીના લગ્નના પહાડ જેવડા કામને ય, નીલિમા તેમની પડખે હોય તો, પહોંચી વળવાની તેમને હામ હતી.

છતાં આ વાત–આ એક જ વાત નીલિમાની બુદ્ધિના કાબૂ બહાર ગઈ હતી. સમજદારીની સીમાઓ તેને બાંધી શકી નહોતી. શાણપણની લગામ તેને નાથી શકી નહોતી, બધું તે સમજતી હતી, અને પોતાના મનને તે સમજાવવામાં તેણે કોઈ કચાશ રાખી નહોતી.

મનને મારી મારીને ય ચૂપ કરવા તે મથી ચૂકી હતી, પણ વ્યર્થ. બુદ્ધિ અને સમજદારી હાથ ઊંચા કરીને મેદાન મૂકી ગઈ હતી.

આનંદ તેનો થનાર બનેવી હતો. તેના પ્રત્યે જુવાન સાળીને હોય એવો ભાવ જ તેના માટે કુદરતી હતો. નીલિમા એ સમજતી હતી. છતાં તે સમજી શકતી નહોતી કે મન આટલી હદે અવળચંડાઈ કેમ માંડી બેઠું હતું? આનંદને લક્ષ્મણરેખાની બહાર ઊભો રાખવાને બદલે મન તેને અંદર ઊંડે ને ઊંડે કેમ ઉતારી રહ્યું હતું? જે નિશ્ચિતપણે તેની બહેનનો હતો તે પોતાનો હોય એમ શા માટે ઝંખી રહ્યું હતું?

તે અહીં આવી અને આનંદને પહેલી વાર જોયો તેને વીસ-પચીસ દિવસ માંડ થયા હતા. અલબત્ત, તે આવી ત્યારથી જ માસી અને માસિયાઈ ભાઈ પરાશર પાસેથી આનંદ વિષે અનેક મજેદાર વાતો તે સાંભળતી હતી. પરાશર તો આનંદ પર એવો ફીદા હતો કે એક મિનિટમાં તો તેના એક કલાક જેટલા વખાણ કરી નાખતો. નિરાલી તેમાં વાંધાઓ કાઢીને તેને ચીડાવતી, તેની મજાક પણ ઉડાવતી, "બસ, બસ, મિસ્ટર આર્ટિસ્ટ! ઉત્સાહમાં ને ઉત્સાહમાં એ ન ભૂલી જતા કે આનંદ સાથે લગ્ન કોણે કરવાના છે!"

માસીને પણ ખૂબ સંતોષ હતો. આનંદ જેવું સો ટચનું સોનું જમાઈ તરીકે મેળવ્યાનો તેમને ગર્વ હતો. અને એ સોના જેવો જમાઈ તેમને અનાયાસ જડી ગયો-જ્યારે ચોપાસ નર્યું પિત્તળ જ ઢેએ ચડતું હોય ત્યારે સહેજ હાથ નાખતાં જ હાથમાં આવી ગયો, તેનો ભારે આનંદ હતો.

નસીબની એ બલિહારી જ ગણાય. નહીંતર મુંબઈમાં રહેતો સિવિલ એન્જિનિયર આનંદ અમદાવાદના પૂલના સમારકામનો કોન્ટ્રેક્ટ શા માટે રાખે? નસીબની એ પણ બલિહારી જ ગણાય કે નિરાલીના પિતા નવનીતરાય ઝવેરી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બાંધકામ સમિતિ-

ના ચેરમેન હતા. અને નસીબની એ પણ બલિહારી જ ગણાય કે, કોર્પોરેશનના એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં પિતાની સાથે ગયેલી નિરાલીએ આનંદને જોયો. અને જોતાં જ, ન જાણે કેમ, નજર ઢાળી દેવી પડી. જો કે તેની ખુમારી તેથી છંછેડાઈ ગઈ હતી, અને તેણે બેતમા બનીને ફરી વાર તેની આંખ સામે આંખ ઠેરવવાનો દાખડો કર્યો હતો, પણ પહેલી વાર જેવું જ બીજી વાર પણ બન્યું!

વળી એ પણ એક વિચિત્ર યોગાનુયોગ જ કહેવાય કે છેક મુંબઈથી અહીં આવીને નીલિમાને પણ આનંદને મળવાનું થયું. તે આવી તેના ત્રીજા દિવસે તે પહેલી વાર આનંદને મળી. નિરાલી, પરાશર, માસી અને પોતે-બધાની સાથે આનંદ હસી હસીને વાતો કરતો હતો. ત્યારે જ નીલિમાને પહેલી વાર વિચિત્ર, અકલ્પ્ય લાગણીઓ થવા લાગી હતી. આનંદમાં કોઈક અદમ્ય ચુંબકત્વ હતું. ખાસ તેને માટે જ તે અદમ્ય હતું એવું ત્યારથી જ તેને લાગતું હતું. પોતાની સાથે વાત કરીને આનંદ બીજા કોઈની સામે જુએ કે તરત જ તે જલદી પાછો પોતાની સામે જુએ એ માટે તે અમથી અમથી અધીર થઈ જતી. પણ કંઈ આનંદનું મોં પકડીને તેને પોતાની સામે ઓછું ફેરવી દેવાય? એટલે તે આનંદના મુખ સામે જોઈ રહેતી. તેનો ચહેરો, ચહેરા પરની આંખો, અર્થભર્યું સરસ હાસ્ય, હસવાથી ચહેરા પર ખીલી ઊઠતું મોહક, તાજગીભર્યું વ્યક્તિત્વ-બધું તે જોઈ રહેતી, ખૂબ રસથી જોઈ રહેતી.

અને પછી મનોમન ખૂબ પરેશાન પણ થઈ જતી. જિંદગીમાં કદી નહોતું થયું એવું તેને કેમ થઈ રહ્યું છે! વિવેક અને બુદ્ધિની લગામો તેના હાથમાંથી સાવ શા માટે છૂટી રહી છે? શા માટે બધું એવું જ થઈ રહ્યું છે જે તેને ગમવું ન જોઈએ, છતાં ગમી રહ્યું છે?...

તે રાત્રે પથારીમાં પડી પડી તે પોતાની જાત સાથે ખૂબ લડી

હતી. મનને તેણે ફરીફરીને સમજાવ્યું હતું કે જે પાગલ વિચારો તે કરી રહ્યું હતું તે માત્ર અયોગ્ય જ નહિ, ખૂબ જ ખરાબ હતા. અત્યંત અનિચ્છનીય હતા. તેણે મનમાં ગાંઠ વાળી હતી, ફરી કદી તે આવા વિચાર નહિ કરે...આનંદ તેનો બનેવી હતો. તેની બહેનનો પતિ, તેને હવે તે એ રીતે જ જોશે...

પણ ત્રીજે દિવસે ફરી આનંદ ઘેર આવ્યો ત્યારે નિરાલી કંઈક કામમાં હતી. તેને આવતાં દસ-પંદર મિનિટ લાગી, એટલી વાર નીલિમાએ આનંદ પાસે બેસવું પડયું. અને અર્ધી રાત જાગીને મનમાં જે ગાંઠો વાળી હતી, મનને ફરતા રક્ષણના જે મજબૂત કિલ્લા બાંધ્યા હતા તે બધા કડડભૂસ થવા લાગ્યા. ચાર જ તસુ દૂર વહેતા ઝરણાના જળમાં કૂદી પડવા કાંઠે પડેલી માછલી તરફડે એમ મનમાં પેલી પ્રતિબંધિત ઇચ્છા તરફડી ઊઠી, "આનંદ બસ, તેની સામે જોયા જ કરે! નિરાલીની સામે તે જેમ જોઈ રહેતો તેમ જ બરાબર પોતાની સામે જોઈ રહે!..."

વિવેક અને શાણપણ કકળી ઊઠયાં, એક બેવકૂફ લાગણીના હાથમાં તેને પકડાઈ જતી લાચાર બનીને જોઈ રહ્યા.

બે રાત પહેલાં જ તેણે શિલાલેખ જેવો નિર્ણય મનમાં કોતર્યો હતો, "આનંદને હવેથી તે પોતાની માસિયાઈ બહેનના પતિ તરીકે જ જોશે. આનંદ તેનો માત્ર દૂરનો સગો જ હતો. બીજું કંઈ જ નહિ. બીજું કંઈ તે બની શકે જ નહિ. અરે, ખુદ આનંદ પણ તેને નિરાલીની માસિયાઈ બહેનથી વિશેષ કાંઈ માનતો ન હોય એ જ સ્વાભાવિક છે. એ જ સાચું છે. પોતે મૂર્ખ છે, આનંદ મૂર્ખ ન હોય."

પણ આનંદની પાસે બેસતાં જ એ શિલાલેખ પવનના સપાટે ઊડી જતી ધૂળની જેમ ભૂંસાઈ ગયો. ઊલટી, પેલી ગાંડપણભરી ઇચ્છા વધારે તીવ્ર બની ગઈ.

તે રાત્રે પણ તેણે મન સાથે જબરદસ્ત જંગ ખેલ્યો. મનને તેણે સમજાવ્યું. તેના ગાંડપણના ખરાબ પરિણામ તેણે જ ભોગવવા પડશે. નીરાલી સાથે આનંદના લગ્ન એક અફર હકીકત છે. થોડાક જ દિવસ પછી એ લગ્ન થઈ ગયા હશે...આનંદ તેનો દૂરનો બનેવી બની ચૂકયો હશે, અને પોતે આનંદની દૂરની સાળી!...હવે થોડાક જ દિવસ...

એકાએક તેને લાગ્યું. તે દૂર ધકેલાઈ રહી હતી. આનંદથી કંઈ કેટલાય માઈલો દૂર! મનને એક ભારે મૂંઝારો ગૂંગળાવી રહ્યો હતો. શ્વાસ રૂંધાતો હોય એમ તે વલખી રહી હતી. આટલે દૂર, આનંદથી આટલે દૂર શી રીતે રહી શકાશે?...શી રીતે...

પરાજિત થઈને પડેલી બુદ્ધિ તેને વારી રહી હતી. "હજી થોભી જા, નીલુ, આગળ ન વધ. આગળ મુસીબતની ઊંડી ખાઈ છે!"

તંગ થઈને તે મનોમન ચિત્કારી ઊઠતી, "જાણું છું, એ બધું હું જાણું છું...પણ હું શું કરું? મારું કંઈ ચાલતું નથી! કેટલું મથું છું, કેટલું લડું છું, પણ મારું કંઈ જ ચાલતું નથી! મને ખબર છે. આ મૂર્ખતા છે, પણ ડહાપણ મને કામ આવતું નથી..."

"હું જ અહીંથી ચાલી જઉં." સખત કશ્મકશથી તંગ થઈને તેણે વિચાર્યું હતું. "એ જ ઉત્તમ રસ્તો છે. ભાગી જઉં આ બધાથી દૂર...પાછી મુંબઈ!"

પણ માસીને શી રીતે સમજાવી શકાય? એવું કોઈ સબળ બહાનું જ કયાં હતું? અને માસી પણ, જ્યારે તેમને તેની ખરેખરી જરૂર હતી ત્યારે એમ જવા પણ કેવી રીતે દે? એ તો ન બને. એવો પ્રયત્ન કરવાનો જ કોઈ અર્થ નહોતો.

એટલે તે રોકાઈ ગઈ હતી. અને તેની બુદ્ધિ અને સમજદારીમાં જે બળ બચ્યું હતું તેનાથી પોતાના વાણી અને વર્તનને સ્વસ્થ સમતોલ રાખી રહી હતી. આમે ય મનની પેલી વિચિત્ર લીલા મનમાં

એટલી ઊંડી ખેલાતી હતી કે આનંદને તેનો કોઈ અણુસાર આવી શકયો નહોતો. અને સ્વાભાવિક રીતે જ આનંદનું તો બધું લક્ષ નીરાલીમાં જ કેન્દ્રિત રહેતું હોય એટલે એવો કોઈ અણસાર તેને આવે પણ શી રીતે ?

આજે નીરાલીની લગ્નની કંકોતરી હાથમાં આવતાં જ નિલીમાને ફરી એક વાર હૃદય વીંધતી ખાતરી થઈ ગઈ કે તેનું મન હજી ગાંડપણના એ જ માર્ગે દોટ મૂકી રહ્યું હતું. મન સાથેની લડાઈ તે હારી ચૂકી હતી.

લાચારી અને હતાશા વચ્ચે દબાતી તે ઊભી રહી.

દાદર ઉપર પગલાંનો અવાજ સંભળાયો. “ માસી આવતાં લાગે છે ! ” નિલીમા પગલાં ઓળખી ગઈ, અને ઝટપટ સ્વસ્થ બનવાનો પ્રયત્ન કરતાં તેણે ચહેરાને સ્વાભાવિક બનાવ્યો. માસી અંદર આવ્યાં ત્યારે તે કંકોતરીને ધ્યાનથી જોતી પલંગ પર બેઠી હતી.

માસી પાસે આવ્યાં, કંકોતરી જોઈને બોલી ઊઠ્યા, “ અરે ! કંકોતરી આવી ગઈ ? લાવ તો, જોઉં જરા.” અને પછી તે જોતાં સ્મિત કરતાં બોલ્યા, “ વાહ ! બહુ સરસ છે, નહિ ? ” પછી ફરીવાર આખી કંકોતરીને જોઈ જતાં તેમણે કહ્યું, “ તને ખબર છે, નિલુ ? આ કંકોતરીની ડિઝાઈન આપણા પરાશરે જાતે બનાવી છે ? સરસ બનાવી છે, નહિ ? ”

“ બહુ સરસ છે, માસી,” અવાજમાં ઉમળકો લાવતાં નિલીમાએ કહ્યું, “ એકદમ ફર્સ્ટક્લાસ ! જુઓને આનંદ અને નીરાલીની જોડી ફોટામાં ય કેવી શોભે છે ! ”

માસીએ એક ભારે શ્વાસ મૂકયો. એ શ્વાસમાં કોઈ ભારે બોજામાંથી છૂટવાની રાહત હતી. એક મોટું કામ પાર પાડયાનો સંતોષ હતો, એક માને હોય એવો વાજબી ગર્વ હતો.

“ હાશ ! ” તેમણે કહ્યું, “ આખરે એક મોટી ચિંતા માથેથી

ઊતરી ! ”

“ એમાં ચિંતા શી હતી, માસી ? ” નીલિમાએ કહેવા ખાતર કહ્યું, “ નિરાલી કંઈ ત્રીસ–પાંત્રીસ વરસની નથી થઈ ગઈ કે એટલી ચિંતા કરવી પડે ! ” અને પછી હસતાં હસતાં ઉમેર્યું, “ નિરાલી જેવી સ્માર્ટ અને દેખાવડી છોકરીને પરણવા તો એક કહેતાં એકવીસ તૈયાર થાય ! ”

“ એની જ મને ચિંતા થતી હતી.” કહીને માસી થોભી ગયાં. પણ પછી બોલ્યાં. “ નીલુ, તું ઘરની છે. તને કહેવામાં કંઈ વાંધો નહિ, બાકી છેલ્લા બાર મહિનામાં તો જાણે તેનું માથું જ ફરી ગયું હતું. એવી વિચિત્ર વિચિત્ર વાતો કરતી હતી કે, તને શું કહું બેન, મારી તો ઊંઘ હરામ થઈ જતી એના જાતજાતનાં ફતવા સાંભળીને ! ”

“ હોય નહિ, માસી ! ” આ તદ્દન નવી વાત સાંભળીને નીલિમાના ભવાં આશ્ચર્યથી અધ્ધર થઈ ગયાં, “ એવું શું કરતી હતી તે ? ”

“ અરે, તું સાંભળે તો તારુંય મગજ ભમી જાય એવાં નિત નવાં તોફાન એના મગજમાંથી નીકળતા હતા. કોઈ જરાક ચબરાક માણસ દેખ્યો કે તેના પ્રેમમાં પડી જવું એ કેવું ? માણસ સાવ સાવ અજાણ્યો હોય તોય એ હૈયાફૂટી એમ જ કહે કે પોતે તેને બરાબર ઓળખે છે. સાવ સોના જેવો જ છે ! બોલ, કહેવું છે કાંઈ ? ”

નીલિમાને વિચાર આવી ગયો, “ બીજું ગમે તે હશે, પણ નિરાલી હૈયાફૂટી તો નથી જ. પોતે એટલું તો ચોક્કસ જાણે છે– બીજું ગમે તે હોય.”

માસી આગળ બોલ્યા, “ હજી આઠ–દસ મહિના પહેલાં જ તેણે ધડાકો કર્યો’તો, મારે નર્સ બનવું છે ? ”

“ હેં ? નર્સ ? ” જરા ચમકી જતાં નીલિમાએ પૂછ્યું, “ શા માટે ? ”

“ એક ડૉકટર માટે ! ” માસીનો રોષ અત્યારે પણ જોઈ

શકાતો હતો. તેમણે કહ્યું, "અહીંની કૉલેજમાં ડૉક્ટરીનું ભણતો હતો. ન જાણું ન પીછાણું ને તેની સાથે આનો મેળ કેવી રીતે બેઠો હશે એય મને તો સમજાતું નથી. બસ, પ્રેમમાં પડી ગયા! નર્સ બનવું છે! તેની સાથે લગ્ન કરવા છે!"

નીલિમાને લાગ્યું કે એ વાત પર હસી કાઢવું એ જ ઉત્તમ હતું. હવે જ્યારે બધું સમું ઊતરી ગયું છે ત્યારે વાતને શેળાટોળી નાખવી એ જ સારું છે. માસીના જૂના રોષને હવે નકામો વળ ચડે એ જરૂરી નહોતું.

"હશે, માસી!" તેણે હસીને કહ્યું, "એ બધું હવે ભૂલી જવાનું. હવે તો એ બધી ગઈ ગુજરી કહેવાય. અને હવે તો તમારો જીવ ઊંચો થાય એવું કંઈ તે કરતી નથી. ભૂલી જવાનું બધું."

"એ તો છે જ." માસીએ કહ્યું, "આપણે થોડું જ એ બધું મનમાં રાખી મૂકવાનું છે? પણ આ તો તેના ઉધામાની તને વાત કરું છું, એ ડૉક્ટર તો પછી પરીક્ષા આપીને ગયો તે આજની ઘડી ને કાલનો દિ! પણ એ ભૂત ગયું ત્યાં થોડા વખતમાં બીજું પલિત જાગ્યું. તેને છોડાવતાં તો નાકે દમ આવી ગયો'તો!"

હવે નીલિમાને ખરેખર બહુ આશ્ચર્ય થતું હતું. તેણે એકદમ પૂછ્યું, "હેં? એ વળી કોણ હતું?"

"હતો એક સિનેમાવાળો," મોં બગાડતાં માસીએ વ્યંગમાં કહ્યું, "કવિ હતો, લેખક હતો, ડાયરેક્ટર હતો—બધું હતો! અને આ મૂરખીને તે દુનિયાનો મોટામાં મોટો કલાકાર લાગતો હતો. તેના તે વખાણ કરતાં જ થાકતી નહોતી. બહુ અદ્‌ભુત માણસ છે! શું અદ્‌ભુત વિચારો છે એના! શું અદ્‌ભુત દૃષ્ટિ છે તેની પાસે!... અને એવો એ અદ્‌ભુત માણસ તેને પરણવા ય તૈયાર હતો." સહેજ અટકીને તેમણે ઉમેર્યું, "બધા તેને પરણવા તૈયાર જ હોય છે!"

માસીની વાત પર નીલિમાને હસવું આવતું હતું, પણ તેણે રોકી રાખ્યું. તેણે વિચાર્યું, "એવા સંજોગોમાં બિચારા માસીની

દશા કેવી થઈ હશે?"

તેણે પૂછ્યું, "પણ નિરાલીને તે ક્યાંથી ભેટી ગયો?"

"મૂઆ કેવાય અક્કરચક્કરમાંથી આવીને આપણા જ બારણે અથડાય છે!" માસીએ કહ્યું, "તેની એક બહેનપણીનો બાપ ગુજરાતી ફિલ્મોનો નિર્માતા છે. તેની એક ફિલ્મનું દિગ્દર્શન કરવા એ અહીં આવ્યો'તો, એમાંથી આ બધું ઊભું થયું'તું! શું નામ હતું એનું બળ્યું. મને તો એ ય યાદ નથી રહ્યું." અને જોરથી બે હાથ જોડીને કપાળ સુધી લઈ જતાં કહ્યું, "આ છોકરીએ ત્યારે તો અમને નાકે દમ લાવી દીધો'તો!"

માસી બોલતાં બંધ થયા પછી બે-ચાર પળ નીલિમા પણ ચૂપ રહી. પછી હળવા અવાજે બોલી, "ખેર! હવે એ બધું યાદ ન કરો, માસી. ઘણી જગ્યાએ આવું હોય છે. નિરાલી પણ હવે કેટલા દિવસ? આંખ મીંચીને ઊઘાડશું એટલી વારમાં તો એ તેના ઘેર પહોંચી ગઈ હશે."

"ઘેર પહોંચી ગઈ હશે!" તેના મનમાં પડઘો પડયો. અંતરમાં પાછી બળતરા ઉપડી. "આંખ મીંચીને ઉઘાડશું એટલી વારમાં આનંદની બની ગઈ હશે! ઓહ, ભગવાન! પોતે મીંચેલી આંખ પછી ઊઘડે જ નહિ તો કેવું સારું?"

"સાચું છે," માસીનો અવાજ સંભળાયો. "અને નિરાલી ય પાછી આમ તો હોશિયાર છે, સારી છે." અને પછી ઊભા થતાં ઉમેર્યું, "તેના મન ઉપરથી હવે ભૂત ઉતરી ગયું છે એટલે નિરાંત છે. ગંગા નાહ્યાં!"

માસી ગયા.

નીલિમા સ્થિર થઈને થોડી વાર બેસી રહી. કંઈક વિચારતી કે પછી કંઈ જ ન વિચારતી—શી ખબર! થોડી વારે તે ઊઠી. નિરાલીએ બહાર જવાની ઉતાવળમાં આડાઅવળા ફેંકેલા કપડાં પલંગ પર વેરાયેલા હતા. ધીમે ધીમે તે કપડાં વાળવા લાગી.

ધડધડાટ કરતી દાદરો ચડીને નિરાલી ઓરડામાં ધસી આવી. “હાય, નીલુ! શું ચાલે છે?” કહેતી તે ખુરસીમાં બેસી ગઈ, અને બોલી, “સૉરી, નીલુ, બહુ જ ઉતાવળમાં હતી. એટલે કપડાં એમને એમ નાખીને જતી રહી હતી.” અને પછી હસીને લાડમાં બોલી, “પણ મને તેની ચિંતા નહોતી. તું હતી ને! મને ખાતરી હતી કે મારી બહેન બધું સરખું કરી જ લેશે. બરાબર ને?” “કહીને તે મરક મરક હસતી નીલિમા સામે જોઈ રહી.

“ચોક્કસ,” નીલિમા હસીને બોલી અને નિરાલી સામે જોઈ રહી. ખરેખર તે નિરાલી જ હતી. ગોરાગોરા રૂપની આભા અને અલ્લડ જુવાની તેના અંગેઅંગમાં ઠાંસેલી હતી. સહેજ પહોળી મોંફાડવાળા બદામિયા ચહેરા પર મોટી મોટી આંખોની નમણાશ એવી ગજબ હતી કે રસ્તામાં તેને સામે મળનાર પણ એક-બે વાર તો પાછળ ફરીને તેને જોઈ લે–જોવું જ પડે,

૨

તે ઘણી વાર સુધી નિરાલી સામે તાકી રહી હોત પણ તેને લાગ્યું કે એવી રીતે જોઈ રહેવું બરાબર નહોતું. નિરાલીને કદાચ, તે નવતર લાગશે, વિચિત્ર લાગશે. તેને બદલે તેણે કંઈક વાત કરવી જોઈએ.

“આ કંકોતરી હમણાં જ આવી,” નિરાલી સામે તે ધરતાં તેણે કહ્યું, “જો તો ખરી, ફર્સ્ટ‌ક્લાસ બની છે!”

“એમ?” કંકોતરી હાથમાં લીધા વિના જ તેના પર એક નજર ફેંકતા નિરાલીએ કહ્યું, “સરસ છે, નહિ?” અને ઊભી થઈને અરીસામાં જોવા લાગી.

બીજી કોઈ પણ છોકરી હોત તો પોતાના લગ્નની કંકોતરી ફેરવી ફેરવીને ઉમળકાથી જોયા વિના રહી ન હોત. નીલિમાને વિચાર આવ્યો, પણ આ તો સાવ વિચિત્ર છોકરી છે, સાવ અનાડી!

તેણે કંકોતરી પાછી ટેબલ ઉપર મૂકી દીધી. નિરાલી નેઈલ-પોલીશ લઈને ખુરસીમાં બેઠી, અને તેની સામે ટૂંકું, ચબરાકીભર્યું સ્મિત કરી, નખ રંગવા લાગી. થોડી વારે તેણે ફરી નીલિમા સામે જોયું, સ્મિત કર્યું, અને બોલી.

“આનંદના પિતાજી એકદમ બિમાર થઈ ગયા છે, નિલુ. એટલે આજે જ તેમને મુંબઈ જવું પડશે.” પછી થોડી વાર થોભીને

બોલી, "હવે તો તે લગ્નના આગલા દિવસે જ અહીં આવશે. એ તો કહેતા હતા કે લગ્ન પણ હવે સાદાઈથી પતાવવા પડશે. તેમના પિતાજી ન આવી શકે તો ઘરમાં પછી બીજું છે ય કોણ ?"

"તે ગયા ?" નીલિમા એકદમ બોલી ઊઠી. તેના મનમાં ઘણું ઘણું કંઈક નવતર પ્રકારનું થવા લાગ્યું, કંઈક બહુ અટપટું થવા લાગ્યું. પણ તરત તેને બીજો વિચાર આવ્યો, "એક રીતે તો આનંદ અહીંથી દૂર જાય એ સારું જ હતું. તેની હાજરી તેને માટે ભારે મુશ્કેલીઓ ઊભી કરતી હતી. રોજ રોજ મન સાથે લડયા કરવું, મનમાંને મનમાં હિજરાયા કરવું, એ કરતાં તે અહીં હોય જ નહિ એ વધારે સારું હતું." પણ એ વિચાર પૂરો થાય ન થાય ત્યાં બીજો વિચાર આવી ગયો, 'પણ હવે તો તે લગ્નના આગલા દિવસે જ પાછો આવવાનો ને ? નિરાલીને પરણી જવા માટે જ ! બસ, પછી..." પ્રયત્ન કરીને તેણે વિચારોને રોકી દીધા, પણ તેનાથી ફરી વાર પૂછાઈ ગયું, "તે ગયા ?"

"ના એટલા જલદી તો તે જઈ શકે તેમ નહોતું." નિરાલીએ કહ્યું. "અહીંના કામની વ્યવસ્થા કરતાં જ ચાર–પાંચ કલાક નીકળી જાય તેમ હતું." તે સહેજ અટકી અને આગળ બોલી, "આજે રાત્રે જશે, જતાં પહેલાં સાંજે અહીં આવશે."

નીલિમાના મનમાં જે હાશકારો થયો તેથી તેને પોતાને જ નવાઈ લાગી. હજી તે એક મિનિટ પહેલાં જ ઇચ્છતી હતી કે તે દૂર ચાલ્યો જાય એ જ સારું હતું, તો પછી આ હાશકારો શા માટે ?

તેને લાગ્યું, તેનું મન જાણે વિચારોની વણઝારની કાયમી કેડી બની ગયું હતું. વિચારો સદાય ઉભરાયા જ કરતાં. અંત આવતો જ નહોતો...પણ અત્યારે તો તેણે ચૂપ બેસી રહેવું ન જોઈએ. વાત ચાલુ જ રાખવી જોઈએ. નહીંતર નિરાલીને મનમાં

કંઈ...આખરે તેણે પૂછ્યું.

"તું અત્યાર સુધી તેમની સાથે જ હતી ?"

"ના રે, ના," નિરાલીએ હસતાં હસતાં કહ્યું, "તેમને આટલાં બધાં કામ આટોપવાનાં હોય ત્યાં મારે સાથે રહેવાની શી જરૂર ? બપોરે અમે હોટેલમાં સાથે જમ્યાં, પછી તે તેમના કામે ગયા."

"પછી અત્યાર સુધી તેં શું કર્યું ?" ખરેખર નીલિમાને એ જાણવાની ઇચ્છા નહોતી, રસ પણ નહોતો, તે તો માત્ર વાતચીત ચાલુ રાખવા માગતી હતી જેથી આનંદના અચાનક ચાલ્યા જવાનો આંચકો મનમાં છૂપાવી શકાય.

પણ નિરાલી જાણે કંઈક વિચારતી હોય તેમ ક્ષણેક વાર તેની સામે જોઈ રહી, અને પછી બોલી, "પછીનો સમય એક જૂના ફ્રેન્ડ સાથે ગાળ્યો...ઘણા લાંબા સમયે તે મળ્યો એટલે વાતોમાં બહુ સમય નીકળી ગયો." અને પછી સહેજ અટકતાં, ખભા સહેજ ઊંચા ચડાવતાં ઉમેર્યું, "અદ્ભુત માણસ છે ! ગઈ કાલે જ તે અહીં આવ્યો..."

"ઓહ ! અદ્ભુત માણસ !" નીલિમાના મનમાં ઝબકારો થયો, "પેલો સિનેમાવાળો તો નહિ ?" તેની જિજ્ઞાસા એકદમ તીવ્ર બની ગઈ. તેણે પૂછ્યું, "કોણ છે એ ?"

"જીનિયસ છે નીલુ, જીનિયસ !" નેણ જરા ઊંચા ચડાવતાં નિરાલીએ કહ્યું, "નંબર વન કલાકાર !"

"ઓહ ! એમ ?" નીલિમાએ પણ નેણ અધ્ધર ચડાવતાં પૂછ્યું, "શું નામ છે તેનું ?"

"ભુવનેશ !" અહોભાવભર્યા અવાજે નિરાલી બોલી, "કવિ–લેખક–દિગ્દર્શક, કેટકેટલી પ્રતિભા છે તેનામાં !"

"બરાબર છે," નીલિમાએ ગંભીર ચહેરે કહ્યું, "તેના વિશે સાંભળ્યું તો છે !"

"તો—" નિરાલીનો ચહેરો સહેજ ઝંખવાઈ ગયો, પણ પલકારામાં પાછો સ્વસ્થ બની ગયો. તેણે કહ્યું, "તો મમ્મીએ તને વાત કરી દીધી એમ જ ને?" અને પછી ઠાવકાઈભર્યા અવાજે કહ્યું, "મમ્મી તેની માની લીધેલી વાતોમાંથી કદી બહાર નીકળી શકતી જ નથી, નીલુ. એનું એ જ મોટું દુઃખ છે, પોતાના પૂર્વ-ગ્રહોની બહાર તે કદી કંઈ વિચારી જ શકતી નથી...ભુવનેશ વિશે, અને મારા વિશે ય કેટલા પૂર્વગ્રહો ઘર કરી ગયા છે એના મનમાં ?"

"પણ એ માટે એમની પાસે ય કંઈક કારણ તો હશે ને ?" નીલિમાએ પણ ઠાવકા અવાજે પૂછ્યું.

"કારણ તો જેને જોઈતું હોય તેને મળી જ રહે—નામ પૂરતું ય મળી રહે." નિરાલીએ કહ્યું, અને પછી મોં પર તદ્દન બેફિકરાઈનો ભાવ લાવતાં કહ્યું, "તો પછી ભલે રાખે જેટલા રાખવા હોય એટલાં પૂર્વગ્રહો-બીજું શું ?"

નીલિમા કંઈ બોલી નહિ. ચૂપચાપ નિરાલી સામે જોઈ રહી. નિરાલી પણ થોડી વાર ચૂપચાપ તેની સામે જોઈ રહી, અને પછી એકાએક વિચાર આવ્યો હોય તેમ બોલી ઊઠી.

"અરે, આ વિચાર મને પહેલાં આવ્યો હોત તો કંઈ ચિંતા જ નહોતી !"

"કયો વિચાર ?" કંઈ ન સમજાતાં નીલિમાએ પૂછ્યું.

"ભુવનેશ તારો પણ પરિચિત હોય, આઈ મીન, એ તારો પણ જૂનો મિત્ર હોય તો ?...તો પછી વાત સાવ સરળ બની જાય !"

"શું ? ભુવનેશ મારો મિત્ર ?" ચોંકી પડતાં નીલિમા બોલી ઊઠી, "કેવી રીતે હોઈ શકે ...તું કહેવા શું માગે છે ?"

"જો," એકદમ ઠરેલ ચહેરે, ખૂબ ઠાવકા અવાજે નિરાલી બોલી, "હવે તો તું જાણે છે કે મમ્મીને તેને માટે કેવા ખોટા પૂર્વગ્રહો બંધાઈ ગયા છે ! મમ્મીનો એવો સ્વભાવ છે એ પણ તું

જાણે છે, જાણે છે ને ?"

"પછી ?" નીલિમાએ આંખો પલકારતાં કહ્યું.

"એવા સંજોગોમાં હું તેને ચા-નાસ્તા માટે ઘેર બોલાવું તો મમ્મી બૉંબની જેમ ફાટે. અને જો ન બોલાવું તો તેને કેટલું માઠું લાગે ? મારું કેટલું ખરાબ દેખાય ? મેં એવો તે કયો ગુનો કર્યો છે કે એક મિત્રને હું ઘરમાં પણ ન બોલાવી શકું ? ભુવનેશને મારાથી એવો અન્યાય શી રીતે કરી શકાય ?...તું વિચારી જો, આવી સ્થિતિમાં તું શું કરે ?" અને પછી અવાજમાં તોલદાર અપીલ ઉમેરતાં તેણે કહ્યું, "મને આટલી મદદ નહિ કરે ?"

એક પળ નીલિમાનો શ્વાસ થંભ્યો, અધ્ધર ચડયો, નિરાલી માટે સહાનુભૂતિ થઈ આવી, પણ બીજી પળે એ ભારે શ્વાસ તેણે બહાર કાઢી નાખ્યો.

તેણે ધીમા અવાજે કહ્યું, "આઈ એમ સૉરી, નિરાલી ! મને તો લાગે છે કે તારે તેને અહીં બોલાવવાની જ જરૂર નથી. એટલે તને મદદ કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. એ માણસ માટે માસીને મોટો પૂર્વગ્રહ બંધાઈ ગયેલો જ છે. એ મારો પણ મિત્ર છે એમ કહેવાથી એ પૂર્વગ્રહ ઊડી ન જાય, ઊલટો મારા માટે પણ નવો પૂર્વગ્રહ બંધાય !" પોતાની વાત નિરાલીના મગજમાં ઉતરે તે માટે થોડી વાર થોભીને તેણે કહ્યું, "અને સાચું પૂછે તો હવે તારે એ માણસની આવી આગતાસ્વાગતા કરવાનીય ન હોય. પાંચ-છ દિવસ પછી તારા લગ્ન થવાના છે આનંદ સાથે."

"તું સમજતી જ નથી, નીલુ," વ્યવહારિક શાણપણની વાત કરતી હોય તેમ નિરાલીએ કહ્યું, "આમાં રજનું ગજ કરવા જેવું કંઈ નથી. સાદી સીધી વાત છે, મારા ઘરમાં હું એક મિત્રને બોલાવું તેમાંય મમ્મી મુશ્કેલી ઊભી કરે છે. એટલે મને એમ થયું કે તું જો મમ્મીને એમ કહે કે તું પણ ભુવનેશને સારી રીતે ઓળખે છે તો બધું સરળતાથી પતી જાય. મમ્મીને તારામાં તો વિશ્વાસ છે

જ." અને સહેજ થોભીને, ખભા જરા ઉલાળતાં તેણે કહ્યું, "તું ઇચ્છે તો બહુ સહેલાઈથી તે કહી શકે."

નિરાલી તેના જવાબની રાહ જોતી હોય તેમ ચૂપ બેસી રહી. નીલિમા તેની સામે જોઈ રહી. નિરાલીએ જે કહ્યું તે આમ તો બહુ ઠંડકથી, બહુ હળવાશથી કહ્યું હતું, પણ નીલિમાને તે બહુ અકળાવી ગયું હતું.

તેણે કહ્યું, "માસીને મારામાં વિશ્વાસ છે એ તારી વાત સાચી, પણ મહેરબાની કરીને તું એ તો વિચારી જો કે એ વિશ્વાસનો દ્રોહ કરવાનું તું મને કહે છે! જેને મારામાં વિશ્વાસ છે તેની પાસે જ જૂઠાણું ચલાવવાનું મને શા માટે કહે છે?"

"એમાં જૂઠાણું શાનું?" નિરાલી તેને નવું કોષ્ટક શીખવી રહી હતી, "એ જૂઠાણું છે જ નહિ, માત્ર સત્યને સહેજ જુદી રીતે મૂકવાની જ વાત છે. ભુવનેશ સારો માણસ છે એ સત્ય છે. ફક્ત તેને મારા બદલે તારા મિત્ર તરીકે રજૂ કરવાનો છે એટલો જ ફેર! બીજું શું છે આમાં?"

નિરાલીના આ વિચિત્ર ગણિતથી નીલિમા ખરેખર અકળાઈ ગઈ, ચીડાઈ ગઈ. સહેજ ઊંચા અવાજે તે બોલી ઊઠી, "તારી એક અર્થ વગરની ઇચ્છાને પૂરી કરવા જ એ બધું મારે કરવાનું કેમ?" અને પછી તરત જ અવાજને સ્વસ્થ બનાવી દેતાં કહ્યું, "એ ખરેખર અજુગતું છે, નિરાલી. જ્યારે થોડા જ દિવસમાં એક માણસ સાથે તારા લગ્ન થવાના હોય ત્યારે બીજા માણસની સોબત માટે તું આવું જૂઠાણું આચરવા તૈયાર થાય તે બિલકુલ યોગ્ય નથી!"

"ખેર!" નિરાશા અવાજમાં છતી ન થઈ જાય તેની તકેદારી રાખતાં નિરાલીએ કહ્યું, "તો પછી કંઈ નહિ. તારા પર મારું કોઈ દબાણ નથી. પણ હું એટલું તો કહીશ કે જમાનો જ્યારે એકવીસમી સદીના ઉંબરે ઊભો છે ત્યારે તું વાતો અઢારમી સદીની કરે છે.

પણ...એ વાત જ જવા દે. તેનો વિચાર કરવાની ય તારે જરૂર નથી."

વાતનું પૂર્ણવિરામ નિરાલીએ એવી સ્વાભાવિકતાથી મૂક્યું કે નીલિમા ઘડીભર અસમંજસમાં પડી ગઈ. ઘડીભર તેનું મન અસ્તવ્યસ્ત થઈ ગયું, "પોતે ખરેખર સાવ જૂનવાણી, રૂઢિચુસ્તની જેમ વિચારતી હતી? ખરેખર પોતે જમાના કરતાં બહુ પાછળ હતી?"

તેને લાગ્યું, નિરાલીએ તેને વિચિત્ર સ્થિતિમાં મૂકી દીધી હતી—એક એવી સીડી પાસે લાવી મૂકી હતી જેને ઉતરવા જતાં જ ખબર પડે કે તેને પગથિયાં જ નથી!

પણ નિરાલીના વિચારો તેના મનમાં બહુ ન ટક્યા. બીજો વધારે તાકીદનો, વધારે મહત્ત્વનો વિચાર તેના મનને રોકી રહ્યો હતો. આજે સાંજે આનંદને મળી શકાશે—છેલ્લી વાર! પછી તો તેના લગ્ન થઈ ગયા હશે! તે બીજો જ આનંદ હશે—બીજાનો આનંદ!

* * *

સાંજે આનંદ ઘેર આવ્યો ત્યારે નિરાલી નહાવા માટે બાથરૂમમાં ગઈ હતી અને માસી-માસા કંકોતરી વહેંચવા બહાર ગયા હતા. આનંદ આજે આવવાનો છે એ વાત તેમને કહેવાનું કદાચ, નિરાલી ભૂલી ગઈ હતી...એટલે હવે પંદર-વીસ મિનિટ નિલીમાએ જ આનંદ પાસે બેસવું પડે!

યોગાનુયોગ—બીજું શું?

પંદર-વીસ મિનિટ એકલા આનંદ સાથે! ત્રીજું કોઈ નહિ હોય! આનંદની સાથે એકાંતની એ પળો—છેલ્લી વારની આનંદમય પળો!

લાગણીઓ તેની ઇચ્છા વિરુદ્ધ મનમાં વંટોળ જગાવી રહી હતી. કાળજામાં કંઈક ઉથલપાથલ થઈ રહી હતી. એક પળ તેને લાગ્યું, આનંદની સામે તે ઊભી જ નહિ રહી શકે. પણ એક પળ જ.

બીજી પળે તેણે મનને કાબૂમાં લઈ લીધું. સ્વસ્થતા પાછી મેળવી લીધી, અને હસીને તેને આવકાર્યો. પોતાની જાત પર આટલી જલદી

તે કાબૂ મેળવી શકી તેનું તેને ય આશ્ચર્ય થયું. પણ કારણ કદાચ, એ હોય કે આજે આનંદ સાથે વાત કરવાનો ચોક્કસ વિષય તેની પાસે હતો. આનંદના પિતા ગંભીર રીતે બિમાર હતા, આનંદને મન પણ, આજે, બીજી કોઈ વાત કરતાં એ વાત વધારે મહત્ત્વની હોય.

એ ચિંતા તેના મોં ઉપર પણ દેખાઈ આવતી હતી. અંદર આવીને તે પલંગ પર બેસી ગયો. નીલિમાએ તેને પાણી આપ્યું અને તેની સામે ખુરસીમાં બેઠી.

" તમારા પિતાજી બહુ બિમાર છે ? " એકાદ પળ વીતવા દઈને તેણે પૂછ્યું.

" હં...બહુ બિમાર છે," કહેતાં આનંદે તેની સામે જોયું. તેની આંખોમાં ઉચાટ અને ઉતાવળ હતા. તેણે કહ્યું, " થોડાઘણા બિમાર તો ચાર–પાંચ મહિનાથી છે. ચાર–પાંચ મહિના પહેલાં હાર્ટ-એટેક આવ્યો ત્યાર પછી સાવ સાજા તો તે રહ્યા જ નથી."

" તો તો તમે જલદી પહોંચો એ જ જરૂરી છે," નીલિમાએ કહ્યું, " તેઓ તમારી રાહ જોતા હશે ! "

" ના રે, ના," આનંદે હસીને કહેવાનો પ્રયત્ન કર્યો. નીલિમાને તેના હાસ્યમાં દર્દ ભળેલું દેખાયું. " પિતાજીને તો ખબર પણ નથી કે તેમની માંદગીના ખબર મને પહોંચી ગયા છે. મારી બહેન સરિતાએ તેમની જાણ બહાર જ મને ખબર પહોંચાડયા છે. તેમનો સ્વભાવ જ એવો છે કે તમને ગમે તે થયું હોય તો પણ મને તેની ખબર પડવા ન દે. લગ્ન શાંતિથી પતી જાય, તે દૂર ન ઠેલાય એ માટે બધું તે મારાથી છૂપાવી રાખે—એમનો સ્વભાવ હું જાણું છું." તેના ચહેરા પર એક કરુણતાભર્યો પૂજ્યભાવ તરી આવ્યો. ભીના અવાજે તે બોલ્યો, " નાનપણથી જ મારાં તો મા અને બાપ બંને તેમનામાં સમાઈ ગયા છે ! "

અને પ્રયત્નપૂર્વક જાળવેલી સ્વસ્થતા હવે ગુમાવી દીધી હોય એમ તે એકદમ ઊભો થઈ ગયો. બેચેની જાણે અકળાવી રહી હોય—

હાથની મૂઠીઓ બે–ત્રણ વાર ઉઘાડબંધ કરીને હાથ પેન્ટના ખિસ્સામાં નાખી દીધા, અને બારી પાસે જઈને, બહાર કંઈક જોતો હોય તેમ ઊભો રહ્યો. નીલિમા તે જોઈ રહી. મિનિટ, બે મિનિટ, ચાર મિનિટ–બારીને સહેજ અઢેલીને તે બહાર તાકી રહ્યો. નીલિમાને લાગ્યું; પોતે અહીં હાજર છે એ વાત પણ કદાચ, તે ભૂલી ગયો હતો.

તે ઊઠી અને ધીમે ધીમે તેની નજીક ગઈ. થોડુંક અંતર રાખીને તેની સામે ઊભી રહી.

" આનંદ ! " તે ધીમેથી બોલી. તેના મનમાં લાગણીનો એક ઊભરો ચડી રહ્યો હતો : " આનંદના દુઃખમાં પોતે કંઈ જ ન કરી શકે ? કંઈ જ નહિ ? " તેને ખૂબ દુઃખ થઈ આવ્યું, ' ઓહ ! એક હાથ તેની પીઠ પર વીંટાળીને, બીજો હાથ તેની છાતી પર મૂકીને હિંમત આપવા જેટલો અધિકાર તેને હોત ! "

ધીમા અવાજે તે બોલી, " આનંદ; હું એ જાણું છું...મા-બાપની જિંદગીની ચિંતામાં થોડાક કલાકો કાઢવાય કેટલા કઠિન હોય છે એ મને ખબર છે..."

આનંદે નજર એકદમ તેની સામે ફેરવી;–જાણે એકદમ કંઈક ભાન થયું હોય તેમ, " ઓહ !...હા, નિરાલીએ મને કહ્યું હતુ કે બે વરસ પહેલાં જ એક અકસ્માતમાં તમારા માતા અને પિતા બંને..." સહેજ અટકતા તે બોલ્યો, " ઘરમાં ગેસનું સિલિન્ડર ફાટ્યું હતું ને ? "

અને ખૂબ સહાનુભૂતિપૂર્વક તે નીલિમા સામે જોઈ રહ્યો. જડ બની ગયેલી નજર પાછી તરલ બનવા લાગી. રુક્ષ ચહેરા પર અનુકંપા અને સહાનુભૂતિ પથરાવા લાગી.

નીલિમા પણ તેની સામે જોઈ રહી – બે સમદુઃખિયા જાણે એક-બીજાને આશ્વાસનનો આધાર આપી–પામી રહ્યા. અજાણપણે નિલીમા સહેજ નજીક સરકી, પણ તરત થોભી ગઈ. નીલિમા આનંદની આંખોના પેલા અદમ્ય ચુંબકત્વને નવેસરથી અનુભવી રહી. આનંદ

નીલિમા સાથે સમદુઃખની સહાનુભૂતિ સરખાભાગે વહેંચી રહ્યો. પળો સરકતી ગઈ, ચૂપચાપ...ચૂપચાપ...

પછી આનંદનો અવાજ સંભળાયો. નીલિમા જાણે ઝબકી ગઈ. આનંદે કહ્યું, "અહીં બધાને ચિંતા થાય એવું નથી કરવું, પણ સરિતાના કહેવા પ્રમાણે પિતાજીને પેહુનું ઓપરેશન કરવું પડે તેમ છે, અને તેમનું હૃદય હજી કમજોર છે..."

નીલિમા આનંદને હિંમત મળે એવું કંઈક કહેવા જતી હતી, પણ ત્યારે જ તેણે આનંદની આંખોમાં એક ચમકારો જોયો. ચહેરા પર એક ચમક આવી જતી જોઈ–ચોમાસાના લાંબા, બોજલ ઘટાટોપ પછી એકાએક સૂરજને જોઈને મોં પર આવી જાય એવી એક ચમક.

"ઓહ, આનંદ ! આઈ એમ વેરી, વેરી સોરી ! તમારે બહુ રાહ જોવી પડી ?" પાછળથી નિરાલીનો અવાજ અને પગલાં સંભળાયાં.

નીલિમા એકદમ ખસી અને પાછળ ફરી. નિરાલી સડસડાટ આવીને આનંદની અડોઅડ ઊભી રહી ગઈ, અને તેની સામે આંખો પલકાવીને નજાકતભર્યું હસી. નિલીમા તેના ચહેરા પર એ હાસ્યને પથરાતું જોઈ રહી – જાણે સફેદ વાદળીની પાછળથી સૂરજનાં કિરણ ચારે તરફ ફેલાતાં હતાં.

મનમાં ઓઝપાતી તે નિરાલીના ભાગ્યની મનોમન પ્રશંસા કરી રહી.

પછી થોડી વારે માસી અને માસા પણ પાછા આવી ગયા. અને બધાએ સાથે બેસીને ખૂબ વાતો કરી, ભોજન લીધું, આનંદને તેના પિતાની તબિયત વિષે ખોટી ચિંતામાં ન રહેવા કહેવાયું. અને આનંદ પણ જાણે મન પરથી ઘણો ભાર હળવો થઈ ગયો હોય તેમ હળવાશથી વાતો કરતો રહ્યો. નીલિમાના મનમાં પણ ઊલટાસૂલટા વિચારોનું ચક્ર થંભી ગયું હતું – માત્ર એક વિચાર સિવાય.

એક વિચાર મનમાં ઘૂમી રહ્યો હતો, "બસ ! આ છેલ્લી વાર ! હવે આનંદ..."

અને આનંદ જવા માટે ઊઠ્યો ત્યારે બધાની જેમ તેને બારણા સુધી મૂકવા જતાંય તેના પગ ભારે થઈ ગયા. હૃદય ફફડવા લાગ્યું. "પોતે આનંદને 'આવજો' કહી શકશે ? બીજા બધા તો કહી શકશે, પણ બીજામાં અને તેનામાં બહુ ફેર છે...તેનાથી વિદાયનો શબ્દ બોલી શકાશે ?"

પણ તેને ડર હતો એવું કંઈ ન બન્યું. બધાની જેમ તે પણ આનંદને 'આવજો' કહી શકી...હાશ ! તેના મનની હાલત કોઈ જાણી ન ગયું. બચી ગઈ.

અને એ સંતોષ સાથે રાત્રે તે પથારીમાં પડી ત્યારે ઝીણી બત્તીના ઝાંખા પ્રકાશમાં આનંદની પેલી લોહચુંબક જેવી આંખો તેની આંખો સામે ઝળુંબી રહી.

૩

પછીના દિવસો ઘરમાં સૌને માટે કામથી ભરચક હતા. નીલિ-માએ તો માસીની અપેક્ષા કરતાં ય ઘણું વધારે કામ માથે લઈ લીધું હતું. કારણ, પોતાના અવળચંડા મનને તે નવરું પડવા દેવા માગતી ન હતી. આનંદને—આનંદના વિચારોને તે સપાટી પર આવવા દેવા માગતી નહોતી, અને એ માટે ગળાડૂબ કામ જ એક ઉપાય હતો. કામનું દબાણ હળવું થાય તો પેલી નિષિદ્ધ લાગણીઓનું ચક્ર પાછું ઘૂમતું થઈ જાય, પરિણામે પોતે જ દુઃખી થાય. ના, એ રમ-કડે હવે રમી શકાય નહિ. થોડાક જ દિવસમાં એ ખૂંચવાઈ જવાનું. તેને છોડી જ દેવું પડશે. પોતે ઇચ્છે કે ન ઇચ્છે, તેમાં બીજું કંઈ બની શકે જ નહિ...

એક વાર નીલિમાની હાજરીમાં જ માસીએ નીલિમાના માસાને કહ્યું હતું, "આ છોકરી કેટલી સમજુ છે! કેટલી હૈયાઉકલતવાળી છે! લગ્નનું ચૂકતે કામ તેણે એકલીએ ઉપાડી લીધું છે!" અને પછી તેના તરફ હેતભરી નજરે જોતાં કહ્યું, "સાચું કહું છું નીલુ, તું ન હોત તો હું એકલી આમાંનું કંઈ જ કરી શકી ન હોત. તેં મારો બધો ભાર ઉતારી નાખ્યો છે, બેન!"

"એમાં શું, માસી?" નીલિમાએ કહ્યું. તેનું મુખ સહેજ રતુ-મડું થઈ ગયું, "આ પણ મારું જ ઘર છે ને? હું મારું કામ

કરું એમાં શી નવાઈ છે?..અને કામ તો મને ગમે છે."

એક રીતે તે સાચું જ કહી રહી હતી. કામ તેને અર્થહીન વિચારોના જાલીમ ત્રાસમાંથી ઉગારી લેતું હતું. એટલે ખરેખર તો તે પોતાનું જ કામ કરી રહી હતી. (પણ પોતે જેને હૈયું આપી ચૂકી હોય, સપનામાં જેને વરી ચૂકી હોય એવા પુરુષને બીજી કોઈની સાથે પરણાવવા આટલું કામ કોઈએ કર્યું હશે?)

નિરાલી જાણે એકદમ નિરાલી જ બની ગઈ હતી. બધાની વાતો તે હસી હસીને સાંભળતી. હસી હસીને બધા નિર્ણયો સ્વીકારી લેતી. નિલીમાને તેથી વિચાર પણ આવી જતો—નિરાલી જેવી છોકરીને પોતાના જ લગ્નની કોઈ વાતમાં કોઈ નિર્ણય અંગે કંઈ કહેવાનું જ નહોતું? કે પછી એક એક ચીજ સાથેની વળગણ તે ધીમે ધીમે છોડી રહી હતી?

એ દિવસોમાં નિરાલી ઘરમાં પણ બહુ ઓછી જોવા મળતી. તે ઘરમાં આવે ત્યારે તેની સામે જોઈ રહેતી માસીની આંખોમાં પણ આછો વિસ્મય તરી આવતો એ નીલિમા જોઈ શકતી. ઘરમાં તેનું વર્તન જાણે બદલાઈ ગયું હતું. જાણે તે કોઈ જુદી જ દુનિયામાં વસતી હતી! છતાં નીલિમા પોતાના મનને સમજાવતી, "એવું તો બને જ. લગ્નનાં ઘડિયાં વાગવા લાગ્યાં હોય ત્યારે જ આનંદ અચાનક દૂર ચાલ્યો જાય તો તેને એવું થાય જ ને? કુદરતી જ છે ને એ તો?...

એટલે એક વાર તેણે નિરાલી પાસે આનંદની વાત જ કાઢી. પણ આશ્ચર્ય! તેની અપેક્ષા જેટલો ઉમળકો તેની વાતમાં જોવા ન મળ્યો! છેલ્લે છેલ્લે બીજાં બધાં પ્રત્યે તેનું વલણ જેવું ઉષ્માહીન થઈ ગયું હતું, કંઈક એવું જ વલણ આનંદની બાબતમાં પણ થઈ ગયેલું લાગ્યું. અલબત્ત, એ તર્ક ગળે ઉતારવો નીલિમાને મુશ્કેલ લાગ્યો, છતાં મનમાં એવી એક આછી શંકા પડ્યા વિના ન રહી. અને નિરાલીનું અન્યમનસ્કપણું તેને માટે વધારે રહસ્યમય બની ગયું, મનમાં વધારે ઘોળાવા લાગ્યું.

લગભગ એવું જ કંઈક માસીના મનમાં પણ ઘોળાઈ રહ્યું હશે. એટલે જ જ્યારે લગ્નને ફક્ત બે દિવસ આડા રહ્યા ત્યારે રસોડામાં આવેલી નિરાલીને તેમણે પૂછ્યું, "નિરાલી, તું કેમ આમ સૂનમૂન રહે છે ?"

"હું ?" માસી અને નીલિમા સામે એક ઝડપી નજર ફેંકતા તેણે કહ્યું, "ના રે ! તને કેમ એવું લાગે છે ?"

"મને એવું લાગે છે એટલે તો તને પૂછું છું. લગ્ન જાણે તારું નહિ પણ બીજા કોઈનું થવાનું હોય એમ તું વર્તી રહી છે. કામકાજમાં તો પૂરો રસ લેતી નથી, પણ ઘરમાંય 'બહુ ટકતી નથી !' સહેજ અટકીને તેમણે કહ્યું, "હવે બે જ દિવસ પછી તારા લગ્ન છે તેનો તો વિચાર કર. જરા આનંદમાં રહે તો અમનેય ગમે. અને તારે એવી ચિંતાય શી છે કે આમ ઉદાસ રહેવું પડે ? કંઈ હોય તો મને કહી દે."

આંખના એક પલકારા જેટલી વાર નિરાલીના મોં પર રતાશ તરી આવી, છૂપાવા મથતી એક ગમગીની તરી આવી. પણ તરત જ હસીને એને ચહેરા પરથી ભૂંસી નાખી.

"માસી," નીલિમાથી ન રહેવાયું. તે વચ્ચે બોલી ઊઠી, "એ બધું તો સ્વાભાવિક જ કહેવાય ને ? હવે બે જ દિવસ પછી આ ઘર તેણે છોડવાનું છે. એટલે વિચારો તેને ય આવે જ ને ? હશે, માસી, હવે બે દિવસ તેને જેમ ગમે તેમ રહેવા દઈએ."

એકદમ પ્રસન્ન થઈને નિરાલી તેની સામે હસી રહી. અને ઊંડો શ્વાસ લેતાં બોલી, "ઓહ, નીલુ ! કેવું કારણ શોધી કાઢ્યું તેં ? થેંક યુ વેરી મચ !' અને માતા હેમલતાબહેન સામે જોતાં ઉમેર્યું, "જોયું ને ? નીલુ મારી મદદ માટે તૈયાર જ ઊભી હોય છે ! કેવી સારી છે, નહિ, મમ્મી ?"

જો કે માસીને તેથી બહુ સંતોષ થયો નહોતો, પણ સંતોષ માનવા સિવાય બીજો રસ્તો ય નહોતો. નિલીમાએ કહ્યું તે સિવાયનું

બીજું કોઈ કારણ તેમની સમજમાં ક્યાં આવતું હતું ?

નિરાલીએ ઊભા થતાં કહ્યું, "હું બહુ કંટાળો આપું છું તને, નહિ ? પણ હવે ક્યાં બહુ સમય કાઢવાનો છે ? થોડા સમય પછી તો—" સહેજ થોભીને તેણે પૂરું કર્યું, "હું ચાલી ગઈ હોઈશ."

વળી નીલિમાના મનમાં વિચાર ઝબક્યો. નિરાલીના શબ્દો તો બરાબર હતા, હોવા જોઈએ એવા જ હતા પણ તેનો રણકો કેમ સ્વાભાવિક લાગતો નહોતો ? છેલ્લા શબ્દો બોલતાં પહેલાં તે થોથવાઈ કેમ ગઈ ? શું હશે ? ખરેખર કંઈ હશે કે પછી તેને અમસ્તું જ એવું લાગતું હશે ?

એ વિચાર પાછળ બીજા અનેક વિચારો તેને આવ્યા હોત. પણ વિચારોથી હવે તે એટલી તંગ આવી ગઈ હતી, એટલી ડરી ગઈ હતી, કે વિચારોને તેણે રોકી દીધા. પ્રયત્નપૂર્વક થંભાવી દીધા, તેણે મનને વાર્યું : "આ દિવસોમાં જ તેને પોતાની જાતની વધુ ચિંતા કરવાની જરૂર પડશે...નવી એક પણ ચિંતાને નોતરું આપવાની જરૂર નહોતી. પોતાની સ્થિતિ ય કંઈ નિરાલી કરતાં સારી નહોતી. વધારે ખરાબ હતી. પોતે પોતાની જાતને સંભાળી શકે તોયે ઘણું છે !"

બપોર પછી આનંદનો પત્ર આવ્યો, પહેલા નિરાલીએ તે વાંચ્યો અને પછી મમ્મીને કહ્યું, "આનંદ કાલે સવારે એકલા જ આવશે."

"બીજું શું લખ્યું છે ?" હેમલતાબહેને અધીરાઈથી પૂછ્યું. "એમના પિતાજીની તબિયત—"

"એ બધું તે અહીં આવીને કહેશે." નિરાલીએ કહ્યું.

"બીજું કંઈ નથી લખ્યું ?" હેમલતાબહેનને એટલાથી સંતોષ થયો નહોતો.

"બીજું કંઈ નથી, મમ્મી !" નિરાલીએ કહ્યું, "એટલું જ લખ્યું છે" અને પછી બહાર જવા માટે તૈયાર થવા ઉપર જતાં

જતાં ઉમેર્યું, "તેમના પિતાજીની તબિયત ખરાબ છે."

"ગજબ છોકરી છે!" નીલિમાને વિચાર આવી ગયો. "આનંદ કાલે જ પાછો આવી રહ્યો છે તેનો કોઈ રોમાંચ જ નહિ?" અને કોઈ અણઉકેલ કોયડા સામે જોતી હોય તેમ નિરાલી ગઈ હતી તે દિશામાં જોતાં વિચાર્યું, "કંઈ મગજમાં નથી ઉતરતું, સાલું!"

અને એ વિચારની પાછળ પાછળ મનમાં જાણે ભરતી ચડતી હોય એમ એક વિચાર ચડી આવ્યો, "આનંદ કાલે જ પાછો આવે છે!...કાલે હજી એક વાર તેને જોઈ શકાશે..." મન પાછું જાણે ઘેનમાં પડવા લાગ્યું.

સાંજે મોડી નિરાલી ઘેર પાછી આવી. આજે જાણે તે નીલિમાથી દૂર ખસતી જ નહોતી. તેની પાછળ પાછળ ફર્યા કરતી, તેની પાસે જ બેસી રહેતી અને કંઈ ને કંઈ વાત કર્યા કરતી. જાણે જે થોડો સમય હવે હાથમાં રહ્યો હતો તેનો વધુમાં વધુ ઉપયોગ કરી લેવાની ઉતાવળમાં હોય. નીલિમાને તે ગમ્યું. તેને લાગ્યું, નિરાલીના મનમાં કંઈક ચાલી રહ્યું હતું. કંઈક ઉથલપાથલ ચાલી રહી હતી પણ નિરાલી એ બધું ગોપવી રહી હતી.

તેને નિરાલી પ્રત્યે લાગણી થઈ આવી. બિચારી! હવે ચોવીસ કલાકની જ મહેમાન ને આ ઘરમાં? તેને ય મનમાં કેવું થતું હશે? કેવી જબરદસ્ત ખેંચાખેંચ ચાલતી હશે? ખરેખર, લગ્ન પહેલાંના ચોવીસ કલાક એ સ્ત્રીના જીવનનો સૌથી કપરો સમય હોય છે!... જેટલો મનગમતો, જેટલો મધુર એટલો જ અકળાવનારો, એટલો જ મૂંઝવનારો!

રાત્રે સૂતાં પહેલાં નિરાલી ફરી પાછી નીલિમાના રૂમમાં આવી, અને વાતે વળગી. નીલિમાના આશ્ચર્ય વચ્ચે તેણે નાનપણની કંઈ કેટલીય વાતો યાદ કરી. એને વાતે વાતે તેને યાદ અપાવતી ગઈ કે બન્ને બહેનો નાનપણમાં કેટલી સુખી હતી! જ્યારે જ્યારે તેમને

સાથે રહેવાનું થતું હતું ત્યારે કેવી મસ્તીથી ખેલતી હતી બન્ને? કેવાં કેવાં તોફાન કરતી હતી!

નીલિમા હર્ષ અને આશ્ચર્યથી તેની વાતો સાંભળી રહી. હલકી ફૂલ જેવી નચિંતતા અને નાના નાના અનેક સુખથી ભર્યાંભર્યાં પ્રસંગો સંભારતાં મનમાં લાગણીઓનો એક જુવાળ ચડી રહ્યો.

"અને તને યાદ છે, નીલુ?" નિરાલીએ તેના ખભા ઉપર કોણી ટેકવતાં પૂછ્યું, "તોફાન કરીને જ્યારે જ્યારે હું મુસીબતમાં આવી પડતી ત્યારે ત્યારે તું જ મને મદદ કરતી અને પપ્પા–મમ્મીનો માર ખાવામાંથી બચાવી લેતી! તેં કેટલું બધું કર્યું છે મારે માટે?"

"એમાં મેં શું એટલું બધું કરી નાખ્યું?" મનને લાગણીવશ થઈ જતું રોકતાં નીલિમાએ કહ્યું, "મને તો એ બધું યાદ પણ નહોતું." સ્નેહપૂર્ણ નજરે નિરાલી સામે જોતાં તેણે કહ્યું, "પણ તેં એ બધું ભલું યાદ રાખ્યું છે! ખેર, પણ મેં એમાં કંઈ નવાઈ નથી કરી. એટલું તો સૌ કરે. મારી જગ્યાએ તું હો તો તું પણ કરે—"

"ના, નીલુ," નિરાલી એકદમ બોલી ઊઠી. "હું એટલું ન કરું! તારા કરતાં હું વધારે સ્વાર્થી છું. સાચું કહું છું—ભલે એ સારું ન લાગે!"

તેની એ નિખાલસતા ચોંકાવી દે તેવી હતી, છતાં ચોંકી જવાને બદલે નીલિમા ઉમળકાભેર હસતી તેની સામે જોઈ રહી.

નિરાલી આગળ બોલી. "ખરેખર હું એવી છું, નીલુ—સ્વાર્થી! પણ તેં મારા માટે જે કર્યું છે તે ભૂલી જઉં એવી યે હું નથી!"

નિલીમાએ તેનો હાથ પોતાના હાથમાં પકડી લીધો અને કહ્યું, "જવા દે એ વાત. મેં જે કંઈ કર્યું હોય તેને આવડું મોટું રૂપ આપવાની જરૂર નથી...પણ અત્યારે તો તને કંઈ મુશ્કેલી નથી ને? છે, નિરાલી?"

"ના રે, નીલુ, ના!" હસી પડતાં નિરાલીએ કહ્યું. "આટલી બધી ગંભીર બની જવાની જરૂર નથી." અને ઊભી થતાં બોલી,

“બસ, હું જઉં. અને તું પણ સૂઈ જા હવે !”

બારણા સુધી પહોંચીને પાછી ફરતાં તેણે નીલિમા સામે મોં મલકાવ્યું, અને નીચે પોતાના રૂમમાં ગઈ.

નીલિમા પણ પથારીમાં પડી. દિવસભર માંડ માંડ ગોપવી રાખેલા આનંદના વિચારો રાત્રે સૂતી વખતે તો લગામ તોડાવીને દોડાદોડ કરી મૂકશે એમ તે માનતી હતી પણ, તેના આશ્ચર્ય વચ્ચે એવું ન બન્યું. આનંદના બદલે નિરાલીના વિચારો તેના મનને ભરી રહ્યા. મનનો જાણે કબજો લઈ રહ્યા. નિરાલીએ કહેલી વાતો કરતાં તેણે નહિ કહેલી વાતોની આસપાસ તેનું મન ભમવા લાગ્યું હતું. નિરાલીના મનમાં જરૂર કંઈક ચાલી રહ્યું હતું. સમજાતું નહોતું પણ કંઈક હતું; ચોક્કસ કંઈક હતું... તેનું મન વળીવળીને એક જ પ્રશ્નને ફરતું ફર્યા કરતું. “શું હશે ?”

તે ક્યારે ઊંઘી ગઈ તેની તેને ખબર ન રહી. પણ ઊંઘમાં તેને બહુ વિચિત્ર સપનાં આવતાં રહ્યાં. નીરાલી જાણે કોઈક અગોચર કરાડની ટોચ ઉપર દોડતી જઈ રહી હતી. તે કરાડની ધાર સુધી ધસી ગઈ હતી. અને નીચે ઘોર અંધારી ખીણ હતી. કેટલી ઊંડી હશે–શી ખબર ! પણ નિરાલીની આંખો બંધ હતી ને તે દોડી રહી હતી. પૂરપાટ ધસી રહી હતી. ઓહ ! ભગવાન !

ઊંઘમાંય તે ખૂબ ભય પામી ગઈ. ભયથી તેનો શ્વાસ અધ્ધર થઈ ગયો, તે ગૂંગળાઈ ગઈ, અકળાઈ ગઈ અને અચાનક ઝબકીને જાગી ગઈ. તેને લાગ્યું, કોઈક તેના રૂમમાં આવ્યું હતું ! પહોળી આંખો ઝાંખા પ્રકાશમાં તેણે ફેરવી. કોઈક રૂમમાં આવ્યું હતું અથવા કોઈક રૂમમાંથી હમણાં જ બહાર નીકળી ગયું હતું ! તેના રુંવાડાં ઊભાં થઈ ગયાં. કપાળ પર, ગરદન પર પરસેવો વળી ગયો. હૃદય જાણે જોર જોરથી પાંસળીઓ સાથે અથડાવા લાગ્યું.

શ્વાસ થંભાવીને તેણે ફરી વાર ચારે તરફ જોયું – રૂમમાં કોઈ નહોતું. તેનો શ્વાસ હેઠો બેઠો. હૃદયના ધબકારા શાંત પડ્યા. એટલે

ત્રીજી વાર તેણે આખા રૂમમાં ખૂણે ખૂણે નજર ફેરવી. ત્યાં સાચે જ કોઈ નહોતું. રૂમની એકેએક ચીજ વ્યવસ્થિત હતી. બારણું બંધ હતું.

“ઓહ !” કપાળ અને ગળા પરથી પરસેવો લૂછતાં તેણે વિચાર્યું “ખાલી સપનાં !” પોતાના ડરપોકપણા પર પછી તેને હસવું આવ્યું, શરમ પણ આવી. આટલી બધી બહાદુર છું હું ?”

તે પાછી સૂતી અને થોડી વારમાં ઊંઘી પણ ગઈ. છેક સવાર સુધી પછી સપનાંએ તેને ન પજવી. તેની આંખ ખૂલી ત્યારે વહેલી સવારનું દૂધિયું અજવાળું રૂમમાં પથરાઈ ગયું હતું.

ઊઠતાં જ પહેલો વિચાર તેને રાતની પોતાની બહાદુરીનો આવ્યો, તેના હોઠ મરકી ઊઠ્યા. “આટલી બધી તો હું કદી ડરી નથી. કાલે શું થઈ ગયું હશે મને !” તેને વિચાર આવ્યો ને સ્મિત-ભર્યા ચહેરે તેણે આખા રૂમમાં નજર દોડાવી. આખો રૂમ વ્યવસ્થિત હતો. નજર એકેએક ચીજ પર ફરતી ગઈ. ક્યાંય કશી ગરબડ નહોતી. તેણે એક ઊંડો શ્વાસ લીધો. મોં ઉપર એક હળવું સ્મિત ફેલાવા લાગ્યું; પણ અચાનક થંભી ગયું. નજર પણ થંભી ગઈ. ડ્રેસીંગ ટેબલના અરીસાને અઢેલીને એક સફેદ પરબીડિયું પડ્યું હતું ! એ પરબીડિયું પહેલાં ત્યાં નહોતું–રાત્રે પોતે સૂતી ત્યાં સુધી તે ત્યાં નહોતું ! તો પછી–તો પછી રાતમાં એ શી રીતે આવી ગયું ?

તે પહોળી આંખે પરબીડિયા સામે તાકી રહી, અને પછી એકદમ પલંગમાંથી ઉતરીને અરીસા તરફ દોડી. ઝટઝટ પરબીડિયું ખોલીને કાગળ વાંચવા માંડ્યો. એ નિરાલીના અક્ષર હતા. ગોળગોળ મરોડવાળા ઝીણા એ અક્ષર નિરાલીના જ હતા. પહેલું જ વાક્ય વાંચતા તેના ચહેરાનો રંગ ઊડી ગયો.

વ્હાલી બેન નીલુ,

આનંદ સાથે હું લગ્ન કરી શકું તેમ નથી. હું તેને પરણવાની નથી કારણ, હું ભુવનેશ સાથે જઈ રહી છું. અથવા એમ કહો -કે તેની સાથે લગ્ન કરી લેવા હું નાસી જઈ રહી છું. આ પત્ર તને

મળશે ત્યારે અમે મુંબઈના અર્ધે રસ્તે પહોંચી ચૂક્યા હોઈશું, અને મુંબઈ પહોંચતાં જ લગ્ન પણ કરી લીધા હશે.

આનંદ માટે આ સમાચાર ખૂબ આઘાતજનક અને દુઃખદાયક બની જશે એ હું જાણું છું. તેને એવો આઘાત આપવા બદલ મને પણ દુઃખ થાય છે, પણ બીજો કોઈ માર્ગ નહોતો. કોઈને કંઈ આઘાત આપ્યા વિના ભુવનેશ સાથે લગ્ન કરવાનું કોઈ રીતે શક્ય નહોતું. અને મારું મન જ્યારે માત્ર ભુવનેશમાં જ અનહદ લાગેલું હોય ત્યારે આનંદ સાથે લગ્ન કરીને હું જિંદગીભર વધારે દુઃખ સિવાય બીજું શું આપી કે પામી શકું ?

મારા ઘણાં કામ તેં કર્યાં છે નીલુ, અને હવે આ એક છેલ્લું અને મુશ્કેલ કામ પણ તારે જ કરવાનું છે. હું કબૂલ કરું છું કે એ કામ જાતે જ ન કરવા જેટલી હું કાયર છું, પણ તું મમ્મી અને પપ્પાને મારી સ્થિતિ મારા દૃષ્ટિબિંદુથી સમજાવજે. તું તે કરી શકીશ–મને વિશ્વાસ છે. આ નવી પરિસ્થિતિને સ્વીકારી લઈને મને માફ કરી દેવા પણ તેમને સમજાવજે. મમ્મીને સમજાવી લેવાનું તારા માટે અઘરું નથી.

અને આનંદને તો આ વાત માત્ર તું જ સમજાવજે. તે મમ્મી પાસેથી જાણે તે કરતાં તારી પાસેથી જાણે એ વધારે ઇચ્છનીય છે, તેથી ઘણો ફેર પડે. મમ્મી સાવ લાગણીવશ બની જવાની, પણ તું તટસ્થ વ્યક્તિ જ આવી વાત યોગ્ય રૂપમાં રજૂ કરી શકે. તેં હંમેશાં મને મદદ કરી છે, આજે નિરાશ નહિ કરે ને ?

સૌને દુઃખ આપવા બદલ મને પણ ખૂબ દુઃખ થાય છે. પણ તું મારી સ્થિતિ સમજી શકશે. બની શકે તો મને માફ કરી દેજે, બધું શાંત પડી જશે પછી અવશ્ય તને મળીશ.

—તારી નિરાલી.

નિલીમાનું મગજ સ્તબ્ધ થઈ ગયું. શરીરને જાણે ખાલી ચડી ગઈ હોય તેમ પગથી માથા સુધી બધું તમતમી ઊઠ્યું. હાથથી પકડેલા કાગળના ખૂણાને આંગળીઓ નિરર્થક વાળી અને ઉકેલી રહી હતી, પણ તેને તે ખબર નહોતી.

"ઓહ પ્રભુ !" તેના મગજમાં એક જ વાત હથોડાની જેમ ઝીંકાઈ રહી, "કાળો કેર કરી નાખ્યો મૂરખીએ !"

બેહદ બોજ ભરેલી પળો ધીમે, બહુ ધીમે ખસતી ગઈ. એક, બે ધીમે...ધીમે...બહુ ધીમે...અને સોપો પડી ગયેલા મગજમાં વિચારો સળવળવા લાગ્યા, "હું આ અમંગળનાં એંધાણ આગળથી કેમ ન જોઈ શકી ? અને માસી પણ કેમ જોઈ ન શક્યાં ? એંધાણ સ્પષ્ટ હતાં. તરત નજરે ચડે એવાં હતાં, છતાં કોઈથી કેમ જોઈ ન શકાયાં ?"

"હમણાં હમણાં તે ઘરમાં જ ક્યાં રહેતી હતી ? લગ્નની કોઈ વાતમાં રસ પણ ક્યાં લેતી હતી ? બીજી જ દુનિયામાં, બધાથી પર રહેવા લાગી'તી !..સમજી જવા માટે પૂરતું હતું એ બધું ! અરે, એ ભુવનેશ, નાલાયક, અહીં પાછો આવ્યો છે અને તેને મળવા માંડ્યો છે એ તો તેણે પોતે જ મને કહ્યું હતું. બધું સમજી શકાય એવું જ હતું, પણ ઓહ ભગવાન ! હું કંઈ સમજી શકી નહિ..."

તેના મનમાં કંઈ વિચિત્ર લાગણી થઈ રહી. મન જાણે ઉંબડો લેવા લાગ્યું. જે ન બનવાનું બની ગયું તે માટે જાણે તે જ જવાબદાર હતી ! નરી આંખે જોઈ શકાય એવી હકીકતો તેણે જોઈ નહોતી. પલકારામાં સમજી શકાય એવી બાબતો તે સમજી નહોતી. તેણે આંખ આડા કાન કર્યા હતા. પોતાના જ મનગમતા ખ્યાલોમાં ખોવાયેલી રહી હતી. નજરને ખ્વાબોનાં પડળ ચડાવીને જીવી હતી...તે જવાબદાર હતી જ !

"પણ મને એવી તો કલ્પના ય ક્યાંથી આવે કે તે આવું કરશે ?" અત્યંત અકળામણમાં તેણે સામી દલીલ કરી. "તે આવું કરશે એવું તો સપને ય કોઈ કેવી રીતે માને ? અને એણે જરા

સુરખી ગંધ પણ કોઈને ક્યાં આવવા દીધી'તી? પણ–પણ તેણે જે કર્યું છે એ તો અત્યંત ધિક્કાર પાત્ર છે...તે માફ ન થઈ શકે! બિલકુલ માફ ન થઈ શકે!"

નિરાલી ઉપર તેને ક્રોધ ચડ્યો. ક્રોધ ચડે એવું જ કર્યું હતું તેણે. ઘરની, મા-બાપની કોઈની આબરૂનો વિચાર જ નહોતો કર્યો તેણે. માસા–માસી બિચારા શું મેં બતાવશે લોકોને? ઘરની આબરૂ ઉપર તો છીણી જ લાગી ગઈ હવે–અને, અને આનંદનું શું? તે બિચારા નિર્દોષ આદમીના ભવિષ્યનું શું? તેની શી હાલત થશે આ જાણીને? શી રીતે જીરવશે એ આ કારમો ઘા?

આનંદનો વિચાર આવતાં તેનો ગુસ્સો ઓર વધી ગયો. બિચારા! કેવી ભયંકર નાલેશભરી સ્થિતિમાં મૂકાઈ ગયા વગર વાંકે?

વિચારોનો ચકડોળ પૂરજોશમાં ઘૂમી રહ્યો. વિચારો, વિચારો, વિચારોનું ચક્ર એટલા જોરથી ઘૂમવા લાગ્યું કે એકેય વિચાર સ્પષ્ટ ન રહ્યો. બધું એકાકાર થઈને ચક્કર ચક્કર ફરવા લાગ્યું. લમણે હાથ દઈને તે બેસી ગઈ...

અને અચાનક બધું થંભી ગયું. એક નવા વિચારે બીજા બધા વિચારોને થંભાવી દીધા. "આમાં, આ બધામાં મારી દશા કેવી કફોડી થઈ જશે?"

આનંદના લગ્ન હવે થવાના નથી, તેની થનાર પત્ની બીજાની સાથે ભાગી છૂટી છે. અસહ્ય! ખરેખર અસહ્ય દગલબાજી! અને એ દગલબાજીનો કરુણ ભોગ આનંદ બની ગયો છે એ વાત પોતે જ આનંદને કહેવી પડશે? ના–ના, એ નહિ બની શકે! આવો, કાળજાનો ઘા ખાનારનું મન કેવા ભયાનક ધિક્કાર અને રોષથી ભરાઈ જાય? એ ધિક્કાર, એ રોષ નિરાલીની સાથે સંકળાયેલી એકે-એક વ્યક્તિ પર ઉતરે એ બનવાજોગ છે. અને પોતે નિરાલી સાથે સંકળાયેલી વ્યક્તિ હતી એટલું જ નહિ, નિરાલીની વકીલ બનીને તેની વાત આનંદને સમજાવવાની અળખામણી જવાબદારી નિરાલીએ

તેને માથે ઝીંકી હતી!

એ જવાબદારીનો વિચાર આવતાં તે ધ્રૂજી ગઈ. જે અસહ્ય ઘા આનંદના દિલ પર થવાનો હતો તેનું હથિયાર પોતે બને? તેના દુઃખ, શરમ અને હતાશાની પહેલી સાક્ષી પોતે બને? આનંદના રોષ અને ધિક્કારનું પહેલું નિશાન પોતે બને?

તે કમકમી ગઈ, "ના કદી નહિ! મારાથી આનંદને એ કદી ન કહી શકાય. માસીએ જ તે કહેવું પડશે. હું–હું ફક્ત માસીને કહી શકું, જો કે તે પણ બહુ મુશ્કેલ છે, છતાં તેમને હું કહીશ. પણ આનંદને...ના, બહુ ખતરનાક કામ છે એ..."

પલંગમાંથી કૂદીને તે નીચે ઉતરી ગઈ અને દાદરો ઉતરીને નીચે આવી. નીચે બધું સૂમસામ હતું. બધા હજી ઘસઘસાટ ઊંઘતા હતા. એકદમ તેને ખ્યાલ આવ્યો, તે રોજ કરતાં એકાદ કલાક વહેલી ઊઠી ગઈ હતી.

તેણે શૂન્યભાવે ચારે તરફ જોયું. ચારે તરફ ભારેખમ નીરવતા સમથળ પથરાઈ હતી. બધા શાંતિથી ઊંઘતા હતા. અણજાણ હતા એટલે નચિંત હતા. અને તે વ્યગ્ર હતી. ન જાણવા જેવું કંઈક જાણતી હતી એટલે અત્યંત બેચેન હતી. ઉશ્કેરાટમાં હતી. અને એ બધો ભાર હજી એક કલાક સુધી તેણે એકલીએ જ વેંઢારવાનો હતો–ચૂપચાપ!

ભારે નિસાસો મૂકીને તે ઘરના બારણા તરફ ગઈ. ધીરેથી બારણું ખોલ્યું અને કંપાઉન્ડમાં નિરુદ્દેશ ડગલાં ભરતી તે ઘરની પાછળના ભાગમાં પહોંચી. થોડાક રૂપાળા ફૂલછોડ અને શાકભાજીના રોપ સવારની તાજી હવામાં હસતા હતા. પણ નીલિમાના મનની સ્થિતિ એટલી જ ક્ષુબ્ધ, એટલી જ ડામાડોળ હતી. નાનકડા બગીચાના એક છેડેથી બીજે છેડે તે અસ્વસ્થ પગલાં માંડતી હતી. તાજી ઠંડી હવા શ્વાસમાં પેસીને જાણે મનમાં ઉતરતી હોય તેમ મન જરા શાંત થવા લાગ્યું, ઉશ્કેરાટ જરા ઓછો થવા લાગ્યો.

અને અચાનક તે થંભી ગઈ.

"અરે," તેને વિચાર આવ્યો, "હું અહીં ફરું છું ને માસી જો જાગી જશે, અને નિરાલીને જગાડવા તેના રૂમમાં જશે તો ? તો બોંબ ખોટી મિનિટે ફૂટી જશે ! તેના નાસી જવાની નિશાનીઓ ત્યાં વેરાયેલી પડી હશે જ. પછી વાત પોતાના હાથમાં નહિ રહે ! માસી આખી દુનિયાને ઊંધીચત્તી કરવા માંડશે અને પછી, તેમને કંઈ પણ સમજાવવાનું અશક્ય બની જશે...

શ્વાસભરી, ઉતાવળે પગલે તે ઘરમાં જવા દોડી. હજી તે મોડી નહોતી, હજી બાજી તેના હાથમાં હતી...પણ આગળના કંપાઉન્ડમાં પહોંચતાં જ તે હેબતાઈને પૂતળાની જેમ ઊભી રહી ગઈ. મોં સહેજ ખૂલી ગયું. આંખો સહેજ પહોળી થઈ– કંપાઉન્ડનો ઝાંપો ખોલીને આનંદ અંદર આવી રહ્યો હતો.

૪

મગજ પર જાણે સખત ફટકો વાગ્યો હોય તેમ પળભર મગજમાં સન્નાટો છવાઈ ગયો. લમણામાં ધમ્મ...ધમ્મ...કંઈક થવા લાગ્યું. એક પળ તેને પાછી ફરીને ત્યાંથી દૂર ભાગી જવાની તીવ્ર લાગણી થઈ આવી. પણ એક પળમાં જ જાણે બુદ્ધિ જોર કરીને પાછી બેઠી થઈ ગઈ. વિચાર આવ્યો–હકીકતથી ભાગવાનો કોઈ અર્થ નહોતો... ભાગીને જવાનુંય ક્યાં હવે ? આનંદની સામે ઊભા રહ્યા સિવાય તેનો છૂટકો જ નહોતો !

અજબ ઝડપથી સ્વસ્થતાને પાછી પકડી લેતાં તેણે પોતાને જ આશ્ચર્ય થાય એવા સ્વસ્થ અવાજે તેને આવકાર્યો. ઝાંપો બંધ કરીને તે ધીમા પગલે તેની પાસે આવ્યો. નીલીમા તેને જોઈ રહી. તેની ચાલમાં સખત થાક વરતાઈ રહ્યો હતો. ચહેરા પર થાકના થર લાગેલા દેખાઈ આવતા હતા. મુસાફરીમાં ચોળાઈ ગયેલાં, મેલાં થઈ ગયેલાં કપડાં તેના સમગ્ર દેખાવને ગંભીર બનાવી દેતા હતા. તેને જોઈને નીલિમાને લાગ્યું, દુનિયામાં મુશ્કેલી તેને એકલીને જ નહોતી. આનંદને તો તેણે પૂરેપૂરો ઘેરી લીધો હતો !

"શું થયું, આનંદ ?" અવાજને સ્વાભાવિક રાખતાં તેણે પૂછ્યું, "કંઈ–ખરાબ સમાચાર છે ?..."

"સારા પણ નથી," કહેતાં તેને બગાસું આવી ગયું. બગાસું

ખાતાં આંખોમાં પાણી આવી ગયું. આંખો લાલ થઈ ગઈ હતી. નીલિમાને લાગ્યું, રાતભર તે કદાચ ઊંઘ્યો પણ નહિ હોય.

આનંદે પૂછ્યું. "નિરાલી ક્યાં છે?"

એક વેદનાભરી ચૂપકીદીએ જાણે નીલિમાના હોઠ સીવી લીધા. ચૂપચાપ તે તેની સામે જોઈ રહી. તેના મનની હાલત ખરેખર બહુ કફોડી થઈ ગઈ, પણ આનંદની નજરે એ ઝટ ચડે તેમ નહોતું–પોતાના જ ચિંતાભર્યા વિચારોમાં તે એટલો ડૂબેલો હતો!

થોડી વાર નીલિમા સામે જોઈ રહીને જાણે પોતે જ પોતાના પ્રશ્નનો જવાબ આપતો હોય તેમ તે બોલ્યો. "હજી ઊઠી નહિ હોય, ખરું ને? એ પણ સારું થયું ચાલો." અને એક લુખ્ખું સ્મિત કરતાં તેણે ઉમેર્યું. "મારે પહેલાં તમારી સાથે થોડીક અગત્યની વાતો કરવી છે... તેના કરતાં તમે વધારે સમજદાર અને વહેવારુ છો!"

આનંદના મુખે આ પ્રશંસા સાંભળીને ક્ષણ વાર તેને હર્ષ થઈ આવ્યો, મુખ પર આછી સુરખીભરી આભા પ્રગટી, પણ તરત જાણે મનમાંથી કોઈ બોલ્યું. "બસ? માત્ર સમજદાર અને વ્યવહારુ જ? વિશેષ કંઈ નહિ?"

પણ તેને મનમાં જ દબાવી દઈને તેણે કહ્યું, "આવોને, અહીં બેસીએ!" અને એક નાનકડા ગોળ ઓટલા પાસે જઈ તેના પર બેસતાં તેણે આંખથી આનંદને પણ બેસવા સૂચવ્યું અને તે બેઠો એટલે પૂછ્યું, "શું વાત છે? કહો, આનંદ."

આનંદે તેની સામે જોયું અને આંખો બેએક વાર પલકારીને નીચું જોઈ ગયો. વિચારોએ જાણે તેને ફરી પાછો ખેંચી લીધો. નીલિમા તેના ઝૂકેલા ચહેરા સામે જોઈ રહી. કોઈક વિચારોએ, કોઈક ચિંતાએ એ ચહેરાને ગંભીર બનાવી દીધો હતો, પણ તેથી તો તેનું વ્યક્તિત્વ જાણે વધારે નક્કર બની જતું હતું, ચહેરા પર વધારે અસરકારક રીતે ઉપસી આવતું હતું. નીલિમાને લાગ્યું, તેણે જ તેને વિચારોમાંથી બહાર કાઢવો પડશે.

"તમારા પિતાજીની તબિયતની કંઈ વાત છે?" તેણે પૂછ્યું.

"હં.." જાગીને જોતો હોય તેમ તેની સામે જોતાં તે બોલ્યો, અને બંને હાથની આંગળીઓના આંકડા ભીડીને ખોળામાં દબાવતાં કહ્યું. "તેમને પેડુનું ઑપરેશન કરાવવું પડશે એ તો મેં તમને કહ્યું હતું ને? હવે એ તાત્કાલિક કરાવવું પડશે. પણ તેમનું કમજોર હૃદય ઑપરેશન સહી શકે એવી શક્યતા બહુ ઓછી છે..." ફરી પાછો ક્યાંક ઊંડો ઉતરી જતાં માથું ધૂણાવતાં તે બોલ્યો. "બહુ ઓછી શક્યતા છે...અને ઑપરેશન પહેલાં એક વાર નિરાલીને જોવાની તેમણે રઢ લીધી છે!"

"ઓહ!"

"તેમણે હજી એકેય વાર તેને જોઈ નથી એ તો તમને ખબર છે ને?" નીલિમાના ઉદ્ગારથી સહેજ વ્યથિત થઈ જતાં જાણે પરિસ્થિતિની સમજ આપતો હોય તેમ તેણે કહ્યું.

"મને-મને એ ખબર નથી." નીલિમા જલદી જલદી બોલી ગઈ, "તેમણે એકેય વાર તેને જોઈ નથી?"

આનંદે નકારમાં માથું હલાવ્યું અને કહ્યું, "હજી વીસ–પચીસ દિવસ પહેલાં તો વેવિશાળ થયું અને તેઓ તો ત્યાર પહેલાંથી પથારીવશ છે—ક્યાંથી જોઈ હોય?" પણ હવે એ બહુ જરૂરી બની ગયું છે. પિતાજીનો જીવ પુત્રવધૂમાં એટલો બધો વળગી રહ્યો છે કે એક વાર તેને જોયા વિના તે ઑપરેશન નહિ કરાવે." અને સહેજ થોભી જઈને ઉમેર્યું "તેમને પણ જાણે મનમાં ઊગી ગયું છે કે પછી કદાચ પોતે નહિ જીવે!"

"ઓહ! આનંદ...આનંદ! કેવી ક્રૂર રમત માંડી બેઠું છે નસીબ પણ તમારી સામે!" નિલીમાના અંતરમાં એક દર્દભરી ચીસ ઊઠી. ચરડ, ચરડ કંઈક બળવા માંડ્યું. "અને હવે મારે જ તમને એક એવી ખબર આપવાની છે કે," તે આગળ ન વિચારી શકી, મગજમાં જાણે સોપો પડી ગયો.

"મારે નિરાલીને મળીને આ પરિસ્થિતિનો તેને ખ્યાલ આપવો છે." આનંદનો અવાજ તેના કાને પડયો, "અને તે માટે તમારી મદદની જરૂર છે." સહેજ થોભીને તેણે કહ્યું, "બની શકે તો બધી વિગત તેને નથી કહેવી. તેથી એ કદાચ ગભરાઈ જશે, તેનો બધો આનંદ ઊડી જશે, અત્યારે તો પરિસ્થિતિનો તેને થોડોક ખ્યાલ આપવો છે, અને આવતી કાલે લગ્નનો વિધિ ટૂંકાણમાં પતાવીને તરત જ મુંબઈ પહોંચી જવા તેને સમજાવવી છે...નહિતર અમે તો ઉદેપુર, જયપુર તરફ ઉપડી જવાનું નક્કી કરી રાખ્યું હતું, પણ સંજોગો એવા પલટાઈ ગયા છે કે હવે તે બની શકે તેમ નથી. તેને એ સમજાવવામાં તમારી મદદની જરૂર છે. ઉપરાંત, મારે તમને એ પણ પૂછવાનું છે કે આ બધી વાતો હું અત્યારે જ તેને કહી દઉં એ ઠીક છે કે લગ્નવિધિ પતી જાય તે પછી? કમસેકમ ત્યાં સુધી તો તે ચિંતામુક્ત રહે!" થોડી વાર તેની સામે જોઈ રહીને તેણે પૂછ્યું, "શો અભિપ્રાય છે તમારો?"

અને જવાબ માગતી નજરે તે નીલિમા સામે જોઈ રહ્યો. નીલિમાએ તેની સામે જોયું. તે તેનો અભિપ્રાય માગી રહ્યો હતો. ફક્ત અભિપ્રાય, સલાહ નહિ! એટલે પોતે જે કંઈ કહે તે બરાબર ન લાગે તો તેમ ન પણ કરે! આનંદને જાણે વર્ષોથી ઓળખતી હોય તેમ તેને ખાતરીથી લાગતું હતું, મુશ્કેલી ગમે તેટલી કઠણ હોય આનંદ એથીય કઠણ આદમી છે, પરિણામો સામે તે ભાંગી નહિ પડે. આખરી નિર્ણય તો તે પોતે જ લેશે!

મનની એ ગડમથલની ઉપરવટ થઈને તે બોલી, "આનંદ, તમે અહીંથી ગયા તે પછી સંજોગોએ બહુ કરુણ સમસ્યા ઊભી કરી છે–તમે એ જાણતા નથી, પણ એ સમસ્યા તમારી અત્યારની સમસ્યા કરતાં ઘણી વધારે ખરાબ છે." પોતાના અવાજની સ્થિરતા અને સ્વસ્થતાથી તેને જ આશ્ચર્ય થયું. "હકીકતમાં તમે આવ્યા તે ઘડીથી જ હું એટલી મૂંઝાઈ રહી છું–તમને એ કહું તો શી રીતે

કહું?...પણ કહી દેવું અનિવાર્ય છે એટલે જેમ આવડે તેમ કહી દઉં છું." ગળામાં કંઈક ભરાઈ ગયું હોય તેમ અચકાતાં–તેણે કહ્યું, "હું–હું તમને ગમે તેવી મદદ કરવા તૈયાર જ હોઈશ–ખાતરી રાખજો!"

નીલિમાની વાતે જાણે તેનું સમગ્ર ધ્યાન તેની પોતાની ઉપાધિઓ પરથી ખસેડી દઈને કોઈ અસ્પષ્ટ ચિંતામાં ખોડી દીધું હોય તેમ આંખો પહોળી કરીને આનંદ સાંભળી રહ્યો હતો.

તેણે પૂછ્યું, "પણ વાત શું છે?"

શબ્દો શોધવા માટે નીલિમા ક્ષણેકવાર મનમાં ફાંફાં મારી રહી પછી બોલી, "સાંભળીને તમને દુઃખ જ થશે આનંદ, આઘાત પણ બહુ લાગશે, પણ નિરાલીએ તમારી સાથે લગ્ન કરવાનો વિચાર માંડી વાળ્યો છે!"

"શું? નિરાલીએ તમને એ કહ્યું?–તે-તે–" ઝટકા સાથે તેના અવાજમાં આવેશ ધસી આવ્યો, પણ તરત જ પાછો અદૃશ્ય થઈ ગયો, અને એક હતાશ નિર્વેદ અવાજમાં ભળી ગયો. નિલીમા એ ત્વરિત ભાવપલટાને અચંબાભરી નજરે જોઈ રહી.

તે બોલ્યો, "તો પછી એ વાત મને તેણે જ કહેવી જોઈતી હતી?" અને પછી ચૂપ થઈ ગયો.

નિલીમા તેને જોઈ રહી. દુઃખની એક તીવ્ર લાગણી છરીની જેમ તેના મનમાં ફરી રહી હતી. બે–ચાર પળ વીતવા દઈને તેણે કહ્યું, "કેવી રીતે કહે? તે અહીં નથી!"

"અહીં નથી? તો ક્યાં છે?" શંકા, ક્રોધ, હતાશા, દુઃખ બધું એક સામટું તેના અવાજમાં ધસી આવ્યું. તે ઝટકા સાથે ઊભો થઈ ગયો. તેના હાથની આંગળીઓ, તેના હોઠ ધીમે ધીમે કંપી રહ્યા, ચહેરા ઉપર અનેક ભાવોની જાણે ગાંઠો વળી વળીને છૂટી રહી. નીચે બેઠેલી નીલિમાને તેણે મોટા અવાજે પૂછ્યું. 'હું કંઈ સમજતો નથી, નીલિમા ખરેખર શું બન્યું છે, કહેશો?'

"બસ, એ જ..." અત્યાર સુધી ટકી રહેલી હિંમત પાછી ઓસરી ન જાય તે માટે તેને વળગી પડતી હોય તેમ તે જલદી જલદી બોલી, "એ જ કે નિરાલી નાસી ગઈ છે!" અને મનમાં વિચાર્યું. "હાસ્તો, બીજું શું કહેવાય તેને?"

"હું-હું, હજી કાંઈ સમજી શકતો નથી!" વ્યાકુળ થઈ ઉઠતાં તે બોલ્યો, "શા માટે નાસી ગઈ એ? ગાંડી થઈ ગઈ હતી? મારાથી કોઈ અપરાધ થઈ ગયો હતો તેનો?" તેનો શ્વાસ, તેનો અવાજ એવી રીતે કંપી રહ્યો હતો જાણે કંઈક ધગધગતું હૃદય સોંસરવું ઉતરી ગયું હોય! "શું કારણ હતું નાસી જવાતું...પ્લીઝ... નીલિમા, મને કહો, શું કારણ હતું?.."

"તમારા જેટલું જ દુઃખ મને પણ થાય છે, આનંદ," નીલિમાએ શાંત અવાજે કહેવા પ્રયત્ન કર્યો, પણ તે ડરતી હતી—તેનાથી રડી ન પડાય તો સારું. તેણે કહ્યું. "કારણ તમે કલ્પી શકો તે કરતાંય ઘણું વિચિત્ર હતું. તે બીજા કોઈના પ્રેમમાં હતી. તેને પરણવા માગતી હતી..."

બસ.

પછી આનંદ એક શબ્દ પણ બોલ્યો નહિ. અવાક્, તે સ્થિર ઊભો રહી ગયો. નજર ક્યાંક દૂર ખોડાઈ ગઈ. ચહેરા પર તંગ રેખાઓની અટપટી ભાત પડી ગઈ. નીલિમા સ્તબ્ધ થઈને જોઈ રહી. આભમાંથી કડાકા સાથે વીજળી પડી અને સોંસરવી ઉતરી ગઈ પછી યે આનંદ ટટ્ટાર ઊભો હતો—તૂટી પડ્યો નહોતો.

ધીમે ધીમે તે નજીક આવ્યો, નિલીમાની પાસે બેઠો અને અને ધીમેથી પૂછ્યું, "તમને ક્યારે ખબર પડી?"

"હમણાં જ અર્ધા કલાક પહેલાં" તેણે કહ્યું. કહેવાની હિંમત હવે પાછી આવી હતી. આમેય આખી વાતનો સૌથી ખતરનાક હિસ્સો તો તે કહી ચૂકી હતી. હવે જે બાકી હતું તે કહેવું એટલું મુશ્કેલ નહોતું. અને હવે બધું કહેવાઈ જાય—ગમે તેને પણ કહેવાઈ જાય

તો બધો ગુંગળાવતો ભાર છાતી ઉપરથી હટી જાય.

તેણે કહ્યું, "અર્ધા એક કલાક પહેલાં હું જાગી ત્યારે તેનો પત્ર મારા રૂમમાં પડ્યો હતો."

"તે તમારા પર પત્ર લખતી ગઈ?" તેના નેણ કપાળમાં સહેજ ખેંચાયા, "મારા માટે કંઈ સંદેશો મૂકતી ગઈ છે?"

"ના." નીલિમાએ માથું હલાવતાં કહ્યું, "કંઈ જ નહિ!" તેણે જોયું. આનંદનો ચહેરો સખત ધિક્કારથી ઊભરાઈ રહ્યો હતો. તેને ફાળ પડી, "એ ધિક્કાર મારા ઉપર નહિ ઉતરેને?"

તેણે હોઠ ઉપર જીભ ફેરવી અને ધીમે ધીમે કહ્યું, "મને ખરેખર બહુ દુઃખ થયું છે આનંદ, કે આ વાત મારે જ તમને કહેવી પડી. પણ સાચું કહું છું, એ મને જરા ય ગમ્યું નથી..."

"બરાબર છે," આનંદે કહ્યું, "તમને એ નહિ જ ગમ્યું હોય...પત્રમાં તેણે શું લખ્યું છે?"

"તેણે બધાને જે ખરાબ સ્થિતિમાં મૂકી દીધા છે તે બદલ માફી માગી છે–" નીલિમા કહેવા ગઈ. આનંદના મુખ પર આછું સ્મિત ફરક્યું; કડવું કડવું, અને વ્યંગભર્યું. છતાં નીલિમાએ આગળ કહ્યું, "તેણે લખ્યું છે કે તેના આ પગલાં બદલ તેને પણ ખરેખર દુઃખ થાય છે, પણ તે સિવાય બીજો કોઈ રસ્તો પણ રહ્યો નહોતો. છેલ્લે તેને ખાતરી થઈ ગઈ હતી કે તે ભુવનેશને જ ચાહતી હતી–"

"કયું પ્રાણી છે એ ભુવનેશ?" આનંદ વચ્ચે બોલી ઉઠ્યો. તેના અવાજમાં દુઃખની કાળમીંઢ કઠોરતા હતી.

"ભુવનેશ આમ તો–" કહીને તેના વિષે થોડું ઘણું કંઈક કહેવા નીલિમાએ પ્રયત્ન કર્યો. પણ તેના વિષે ખરેખર એ પોતે પણ કેટલું જાણતી હતી?

"ચાલો, જવા દો એ વાત–નકામા માણસની નકામી વાત!" આનંદે વાતનેય તરછોડતો હોય તેમ કહ્યું, "બીજું શું લખ્યું છે?"

"લખ્યું છે કે તમને તેણે બહુ અન્યાય કર્યો છે તે તે જાણે

છે! તમને દુઃખ આપવા બદલ તેને પણ દુઃખ થાય છે, પણ લગ્ન કરી લીધા પછી સમજાય કે લગ્ન કરીને તેણે ભૂલ કરી છે તો બધાને ઘણું વધારે દુઃખ પહોંચે, તેના કરતાં–"

આનંદ સામે જોતાં તે અટકી ગઈ. તેના મોં ઉપર સડસડાટ અનેક ભાવો ધસી આવીને એટલી જ ઝડપથી ચાલ્યા જતા હતા. ક્ષણેક રોકાઈને તેણે આગળ કહ્યું. "એ રીતે જોતાં તેની વાત સાચી નથી લાગતી?...જો કે એ સારી બિલકુલ નથી એ હું કબૂલ કરું છું!"

"સારું શું, સાચું શું—અત્યારે કંઈક જ કહેવું કવેળાનું ગણાય. અત્યારે હું તેનો વિચાર પણ કરી શકું તેમ નથી."

નીલિમા કંઈ ન બોલી, પણ થોડી વારે એકાએક યાદ આવતાં તે ચમકીને ઉભી થઈ ગઈ, "અરે! માસી હવે તો ઊઠી ગયાં હશે! મારે જલદી અંદર જવું જોઈએ. તેમને સાવ અચાનક આ ખબર પડશે તો ભારે અનર્થ થઈ જશે!"

"ઊભા રહો," તેનું કાંડું પકડી લેતાં આનંદે કહ્યું, "તમારા માસીની વાત હમણાં ભૂલી જાવ. તેમનું અત્યારે એટલું મહત્ત્વ નથી."

વિસ્મયપૂર્વક તેની સામે જોતાં નીલિમાએ સહેજ મોટેથી કહ્યું, "મારી માસી નિરાલીની મા પણ છે!"

"છતાં અત્યારે ચિંતા નિરાલીની માની નહિ, આનંદના બાપની કરવાની છે!" નીલિમા જેટલા જ મોટા અવાજે આનંદે કહ્યું, "અત્યારની ઘડીએ તેમના મનને શાંતિ મળે, તે નચિંત રહે, સંતુષ્ટ રહે તેના પર તેમના જીવન અને મરણનો આધાર છે...થોડા દિવસ તેમને સુખ આપી શકાય, સંતોષ આપી શકાય તો એટલા દિવસ એમનું જીવ્યું"—તેનો અવાજ સહેજ ભારે થઈ ગયો. તે સહેજ અટકી ગયો. અને પછી ધીમા અવાજે બોલ્યો, "પછી જો તેમનું મૃત્યુ થવાનું જ હોય તો મારા વિષેની ચિંતાનું ગ્રહણ તેમના અંતિમ દિવસોને હું લાગવા નહિ દઉં. ઑપરેશન પછી તે જીવી જવાની જે થોડીક શક્યતા છે તે પણ આ આઘાતથી નષ્ટ થઈ

જાય!" શ્વાસ ખાતો હોય તેમ જરા અટકીને માથું ધુણાવતાં તેણે કહ્યું, "ઉફ્! હું તેમને વચન આપીને આવ્યો છું કે આવતી કાલે તેમની પુત્રવધૂને લઈને તેમની પાસે હાજર થઈશ. અને એ વચન હું પૂરું કરીશ!–ક્યાં છે નિરાલી અત્યારે? મને સરનામું આપો! તેણે–તેણે આટલું પાત્ર ભજવવું જ પડશે! પછી ભલે જિંદગીભર મોં ન બતાવે!"

નીલિમા હેબતાઈ ગઈ, થોથવાઈ ગઈ. ક્ષણેકવાર ચૂપ રહીને તેણે કહ્યું. "મને કંઈ જ ખબર નથી!"

"પત્રમાં તેણે લખ્યું નથી?"

"ના એટલું જ લખ્યું છે કે ભુવનેશ સાથે તે મુંબઈ જઈ રહી છે, અને ત્યાં પહોંચીને તરત જ–"

"લગ્ન કરી લેશે એમ જ ને!" કડવા ઝેર જેવા અવાજે આનંદે કહ્યું, "એ–એ માણસનું પૂરું નામ શું છે? મુંબઈની ફિલ્મી દુનિયામાંથી હું એને શોધી કાઢીશ..."

"હું સાચે જ કંઈ જાણતી નથી. આનંદ!"

"બીજું કોઈ જાણે છે ઘરમાં?"

"ના કોઈ નહિ!"

"ઉફ્! કેવું વિચિત્ર! જેને કોઈ બિલકુલ ઓળખતું નથી એવા માણસ સાથે તે નાસી ગઈ? લગ્ન કરવા?"

"હા. આનંદ," નીલિમા ગણગણી. પોતે ભુવનેશ વિષે કંઈ જ જાણતી નહોતી તેનો જાણે તેને ખૂબ રંજ થઈ રહ્યો હતો. તેણે કહ્યું "પણ ધારો કે તમે તેનો પત્તો મેળવી લો તો પણ નિરાલી તમારા માટે એવું કંઈ કરવા તૈયાર થાય એમ હું માનતી નથી–"

"હું એને મારી પરિસ્થિતિ સમજાવું–" તે કહેવા ગયો પણ તરત જ અટકી ગયો—જાણે નીલિમાની વાત તેની સમજમાં ઉતરી રહી હતી. તેનો ભ્રમ ભાંગી રહ્યો હતો. નિલીમા સાચું કહેતી હતી. પોતાના હિતમાં જરાય અંતરાયરૂપ બને એવું કંઈ જ કરવા નિરાલી

તૈયાર ન જ થાય ! એ માટે વિશાળ ભાવના જોઈએ, સહાનુભૂતિ-ભર્યું દિલ જોઈએ—નિરાલી પાસેથી તેની આશા ન રાખી શકાય !

“તમારી વાત સાચી છે.” નિરાશાભરી ગૂંચવણમાં પડી જતાં તેણે નીલિમાને કહ્યું. “તેની પાસેથી એવી આશા રાખવાનો કોઈ અર્થ નથી.”

અને પછી બન્ને હથેળીઓમાં મોં ઢાંકીને તે બેસી રહ્યો. નીલિમાને લાગ્યું, તેનું મગજ ખૂબ ઝનૂનપૂર્વક દોડી રહ્યું હતું. કોઈક હલ શોધી કાઢવા જબ્બર મથામણ કરી રહ્યું હતું. અજબ કઠણ આદમી હતો તે ! બીજો કોઈ હોત તો ક્યારનોય ભાંગી પડ્યો હોત અથવા ક્રોધાવેશમાં બાકીનું બધું પણ ડહોળી બેઠો હોત, બગાડી બેઠો હોત. પણ આનંદ અજબ કઠણ માનવી હતો !

તેના મનમાં કોઈક જલદ લાગણી ઊગી ઊઠી. મનમાં જબ્બર-દસ્ત વલોણું ફરવા માંડ્યું, કંઈક ખળભળવા માંડ્યું. “કેવો ખેલ છે નસીબનો ? પોતે જેને દિલોજાનથી ચાહતી હતી, એળેએળે જેના દુઃખે દુઃખી થઈ રહી હતી તેને મદદરૂપ થાય એવો કોઈ ઉપાય પોતે બતાવી શકતી નહોતી ! ઓહ ! પોતાની બુદ્ધિ કેમ આટલી બહેર મારી ગઈ છે ? તેણે—તેણે કંઈક વિચારી કાઢવું જોઈએ. અત્યારે જ કોઈક ઉપાય શોધી કાઢવો જોઈએ—પણ શું ? ગમે તે, નહીં તો પછી પોતે શા કામની ? એ પ્રેમ શા કામનો જે આફતના સમયે આધાર ન બની શકે ?...”

પણ આનંદનું મગજ કામ કરી રહ્યું હતું—ઝડપથી. તેણે જાણે કંઈક શોધી કાઢ્યું હોય તેમ એકદમ તેના ચહેરા પર ચમક આવી ગઈ. પળભર તે જાણે નીલિમાને અંદરથી તપાસતો હોય એવી નજરે તેની આંખોમાં તાકી રહ્યો. પછી બોલ્યો. “મારા પિતાએ નીરાલીને કદી જોઈ નથી.”

નીલિમા પ્રશ્નસૂચક નજરે તેની સામે જોઈ રહી.

“એટલે નિરાલી જ મારી સાથે હોય એ અનિવાર્ય નથી !”

આનંદે દબાયેલા છતાં સહેજ ઉશ્કેરાટભર્યા અવાજે કહ્યું.

“અરે, હા ! એ સાચું છે,” નીલિમા બોલી ઊઠી, “તો પછી હવે તમે શું કરવા વિચારો છો ?”

“હું નિરાલી તરીકે તમને લઈ જવા માગું છું.”

“હેં ? મ—મને ?” મનમાં જાણે નાનકડો બૉંબ ફૂટ્યો હોય એટલી એ ચમકી ગઈ. તેનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. “પણ એ કેવી રીતે—હું કેવી રીતે—” મનમાં વીજળીની જેમ દોડતા અર્ધા અર્ધા વિચારો જેવાં જ અર્ધાં અર્ધાં વાક્યો તે બોલી ગઈ. શું કહેવું હતું, શું કહેવું જોઈએ તેની જાણે પૂરી સમજ પડતી નહોતી.

“એ થઈ શકે તેવું જ છે,” વિનંતીભર્યા નરમ અવાજે આનંદે કહ્યું, “બહુ સહેલું છે એ...માનો કે પિતાજી આમાંથી ન બચે તો પછી વાત ત્યાં પૂરી થઈ જશે અને જો જીવી જાય તો તેમની તબિયત પૂરતી સ્વસ્થ થાય એટલે હું જ ખરી વાત તેમને કરી શકીશ પછી તેમની આટલી ચિંતા કરવા જેવું નહિ હોય.”

વાત નીલિમાના મનમાં ઠરે એની રાહ જોતો હોય તેમ થોડી વાર અટકીને તેણે કહ્યું, “સમજાય છે મારી વાત ?”

“હા—હા !” ડરતાં ડરતાં વાત સમજતી હોય તેમ નીલિમાએ કહ્યું, “તેમના મનને શાંતિ આપવા જો એ ઉપાય જ બરાબર લાગતો હોય—”

“એ ઉપાય જ બરાબર છે, નીલિમા,” પૂરા વિશ્વાસથી કહેતો હોય તેમ તેણે કહ્યું, “એ એક જ ઉપાય હવે હાથમાં રહે છે !”

નીલિમા કંઈ ન બોલી, ઘડીમાં તેની સામે જોતી, ઘડીમાં કંઈક ઊંડું વિચારતી હોય તેમ નીચે જોઈ રહેતી તે ચૂપચાપ બેસી રહી. તેનું મન જાણે બે ભાગમાં ચીરાઈ ગયું હતું. આનંદની વાતમાં શંકા કરવાની જ ન હોય. ઊલટું, જેને માટે હજી હમણાં જ તે તડપી ઊઠી હતી એ જ આ તક હતી ! આફતના સમયે આધાર બનવાની તક ! આનંદનો આધાર તેણે જ બનવું જોઈએ. એમાં વાર

શી?...પણ-પણુ ગમે તેટલું શુભ આશયવાળું પણ એ એક જૂઠાણું હતું-એક નાટક! જૂઠના પગ માટીના હોય છે! ગમે ત્યારે ફસકી પડે...અને તો પરિણામ કેવા વિચિત્ર આવે!..."

પણુ વિચારો કરવા જેવો આ સમય નહોતો. તર્ક અને દલીલને અહીં સ્થાન નહોતું. આ તો હૈયાનો પોકાર હતો, હૈયામાં ઢબૂરાર-યેલી પ્રીતને એક લલકાર હતો. ઓળઘોળ થઈ જવાનો અવસર હતો.

એકાએક તેને માસી યાદ આવી ગયા. "અરે!" તે ઝબકીને ઊભી થઈ ગઈ. "માસી ઊંઘી ગયા હશે! મારે વહેલી તકે એમને બધું કહી દેવું જોઈએ."

પણ આનંદે તેને ફરી વાર રોકી "બધું એટલે?" તેણે પૂછ્યું.

"બધું એટલે બધું જ વળી!" તે અધીરાઈથી બોલી.

"ના, આપણી આ છેલ્લી વાત તેમને કહેવાની નથી. તેમને શું, કોઈને કહેવાની નથી!" આનંદે કહ્યું. "જેટલા ઓછા માણસો તે જાણે તેટલી સલામતી વધારે. હું નથી ઇચ્છતો કે પિતાજી પર કોઈના પત્રો આવે અને આપણી બાજી બગડી જાય."

"પણ માસીને તો–"

"પણ-બણ કંઈ મહેરબાની કરીને ન કરશો. આ વાત ગુપ્ત રહેવી જરૂરી છે. જે વાત ઘણા માણસો જાણતા હોય તે કદી ગુપ્ત ન રહી શકે એટલું તો તમે સમજો છો ને?" સહેજ થોભીને તેણે આગળ કહ્યું, "આવતી કાલે મારે મુંબઈ પહોંચવાનું જ છે. તમારે પણ મારી સાથે આવવાનું છે. એટલે તૈયારી રાખજો, આપણે સાથે જ નીકળશું."

"પણ માસી મને એટલી જલદી અહીંથી નીકળવા નહિ દે," જરા ગૂંચવાતાં નીલિમાએ કહ્યું, "લગ્ન નિમિત્તેનું બધું કામ–"

"કોનું લગ્ન થવાનું છે હવે?"

નીલિમા નીચું જોઈ ગઈ. આનંદને કાળજાનો ઘા વાગ્યો હતો. એ પણ તે જીરવી ગયો હતો. કારણ, તે કરતાં ય મોટી ચિંતા તેના

મનમાં ભડભડતી હતી. ભર જુવાનીમાં પત્નીને ગુમાવી બેસવા છતાં જીવનભરની એકલતાના ઝેરને નીલકંઠની જેમ જીરવી જનાર બાપની અંતિમ ઘડીઓ બગડી જવાની ચિંતાએ તેના એ ઘાની વેદનાને ય ભૂલાવી દીધી હતી. નીલિમાને લાગ્યું, માસી કરતાં આનંદને સાચે જ તેની વધારે જરૂર હતી. અને આનંદને તેની જરૂર હોય ત્યારે બીજો કોઈ વિચાર કરી જ શી રીતે શકાય?

તેણે ઊંચે જોયું, અને કહ્યું, "સારું, હું બધી ગોઠવણ કરી લઈશ."

"થેંક્સ!" આનંદે કહ્યું, "બધી ગોઠવણ કોઈને પણ આપણી ગુપ્ત વાત કહ્યા વિના જ કરવાનું યાદ રાખજો. એ વાત માત્ર મારી અને તમારી જ વાત છે. બીજા કોઈએ તે જાણવાની નથી. મારે ઘેર પણ હું સૌને તમારી ઓળખાણ નિરાલી તરીકે જ આપવાનો છું–મારી પત્ની તરીકે. તમે સમજી શકશો કે જેટલા વધારે માણસો આ વાત જાણે તેટલી કોઈકની કંઈક ભૂલ થઈ જવાની શક્યતા વધી જાય. એ જોખમ આપણે લેવું જ નથી!"

નીલિમા તેની વાત સાંભળી રહી. તે વાતમાં વજુદ હતું, તેનાં કારણો મજબૂત હતાં એમ તેને લાગ્યું. પણ એ બધું તેણે તેને ન કહ્યું હોત તો પણ એક જ વાત તેને માટે પૂરતી હતી, આનંદને તેની જરૂર હતી, તેની જ સખત જરૂર હતી, અને હવે પછી જે બનશે તેના આનંદ અને તે સરખેસરખા ભાગીદાર હશે-એક અજબ, રોમાંચભરી ગુપ્તતાના ભાગીદાર!

આનંદ સામે સ્મિત કરતાં તેણે કહ્યું, "સારું તમે કહો છો એમ જ કરીશ...અને એક બીજી વાત કહું?"

"શું?"

"જે નાટક આપણે ભજવવાનું છે તેનું રિહર્સલ ક્યારે શરૂ થશે?"

" રિહર્સલ ? મને સમજાતું નથી ! "

" તો હું સમજાવું. જુઓ, નવું પાત્ર ભજવવા માટે સૌથી પહેલાં તો તમારે મને " તું " કહેવું પડશે."

" ઓહ ! " એટલી ચિંતા, એટલા દુઃખ વચ્ચે ય હસી પડતાં તે બોલી ઊઠ્યો, " એ તો મને યાદ જ ન આવ્યું ! "

" પણ હવે યાદ રાખી લેજે," નીલિમાએ મીઠું હસતાં કહ્યું, અને ઘરમાં જવા પગ ઉપાડ્યા.

૫

હજી એક અળખામણું કામ માથે તોળાઈ રહ્યું હતું–ઘરના બારણાંમાં દાખલ થતાં નિલીમાને વિચાર આવ્યો–માસી, માસા, પરાશર, સૌને આ જનોઈવઢ ઘા જેવા ખબર આપવાના બાકી હતા. લગ્નની આગલી રાત્રે જ મા–બાપને ઊંઘતા મૂકીને દીકરી ભાગી ગઈ હતી – મા-બાપની આબરૂનો, તેમનાં અરમાનોનો કચ્ચરઘાણ વાળી નાખ્યો હતો દીકરીએ. દિલને ખતરનાક ચોટ મારે એવા એ ખબર હતા. ને એ આપવાની જવાબદારી તેના જ માથે આવી પડી હતી !

તેનું મન ભારે ગમગીનીભર્યા ફફડાટથી ભરાવા લાગ્યું. " બિચારાં માસી ! " તેને થયું, " બેભાન જ થઈ જશે સાંભળીને !...માસાની ય બિચારાની બહુ બૂરી હાલત થઈ જશે. આખું ઘર જાણે લૂંટાઈ ગયા જેવું થઈ જશે !..."

છતાં ખબર આપવા તો પડશે જ. છુપાવી રખાય એવી એ વાત નહોતી. કહી દેવા સિવાય કોઈ રસ્તો નહોતો...ને માસા–માસીને એ કહેવા કરતાં ય જે કપરું હતું એ કામ–આનંદને એ કહેવાનું કામ તો તેણે કરી નાખ્યું હતું. એ થઈ શક્યું તો આ પણ હવે થઈ શકશે...અને હવે તો ખુદ આનંદ પણ તેની સાથે હતો. થોડોક ભાર તે પણ ઉપાડી લેવાનો હતો...

તેને થોડી ધરપત થઈ, થોડી હિંમત આવી, અને તે અંદર

ગઈ. અને સ્વસ્થ રહેવા સખત મથામણ કરતાં ધીમા, થરકતા અવાજે બધું કહી દીધું માસી, માસા, પરાશર, બધાને.

"ઓ, મારા ભગવાન!" કહેતાં માસીનું મોં પૂણી જેવું સફેદ થઈ ગયું, આંખો ફાટીને પહોળી થઈ ગઈ, જડબાં જાણે સામસામે ચોંટી ગયાં હોય તેમ દાંતની કચકાટી થવા લાગી, આખું શરીર ધ્રૂજી ઊઠ્યું, છાતી પર હાથ દબાવતાં તે ભીંતને ટેકે બેસી પડ્યાં.

માસા એકદમ કંઈક બોલવા ગયા. ખેંચાઈને તંગ થઈ ગયેલા ચહેરા અને આંખો ઉપરથી લાગતું હતું કે તેમને ઘણું બોલવું હતું, જોરજોરથી ગળું ફાડીને બોલવું હતું, પણ કંઈ બોલી શકાતું નહોતું, બોલવા ગયા પણ અર્ધા વાક્યો બોલીને ગળચવાં ગળી રહ્યા.

પરાશર અવાચક બનીને ઉશ્કેરાટભરી નજરે બધાની સામે જોઈ રહ્યો–સ્તબ્ધ. આખો ઓરડો અત્યંત બોજલ, અત્યંત તંગ, અત્યંત કરુણ હવાથી ભરાઈ ગયો...ચૂપચાપ ચૂપચાપ સમય વીતતો ગયો. માંડમાંડ ઘસડાઈને સરકતા અજગરની જેમ.

માસા સૌથી પહેલા બોલ્યા, ધ્રુજતા હાથે ચશ્માને નાક પર ગોઠવતાં તેમણે નિલીમા સામે જોયું, અને કહ્યું, "હજી–હજી આ મગજમાં નથી ઉતરતું, નિલૂ!" અને બારી પાસે ચૂપ ઉભા રહી ગયેલા આનંદ તરફ નજર ફેરવતાં, ઊંચા, ઉશ્કેરાયેલા અવાજે બોલી ઊઠ્યા. "કોણ છે એ ભુવનેશ? અમે તો ઓળખતાં ય નથી એ હરામજાદાને!...."

માસીનો આઘાત હવે કલ્પાંત બનીને બહાર આવ્યો. રડતાં, હિબકાં ભરતાં તે બોલ્યા, "અરેરે! અભાગણી જાતે જઈને અંધારા કૂવામાં પડી, ને અમને ય નાખતી ગઈ! અરરર, મારા બાપ! કયું મોં લઈને જીવવું હવે દુનિયા વચ્ચે! ભૂંડીને કંઈ વિચારે ય ન આવ્યો? બીજાનો નહિ તો એનો પોતાનો તો વિચાર કરવો'તો! એ નખ્ખોદિયાં સિનેમાવાળાનો શો વિશ્વાસ?..."

નીલિમાને થયું, નીરાલીએ વિચાર તો કર્યો જ હતો–તેનો પત્ર

તેનો પુરાવો હતો. હા, વિચાર તેણે ફક્ત પોતાનો જ કર્યો હતો. બીજા કોઈનો નહિ, એ ખરું! તેણે તો લખ્યું પણ હતું કે બધું શાંત થઈ જશે એટલે તેને તે મળશે...એનો અર્થ એ જ કે તેણે બધો વિચાર કરી રાખ્યો હતો. અમુક વખતે બધું થાળે પડી જશે એવી તેની પાકી ગણતરી હતી. એવી ગણતરી કંઈ વિચાર કર્યા વગર થઈ શકી હોય?

પણ તે ચૂપ બેસી રહી. તે બરાબર સમજતી હતી, એવું કંઈ જ બોલાય નહિ.

આઘાત ખરેખર કારમો હતો. સૌના દિલને સખત ફટકો પડ્યો હતો. સૌના દિમાગ હચમચી ઊઠ્યા હતા, બહેર મારી ગયા હતા. પણ પરાશર એમાંથી સૌથી પહેલો બહાર આવી ગયો.

તેણે કહ્યું, "આપણે બધા સાવ અંધારામાં જ રહ્યા. તેણે આપણને છેક સુધી બેવકૂફ બનાવ્યા! બાકી એ માણસ સાથે તેને લખાપટ્ટી ચાલુ જ હશે! નહીંતર, બધું ગોઠવી શી રીતે શકે? અમદાવાદમાં તો તે આવ્યો હોય એવું કોઈ જાણતું નથી!"

"સાવ એવું નથી. પરાશર!" સાચું કહી દેવા જાણે અંદરથી કોઈ જબરજસ્તી કરતું હોય તેમ નીલિમા બોલી ઊઠી, "તે અહીં આવ્યો હતો!"

"હેં? અહીં આવ્યો હતો?" ચીસ પાડતાં હોય તેમ માસી બોલી ઊઠ્યાં, 'તને એ ખબર હતી ને અમને કંઈ કીધું ય નહીં?"

ક્ષણભર નીલિમાને લાગ્યું કે માસી સહિત બધા તેની સામે ગુસ્સાભરી, અણગમાભરી નજરે તાકી રહ્યા હતા. જાણે એક અત્યંત મહત્ત્વની હકીકત સૌથી છૂપાવીને તેણે જ આ અનર્થ નિપજાવ્યો હતો!

સૌની તરફ પીઠ રાખીને બારીની બહાર જોયા કરવાનો દેખાવ કરતો આનંદ પણ જાણે ચોંકી ગયો. તે એકદમ તેના તરફ ફર્યો. તેની આંખોમાં ક્રોધનાં સાપોલિયાં સળવળી ઊઠ્યાં.

"તને–તમને એ ખબર હતી ?"

"ખબર" શબ્દ ઉપર ખૂબ ભાર મૂકતાં તેણે ઊંચા અવાજે પૂછ્યું, "કેવી રીતે ?"

"મને નિરાલીએ કીધું'તું," નીલિમાએ ગભરાટ વિના કહેવા પ્રયત્ન કર્યો. પણ તેનો અવાજ દબાઈ ગયો હતો, "તમે મુંબઈ ગયા તેના આગલા દિવસે જ તેણે મને કીધું'તું."

"તો એ અમને કહી દેતાં તને શું થતું'તું ?" અકળામણભર્યા અવાજે માસી બોલી ઊઠયાં.

"પણ કેવી રીતે કહું ?"

"અત્યારે કેવી રીતે કીધું ?" માસીના અવાજમાં ભારોભાર નારાજગી વરતાઈ આવતી હતી, "એવી રીતે જો ત્યારે જ કહી દીધું હોત," સહેજ થોભી જતાં તેમણે કહ્યું, "તો આ દિવસ દેખવો ન પડયો હોત !"

નીલિમાના હોઠ સુધી શબ્દો આવી ગયા, "એ તમારો વહેમ છે, માસી ! તેણે જે કરવા ધાર્યું હતું તે કરીને જ તે રહી હોત. તમે તેને શી રીતે રોકી શકવાના હતા ? એ જવાની જ હતી ને જનારને કોણ રોકી શકયું છે ?...અને ત્યારે તો મને ય શી રીતે ખબર પડે કે પાછળ આવું બનવાનું છે ?"

પણ એ બધું તે બોલી નહિ. હોઠ ભીડીને, નીચું જોઈને બેસી રહી.

"નીલિમાનો વાંક કાઢવાનો કંઈ અર્થ નથી મમ્મી, આપણો રૂપિયો જ ખોટો હતો !" પરાશરે કહ્યું. તેના અવાજમાં ઉશ્કેરાટ નહોતો. "એ વાત આટલી બધી વકરી જશે એ તેને કેમ ખબર પડે ? તેને તો એટલી જ ખબર હશે કે એ માણસ અમદાવાદમાં આવ્યો હતો. નિરાલીએ કંઈ બધી વાત તેને નહિ કહી દીધી હોય !..."

ઉપકાર માનતી હોય તેમ નીલિમાએ પરાશર સામે જોયું પછી માસીની સામે જોયું, અને બોલી, "ખરેખર માસી, આવી તો મને

કલ્પના ય નહોતી આવી. એ માણસથી ચેતવા જેવું છે એવું મને સહેજેય લાગ્યું હોય તો તમને કહી દીધા વિના રહું ખરી ?"

માસી કંઈ બોલ્યા વિના તેની સામે જોઈ રહ્યા. જાણે તેની વાત સમજમાં ઉતરી રહી હોય. નીલિમાના અવાજમાં નિર્દોષતાનો એક નક્કર રણકો હતો.

"ખેર ! નિલીમાએ ગમે તે માન્યું, તે ગમે તે સમજ્યા !" ઠંડા, ભાવશૂન્ય અવાજે આનંદે કહ્યું, "જે બની ગયું તેને - હવે ભૂંસી શકાય તેમ નથી. હવે અફસોસ કરીએ તો પણ શું ? નીલિમા પરિસ્થિતિનો સાચો અંદાજ લગાવી શકે નહિ એ પણ બનવાજોગ હતું. વળી, તે નિરાલીના એટલા વિશ્વાસુ પણ હશે !"

"હું તેની વિશ્વાસુ નહોતી," વિરોધભર્યા, ઠપકાભર્યા અવાજે નીલિમા બોલી ઊઠી. "અને આવી વાતમાં કદી તેની વિશ્વાસુ બનું પણ નહિ !"

તે આગળ બોલતી અટકી ગઈ. તેણે જોયું કે આનંદ મોં ફેરવી ગયો હતો. તેના મોં પર સખત ચીડ અને અણગમો હતાં. કોના માટે હશે એ ? નિરાલી માટે ? પરિસ્થિતિ માટે ? કે તેના માટે ?

અત્યારે કંઈ સમજી શકાય તેમ નહોતું. અત્યારે કંઈ સમજાવી શકાય તેમ પણ નહોતું. ને તેનું મન ઊંડી શેહ ખાઈ રહ્યું હતું. "આનંદને મારામાં કંઈ શંકા હશે ? તેનો ગુસ્સો મારા પર ઉતરવાનો હશે ?...પણ શા માટે ? હવે તો એવું કોઈ કારણ જ નહોતું. હમણાં જ બહાર બધી ચોખવટ થઈ ગઈ છે. ને બીજું ય ઘણું નક્કી થઈ ગયું છે... આટલી વારમાં કંઈ બધું ઊંધું થઈ જાય ?...ઊલટું, અત્યારે તો તેને મારી જરૂર છે, સખત જરૂર છે..."

એ છેલ્લા વિચારે બાકીના બધા વિચારોને ભગાડી મૂકયા. આનંદને તેની સખત જરૂર છે ! આનંદ અત્યારે સખત મુશ્કેલીમાં છે. ને મુશ્કેલીમાં તેને સાથ આપવાનું પોતે વચન આપ્યું છે. તેણે માંગ્યું ને પોતે વચન આપ્યું છે એ વચન તેણે પાળવાનું છે ! ગમે

તે બહાને આવતી કાલે અહીંથી નીકળી જવાનું છે...આનંદના ઘેર જવાનું છે–તેની નવોઢા પત્ની તરીકે!

આનંદની નવોઢા પત્ની! દિલનો તારેતાર ઝણઝણી ઊઠે એવી એક રળિયાત કલ્પના મનને ઝણઝણાવતી રહી. મનમાં અકથ્ય આનંદની વેગીલી ધારાઓ ફૂટી. ને તેમાં તલેતલ ભીંજાતું હૃદય જાણે મીઠું, મીઠું ગૂંગળાઈ રહ્યું. મનના ખૂણેખૂણેથી ધસી આવતી જઝુમાતી ઘૂમરીઓ સામસામી ટકાઈ ને અધ્ધર ચડવા લાગી...

ને હજાર વાતો ભરેલી એક મારકણી નજર આનંદ તરફ નોંધાઈ ગઈ–નોંધાઈ ન નોંધાઈ ને તરત નીચી ઢળી ગઈ.

"અરે, રામ!" બુદ્ધિ તેને ટપારી રહી, "આ શું માંડયું છે, ઘેલી? કયાં પહોંચી જવા ધાર્યું છે અત્યારે ને અત્યારે? વિચાર તો કર, અહીં તું એકલી નથી. દેખતા માણસો બેઠા છે. એ કોઈ મૂરખ નથી. ફટ દઈને સમજી જશે બધું ય. પછી કયાં જઈશ? નજરને વાર, હૈયાને હાથમાં રાખ, હૈયાફૂટી!"

તે ઝબકી ગઈ. સાવ સાચી વાત હતી. પોતે મૂર્ખની જેમ વર્તી રહી હતી. તે સાવધ થઈ ગઈ, હોશિયાર બની ગઈ. મનની એ રંગલીલાને ક્ષણમાં સંકેલી લીધી–મેઘલું વાદળ ખસી જતાં સૂરજના ઝળહળ કિરણ છૂટે ને થનક, થનક નાચતો મોર કળા સંકેલી લે એમ.

ગળું સહેજ ખોંખારીને તેણે માસી સામે જોયું, અને કહ્યું, "માસી, મારે કાલે જ મુંબઈ જવું પડશે."

"કેમ? કેમ?" તેની અણધારી વાતથી ચમકી જતાં માસીએ પૂછ્યું.

"મારી ઑફિસમાંથી પત્ર આવ્યો છે," તે જૂઠું બોલી, "ત્યાં કામ ખૂબ વધી ગયું છે એટલે મારી જરૂર છે...ગયા વગર ચાલે તેમ નથી."

માસીને તેનામાં ઘણો વિશ્વાસ હતો. એટલે આ વાત સાચી

માનશે જ તેની ખાતરી હતી. પણ એટલે જ તેનો જીવ અંદરથી બળવા લાગ્યો. વિશ્વાસનો કેવો ઉપયોગ કરી રહી હતી પોતે!...પણ બીજા પલ્લામાં આનંદ હતો. માસીનું પલ્લું, નમી શકે તેમ નહોતું.

"પણ અહીં કેટલું બધું કામ બાકી પડયું છે, નીલુ?" માસીએ કહ્યું, "તું હતી એટલે મને નિરાંત હતી. પણ હવે...બે ત્રણ દિવસ પણ નથી ચાલે એવું?"

ઢીલા પડી જતા મનને મક્કમ કરતાં નીલિમાએ કહ્યું, "ઘણું ખરું કામ તો હું આજે પતાવી દઈશ, માસી. પાછળ બહુ કામ બાકી નહિ રહે. તમને મુશ્કેલી નહિ પડે...મારે ગયા વિના ચાલે તેમ નથી!"

"ભલે." માસીએ સમજદારી બતાવતાં કહ્યું, "તો પછી જજે. વધારે રોકાઈ હોત તો બહુ સારું હતું. અહીં તારી ઘણી જરૂર છે. પણ તારે નોકરીનો પ્રશ્ન છે એટલે–"

"હું પણ કાલે જ પાછો જઉં છું," આનંદ વચ્ચે બોલી ઊઠયો, "મારા પિતાજીની તબિયત ખરાબ છે એટલે વહેલી તકે ત્યાં પહોંચવું જરૂરી છે. પણ આજનો દિવસ અહીંના કામની ગોઠવણ કર્યા વિના ય ચાલે તેમ નથી," સહેજ અટકીને તેણે માસીને કહ્યું, "નીલિમાને હું મારી સાથે લેતો જઈશ, એટલે તમારે ચિંતા ના રહે."

"પણ–" માસી કંઈક બોલવા ગયા, પણ બોલતાં અટકી ગયાં. ક્ષણેકવાર તેમણે આનંદ સામે જોયું, પછી નીલિમા સામે જોયું, અને નીચું જોઈ ગયાં. ચહેરા પર એક ક્ષોભભરી ગ્લાની તરી આવી. એક તોલદાર નિસાસો મૂકતાં તે ગણગણ્યા, "નસીબ કેવું નચાવે છે સૌને! નહીંતર કાલે તો તમે નિરાલીને લઈને જવાના હતા!" અને પછી ચૂપ થઈ ગયા.

બે–ચાર પળ વળી પાછું વાતાવરણ ભારે બની ગયું.

પછી માસા બોલ્યા, "ખેર! હેમા! બધું બહુ ખરાબ બની

ગયું છે, બધા તે બરાબર જાણે છે. જે બગડયું, તે આપણું એકલાનું નથી બગડયું, આનંદ પણ આપણી ભેગા જ છે. વધારામાં તેમને તેમના પિતાજીની એટલી જ મોટી ચિંતા છે. .એટલે અત્યારે હવે નબળી વાતો ન કરો."

"ખરી વાત છે," માસીએ માથું ધૂણાવતાં કહ્યું, "આપણે બધા ય સરખા બની ગયા છીએ–કોણ કોને દિલાસો આપે?"

થોડી વાર બધા કંઈ બોલ્યા વિના બેસી રહ્યા. અને પછી બોલ્યા વિના જ એક પછી એક ત્યાંથી ઊભા થઈ ગયા. પરાશર તેમાં પહેલો હતો.

બધા ગયા એટલે આનંદે નીલિમા સામે ને નીલિમાએ આનંદ સામે જોયું.

"હું કાલે તમને લેવા અહીં આવીશ," આનંદે ધીમા અવાજે કહ્યું.

"ના–" પોતે શા માટે ના પાડે છે તેની પૂરી સમજ વિના તે બોલી ઊઠી, "આસપાસના પાડોશીઓ જુએ—"

"અરે, અરે!" નીલિમા કંઈક બહુ રમૂજભર્યું બોલી હોય તેમ હસી જતાં આનંદે કહ્યું, "એમાં કોઈનો ડર શા માટે? આપણે કોઈ ગુનો કરવા જઈ રહ્યા છીએ?"

"હું એમ નથી કહેતી!" કંઈક મૂર્ખતાભર્યું બોલાઈ ગયાની શરમના શેરડાને છૂપાવવા મથતાં તેણે કહ્યું, "પણ હું પરાશર સાથે સ્ટેશને આવીશ. તમે ત્યાં મારી રાહ જોજો...એમાં કંઈ વાંધો છે?"

"મને તો કંઈ વાંધો નથી," ફરીથી હસતાં આનંદે કહ્યું, "સ્ટેશને મળજો. હું ત્યાં રાહ જોઈશ."

"બસ." નીલિમાએ સંતોષ પામતાં કહ્યું. "હું ચોક્કસ આવી જઈશ."

પછી આનંદ ગયો.

તે આખો દિવસ નીલિમા માસીનું કામ આટોપવામાં લાગી ગઈ. પહેલાં લગ્ન માટે પુષ્કળ કામ કરવાનું હતું. હવે, નહિ થનાર લગ્ન માટે એટલું જ કામ કરવાનું હતું. બધાં આમંત્રણો રદ કરવાનાં હતાં. ટેલિફોન, તાર, ટપાલ અને છાપાં બધાનો ઉપયોગ કરીને હવે આવનાર મહેમાનોને શક્ય હોય ત્યાં સુધી, અટકાવી દેવાનાં હતાં.

વાડીવાળા, વાસણવાળા, ફૂલવાળા, મંડપવાળા, આઈસ્ક્રીમવાળા, રસોયા બધાને સમયસર ખબર આપીને અગાઉ નોંધાવેલ ઑર્ડર રદ કરવાના હતા. લગ્ન માટે પેક કરેલી પેટીઓ ને બાંધેલાં પોટલાં પાછાં ખોલીને ઠેકાણે પાડવાનાં હતાં. નીલિમાના ભાગે પણ ઘણું કામ હતું ને રાત સુધીમાં ઘણું કામ તેણે આટોપી નાખ્યું.

રાતના અગિયાર વાગ્યા ત્યારે મોટાભાગનું કામ થઈ ગયું હતું. જે બાકી રહેતું હતું તે માસી એકલાં કરી શકે તેમ હતું. અને રાત સુધીમાં માસી પણ સવારના આઘાતમાંથી ઠીકઠીક બહાર નીકળી ગયા હતા.

નીલિમા પથારીમાં પડી ત્યારે થાકીને લોથ થઈ ગઈ હતી. પાંચ જ મિનિટમાં તે ઘસઘસાટ ઊંઘી ગઈ. થાક સંપૂર્ણ ઉતારીને તે સવારે જાગી ત્યારે સૂરજ ઊગી ગયો હતો. તે પલંગમાં બેઠી ને આળસ મરડીને ચોતરફ જોયું.

"ખરેખર તો આજે કેટલું વહેલું ઊઠવાનું હતું? અત્યારે તો ઘરમાં લગ્નની કેટલી ધમાલ ચાલતી હોત!" તેને વિચાર આવી ગયો, "આજે લગ્નનો દિવસ!"

એ વિચારની પાછળ એક નવો વિચાર ઝબકયો, અને તે ચમકી ગઈ, "આમ તો, સહેજ જુદી રીતે પણ, આજે દિવસ તો લગ્નનો જ છે ને!" તેના મનમાં પાછા પેલા ઓઘ ઉછળવા લાગ્યા, "આજે તે આનંદની પત્ની તરીકે જ જવાની હતી ને? ભલે એક નાટક હતું. માત્ર થોડાક સમય પૂરતું એક નાટક. થોડાક સમય પૂરતું જ આનંદની પત્નીનું પાત્ર ભજવવાનું હતું. પણ સમયનો એ નાનોશો ટુકડો કેવો અણમોલ બની રહેશે જીવનભર!"

પણ તરત જ બીજો વિચાર આવ્યો ને તે બીજી વાર ચમકી ગઈ, "પણ–એ નાટક પૂરું થઈ જશે પછી? એ અણમોલ દૃશ્ય ઉપર પણ પડદો પાડવો પડશે પછી? એ નાટકથી નિરાળી રહી શકાશે તેનાથી? મનમાં પળેપળે આરાધેલા આનંદ સાથે થોડાક દિવસ માંડેલા ખોટા ખોટા દામ્પત્યથી મનને વેગળું રાખી શકાશે તેનાથી?

આનંદને મન તો એ બધું માત્ર એક નાટક જ હશે—આપદ્‌કાળમાં અનિવાર્ય બનેલો એક ઉપાય માત્ર, વિશેષ કંઈ નહિ!

ને તેને જાણે એક અકળાવનારું ભાન થવા લાગ્યું, "પછી જિંદગીભર ખાલી સપનાંના અનર્ગળ ભાર નીચે ચગદાતી રહેવું પડશે, ને ચૂપ રહેવું પડશે! રોમાંચક હશે એ સપનાં, જેટલાં રંગીન એટલાં જ ગમગીન હશે એ સપનાં! પછી કદીય તેમાંથી છટકી નહિ શકાય–કદી ય નહિ..." તેનું મન એ કલ્પનાથી ય તરફડી ઊઠ્યું.

છતાં મન હવે ડગવા તૈયાર નહોતું. ભલે અધઘડીનો પણ આનંદનો સાથ, પરણ્યા જેવો સાથ છોડવા તે તૈયાર નહોતું. પછી જે થવાનું હોય એ થાય. પોતે તેનો દોષ કોઈને ય દેશે નહિ. પોતે ઉઘાડી આંખે જ પગલું માંડી રહી હતી, આગળ જે થવાનું હોય એ થાય.

જોર કરીને તે પલંગમાંથી ઉતરી ગઈ. નીચે બધાની વચ્ચે પહોંચી જવું એ જ ઉત્તમ હતું. વિચારોનો તો પાર જ નહિ આવે, ને મન અમથું અમથું પીંખાઈ જશે.

નીચે બધા જાગી ગયા હતા. માસીએ હસીને તેને આવકારી.

સ્ટેશને જવાનો સમય થયો ત્યારે બેગ હાથમાં ઊંચકીને નીલિમા નીચે આવી, અને માસી પાસે થોભી.

"જઉં છું, માસી," આછું હસતાં તેણે કહ્યું.

"ભલે, જા, બેટા!" માસીનો અવાજ ભીનો થઈ ગયો. આંખો ય ભીની થઈ. તેમણે કહ્યું, "કેવા માંગલિક કામ માટે

આવી'તી ને–"

"ના, માસી!" નીલિમાએ એકદમ કહ્યું, "એનો હવે મનમાં સંતાપ ન રાખશો. આપણા હાથની એ વાત જ ક્યાં હતી?...રડશો નહિ માસી, મને હસીને રજા આપો."

પરાશરે તેના હાથમાંથી બેગ ઊંચકી લેતાં ચાલવાનો સંકેત કર્યો. માસીએ સાલ્લાના છેડાથી આંખો લૂછીને મોં પર સ્મિત આણ્યું, કમ્પાઉન્ડના ઝાંપા સુધી સાથે આવ્યા, ને હસીને વિદાય આપી.

આનંદ પ્લેટફોર્મ પર હાજર હતો. તેણે થોડે દૂરથી જ તેમને જોઈ લીધાં ને હાથ ઊંચો કરીને હલાવ્યો. નીલિમા અને પરાશર તેની પાસે પહોંચ્યા એટલે પરાશરના હાથમાંથી બેગ લઈને તેણે ડબામાં અગાઉથી રોકેલી જગ્યા પર મૂકી દીધી.

ટ્રેન ઊપડતાં જે પાંચેક મિનિટ લાગી તે દરમ્યાન પરાશર અને આનંદ વાતો કરતા રહ્યા, સામાન્ય વિષયો પરની સામાન્ય વાતો. પરાશરે આનંદને તે અમદાવાદ આવે ત્યારે ને આનંદે પરાશરને તે મુંબઈ જાય ત્યારે અચૂક ઘેર આવવાનાં આમંત્રણ આપ્યાં. નીલિમા વિચારી રહી. આનંદની સમજદારી અને ધીરતા કેવી અજબ હતી! નિરાલીના અપકૃત્ય બદલ ઘરના કોઈને ય માટે તેના મનમાં કોઈ દુર્ભાવ નહોતો!

એન્જિનની વ્હીસલ થઈ. પરાશરે આનંદ સાથે હાથ મિલાવ્યો, ને નીલિમા સામે હાથ ઊંચો કર્યો. નીલિમા ડબામાં ચડી ત્યારે ટ્રેઈન ખસવા લાગી હતી. આનંદ તેની પાછળ ડબામાં ચડ્યો. ને પાછળ ફરીને પરાશર તરફ હાથ હલાવ્યો.

આનંદની જોડાજોડ પોતાની જગ્યા પર બેસતાં નીલિમાને લાગ્યું. તે આ નક્કર ધરતીથી ક્યાંક ઊંચે, કોઈક અનેરા અવાસ્તવિકતાના પ્રદેશમાં પહોંચી ગઈ હતી!

થોડી વાર બન્ને ચૂપ બેસી રહ્યાં. વચ્ચે બે–ત્રણવાર બન્નેએ ત્રાંસી, અછડતી નજર એકબીજા પર નાખી લીધી. એકાદવાર નજરો

મળી પણ ગઈ ત્યારે હોઠોએ આછું હસી લીધું. ને નજરો ધીરે રહીને પાછી વળી ગઈ.

આનંદની નજર એકાએક ઉપર ગઈ હોય એમ તે ઊભો થઈ ગયો અને પાટિયા ઉપર પડેલી નિલીમાની બેગ ફરી સરખી ગોઠવી. તે પાછો બેઠો અને નીલિમા સામે સ્મિત કર્યું.

પળભર નીલિમા તેને અપલક તાકી રહી. "આટલી નાજુક સંભાળ તેણે ખરેખર તો નિરાલીની લેવાની હતી! પોતે અત્યારે નિરાલી બનીને નિરાલીની જગ્યાએ બેસી ગઈ છે, પણ ખરેખર તો પોતે નીલિમા હતી, અને પછી યે સદાય નીલિમા જ રહેવાની હતી ને?"

મનમાં હર્ષ અને રોમાંચની સાથોસાથ ભારેખમ ધાસ્તી અને અનિશ્ચિતતા ઘૂંટાઈ રહી. ધાસ્તી હતી કે હવે આગળ શું બનશે તે કોઈ રીતે કહી શકાય તેમ નહોતું. નરી અનિશ્ચિતતાના કાંકરા પર એક એક ડગલું માંડવાનું હતું. પણ એથીય અદકો હર્ષ હતો કે જે આનંદને તેણે રોમરોમથી ઝંખ્યો હતો તેનો જ આજે સાથ સાંપડયો હતો, તેની જ સાથે એક અજબ પ્રકારનો સંસાર—

સંસાર!

તેનું પૂરપાટ દોડતું મન ભારે ઝટકો ખાઈને થંભી ગયું. પાણીના રેલાની જેમ દોડતી કારને ગાફેલ ડ્રાઈવર અચાનક કોઈ ઝાડ સાથે અથડાવી દે ત્યારે અંદર બેઠેલાને એવો જ હાડ થીજાવી દેતો આંચકો લાગે.

કેવો એ સંસાર! માત્ર ચાર દિવસનો ખોટો ખોટો, નાટકિયો સંસાર! અને દરેક નાટક કોઈ એક ઘડીએ પૂરું થાય જ છે. પછી તરત પડદો પડી જાય, પ્રેક્ષકો ઊઠીને ચાલ્યા જાય, ને ધીમે ધીમે ચોપાસ ઘૂમી વળે એક ભેંકાર ખાલીપો!

કેવી વિકરાળ હોય એ ઘડી! ઉપરથી બધું ઉતરડાઈ, ઉઝરડાઈ ગયા પછી સૂકાં, ખખડતા હાડકાંના પિંજર જેવો એ ખાલીપો તેને

ખાઈ જશે...

અમથા અમથા પીંખતા આ અમંગળ વિચારોથી તે અકળાઈ ઊઠી. વિચારોને દૂર દૂર ભગાડી મૂકવા તેણે જબ્બર હાંખડો કર્યો. જોરજોરથી થપાટો મારી મારીને એક એક વિચારને તે ભગાડતી રહી...તે સામે છેડે જાણે એક બીજો દરવાજો ધીરેથી ખૂલી ગયો. તેમાંથી નવા વિચારો અંદર સરકી આવ્યા.

હું કશાથી ડરતી નથી–કોઈ ચીજનો ડર નથી મને – શા માટે ડર હોય? બધું સમજીને, બધું વિચારીને જ આ પગલું મેં માંડયું છે. અને હજી બીજાં પગલાં ય માંડીશ. ક્યાં પહોંચાશે તેની પરવા નથી. ગમે ત્યાં પહોંચાય, આનંદ સાથે જ હશે, મારી પાસે જ હશે, પછી ચિંતા કઈ ચીજની?...

પછી ભલે બધું પૂરું થઈ જાય. સપના જેવા એ સંસારનું સપનું ય ભલે પૂરું થઈ જાય–હું જાગીશ જ નહિ! જીવનભર ઊંઘમાં રહીશ, સપનામાં જીવીશ! અને પછી સપનાં સરજી લઈશ, મારાં ને આનંદના. એને તોડવાનું બીજા કોઈના ય હાથમાં નહિ હોય. લોકો કહે છે, જિંદગી એક સપનું છે, તો પછી એક એક સપનું એક એક જિંદગી હશે–જીવી લઈશ!

"આટલા બધા ઊંડા શેના વિચાર કરો છો?" આનંદનો અવાજ સંભળાયો.

એકદમ સ્વસ્થ થઈ જતાં તેણે આનંદ સામે મોં મલકાવ્યું અને કહ્યું, "કંઈ નહિ, ખાલી અમસ્તું!"

"બાપ રે! ખાલી અમસ્તા વિચારો પણ તમે આટલા બધા કરતા હો તો કામના, જરૂરી વિચારો કેટલા કરતા હશો?" હસી પડતાં આનંદે કહ્યું, "ગજબ છો તમે! તમારું મગજ ગજવેલનું હશે, બાકી હું તો આટલા બધા વિચારો કદી ન કરી શકું–મગજની નસો જ ફાટી જાય!"

નીલિમાથી હસી પડાયું. હસીને તેણે કહ્યું, "ચાલો, હવે બંધ

કરું, બસ? જો કે ખરેખર હું કંઈ એટલા બધા વિચાર કરતી જ નહોતી. પણ તમારામાં ને મારામાં એટલો ફેર છે. તમારા ગમે તેટલા વિચારો ય બહાર દેખાય નહિ, ને મારા થોડાક વિચારો ય તરત દેખાઈ જાય છે!"

તે થોડી વાર અટકી ને પછી એકાએક યાદ આવ્યું હોય તેમ બોલી, "તમારી સાથે એક-બે વાતો કરી લેવાનું જરૂરી છે."

"કઈ?"

"પહેલી તો એ કે આ આખું નાટક તમે જ શરૂ કરાવ્યું, ને પછી તમે જ ભૂલી ગયા કે તેમાં તમારું પાત્ર કયું છે ને મારું કયું છે?"

"એટલે?"

"એટલે એમ કે આપણાં પાત્રો જોતાં તમારે મને "તમે" કહેવાનું ક્યારનું ય બંધ કરવું જોઈતું હતું."

"ઓહ! ઓહ!" એકદમ પોતાનો કાન પકડતાં આનંદ બોલ્યો, "આઈ એમ સોરી!"

"હવે ફરી વાર ભૂલથી ય "તમે" બોલાઈ ન જાય એ માટે અત્યારે જ વીસ-પચીસવાર મને "તું-તું-" કહો!"

આનંદ ફરીથી મોકળાશ ભર્યું હસ્યો ને ચપળતાથી ચારે બાજુ જોઈ લીધું–રસ પડી જાય એવી એ વાતોમાં કોઈ બીજા મુસાફરો રસ તો લઈ રહ્યા નહોતા ને? પણ ફર્સ્ટ ક્લાસના એ ડબ્બામાં બીજા ચાર જ મુસાફરો હતા જે લગભગ ઊંઘી ગયા હતા કે ઝોકાં ખાઈ રહ્યા હતા.

"બીજો શું હુકમ છે?" તેણે પૂછ્યું.

"પહેલાંનો અમલ કરો!"

"કરું છું, ભઈ! પણ બીજી કઈ વાત પૂછવાની છે?"

"પહેલું કામ પહેલું કરો, પછી બીજી વાત!"

"આ કર્યું, બસ! હવે બીજી વાત કહીશ?"

"કોણ કહેશે?"

"તું!"

નીલિમાના હૃદયના ઊંડાણમાં અમૃતથી ય મીઠો એક શીતળ શેરડો પડ્યો, ને અંગેઅંગમાં ફરી વળ્યો. અંગો જાણે ફરકવા લાગ્યાં ને શરીર સંકોચ પામી રહ્યું, સળવળી રહ્યું. અમી વરસાવતી આંખો આનંદની સામે ઊંચકાઈ ને પોતાના જ ભારથી પાછી ઢળી ગઈ.

"બોલ ને. કેમ પાછી ચૂપ થઈ ગઈ?" આનંદના શબ્દો સંભળાયા. કેવા અદ્ભુત શબ્દો! જગતની તમામ ભાષાના લાખો-કરોડો શબ્દો કંઈ વિસાતમાં નથી તેની પાસે! ઘેન ચડાવે એવા નશીલા શબ્દો!

"હું એમ પૂછતી હતી," તેના અવાજનો રણકો બદલાઈ ગયો, અવાજ મદહોશીના ભારથી દબાઈ રહ્યો, "કે તમારા ઘર વિષે, ઘરના માણસો વિષે મારે બધું જાણી લેવું જરૂરી ગણાય. જેટલું વધારે જાણતી હોઉં એટલું વધારે ઉપયોગી થાય."

"બરાબર છે," આનંદે કહ્યું, "પણ મારા ઘરમાં આમ જુઓ તો મારા સિવાય મારા પિતાજી એક જ છે. તેમના વિષે મુખ્ય વાત તો તું જાણે જ છે. તેમનું જીવન જ અત્યારે તો અનિશ્ચિત છે."

"તમારી બહેન અત્યારે તો તમારા ઘેર જ છે," નિલીમાએ કહ્યું, "તેનો વિચાર પણ તમે કરી રાખ્યો છે ને?"

"હા," આનંદે કહ્યું, "સરિતા હજી થોડો સમય રોકાશે."

"તમે નિરાલી સાથે વેવિશાળ અને–અને–લગ્ન તમારી પોતાની પસંદગીથી કર્યું છે. બીજા કોઈએ હજી તેને જોઈ પણ નથી." સહેજ થોભીને તેણે પૂછ્યું, "તમારી એ પસંદગીને તેઓ મંજૂર રાખશે? આઈ મીન હૃદયથી આવકારશે?"

"ઓહો!" આનંદ હસી પડ્યો. તેણે કહ્યું, "સાંભળ, તે

બંનેમાંથી એક પિતા જ મારે મન મહત્ત્વની વ્યક્તિ છે. તેમનો એટલો પ્રેમ, એટલો વિશ્વાસ મને આજ સુધી મળ્યો છે કે હું જે કંઈ કરું તે તેમને મંજૂર જ હોય! મને સુખી કરે એવી હર ચીજને તે હૃદયથી આવકારશે."

"ને તમારા બહેન?"

"તે અને હું કદી એક "વેવલેન્થ" પર રહી શક્યા જ નથી. મારી સાથે તેને સંપૂર્ણ એકરાગ કદી સ્થપાયો નથી. છતાં તેને મારા માટે અને પિતાજી માટે ઘણો પ્રેમ છે એ હકીકત છે. પણ તેનું કામ એવું–જરા વિચિત્ર છે. વરસી પડે તો વાડમાં ય વરસી પડે ને તપવા માંડે તો બેવડો વૈશાખ!...પણ તેનું એટલું મહત્ત્વ નથી. મહત્ત્વની વ્યક્તિ પિતાજી છે, એન્ડ યુ વીલ બી મોસ્ટ વેલકમ ટુ હીમ."

*

મુંબઈમાં શાન્તાક્રુઝમાં આનંદનો બંગલો એરપોર્ટથી બહુ દૂર નહોતો. જો કે ખરેખર તો તે આનંદના પિતા યશવંતરાયનો બંગલો ગણાય. મુંબઈમાં બિલ્ડીંગ કોન્ટ્રેક્ટના ધંધામાં તે માનભેર નાણાં કમાયા હતા. તે ખૂબ કમાયા હતા એ વાતની સાક્ષી પૂરતા બગીચા સહિતના બે માળના એ બંગલાની ડિઝાઈન હવે જૂની લાગે, પણ કિંમત એટલી જ ઊંચી અંકાય.

જિંદગીના મધ્ય વહેણમાં લાવીને ભાગ્ય તેમની સાથે દગો રમી ગયું હતું. સદ્ગુણના અક્ષયપાત્ર જેવી પત્ની ગુમાવીને તે બધી હામ પણ જાણે ગુમાવીને બેઠા હતા. ને હવે જ્યારે શરીર પણ દગો દઈ રહ્યું હતું ત્યારે એ નિર્જીવ બંગલો અને જીવનથી ભર્યોભર્યો આનંદ તેમના ઉપરાઉપરી દુઃખાતા જતા દિલનો વિસામો બની ગયા હતા.

આનંદ અને નીલિમાને લઈને ટેક્સી બંગલાના ઝાંપે ઊભી

રહી ત્યારે એક જંગી વિમાન જબરજસ્ત ઘરઘરાટી કરતું એરપોર્ટ પર ઉતરાણ કરવા ધસી ગયું.

આનંદની પાછળ ટેક્સીમાંથી ઉતરી રહેલી નીલિમાએ તેના અવાજથી ચમકીને ઊંચે જોયું, અને પછી બંગલા સામે જોયું. ઉપરના માળે ટેરેસમાં કોઈ ઊભું હતું. સૂરજનાં કિરણો સીધાં જ તેની આંખ પર પડતાં હતાં એટલે તે સ્પષ્ટ ન જોઈ શકી, પણ તેમને જોઈને તરત જ નીચે આવવા માટે ઝડપથી અંદર ચાલી ગયેલ એ કોઈ સ્ત્રી હતી. નીલિમાએ અનુમાન કર્યું, એ જ સરિતા, ને તે તેમને સત્કારવા નીચે આવી રહી હતી.

બંગલામાંથી કંપાઉન્ડમાં, આછા પણ સુંદર બગીચામાં થઈને સડસડાટ આવી રહેલી સરિતાને હવે આનંદે પણ જોઈ, ને સહેજ મોટા અવાજે બોલી ઊઠ્યો, "જો તો, સરુ, કોણ આવ્યું છે?"

"ભાભી!" ઉમળકાથી ઉભરાતા અવાજે સરિતા બોલી ઊઠી ને ઝાંપો ખોલતી બહાર આવી. નિલીમાએ જોયું, સરિતાની હર્ષભરી આંખો તેના ઉપર હેતના ઉમળકા ઠાલવી રહી હતી.

"આવો, ભાભી!" છેક પાસે આવીને નીલિમાના બંને હાથ પકડી લેતાં સરિતા અધીરતાથી તેને નીરખી રહી, અને પછી આનંદ સામે જોતાં બોલી ઊઠી, "કેવા સરસ ભાભી લઈ આવ્યો, આનંદ!"

આનંદ તેની સામે હસ્યો ને નિલીમા સામે જોયું. નીલિમાએ તેની સામે મરકી ને સરિતા સામે જોયું. સરિતાએ એક બેગ ઉંચકી લીધી ને બીજા હાથે નિલીમાનો હાથ પકડીને તેને અંદર લઈ ગઈ. બીજી બેગો ઉંચકીને આનંદ પાછળ ચાલ્યો.

બારણા પાસે પહોંચતાં સરિતાએ બેગ પગથિયા પર મૂકી દીધી અને કહ્યું, "એક મિનિટ અહીં ઊભા રહેજો, ભાભી અને તું પણ આનંદ."

ઝટઝટ તે અંદર ગઈ, અને પાણી ભરેલા લોટા ઉપર શ્રીફળ

મૂકેલું લઈને પાછી આવી. નીલિમા અને પછી આનંદના માં લોટો ઉતારીને બંનેનો વિધિપૂર્વક મંગલ સત્કાર કર્યો. બંને ચોખાથી વધાવ્યા અને કહ્યું, "હવે અંદર આવો. પહેલાં તં આવો, ભાભી !"

નીલિમાને આનંદની વાત યાદ આવી. તે અને સરિતા કં એક "વેવલેન્થ" પર રહી શક્યા નહોતા ! અત્યારે તો એ વાત ખોટી માનવાનું મન થાય એવી સરિતા લાગતી હતી. હેતથ છલકાતી, નવી ભાભીને જોઈને વ્હાલથી ઓછી ઓછી થઈ જતી સરિતાને આનંદ સાથે એકરાગ નહિ થતો હોય ? શા માટે ?

અંદર આવીને સરિતાએ કહ્યું, "બેસો ભાભી, હું ચા-નાસ્તો લાવું."

"ચા-નાસ્તાની કંઈ જ ઉતાવળ નથી, સરુબેન. પહેલાં એ કહો, પિતાજીની તબિયત કેમ છે ?" નિલીમા બોલી ને બોલ્યા બાદ પોતે જ નવાઈ પામી-સરિતાની સાચેસાચી ભાભી હોય એવું તે કે ફરીને બોલી શકી ?

"પહેલાં હતી એવી જ," સરિતાએ કહ્યું. "અને તમારી રાહ કાગને ડોળે જોઈ રહ્યા છે."

"તો મને તેમની પાસે લઈ જાવ." નીલિમાએ કહ્યું. તેન મનમાં કંઈક અજાણ્યું, કંઈક ન સમજાતું થઈ રહ્યું હતું. આનંદના પિતાને મળવા તેનું મન શાથી આટલું અધીર થઈ રહ્યું હતું સરિતાને જોઈને તેને સમજી લીધા પછી, પામી લીધા પછી હવે તેન પિતાને પણ મળીને પોતે ખેડેલું જોખમ કેવડું બની રહેશે તેનો ક્યાસ કાઢવા માગતું હશે ? કે એટલા માટે અધીર હતું કે પોતાના લોહીને અણુએ અણુ જેને ચાહતો હતો તે આનંદના એ પિતા હતા ?

સરિતા તેને અંદરના એક મોટા રૂમ તરફ દોરી ગઈ. આનંદ તેમની પાછળ ચાલતો હતો. તેઓ બારણા સુધી પહોંચ્યા ત્યાં જ

અંદરથી ધીમો પણ સ્પષ્ટ અવાજ સંભળાયો. "કોણ આવ્યું છે, સરુ ? આનંદ ને વહુ આવી ગયા ?"

"હા, આવી ગયા પપ્પા !" કહેતી સરિતા નીલિમાનો હાથ પકડીને અંદર લઈ ગઈ, "જુઓ પપ્પા, આ રહ્યા ભાભી !"

એક મોટા પલંગમાં છાતી સુધી શાલ ઓઢીને યશવંતરાય સૂતા હતા. સરિતાની જોડાજોડ ઊભેલી નીલિમા પર આંખ ઠેરવતાં તેમણે કહ્યું, 'આનંદ ક્યાં છે ? મને બેઠો કર, બેટા અને પાછળ તકિયો મૂકી દે.'

"તમે સૂઈ જ રહો તો સારું, પપ્પા." આનંદે આગળ આવતાં કહ્યું, "ડૉકટરે સંપૂર્ણ આરામ લેવાનું ખાસ કહ્યું છે."

"પણ હવે ક્યાં મને કાંઈ થવાનું છે ?" યશવંતરાય બોલ્યા, "વહુને જોઈને જ મારો તો બધો રોગ ભાગી ગયો, આનંદ. ચાલ; હું કહું એમ કર. ડૉકટરને એમાં શું ખબર પડે ?" અને પછી સરિતા તરફ નજર ફેરવતાં કહ્યું, "તું તેને સમજાવ, સરુ. ભણ્યો પણ ગણ્યો નથી ! મને હવે કંઈ નહિ થવાનું...તું મને બેસવામાં મદદ કર."

આખરે આનંદે સંભાળથી ટેકો આપીને તેમને બેસાડ્યા ને સરિતાએ તેમની પીઠ પાછળ તકિયો મૂકી દીધો. રોગથી ઝંખવાઈ ગયેલા તેમના ચહેરા પર તેજભરી એક આભા પ્રગટી. પાસે પડેલા ચશ્મા પહેરીને તેમણે નીલિમા સામે ફરી વાર જોયું. નિલીમા આગળ આવી. નીચી નમીને તેમનો ચરણસ્પર્શ કર્યો. પરમ તૃપ્તિ અને આનંદથી તેમની આંખો ને ચહેરો એવો ઝગમગી ઊઠ્યો જાણે તેમને હવે નખમાં ય રોગ રહ્યો નહોતો !

બધા બેઠા એટલે યશવંતરાય સંતોષભરી નજરે વારાફરતી નીલિમા અને આનંદને જોઈ રહ્યા. કોઈ મહાન વિજેતાના મુખ પર છવાય એવો તૃપ્તિભર્યો ગર્વ તેમના મુખ ઉપર છવાઈ ગયો. તે

બોલ્યા, "મારી ચિંતા ન કરીશ, આનંદ. એક વાર આ હરામખોર ઑપરેશન પતી જવા દે, પછી જોજે તમને બધાને આંગળિયે વળગાડીને મુંબઈમાં ફેરવીશ !"

નીલિમા હસી પડી. સરિતા અને આનંદના મુખ પર પણ સ્મિત ખીલી ગયું.

"ઑપરેશન સરસ રીતે પતી જશે. બાપુજી." નીલિમા બોલી, "ડૉક્ટરે પણ એમ જ કહ્યું છે ને ?"

"હું ! બડો ખેપાન છે ડૉક્ટર બલિયા," યશવંતરાયે હસીને કહ્યું, "મારો વાલો, પોતે તો એક ઘડી ય પગ વાળીને બેસતો નથી ને મને બસ આરામ જ કરાવે છે !...સાંજ પહેલાં તો આવી પહોંચશે પાછો જીવ ખાવા !"

"નામ શું કહ્યું–ડૉક્ટર બલિયા ?" નીલિમા એકદમ બોલી ઊઠી.

"હા, તું તેને ઓળખે છે કે શું ?"

"ના, પણ હું જ્યાં નોકરી કરું છું." એક તીવ્ર ઝટકા સાથે તેને ભાન થયું કે તે બાફી રહી હતી. જીભ કચરવાનું તેને મન થઈ આવ્યું. અને પલકારામાં વાત પલટાવતાં બોલી, "એટલે કે જ્યાં પહેલાં હું નોકરી કરતી હતી એ કંપનીના માલીક પણ મિસ્ટર બલિયા છે. એ પણ આ ડૉક્ટર જેવા છે, પોતે કંઈ કામ કરે નહિ ને બીજાને પગવાળીને બેસવા દે નહિ !"

છેલ્લે છેલ્લે હોશિયારી વાપરીને તેણે વાત મરડી નાખી. પણ બફાટ થઈ ગયો હતો એ હકીકત મનમાં ચણચણી રહી.

"પહેલાં થોડો વખત તેણે નોકરી કરેલી પપ્પા." આનંદ તેની વહારે આવ્યો. "પણ પછી છોડી દીધી હતી." અને નીલિમા તરફ ફરતાં કહ્યું, "હવે બરાબર ધ્યાન રાખજે. હવે તારે એક જ બૉસ છે–હું !"

બધા હસી પડ્યાં.

સરિતા ઊભી થઈ અને નિલીમાને કહ્યું, "ચાલો ભાભી, તમને તમારો રૂમ બતાવું."

ઉપરના માળે સરિતા નીલિમાને 'તેના' રૂમમાં લઈ ગઈ. વિશાળ, સુંદર, સુસજ્જ રૂમ એવો શોભતો હતો કે જોતાં જ ગમી જાય. રૂમની એક બાલ્કની પાછળ બગીચામાં પડતી હતી.

"સરસ છે," નીલિમા બોલી ઊઠી, "ખરેખર બહુ સરસ !"

"તમે બેસો હું નીચે જઈને તમારી બેગ મોકલું છું. રૂમને એટેચ્ડ બાથરૂમ છે. નહાઈ–ધોઈને તૈયાર થાવ, એટલી વારમાં હું ચા–નાસ્તો તૈયાર કરું છું."

સરિતા ગઈ.

નીલિમા તે સુંદર રૂમને ફરી વાર જોતી બેસી રહી. રૂમની વચ્ચોવચ જોડાજોડ પડેલા બે પલંગ પર એની નજર પડી ને જાણે તે છળી ઊઠી–ઊભી થઈ ગઈ !

"ઓહ ! ઓહ ! અત્યાર સુધી આ વિચાર જ મને કેમ ન આવ્યો ?...બીજું બધું નાટક તો મારાથી થઈ શકશે, આનંદને ખાતર હું ગમે તે કરવા તૈયાર થઈ શકું, પણ બાપ રે ! સૂવાની આ વ્યવસ્થા...ના, અત્યારે જ આનંદને કહેવું પડશે, વ્યવસ્થા ફેરવવી જ પડશે...બીજો ગમે તે રૂમ, ગમે તે જગ્યા નક્કી કરી નાખવી જ પડશે...અત્યારે જ..."

એક શ્વાસે તે સીડીનાં પગથિયાં ઉતરવા લાગી અને નીચે ડોરબેલ રણકી ઊઠી. અંદરના રૂમમાંથી આનંદ બહાર નીકળ્યો. ઉતાવળા પગલે જઈને તેણે બારણું ખોલ્યું. એક ભારે શરીરવાળો, દમામદાર માણસ બારણામાં ઊભો હતો.

"હલ્લો, ડૉક્ટર !" આનંદ બોલ્યો ત્યારે નિલિમા તેની પાસે પહોંચી ગઈ હતી.

"ઓહ, હલ્લો આનંદ !" ડૉક્ટરે આનંદનો હાથ પકડીને

હલાવતાં પૂછ્યું, "ક્યારે આવ્યો પરણીને?"

"હમણાં, થોડી વારપહેલાં જ," આનંદે કહ્યું, અને નીલિમા તરફ ફરતાં ઉમેર્યું. "મારી પત્ની!"

નિલીમાએ સ્મિત કરતાં ડૉક્ટર સામે હાથ જોડ્યા ત્યારે જ તેનું ધ્યાન ગયું કે ડૉક્ટરની પાછળ એક બીજો એવો જ ભારે શરીરવાળો, દમામદાર માણસ ઊભો હતો.

ને તે થીજી ગઈ. તેને જોતાં જ તેના ચહેરાનો રંગ ઊડી ગયો. પેટમાં જાણે કંઈ કેટલીયે ગાંઠો વળતી ને ઉકલતી હોય એમ થવા લાગ્યું.

એ હતા મિસ્ટર બલિયા–તેના શેઠ!

૬

મિસ્ટર બલિયા–મુંબઈના જાણીતા ધારાશાસ્ત્રી અને કાનૂની પુસ્તકોના પ્રકાશક. મિસ્ટર બલિયાની પહોળી થઈ ગયેલી, શંકાશીલ, બાહોશ આંખો પોતાના ઉપર મંડાઈ રહેલી જોઈને નીલિમા અંદરથી ધ્રૂજી ઊઠવી જોઈતી હતી. તેની બુદ્ધિ થંભી જવી જોઈતી હતી. વિચારશક્તિને લકવો થઈ જવો જોઈતો હતો. કારણ પોતાના બોસને તે સારી રીતે પિછાણતી હતી. તેની વિચક્ષણ, ધારદાર બુદ્ધિને છેતરવી અશક્ય હતી. એ બુદ્ધિ ભલભલા બુદ્ધિમાન સાક્ષીઓને મહાત કરી દેતી, સડસડાટ જાણે તેમના મનની અંદર ઉતરી જતી. તેમના અત્યંત ચાલાકીપૂર્ણ પ્રશ્નો સામે ગમે તેવા મજબૂત સાક્ષી પણ ફટોફટ સાચું બોલવા લાગી જતા. ખતરનાક બુદ્ધિ હતી એ. તેનાથી કંઈ છૂપાવવું લગભગ અશક્ય હતું. વળી, તેમની ચોખલિયા વૃત્તિ કેટલાક પ્રસંગે જડતા જેવી બની જતી.

પણ મનનો એ ચમત્કાર જ ગણાય કે નીલિમા અદ્‌ભુત રીતે સ્વસ્થ રહી. નાટકનો કદી રજમાત્ર પણ અનુભવ નહોતો, છતાં એક ખતરનાક જવાબદારીભર્યા પાત્રનો વેશ તેણે પહેરી લીધો હતો, ને પહેલા જ દૃશ્યમાં "ક્લાઈમેક્સ" આવી ગઈ હતી!

પણ હવે તેને મન એ નાટક નહોતું. ગમે તેટલી કઠોર, ગમે તેટલી નઠોર, પણ હવે તે એક વાસ્તવિક્તા હતી. સારી કે બૂરી

એ હવે એક જિંદગી હતી. વાસ્તવિકતાથી ભાગવું એ કાયરતા હતી. જિંદગીથી મોં છૂપાવવું એ બાલિશતા હતી. ને પોતે હવે બાળક નહોતી...

મિસ્ટર બલિયા સામે બે હાથ જોડી નમસ્તે કરતાં તે સહેલાઈથી સ્મિત કરી શકી. તેણે કહ્યું, "અહીં મેં ડૉક્ટર બલિયાનું નામ સાંભળ્યું ત્યારે જ મને વિચાર આવ્યો હતો કે, ક્યાંક તેઓ અને આપ–"

"તે મારા ભાઈ છે–મોટાભાઈ!" ડૉક્ટર બલિયા વચ્ચે જ બોલી ઊઠ્યા, "અને યશવંતરાયને કોઈક કાનૂની બાબતમાં તેમની સાથે વાત કરવાની છે એટલે મારી સાથે આવ્યા છે. તમે–"

"એ મિસ નિલીમા છે. મારી ઑફિસમાં સેક્રેટરિયલ સ્ટાફમાં કામ કરે છે." મિસ્ટર બલિયાએ તેની ઓળખાણ એક સેક્રેટરી તરીકે નહિ, પણ સેક્રેટરિયલ સ્ટાફ પૈકી એક તરીકે આપી તેની નિલીમાના મગજે અજાણતા જ નોંધ લીધી.

મિસ્ટર બલિયાએ ફરીથી તેની સામે જોયું. મગજમાં ન ઉતરે એવું કંઈક જોયાનું હેરત તેમની આંખોમાં હતું. તેમણે ખરેખર ખિસ્સામાંથી ચશ્માં કાઢ્યા ને નાક પર ચડાવ્યા. પોતાની જ ઑફિસની એક સેક્રેટરી આમ એકાએક કોઈની પત્ની બનીને તેમની સામે આવે, ને તેમને તેની કંઈ ખબર જ ન હોય એ કદાચ, તેમને મન મહાઆશ્ચર્યની વાત હતી,

"તું અહીં કેવી રીતે? ક્યારે લગ્ન કર્યાં?" એકદમ તે પૂછી બેઠા અને પછી સહેજ અટકીને પ્રશ્નને વકીલની જેમ ગોઠવીને પૂછ્યું, "તું મિસ્ટર આનંદની પત્ની છે એવું સાંભળવામાં મારી ભૂલ તો નથી થઈ ને?"

એ જ વખતે રસોડામાંથી બહાર આવેલી સરિતા ડૉક્ટર બલિયાના છેલ્લા શબ્દો સાંભળીને, એક પળ કંઈક અચંબામાં થંભી

ગઈ. અને બીજી પળે આગળ આવતાં બોલી, "ના જી, આપની કોઈ ભૂલ નથી થઈ.. તેમનાં લગ્ન આજે જ થયા છે!"

"ગુડ ગ્રેશિયસ!" ધીમા અવાજે ગણગણતાં મિસ્ટર બલિયાએ ચશ્માં ઉતાર્યાં અને ખિસ્સામાં મૂક્યા.

જે પળે સરિતા પણ ત્યાં આવી પહોંચી એ પળથી આનંદના ચહેરા પર જાણે ઝડપી વિચારોની વીડિયો ગેમ શરૂ થઈ ગઈ. સટાસટ વિચારો જાણે બંદૂકમાંથી ગોળીની જેમ છૂટતા, સામસામે ટકરાતા, ઉથલી જતા–તૂટી જતા ને પાછા દોડવા લાગતા હતા. તેણે જોયું કે પરિસ્થિતિ ઝડપથી ઊલટી દિશા પકડી રહી હતી. એટલા જોરથી લગામ તોડાવી રહી હતી કે ગમે તે પળે ધડાકો થઈ જવાની દહેશત હતી. તાત્કાલિક તેણે કંઈક કરવું જ જોઈએ–ખૂબ જ તાત્કાલિક કંઈક કરવું જોઈએ...

મોં પર, નીલિમાની જેમ જ સ્વસ્થતા ધરી રાખતાં તે ડૉક્ટર બલિયા અને તેમના ભાઈ તરફ ફર્યો, અને ઔપચારિક સ્મિત કરતાં બોલ્યો, "આમ તો આજે અમે અહીં નહિ, પણ જયપુર તરફ જવાના હતા. પણ પિતાજીની બિમારીને લીધે એ મુલત્વી રાખ્યું છે. ડૉક્ટર!" અને પછી નીલિમા તરફ ફરતાં કહ્યું, "મને લાગે છે કે, પહેલાં ડૉક્ટર પિતાજીને તપાસી લે અને તે પછી વકીલ તેમની સાથે વાત કરે એ વધારે સારું છે."

તેણે આંખ વડે ડૉક્ટરનો અભિપ્રાય માગ્યો, ડૉક્ટરે આંખો વડે જ સંમતિ આપી એટલે તેણે નીલિમાને કહ્યું, "ડૉક્ટર પિતાજીને તપાસી લે અને તેમની સાથે વાત કરી લે તે દરમ્યાન તું મિસ્ટર બલિયાને કંપની આપજે. તેમને આપણું ઘર બતાવ. આપણો નાનકડો બગીચો પણ બતાવ..." અને મિસ્ટર બલિયા સામે સ્મિત કરતાં પૂછ્યું "વુડ યુ માઇન્ડ સર?"

મિસ્ટર બલિયાને શો વાંધો હોઈ શકે? શા માટે હોઈ શકે?

આનંદ એ બરાબર જાણતો હતો.

ડૉક્ટર અને સરિતાને પોતાની સાથે લઈને આનંદ તરત જ અંદર ઉપડી ગયો. નીલિમાએ મિસ્ટર બલિયા સામે ઇરાદાપૂર્વકનું સ્મિત કર્યું. જવાબમાં તેમના ભારે ગંભીર ચહેરા પર ગાલ સહેજ ફરક્યા.

મિસ્ટર બલિયાને સત્વર ત્યાંથી દૂર બગીચામાં લઈ જવા નીલિમા અધીર થઈ ગઈ હતી. આત્મીયતાના ઓચિંતા ઉમળકાભેર તે બોલી ઊઠી, "બગીચો જોવો આપને બહુ ગમશે, સર. બહુ સરસ બગીચો છે! પ્લીઝ, આ તરફ આવો."

તે આગળ પણ કંઈક વધારે કાલાઈભર્યું બોલવા જતી હતી: "આપ પણ અહીં પધાર્યાં એ અમારું સદ્ભાગ્ય છે, સર, ખરેખર મને બહુ આનંદ થયો—" નાટકમાં તો એવું જ બોલાય.

પણ ત્યારે જ મનમાં એક નવી વાત ઝબકવા લાગી. નવું ભાન થવા લાગ્યું. "તું બહુ મૂર્ખ બની જશે હોં! આ વિચક્ષણ માનવીને થોડાક નાટકિયા સંવાદોથી રિઝવી શકાય, છેતરી શકાય એ સ્વપ્ને ય શક્ય છે? વધારે કાલી ન થઈશ. ઊલટી વધારે હાસ્યાસ્પદ બની જઈશ, તેની નજરમાં નીચી ઉતરી જઈશ. નાટકનો વિચાર જ છોડી દે, એમાં ડહાપણ છે."

"નાટક તો નથી કરવું," તેણે મનમાં ગાંઠ વાળી.

વળી એ પણ શક્ય છે કે આનંદની ચાલાકી પણ એ પામી ગયા હોય ને તો તે વધારે વહેમાયા હોય. તેની ઇચ્છા-અનિચ્છા જાણવાની પરવા કર્યા સિવાય જે રીતે તેને બધાથી અલગ પાડી દેવામાં આવ્યા અને પોતાની સાથે એકલા બગીચામાં મોકલી દેવામાં આવ્યા તેમાં તેને કંઈક રહસ્યની ગંધ આવી ગઈ હોય. તેથી કદાચ તે નારાજ પણ થયા હોય-સાદો સીધો, સરળ, માણસ નથી એ!

તેણે મિસ્ટર બલિયાના મોં સામે જોયું, તેને લાગ્યું, તેની

શંકા વાજબી હતી. બલિયાનો ચહેરો બહુ ભારે હતો. ચિડાયેલો પણ હોય!

તેઓ બગીચામાં પહોંચ્યા એટલે મિસ્ટર બલિયાએ કહેવાનું શરૂ કર્યું "મિસ નીલિમા, અહીં હું જે જોઉં છું, જે સાંભળું છું એ બધું જ વિચિત્ર છે-એટ લીસ્ટ, મને તો એવું લાગે છે." તેના અવાજમાં કોઈ સ્પષ્ટ ભાવ નહોતો. "અને તું એટલું તો સમજતી હશે જ કે સ્ટાફની કોઈ વ્યક્તિના લગ્ન જેવો પ્રસંગ હોય ત્યારે મને પહેલેથી તેની જાણ હોવી જોઈએ. ઑફિસના કામને તેની સાથે સંબંધ હોય છે એટલે સ્વાભાવિક રીતે જ એટલી અપેક્ષા તો હું રાખું!"

"હવે નાટક બિલકુલ કરવું નથી.", નીલિમાએ ગાંઠ ઉપર બીજી ગાંઠ વાળી.

તેણે કહ્યું, "હાજી, હું એ સમજું છું. અને સાચે જ હું બહુ દિલગીર છે. પણ મારે તમને કંઈક કહેવાનું છે. એક બહુ અગત્યની સ્પષ્ટતા તમારી પાસે કરવાની છે કે, બધું તમને દેખાય છે એવું ખરેખર નથી."

"એટલે?" સહેજ ચોંકેલા અવાજે તેણે પૂછ્યું. "દેખાય છે એવું નથી એટલે તું શું કહેવા માગે છે?" કોર્ટમાં સાક્ષીઓની ગોળગોળ વાતોને ખોતરી ખોતરીને આખરે જોઈતી સ્પષ્ટતા મળે ત્યારે જ છોડવાની આ આદતે જ તેમને સફળ વકીલ બનાવ્યાં હતા.

નીલિમા તાત્કાલિક જવાબ ન આપી શકી. તેને ચૂપ જોઈને મિસ્ટર બલિયાએ પૂછ્યું "તું એવું તો કહેવા નથી માગતીને કે આનંદ સાથે તારા લગ્ન હકીકતમાં થયા જ નથી?"

ક્ષણવાર નીલિમા જાણે ભાવિમાં દૂર નજર નાખતી હોય તેમ એક દિશામાં જોઈ રહી. ભાવિ જાણે સ્પષ્ટ જોઈ શકાય એવું હતું. આ નાટક, આ છલના લાંબો સમય બધાથી છૂપાવી શકાશે નહિ. એ

શક્ય જ નહોતું, અને તેમાંય મિસ્ટર બલિયા જેવા માણસથી તે છૂપાવી રાખવાનું તો તદ્દન અશક્જ હતું. છૂપાવવાના પ્રયત્નનો ય કંઈ અર્થ નહોતો...

"એમ જ !" તેણે કહ્યું, "હું એ જ કહેવા માંગું છું. આનંદ સાથે મારા લગ્ન થયા નથી !

"છતાં તારી ઓળખાણ તો તેની પત્ની તરીકે જ સૌ આપે —છે તું પણ તેમાં ભેગી છે ! એનો અર્થ ?" તોલદાર અવાજે કરાયેલા એ વિધાન અને પાછળ પૂછાયેલા પ્રશ્નમાં અણગમો અને તિરસ્કાર સ્પષ્ટ હતો.

"એ–એ એક અનિવાર્ય પરિસ્થિતિ હતી આપદકાળનો એક માત્ર ઉકેલ હતો. સર ! નહીંતર, આનંદના પિતાજી આઘાતથી જ–" અને પછી અટકી જતાં કહ્યું, "તેમને જરા પણ આઘાત ન પહોંચે, જરા પણ ચિંતા ન થાય એ જ્યારે ખૂબ જ જરૂરી બની ગયું ત્યારે જ બરાબર એવું બની ગયું કે તેમને સખ્ત આઘાત પહોંચે !"

"ઓહો !" મિસ્ટર બલિયાના અવાજમાં ચાલાકીપૂર્ણ વ્યંગ હતો. "દર્દીઓના આઘાત અને ચિંતા નિવારવાની કોઈ નવી જ પદ્ધતિ તું સ્થાપવાની છે કે શું ?... હવે તો મારે કહેવું પડશે કે તારી વાત દર મિનિટે વધુ ને વધુ વિચિત્ર બની રહી છે."

'વિચિત્ર' શબ્દ ઉપર તેણે એવો વિશિષ્ટ ભાર મૂક્યો જાણે હળવો શબ્દ વાપરવા માટે જ તે 'વિચિત્ર' શબ્દ વાપરતા હતા. પણ કહેવા જુદું જ માગતા હતા–"બુદ્ધિહીન" "નાલેશીભર્યું" એવું કંઈક !

નીલિમાને ક્રોધ ચડી આવ્યો. હળવા આવેશભર્યા અવાજે તેણે કહ્યું, "હજી પૂરી વાત પણ તમે સાંભળી નથી, સર ! સાંભળ્યા વિના કોઈ અભિપ્રાય આપી દેવો એ ઉતાવળ ગણાય, સર !"

ક્ષણભર તે આવેશપૂર્વક તેની આંખોમાં તેના ચહેરા પર તાકી રહી અને દબાયેલા સહેજ કંપતા અવાજે છેલ્લા આખાય અઠવાડિયામાં બની ગયેલા અકલ્પ્ય બનાવોનું વિગતપૂર્વક, દલીલપૂર્વક બયાન કરવા લાગી.

મિસ્ટર બલિયા શાંત ચહેરે બધું સાંભળી રહ્યા. પ્રત્યેક મુદ્દાને અંતે નીલિમા પ્રયત્નપૂર્વક એ સ્પષ્ટ કરવા મથતી રહી કે જે પરિસ્થિમાં પોતે મૂકાઈ હતી તે તેના પર આવી પડેલી હતી–તેણે ઊભી કરેલી નહોતી !

ને આખરે વાત પૂરી થતાં તેણે ઉમેર્યું "આ વાત અમે અમુક સમય પૂરતી જ બધાથી છૂપી રાખવા માગીએ છીએ. આનંદના પિતાજીનું ઑપરેશન થઈ જાય અને તે સ્વસ્થ બની જાય કે તરત જ અમે ખુદ તમને પણ સાચી વાત કહી દેવાના છીએ..."

"અને ત્યારે, તમારી ધારણા કરતાં ઊલટું પણ બની શકે !" મિસ્ટર બલિયાએ અવાજમાં દલીલનો ભાર ઉમેરતાં કહ્યું, "ત્યારે આઘાત તેમને માટે ઉલટો વધારે ગંભીર બની શકે !"

"એવું જ બનશે એમ તો શી રીતે કહી શકાય ?" નીલિમાએ વળતી દલીલ કરી. "એવું બનવાની શક્યતા ઓછી ગણાય. અને થોડો આઘાત લાગે તો પણ તે જીરવવા જેવી શારીરિક અને માનસિક સ્થિતિ ત્યારે તેમની હશે." સહેજ અટકીને તેણે ઉમેર્યું, "ઑપરેશન પછી જો તેઓ જીવી જાય તો !"

"મોત સૌથી અકળ ચીજ છે, નીલિમા. કોઈના મોતની ગણતરી પર જુગાર ખેલવો એમાં શાણપણ નથી !"

"એવો કોઈ જુગાર અમે ખેલતા પણ નથી, સર ! ઊલટા, અમે તો ખરા હૃદયથી ઇચ્છીએ છીએ કે તેઓ સાજા થઈ જાય. જીવી જાય. પણ તેમ છતાં તેઓ કદાચ ન બચે તો તેમના અંતિમ દિવસોમાં આ રીતે પણ તેમને દુઃખ અને ચિંતાથી દૂર રાખવા એ વધારે સારું નથી ?"

"મિસ્ટર બલિયાએ નીચલો હોઠ સહેજ બહાર કાઢીને માથું ધૂણાવ્યું અને ખભા સહેજ ઊછાળ્યા.

તેણે કહ્યું, "હું જરા જૂની વિચારસરણીનો માણસ છું, નીલિમા. હું માનું છું કે સત્ય એ જ ઉત્તમ માર્ગ છે. પરિસ્થિતિ ગમે તે હોય, અસત્ય, છલના એ સૌથી અનિચ્છનીય, ધિક્કારપાત્ર ચીજો છે. ભલે તેની પાછળ ગમે તેવો સારો આશય હોય!"

થોડી વાર નીલિમાની સામે જોઈ રહેતાં તેમણે આગળ કહ્યું. "તારે તારી અંગત, સ્વતંત્ર જિંદગી છે. ને એ જિંદગીમાં તારે કેમ વર્તવું એ સલાહ આપવાનું કામ મારું નથી. પણ તારું વર્તન મારી દૃષ્ટિએ અત્યંત બેજવાબદાર વર્તન છે. તેં હાથે કરીને તારી જાતને કઢંગી સ્થિતિમાં મૂકી છે. તેં કહ્યાં તે કારણો સ્વીકારી લેવાનું પણ મને ગમે. પણ આપણે દૂષી ને ડંખીલા માણસોથી વધારે ઘેરાયેલા હોઈએ છીએ. તેમને તે સ્વીકારવું બિલકુલ નહિ ગમે. તેમને મન તું એક એવી યુવતી હશે જે કોઈ પુરુષની બનાવટી પત્ની બનીને તેના ઘરમાં રહે છે. તારા પર પછી તેઓ મનગમતાં લેબલ મારશે, એવું બને તો આઘાત ન પામતી!"

એક દલીલનો, એક રજૂઆતનો મહત્ત્વનો તબક્કો પૂરો કર્યો હોય તેમ તેમણે ગળું ખોંખારીને સાફ કર્યું, જાણે એ ખોંખારા વડે પોતાની વાત પર વધારાનું વજન મૂકી રહ્યા હોય.

પણ છેલ્લા એક અઠવાડિયામાં નીલિમાના મન પર સખત ત્રાસ ગુજર્યો હતો. તેનાં સમગ્ર જ્ઞાનતંતુઓ તીર ચડાવેલી કમાનની જેમ ખેંચાઈને તંગ થઈ ગયા હતા. સ્વભાવે તે શાંત હતી, કોમળ હતી, છતાં હવે તે ધીરજ ઝડપથી ગુમાવી રહી હતી. સાવ સરળ સહેલો રોમાંચક ખેલ માનીને તેણે જેમાં ઝંપલાવ્યું હતું તે પહેલે જ પગલે એક ડરામણો, ગૂંગળાવતો અનુભવ બની ગયો હતો. જે રહસ્ય આખી દુનિયાથી છૂપાવી રાખવું આસાન માન્યું હતું તે હવે

કોઈથી ય છૂપાવી શકાય તેમ લાગતું નહોતું. તેનું ડહાપણ, તેની બુદ્ધિ તેને દગો દઈ ગયા હતા, ને નઠોર વાસ્તવિકતા હવે તેને દબાવી રહી હતી. તે છોભીલી પડી રહી હતી, શરમીંદી બની રહી હતી, અકળાઈ રહી હતી, ગુસ્સે થઈ રહી હતી. તેનું લોહી ખરેખર તેના મોં ઉપર ધસી આવતું હતું, તેના મનમાં મરણિયા હિંમત જાગતી હતી.

જુસ્સાથી તે બોલી, "મેં તમામે તમામ વાત સાચેસાચી તમને કહી દીધી છે. તેનું કારણ એ છે—"

"કારણ એ છે, નીલિમા," મિસ્ટર બલિયા વચ્ચે બોલ્યા, "કે એ સિવાય બીજો કોઈ માર્ગ નહોતો!"

નીલિમા સમસમી ગઈ. પણ તેણે ધીમા અવાજે કહ્યું, "ના, તમારી એ વાત બિલકુલ સાચી નથી!" અને પછી સહેજ અટકીને માથું ધુણાવતાં કહ્યું, "ગમે તેમ, પણ મેં બધું જ તમને કહી દીધું છે. હવે એ વાત બંધ કરીએ. આમે ય, તમે જ કહ્યું હતું તેમ, મારી અંગત બાબતો સાથે તમારે નિસ્બત નથી!"

"ના, મેં એવું કહ્યું નથી." બલિયાએ કહ્યું, "મેં એમ કહ્યું છે કે તારી અંગત વર્તણૂક અંગે સલાહ આપવાનું કામ મારું નથી." તેમણે ચશ્માં રૂમાલથી લૂછ્યા અને પાછા ખિસ્સામાં મૂક્યા.

"હં..." નીલિમા ગણગણી. પહેલી જ વાર હવે તેના મનમાં એક દહેશત જન્મી રહી હતી, એક અણગમતી, અળખામણી દહેશત.

મિસ્ટર બલિયાએ કહ્યું, "એક અર્થમાં તારી વાત સાચી છે કે, તારી અંગત બાબતો સાથે મારે નિસ્બત હોવી ન જોઈએ. પણ જો તેનો વિચાર મારા ધંધા અને ધંધાની પ્રતિષ્ઠાના સંદર્ભમાં કરીએ તો—"

"પણ..." ચમકીને નીલિમા બોલી ઊઠી, "પણ આ એક બાબતથી મારી કાર્યક્ષમતા, મારી ઉપયોગીતા કંઈ ઓછી થઈ જતી નથી!" તેનું મન હવે તાજ્જુબી, ગુસ્સા ને બીકથી ભરાઈ રહ્યું હતું.

"કંપની જેટલી જૂની છે એટલી જ ઊંચી એની પ્રતિષ્ઠા

છે, નીલિમા. ને પ્રતિષ્ઠા ઉપર જ તે ચાલે છે. તેના કોઈપણ કર્મચારીની વર્તણૂક, ઑફિસની બહાર પણ, શંકાસ્પદ હોય એ અમારે માટે ચિંતાની બાબત ગણાય !"

નીલિમાએ હોઠ કરડ્યો.

તેણે પૂછ્યું, "એટલે તમે એમ કહેવા માગો છો કે મારે નોકરીમાંથી રાજીનામું આપી દેવું ?"

"ના," બંને હાથ ઊંચા કરતાં મિસ્ટર બલિયાએ કહ્યું, "હજી હું એવા કોઈ નિર્ણય પર આવ્યો નથી. તારી આ વર્તણૂક પ્રત્યે આંખ આડા કાન કરવા જોઈએ કે કેમ તે હજી અમારે વિચારવાનું છે. જો આ મૂર્ખતાભરી વાતને ચૂપચાપ અભરાઈએ ચડાવવાનું શક્ય હોય તો—"

ને તે એકાએક બોલતા અટકી ગયા. તેમની નજર સામે ઘરના બારણા તરફ ચોંટી ગઈ. નીલિમાએ એ તરફ જોયું. બારણામાં સરિતા ઊભી હતી. હાથ વડે ઇશારત કરીને તે તેને બોલાવી રહી હતી.

તેઓ ઊઠ્યા, ને ઘરના બારણા પાસે પહોંચ્યા કે સરિતાએ કહ્યું, "અમદાવાદથી તમારો ટ્રંકકોલ છે, ભાભી !"

"મારો ટ્રંકકોલ !" ડઘાઈ જતાં નીલિમા બોલી ઊઠી, "અમદાવાદથી ?"

"તમારા મમ્મીએ કર્યો છે," સરિતાએ કહ્યું, "હેમલતાબેન એટલે તમારા મમ્મી જ ને ?"

"મારી મમ્મી—" અણધારી દહેશતથી બાઘા જેવી બનીને તે કંઈક બોલવા ગઈ, પણ તરત જ પાછી સચેત થઈ ગઈ. છાતીમાં કોઈક ભાર વલોવાઈ રહ્યો – હૃદય જાણે ગમે તે પળે ધબકતું અટકી જશે !

"તમારા મમ્મી બહુ ઉતાવળમાં હોય તેમ લાગે છે," સરિતાએ કહ્યું, "તમારું નામ બોલવામાંય ગોટાળો કરી નાખતા હતા ! જલદી વાત કરો !"

રૂમમાં દીવાલ પાસે એક ટેબલ પર પડેલા ફોન તરફ સરિતાએ હાથ ચીંધ્યો, અને મિસ્ટર બલિયાને નજીકના એક સોફા પર બેસવા કહ્યું. બલિયા ત્યાં બેઠા એટલે સરિતા પણ એક ખુરસીમાં બેઠી.

હેબતાઈ જઈને નીલિમા તેમને ત્યાં જ બેસતા જોઈ રહી, અને ધીમે ધીમે ફોન તરફ ગઈ. બીતાં બીતાં રિસીવર ઉપાડ્યું.

"શું શું બોલવું પડશે હવે માસી સાથે ? શા શા ખુલાસા કરવા પડશે–આ બંનેના સાંભળતા ? શી રીતે બોલી શકાશે ? ઓહ, ભગવાન ! હવે શું કરું...? શું કરું...?...શું ?..."

પળ વાર મગજ જાણે ચક્કર ચક્કર ઘૂમી રહ્યું...ઘૂમી રહ્યું... અને પછી એકદમ થંભી ગયું.

રિસીવર મોં પાસે લઈ જતાં તે બોલી, "હલ્લો !"

નીલિમા બોલી, પણ અવાજ જાણે તેનો પોતાનો નહોતો.

"હલ્લો, હલ્લો !" સામેથી ઉશ્કેરાટના સુસવાટા જેવો માસીનો અવાજ સંભળાયો. "કોણ બોલે છે, નિલીમા ?" તેમના અવાજમાંથી કુમાશ માત્ર જાણે ચાલી ગઈ હતી.

એક પળ, રિસીવર પાછું મૂકીને ત્યાંથી ભાગી જવાની ઇચ્છા નીલિમાને થઈ આવી. પણ તેથી શું વળશે ? હવે જે કંઈ બની રહ્યું હતું તે માત્ર તેની ગણતરી બહારનું જ નહિ, તેના કાબૂ બહારનું પણ હતું. તેને રોકી શકાય તેમ નહોતું. જવાબ આપવો જ પડશે, મિસ્ટર બલિયાને આપવો પડ્યો તેમ જ. કેટલીક પળો જ એવી હોય છે જેના તકાદા પાસે નમી જવું ફરજિયાત હોય છે. તેને રોકી શકાતી નથી, લંબાવી શકાતી નથી. આ એવી જ એક પળ હતી. ભાગવાનો કોઈ અર્થ નહોતો.

"હા–હા, માસી !" તેણે કહ્યું.

મિસ્ટર બલિયા અને સરિતાની વાત બરાબર ત્યારે જ પૂરી થઈ હોય તેમ અટકી ગઈ. કૂવાના સ્તબ્ધ પાણીમાં પથરો પડે એમ તેના ધીમેથી બોલાયેલા શબ્દો ઓરડાની સંપૂર્ણ નીરવતામાં "ડબાક્"

કરતા પડયા. તેનો સ્પષ્ટ અવાજ જાણે સંભળાયો !

સરિતા ચોંકીને ટટ્ટાર થઈ ગઈ. નેણ અધ્ધર ખેંચીને તે નીલિમા સામે જોઈ રહી. પહોળા થઈ ગયેલા હોઠમાંથી સિસકારા જેવો અવાજ નીકળી ગયો. પણ એ અવાજ નીલિમા સાંભળે ન સાંભળે ત્યાં ટેલિફોનમાંથી ઉભરાતા ઉશ્કેરાટભર્યા શબ્દો તેના કાનમાં ખીલાની જેમ ખૂંપી ગયા.

"તેં અમારું કરવા શું ધાર્યું છે, છોકરી ? તું આટલી બધી—આટલી બધી—" જાણે હાંફ ચડતી હોય તેમ માસી અર્ધા અર્ધા વાક્યો બોલી રહ્યા હતા, "એ તો સારું થયું કે તારા માસાના એક મિત્રે ગાડીમાં તમારી વાતો સાંભળી લીધી...ને તાત્કાલિક અમને ફોન કર્યો ! નહીંતર, ઓહ, ભગવાન ! નહીંતર, અમને ક્યાં સુધી અંધારામાં રાખવા'તા તારે ? આવા કારસ્તાન ? તને આવી નહોતી ધારી, નીલુ ! અમારાથી છાની તું આનંદ સાથે–ને આનંદ પણ.."

નીલિમાને લાગ્યું, માસીનો આટલો મોટો અવાજ ત્યાં બેઠેલા પેલા બંનેને ય સંભળાતો હશે ! માસીના ખતરનાક અનુમાનો સાંભળીને તે હેબતાઈ ગઈ. રુંવાડે રુંવાડું જાણે શરમ અને વિદ્રોહથી સળગી રહ્યું.

માસીનો અવાજ સંભળાયો, "ને એટલે જ નિરાલીને માથે રાત લઈને ભાગવું પડ્યું ? બિચ્ચારી, શું કરતી હશે અત્યારે ?... તેના પત્રની વાત પણ તેં ખોટી જ ઉપજાવી કાઢી'તી ને ?..."

"ના, માસી, ના !" નીલિમા ચિત્કારી ઊઠી.

"તો પછી એ પત્ર અમને વંચાવ્યો કેમ નહોતો તેં !" તેમના અવાજમાં હતાશા અને ધિક્કાર ટપકતાં હતાં. "જવાબ આપ, જૂઠી !...અરેરે, નીલુ, ભગવાનનો તો ડર રાખવો'તો !..."

"માસી !" બેહદ સમસમી ઊઠેલી નીલિમા આખરે ઊંચા, મક્કમ અવાજે બોલી ઊઠી, "નિરાલી તેની પોતાની ઇચ્છાથી, પોતાની

જ યોજના પ્રમાણે ભાગી હતી ! આનંદને કે મારે તેની સાથે કંઈ જ લેવાદેવા નહોતી !" મગજને જરા શાંત કરતાં અવાજને જરા ધીમો કરતાં તે બોલી, "ડર તો તેણે કોઈનો ય રાખ્યો નથી. કોઈની જિંદગી, કોઈના મોતનો ય વિચાર તેણે કર્યો નથી. તેના મનની મુરાદ પૂરી કરવા સિવાય કોઈ ચીજનો વિચાર તેણે કર્યો નથી, માસી !....ને પત્ર તમારે વાંચવો હોય તો હજી મારી પાસે પડ્યો છે. મોકલું ?..." થોડી વાર ચૂપ રહીને તેણે ફરી કહ્યું, "બાકી તે ભાગી ત્યાં સુધી આવો વિચાર આનંદને કે મને કોઈને ય આવ્યો નહોતો. ને વિચાર આવ્યો એ પણ એટલા માટે આવ્યો કે, આનંદના પિતા આઘાતથી જિંદગી ખોઈ બેસે એવો ભય હતો, સમજ્યા ?... નિરાલીના અપકૃત્યની સજા આનંદ કે તેના પિતાજી શા માટે ભોગવે ? એટલા માટે જ નિરાલી તરીકે તેમની સાથે જવાનો વિચાર મારે કરવો પડ્યો. એ પણ થોડા સમય પૂરતો જ..."

ધીમા, દબાયેલા, પણ પ્રકોપભર્યા એ શબ્દો પછી ટેલિફોનમાં અને રૂમમાં પળવાર સન્નાટો પથરાઈ ગયો.

પણ બીજી પળે સરિતાનો રોષ ભર્યો ઉદ્‌ગાર સંભળાયો, "હેં ?"

નીલિમા ફોનમાં આગળ કંઈક બોલવા ગઈ, પણ સરિતા તરફ નજર કરતાં તેની જીભ લંગડાવા લાગી.

ત્યાં માસીનો અવાજ સંભળાયો, "અત્યારે તું શું કરે છે ત્યાં ? આનંદ ક્યાં છે ?" તેમના અવાજમાં અકળામણ હતી, પણ નીલિમાની વાતે તેમને ઠંડા પાડી દીધા હતા.

"નિરાલી તરીકે જે ફરજ બજાવવા અહીં આવી છું તે સારી રીતે બજાવવા પ્રયત્ન કરું છું ! આનંદ તેમના પિતાજી પાસે છે. ડૉક્ટર આવ્યા છે."

"પણ—તું નિરાલી કેવી રીતે બની શકે ? એવી છેતરપિંડીનો અર્થ શું છે ?...ને તારા મનમાં કઈક પાપ નહોતું તો એ વાત

અમારાથી છૂપાવી શા માટે ?"

"એટલાં માટે કે તે છેતરપિંડી હતી ! તેનો આશય સારો હતો. બહુ સારો હતો, પણ આખરે બીજા સૌની દષ્ટિમાં તે છેતરપિંડી હતી...ને છેતરપિંડી છાની રાખવી પડે. જેટલા ઓછા માણસો એ જાણે તેટલું વધારે સારું."

પહેલાં એક ભારે નિશ્વાસ અને પછી માસીના શબ્દો સંભળાયા, "કોનો હતો એ બેવકૂફ વિચાર – આનંદનો કે તારો ?"

"મારો !" નીલિમા બેધડક જૂઠું બોલી. જૂઠું બોલતાં તેને ધડકારો ન થયો–તેની સામે જ ઊભા રહીને બધું સાંભળી રહેલા બેય જણની બીક હવે પૂરી થઈ ગઈ હતી. તેમનાથી ડરવાની સ્થિતિ તે વટાવી ગઈ હતી. બંનેએ બધું સાંભળી લીધું હતું–તે ડરે કે ન ડરે, કંઈ ફરક પડતો નહોતો.

હવે તેની સ્થિતિ જ એટલી વસમી બની ચૂકી હતી કે તેનામાં મરણિયા હિંમત ન પ્રગટે તો જ નવાઈ ! લૂંટાયા પછી ભય શો ?

"શું કહ્યું ?" માસીનો તાજ્જુબીભર્યો અવાજ સંભળાયો, "એ તારો વિચાર હતો ?"

"હા, એ મારો વિચાર હતો," નીલિમાએ ફરીથી નિર્ભય અવાજે કહ્યું. "અને આનંદે તે ખુશીપૂર્વક સ્વીકાર્યો હતો !"

"લુચ્ચી ! ધૂતારી !" પાછળથી અંગારા જેવા શબ્દો સંભળાયા.

નીલિમાએ જોયું, લાલચોળ આંખે સરિતા તેની સામે ઝેરભર્યું કતરાતી હતી. તેના મનમાં વેદનાનો તીવ્ર સણકો ઊઠ્યો, જેના બાપની જિંદગી બચાવવા તેણે પોતાની જિંદગી હોડમાં મૂકી હતી એ જ તેને ગાળ ભાંડી રહી હતી !

વેદનાથી બળતી આંખે તે સરિતા સામે જોઈ રહી. જાણે અંગારા અડતા હોય તેમ તેનું મન તરફડી રહ્યું હતું, શેહ ખાઈ

રહ્યું હતું, આત્મપ્રતારણા અને ક્રોધથી ભરાઈ રહ્યું હતું, અંદર બધું ખળભળી રહ્યું હતું. બધું જાણે પ્રવાહી બની જતું હોય, એકમેકમાં ભળીને અસ્પષ્ટ બની જતું હોય, પોતે જાણે કોઈ દુઃસ્વપ્નમાં જીવી રહી હોય !

ને સપનામાં સંભળાતો હોય તેમ ટેલિફોનમાં "પિપ્–પિપ્." ધ્વનિ સંભળાઈ રહ્યો. બે વાર, ત્રણ વાર, ચાર વાર,...અવાજ આવતો રહ્યો. "પિપ્–પિપ્–પિપ્."

ને તે જાગી ગઈ–ઝબકી ગઈ હોય તેમ. "પિપ્–પિપ્–" ટેલિફોન કૉલ પૂરો થઈ ગયો હતો. માસીનો અવાજ બંધ થઈ ગયો હતો. ક્ષણમાત્રમાં માસી સેંકડો કિલોમીટર દૂર ચાલ્યા ગયા હતા. વિકટ સમસ્યાનો પૂર્વાર્ધ પૂરો થયો હતો.

એક તોલદાર શ્વાસ મૂકતાં તેણે રિસીવર પાછું ક્રેડલ પર મૂક્યું. સમસ્યાનો વિકટ ઉત્તરાર્ધ તેની સામે ખડો હતો–સરિતા નસકોરાં ફૂલાવીને તેની સામે તાકી રહી હતી. આંખોમાં આંસુ ઝળુંબી રહ્યા હતા.

"પલપલિયા શેનાં પાડતી હશે !" નીલિમાનું મન ગુસ્સો અને અણગમાથી ભરાઈ રહ્યું, "મૂરખ !"

ધીમે પગલે તે સરિતાની નજીક ગઈ.

"કોણ છો તમે ?" ડૂંગરાયેલી સરિતાએ રડમસ અવાજે ચીસ પાડી, "આવા ધૂતારાવેડા કરીને શું જોઈએ છે તમારે ? મારા બિમાર બાપ સાથે આવી છેતરપિંડી કરતાં શરમ ન આવી તમને ?..."

"પણ સરુબહેન, મારી વાત તો સાંભળો."

"મારી પાસે આવશો નહિ !" દૂર ખસી જતાં, રડતાં રડતાં તે બોલી, "હું તમારી કોઈ નથી...મને નણંદ કહેવાનો ઢોંગ હવે કરશો નહિ...તમે મારા કોઈ નથી..."

અને રોતી પગ પછાડતી કકળાટ કરતી તે પાસેના એક રૂમમાં જતી રહી. બારણાં ધડાક દઈને બંધ કર્યાં.

અત્યંત વિસ્મય અને દુઃખપૂર્વક નીલિમા તે જોઈ રહી. આટલી મોટી ઉંમરે ય બગડેલી બાળકીની જેમ અર્થહીન ધમપછાડા કરતી સરિતા તેનો સંસાર ને વહેવાર આમ જ સંભાળતી હશે?

શૂન્યમનસ્ક, નીલિમા તે રૂમના બંધ બારણા સામે જોતી ઊભી રહી. શૂન્યમનસ્કપણે એક હાથ પોતાના વાળમાં ફરી રહ્યો, બીજો હાથ જોરથી ખુરસીને પકડી રહ્યો.

મિસ્ટર બલિયાએ જોરથી ગળું ખોંખાર્યું, તરત જ નીલિમાને તેમની હાજરી યાદ આવી ગઈ—સાથે જ એક અણગમતું ભાન થયું. હમણાં જ ભજવાઈ ગયેલા એ કમનસીબ દૃશ્યની છાપ પણ તેમના પર કમનસીબ જ પડી હશે!

તેને મિસ્ટર બલિયાના શબ્દો યાદ આવ્યા, "જો આ મૂર્ખતાભરી વાતને ચૂપચાપ અભરાઈએ ચડાવી શકાય—"

એ મૂર્ખતાભરી વાત હવે મૂર્ખતાની ચરમસીમા સુધી વકરી ગઈ હતી, તેમની નજર સામે જ. એટલે તેને અભરાઈએ ચડાવવાનું હવે સાવ અશક્ય હતું!

"ઘણું દુઃખભર્યું, ઘણું બાલિશ!" ભારે અવાજે તે બોલ્યા.

એક પળ નીલિમાને લાગ્યું કે એ શબ્દો તેમણે સરિતાની વર્તણૂકનાં સંદર્ભમાં કહ્યા હતા. પણ તેમના કરડા ચહેરા સામે જોતાં ધાસ્તી લાગી કે એ શબ્દો પોતાની સેક્રેટરી, નીલિમા માટે પણ બોલાયા હોય! એક રીતે સરિતાની એવી વર્તણૂકનું ખરેખર તો પોતે જ કારણ હતી ને?"...પણ જેમ તેમના શબ્દો તેમ તેમનો ચહેરોય કંઈ સ્પષ્ટ કરતો નહોતો.

ઉપરાઉપરી ફાટી રહેલી વિસ્ફોટક ઘટનાઓથી તેના ચિત્તને સખત માર પડ્યો હતો. પણ માર પડી ગયા પછી મારની બીક પણ ચાલી ગઈ હતી. ઉચાટ ને અજંપાનો ભાર વધતો વધતો એટલો અસહ્ય બન્યો હતો કે ત્રાસીને તેણે તેને મન ઉપરથી ઉથલાવી નાખ્યો હતો.

મિસ્ટર બલિયા સામે જોઈને તેણે કહ્યું, "સરિતા આખી વાતને આવી બૂરી રીતે મૂલવશે એમ મેં ધાર્યું નહોતું."

"ધાર્યું તો મેં પણ નહોતું. નીલિમા," મિસ્ટર બલિયાએ કહ્યું, "કે આ શાણપણહીન છેતરપિંડી કુટુંબમાં કોઈને ય કહ્યા વિના પાર પાડી શકાશે એવું તું માની લે!" સહેજ અટકીને, મોં પર અણગમો લાવતાં તેમણે ઉમેર્યું, "ખરેખર નીલિમા, તારી આ બેહૂદી વર્તણૂક માટે મને શબ્દો પણ જડતા નથી!"

"તો શોધવાની તસ્દી પણ લેશો નહિ!" નીલિમાના હોઠ સુધી શબ્દો આવી ગયા. પણ મનને તેણે રોકી લીધું. એવી મૂર્ખતા તેણે ન કરી.

તેણે કહ્યું, "આ વાત સૌથી ગુપ્ત રહે ને ઓછામાં ઓછા માણસો તે જાણે એ અમને ત્યારે જરૂરી લાગ્યું હતું, એટલે—"

"પણ જાણનારની સંખ્યા અર્ધા કલાકમાં તો એવી રીતે વધી ગઈ કે હવે પસ્તાવા સિવાય કંઈ ન થઈ શકે, ખરું?" મિસ્ટર બલિયાએ કહ્યું, અને ટેલિફોન ભણી ઇશારો કરતાં પૂછ્યું. "કોણ હતું એ?"

"મારા માસી," નીલિમાએ હોઠ કરડ્યો,

"એટલે જે છોકરી આનંદને પરણ્યા વિના નાસી ગઈ તેની માતા?"

"હા."

"અરેરે! અરેરે!" કહેતાં બલિયાએ મોંએથી ડચકારા બોલાવ્યા.

નીલિમા કંઈક બોલવા ગઈ, પણ ત્યારે જ સામે સહેજ દૂર

આવેલા મોટા રૂમનું બારણું ઊઘડ્યું અને તેમાંથી આનંદ બહાર આવ્યો, તેની પાછળ ડૉક્ટર બલિયા હતા.

દોડીને આનંદને બાઝી પડવાની, ચીસો પાડીને તેને કહેવાની નીલિમાને પ્રબળ ઇચ્છા થઈ આવી, "આનંદ...આનંદ, મને મદદ કરો! મને ટેકો આપો આનંદ. બધી બાજી બગડી ગઈ છે, બધું સાવ રોળાઈ ગયું છે...મને આધાર આપો આનંદ, હું નોધારી થઈ ગઈ છું..."

પણ હૈયાને તેણે તરત હાથમાં લઈ લીધું. "ના, આવેગો ને ઉશ્કેરાટના પાગલ ઊભરાઓનું પૂરતું પ્રદર્શન અહીં થઈ ચૂક્યું છે. હવે બસ!"

મિસ્ટર બલિયાની સામે ઉજ્જડ ચહેરે તેને ઊભેલી જોઈને આનંદને મનમાં ફાળ પડી. એકદમ આગળ આવતાં તેણે પૂછ્યું, "શું છે, નીલુ ડાર્લિંગ? સરિતા ક્યાં?"

બંધ ઓરડા તરફ હાથ ચીંધતા નીલિમાએ કહ્યું, "ત્યાં અંદર."

"અંદર શું કરે છે?"

"આંસુ સારે છે–કલ્પાંત કરે છે!"

"હેં! કેમ?"

"કેમ કે હું નીરાલી નથી!"

'શું?"

"હા, આનંદ," બિલકુલ ઉશ્કેરાટ વિના તેણે કહ્યું, "તેણે એ જાણી લીધું છે."

આનંદ તેની સામે જોઈ રહ્યો. તે આનંદ સામે જોઈ રહી. આનંદે આસપાસ એક નજર કરી, ડૉક્ટર સાથે તેની નજર મળી. ડૉક્ટરે સૌજન્યપૂર્વક નજર ફેરવી લીધી, નીલિમાને થયું, એ એક જ માણસ હવે અજાણ હતો, પણ તે ય ક્યાં સુધી અજાણ રહેશે?...

"પણ—" આનંદથી પૂછ્યા વિના ન રહેવાયું, પણ પાછો તે અટકી ગયો.

"માસીનો ફોન આવ્યો હતો, આનંદ," તેની નજીક જતાં નીલિમાએ કહ્યું, "તેમને ખબર પડી ગઈ છે. જે ખબર નહોતી પડી તે મેં પાડી દીધી છે...બીજો કોઈ રસ્તો નહોતો, આનંદ. બધો ખેલ કડડભૂસ થઈ ગયો છે...

"અરે!" ડૉક્ટર બલિયા એકાએક બોલ્યા. મિસ્ટર બલિયા તરફ જોતાં તેમણે કહ્યું. "ચાલો. આપણે જવાનો સમય ક્યારનો ય થઈ ગયો છે."

૭

ડૉક્ટર બલિયા સાથે માત્ર ડૉક્ટર અને દર્દીના સંબંધો જ નહોતાં છતાં, ઊંડી કૌટુંબિક આત્મીયતા હતી છતાં, ને આજે તો તેમના મોટાભાઈ પણ પહેલી વાર ઘેર આવ્યા હતા છતાં, "બેસોને થોડી વાર ! ચા–નાસ્તો લઈને જજો !" એવું આનંદ બોલી ન શક્યો. બોલવું જોઈએ તે જાણતો હોવા છતાં બોલી ન શક્યો. એ બદલ ક્ષમા માંગતો હોય તેમ ડૉક્ટર સામે વીલા મોંએ ફિક્કું સ્મિત કર્યું.

તેની પાસે આવતાં ડૉક્ટર હૂંફભર્યું હસ્યા અને ચૂપચાપ, હળવેથી તેની પીઠ થાબડી.

જતાં જતાં મિસ્ટર બલિયાએ નીલિમા સામે જોયું. નીલિમાએ હસવા પ્રયત્ન કર્યો. આનંદ જેવું જ વીલું, કંઈક સમજાવવા મથતું સ્મિત તેણે કર્યું. તેને લાગ્યું તેઓ મનમાં કંઈક ગણતરી માંડી રહ્યા હતા કદાચ, નીલિમાની "ટૉપ સિક્રેટ" જાણી જનારાની કુલ સંખ્યાનો સરવાળો માંડી રહ્યા હોય ! તેમણે પણ નીલિમા સામે હસવાનો પ્રયત્ન કર્યો, અને કહ્યું, "થોડા દિવસમાં જ હું ઑફિશ્યલી તને લખીશ."

"શું લખશે ?" નીલિમાના મનમાં પ્રશ્ન પડઘાયો, ને મનમાં જ જાણે જવાબ લખાઈ ગયો. સુંદર અક્ષરે છપાયેલું ઑફિસનું પરબિડીયું પોસ્ટમેન તેના હાથમાં મૂકશે. અંદર કાગળમાં પહેલું જ

વાક્ય લખેલું હશે, "ઉપસ્થિત થયેલી કમનસીબ પરિસ્થિતિનાં તમામ પાસાંનો સમગ્રતયા વિચાર કર્યા બાદ અમારે બહુ ખેદ સાથે નિર્ણય લેવો પડ્યો છે કે—"

નીલિમા અંદરથી કમકમી ગઈ. એક ક્ષણ તે આંખો મીંચી ગઈ.

બલિયા બંધુઓ ગયા એટલે આનંદે ઝડપથી બારણું બંધ કર્યું, અને નીલીમા તરફ ફરતાં ધીમા પણ અધીરા અવાજે પૂછ્યું, "આવું કેવી રીતે બની ગયું ? એકાએક ? મને માંડીને વાત કર !"

"ધાર્યુંય નહોતું એવી રીતે બની ગયું, આનંદ," એક સેટી પર બેસતાં નીલિમાએ કહ્યું, "અને ધારી ન શકાય એટલી ઝડપથી બની ગયું...મારા શેઠને હું માંડ માંડ પરિસ્થિતિ સમજાવી રહી હતી. પરિસ્થિતિને તે આપણી રીતે મૂલવે એ સંભવિત નહોતું છતાં આપણી વાત તેમને ગળે ઉતારવા હું મથી રહી હતી ત્યારે જ બરાબર, માસીનો ફોન આવ્યો."

સહેજ અટકીને તેણે આગળ કહ્યું, "ને ફોન સરુબહેને જ ઉપાડ્યો. માસીએ ફોનમાં મારું જ નામ દીધું હશે એટલે ત્યાંથી જ સરુબહેનને કંઈક ગરબડની ગંધ આવી ગઈ હશે...તેમણે મને ફોન લેવા બોલાવી ખરી. પણ પછી ત્યાંથી ખસ્યા નહિ, ત્યાં જ બેસી રહ્યા ! મનમાં કંઈક વહેમ હશે એટલે જ ને ?"

"માય ગૉડ !" આનંદના મુખમાંથી ઉદ્ગાર નીકળી ગયો. આગળ પાછળ એક નજર ફેરવી લેતાં તે બોલી ઊઠ્યો, "આવું પણ બને એવી તો કલ્પનાય મેં કરી નહોતી !"

"છતાં એવું બનીને રહ્યું !" નીલિમાએ કહ્યું, અને મોં મલકાવ્યું, "આપણી ગણતરીઓ કેટલી કાચી હોઈ શકે તેનું આવે વખતે ભાન થઈ જાય, ખરું ને ?"

"આપણી નહિ." ગુનો કબૂલ કરતો હોય તેમ આનંદ બોલ્યો. "એ ગણતરી મેં એકલાએ જ માંડેલી હતી, તારો તેમાં કંઈ વાંક નથી."

"એવું ય નથી," ફરી મોં મલકાવતાં તેણે કહ્યું, "એ ગણતરી મેં પણ સોએ સો ટકા સ્વીકારી લીધી. પછી હું પણ તમારા જેટલી જ જવાબદાર બની જાઉં છું!" સહેજ થોભીને, આનંદની આંખમાં જોતાં તેણે કહ્યું, "એક નિષ્ફળ યોજનાની ભાગીદાર બની તેનો મને જરાયે રંજ નથી, તમને સાથ અપાયો તેનો આનંદ છે-જે બન્યું તે ભલે બન્યું."

કંઈક વિચારતો હોય તેમ આનંદ તેની સામે જોતો ચૂપચાપ બેસી રહ્યો. એકાદ પળ પછી એકદમ મનમાં પ્રશ્ન ઊઠ્યો હોય તેમ તે બોલ્યો, "પણ માસીને શી રીતે ખબર પડી કે તું અહીં છે–મારા ઘેર?...તેમને આટલી જલદી એ ખબર શી રીતે પડી ગઈ?"

"આપણી ગણતરીની એક બીજી કચાશ! આપણા જ ડબામાં આપણી સાથે માસાના કોઈ નજીકના મિત્ર મુસાફરી કરી રહ્યા હતા. આપણને તેની ખબર નહોતી. તેમણે આપણી બધી વાતો ઝોકાં ખાતાં ખાતાં ય સાંભળી લીધી. આપણને એ પણ ખબર નહોતી. સૂરત ઊતરીને પહેલી મિનિટે તેમણે માસાને કોલ કર્યો. ફોન માસીએ ઉપાડ્યો. રજેરજ વાત જાણી, મિત્રે પોતાના અનુમાનો પણ જણાવ્યાં જ હશે ને? ને માસીએ તાબડતોબ અહીં કોલ જોડ્યો. અને હવે આપણને ખબર પડી!" સહેજ થોભીને હસી પડતાં તેણે ઉમેર્યું, "બરાબર ખબર પડી ગઈ, નહિ?"

ઉચાટભરી હાલતમાંય આનંદથી હસી પડાયું. તેણે કહ્યું, "ખરેખર, યોગાનુયોગ એક અજબ ચીજ છે! નહિતર, આપણી વાતો કોઈ સાંભળતું તો નથી ને? એવો વિચાર પણ મને આવ્યો હતો. મેં આજુબાજુ જોઈને ખાતરી પણ કરી હતી. કોઈ જાગતું નહોતું? ...કેવી થાપ ખાધી?"

"તેઓ ઊંઘતા દેખાતા હતા, પણ ઊંઘતા નહોતા ને આપણે જાગતા છીએ એવું માનતા હતા, પણ ખરેખર જાગતા નહોતા!" નીલિમા બોલી ને હસી પડી.

"હું કબૂલ કરું છું," પોતાનો કાન પકડતાં આનંદે કહ્યું, "આવી યોજનાઓ ઘડવા માટે જોઈતી બુદ્ધિ મારામાં નથી!"

'એ તો યોજના તમે ઘડી હતી એટલે એવું લાગે છે. એ યોજના મેં ઘડી હોત તો એવું લાગત કે બુદ્ધિ મારામાં નથી... એટલે એ વાત જ જવા દઈએ."

આનંદ કંઈ બોલ્યો નહિ. તેની આંખેમાં પ્રસન્નતાનો એક ઝબકારો થયો અને ઊડી ગયો. નીલિમાનું મગજ એટલું ઝડપથી બીજા વિચારો કરી રહ્યું હતું કે એ ઝબકારો તેના ધ્યાનમાં આવ્યા વિના જ ઊડી ગયો.

થોડી વાર બન્ને ચૂપ બેસી રહ્યા. પછી નીલિમાએ હળવો નિશ્વાસ મૂકતાં કહ્યું, "સરુબહેન આટલી ખરાબ રીતે વર્તશે એવી આશા મેં રાખી નહોતી."

"ઓહ-હા!" સરિતા એકાએક યાદ આવી હોય તેમ તે બોલ્યો, "એ એવી છે જ. એનું મગજ ક્યારે કેમ કામ કરશે એ કહેવું મુશ્કેલ હોય છે. તમે જ્યાં ધડાકો થવાની અપેક્ષા રાખી હોય ત્યાં કંઈ ન થાય, ને કંઈ નહિ થાય એમ માન્યું હોય ત્યાં અણધાર્યો ધડાકો થાય. ઘણી વાર એવું બન્યું છે. તેને હું બરાબર જાણું છું. એટલે જ તો આપણી યોજના એનાથી છાની રાખવાનું મેં નક્કી કર્યું હતું. એના વર્તનમાં સમજદારી કરતાં આવેગોનું પ્રાબલ્ય વધુ હોય છે!"

"એ ગમે તે હોય. જો કે તમારી વાત સાથે હું પૂરેપૂરી સહમત નથી. તદ્દન સમજદારી વિનાની કોઈ સ્ત્રી હોતી નથી; સરુબહેન પણ ન હોય." જરા થોભીને પેલા બંધ ઓરડાનાં બારણાં સામે જોતાં તેણે કહ્યું, "પણ અત્યારે તો તેની સાથે વાત કરવી એ મહત્ત્વનું છે. તેની રોકકળ બંધ થાય એ જરૂરી છે...."

આનંદ હસ્યો, પણ એ હાસ્યમાં કડવાશ ભળેલી હતી. તેણે કહ્યું, "હું સમજું છું, નીલિમા. તેણે કેવો સીન ઊભો કર્યો હશે

એ હું કલ્પી શકું છું. જ્યારે જ્યારે સમજદારી બતાવવાની જરૂર હોય ત્યારે ત્યારે તેણે આવાં ઊલટાં દૃશ્યો જ ઊભાં કર્યાં છે....જો કે એની સાથે ત્યારે જેટલી ધીરજ રાખવી જોઈએ એટલી હું પણ રાખી શકતો નથી. આખરે તો તેની મૂર્ખતાભરી રોકકળ અને વલોપાત પાસે મારે જ ઝૂકવું પડે છે!"

ને એમ ફરજિયાત ઝૂકી જવા બદલ મનમાં સમસમી રહ્યો હોય એમ તે ચૂપ બેસી રહ્યો.

નીલિમા–તેની સામે જોઈ રહી. જેમ જેમ જોતી ગઈ તેમ તેમ નજરમાંથી સહાનુભૂતિ નીતરતી ગઈ. હકીકતમાં આનંદ સમજદાર હતો, મન મારીને કડવા ઘૂંટડા ગળી શકતો હતો. પણ પિતાની ચિંતાજનક સ્થિતિ અને મહત્ત્વપૂર્ણ યોજનાની સરિયામ નિષ્ફળતાએ તેને ખળભળાવી દીધો હતો, ગુસ્સે કર્યો હતોને એ સ્વાભાવિક હતું.

તેણે કહ્યું, "આનંદ, જન્મના દાવે જે પોતાનાં હોય તેમના પ્રત્યે આવો ભાવ સેવવાનું કોઈને પોષાય નહિ, તેથી કંઈ અર્થ પણ સરે નહિ. સમજદારી અને સ્નેહ જેવી ચીજો કુદરતે તમને આપી જ હશે. તેનો પૂરેપૂરો ઉપયોગ કરવાનો અત્યારે અવસર છે. અત્યારે તેની જ સૌથી વધુ જરૂર છે...તમને એવું નથી લાગતું?"

આનંદે હોઠ ભીડીને હકારમાં માથું ધુણાવ્યું, અને કહ્યું, "તારી વાત કદાચ, સાચી છે."

"કદાચ નહિ."

"તારે કહેવાનું શું છે?"

"ઊભા થાવ અને તેની પાસે ચાલો. તેની સાથે વાત કરવી પડશે."

રૂમમાં એક બારી પાસે સરિતા ઊભી હતી. દારૂણ દુઃખમાં ડૂબી ગયેલી અબળા જેવો કરુણ ચહેરો કરીને બારીની બહાર જોઈ રહી હતી. બારણું ધકેલીને આનંદ અને નીલિમા અંદર આવ્યા ત્યારે હાથમાંના રૂમાલથી તેણે જોરથી નાક લૂછ્યું. નાકનું લાલ થઈ

ગયેલું ટેરવું જોતાં નીલિમાને લાગ્યું, એ પહેલાં પણ કેટલાંક ડઝન વાર એ નાક લૂછાયું હતું!

તેઓ પાસે પહોંચ્યા ત્યારે તેના ગળામાંથી "ઊં...ઊં..." અવાજ શરૂ થયો અને રૂમાલ નાક પર દબાયો. કોઈક અજબ રીતે નીલિમાને સમજાઈ ગયું કે આખરે આનંદ તેને મનાવી લેવા આવ્યો હતો તેનો એક અળવિતરો આનંદ તે માણી રહી હતી!

"સરુ" આનંદે કહેવાનું શરૂ કર્યું. "વાતને પૂરી જાણ્યા વિના, સમજ્યા વિના આમ ઉશ્કેરાઈ જવાની જરૂર નથી." અવાજમાંથી ઉશ્કેરાટ અને અણગમો તેણે દૂર રાખ્યા હતા. તેની સામે બીજો કોઈ ભાવ પણ તેના અવાજમાં નહોતો. તેણે કહ્યું, "અમે બંનેએ માત્ર પિતાજીના સુખનો જ વિચાર કર્યો હતો ને એ માટે અમે જે કર્યું તે જરૂરી હતું." પોતાની વાત તેના મનમાં ઉતરે તે માટે જરા થોભીને તેણે આગળ કહ્યું, "પિતાજીના સુખની, તેમની જિંદગીની ચિંતા જેટલી મને થાય છે એટલી તને પણ થાય છે ને?"

"પિતાજી સાથે, જતી જિંદગીએ આવી ઘોર છેતરપિંડી કરવી એ કરતાં તો મરી જવાનું હું પસંદ કરું!" બળતી આગ ઉપરથી આવતા પવનના સૂસવાટા જેવા શબ્દો આવ્યા ને નાક ઉપર રૂમાલ દબાયો.

"એ તારી માન્યતા છે." આનંદે કહ્યું, "હું એમ માનું છું કે થોડીક છેતરપિંડી કરીનેય તેમને જીવતા રાખી શકાતા હોય તો છેતરપિંડી વધારે ઇચ્છનીય છે...જરા બુદ્ધિથી વિચાર, સરુ, સત્યવાદી શૂરવીર બનવાનો આ પ્રસંગ નથી!"

"સત્યવાદી કે શૂરવીર બનવાનો આમાં સવાલ જ નથી!" રડમસ છતાં રોષભર્યા અવાજે તે બોલતી હતી. નીલિમા તરફ જુસ્સાથી હાથ લંબાવતાં તેણે કહ્યું "આ–આ–"

"ચૂપ રહે...! તેનું અપમાન થાય એવો એક હરફ પણ હું નહિ સાંભળું!"

તેના અવાજની સખ્તાઈ અને સત્તાવાહિતા જોઈને ખુદ નીલિમા અચંબામાં પડી ગઈ. સરિતાની કતરાતી આંખો નીલિમા પરથી ખસીને નીચે ઢળી ગઈ. વધારે સંયમિત અવાજે તે બોલી:

"છેતરપિંડીની આ યોજના તેણે જ ઘડી હતી! તેના મોંએ જ મેં એ સાંભળ્યું છે!" સહેજ અટકીને નીલિમા તરફ નજર કરી લેતાં તે બોલી "તમે કંઈ સમજી શકતા નથી...કોઈ પુરુષ કદી સમજી શકતો નથી કે કોઈ સ્ત્રી તેને લઈ જવાનો પેંતરો રચી રહી છે! તે તમારી સામે કેવી રીતે જુએ છે એ જોયું છે તમે?–એ તમારા પ્રેમમાં છે! બાળક પણ સમજી શકે એટલી સાફ વાત છે...પણ તો પછી વેનિશાળ તેની બહેન સાથે કરવાનું નાટક શા માટે હતું? શું ત્રાગડો રચવા માગતી હતી બે ય બહેનો?"

"ઓહ!" નીલિમાના મનમાં ઝબકારો થયો, "હવે સમજાયું તેના મનમાં જબરજસ્ત ઈર્ષા પડેલી છે. તે બહેન છે, પણ સ્ત્રી છે. આનંદ તેનો એકલીનો જ ભાઈ છે, માત્ર તેનો જ. અને એક બીજી સ્ત્રી તેને ભોળવી જતી હતી, લઈ જતી હતી–ઈર્ષા ભડકી ઊઠી હતી.

સરિતા આટલા પ્રબળ માલિકી ભાવે આનંદને જકડી રહી હતી, ને આનંદ કહેતો હતો કે તેને અને સરિતાને કદી એકરાગ થયો નહોતો! ગજબ છે મનની લીલા!

"એ તારો ભ્રમ છે સરુ, માટે હવે બોલવાનું બંધ કરી દે!" આનંદના અવાજમાં ઠંડક હતી, પણ તેથી તેનો ગુસ્સો છૂપાઈ શકતો નહોતો. "આ આખી યોજના મેં જ કરી છે. તેની તેમાં રજમાત્ર પણ જવાબદારી નથી. ઊલટો હું તેને પરાણે અંદર ખેંચી લાવ્યો છું... તેના વિષે કોઈ જ મૂર્ખતાભરી વાત હું ચલાવી લઈશ નહિ. મારી જેમ તારે પણ તેનો આભાર માનવો જોઈએ કે

પોતાના કંઈ જ સ્વાર્થ વિના માત્ર પિતાજીની જિંદગી ન જોખમાય એટલા ખાતર તે આવું પાત્ર ભજવવા પણ તૈયાર થઈ...તેને ધરમ કરતાં ધાડ પડે એ હું બિલકુલ સાંખી નહિ શકું... તે મારા પ્રેમમાં હોવાની કેવી વાહિયાત શોધ!"

પણ ત્યાં તે અચાનક અટકી ગયો. જાણે તેના મનમાં કોઈ નવી વાત ફરકી ગઈ હોય! અને નીલિમા તો માથાથી પગ સુધી ઝણઝણી ઊઠી!

આનંદ ઝડપથી નીલિમા તરફ ફર્યો. તેણે કહ્યું, "આઈ એમ રીઅલી સોરી! આની મૂર્ખતાને લીધે તારે બહુ પરેશાની ભોગવવી પડી!"

"મને કોઈ પરેશાની નથી!" નીલિમા ગણગણી.

આનંદ પાછો સરિતા તરફ ફર્યો. તેણે કહ્યું, "આ ઘડીએ સૌથી અગત્યની બાબત એ છે કે પિતાજીને જરા પણ આઘાત ન પહોંચે. માટે થોડા દિવસ તેમને ખરી વાતથી અજાણ રાખવા અત્યંત જરૂરી છે ને તેમાં અમને મદદ કરવી એ તારી પહેલી ફરજ છે!"

સરિતા હોઠ બીડીને ચૂપ ઊભી રહી.

"સરિતા!" આનંદ જરા ઊંચા અવાજે બોલ્યો, "હઠીલી, એટલું ય તને સમજાતું નથી કે આ કેટલી મહત્ત્વની વાત છે?...તારી માન્યતાઓને અત્યારે ભૂલી જા. પિતાજી થોડા દિવસ સ્વસ્થ રહે એવું તું ઇચ્છતી નથી?...ભગવાનને ખાતર અમને સહકાર આપ સરુ, પિતાજીને જીવી જવાની આપણે તક પૂરી પાડવી છે!"

નીચે ઢળેલી નજર સરિતાએ ઊંચકી, ઝડપથી નીલિમા તરફ ફેંકી અને ખભા સહેજ ઊછાળતાં કહ્યું, "ખેર! આ શરમજનક ખેલ તમે શરૂ કરી જ દીધો છે એટલે હવે તે ચાલુ રાખવો પડશે. તે ભલે ચાલુ રહે!"

"શરમજનક ખેલ." શબ્દો પર આનંદના હોઠ ગુસ્સાથી બીડાઈ

ગયા. પણ આ વખતે ય તેણે સંયમ જાળવી લીધો. સૌથી વધારે મહત્ત્વની સંમતિ તેણે સરિતા પાસેથી મેળવી લીધી હતી. બાકીની બાબતો ગૌણ હતી—ચલાવી લેવામાં અત્યારે વાંધો નહોતો.

નીલિમા આવનાર દિવસોના વિચારે ચડી ગઈ હતી. સરિતાની દુશ્મની જેવી વર્તણૂંકે એ દિવસો પર ભયનો ઓથાર પાથરી દીધો હતો. બહુ કઠિન હશે એ દિવસો. અમુક કઠિનાઈની અપેક્ષા તો તેણે રાખેલી જ હતી. પણ આ મુશ્કેલ પાત્ર આવા દુશ્મનીભર્યા વાતાવરણમાં ભજવવું પડશે એવી અપેક્ષા તેણે રાખી નહોતી. તેણે સરિતા સામે જોયું.

સરિતાએ કટુતાભર્યા વ્યંગમાં પૂછ્યું, "તો પછી તમારી સૂવાની વ્યવસ્થા હવે તો ફેરવવી પડશે ને ?"

બોલતાં પહેલાં સહેજ થોભીને, "હવે તો" શબ્દ પર મુકાયેલા ભારે નીલિમાને ફટકો માર્યો હોય તેમ સ્તબ્ધ કરી દીધી.

"હેં ? હા હા," તેણે કહ્યું, "હું તમને એ કહેવાની જ હતી."

પણ સરિતાના મોં સામે જોતાં તેને પોતાના જ શબ્દો બોદા લાગ્યા.

"ભલે !" કહીને સરિતાએ સ્મિત કર્યું. સાવ હળવા એ સ્મિતમાં શંકાશીલતાનો અસહ્ય ભાર હતો.

નીલિમાનો ચહેરો લાલ થવા લાગ્યો.

૮

સરિતા ગઈ.

તેનાં પગલાં જરૂર કરતાં વધારે જોરથી જમીન પર પડતાં હતાં. હોઠ બીડીને નીલિમા તે જોઈ રહી. તેની આંખોમાં આછી આછી બળતરા થતી હતી.

સરિતા ત્યાંથી ગઈ કે તરત જ આનંદ તેની નજીક આવ્યો અને તેના ખભા પર—કદાચ પોતે, તેની સાથે જ છે એવી હૈયાધારણ આપવા માટે, કદાચ, આત્મીયતા દર્શાવવા માટે હાથ મૂકતાં કંઈક કહેવા ગયો. નીલિમાને એ ગમવું જોઈતું હતું, તેની એ ચેષ્ટાને તેણે આવકારવી જોઈતી હતી. તડપી તડપીને ઝંખેલો આનંદનો આત્મીયતાપૂર્ણ સ્પર્શ હવે ખરેખર મળી રહ્યો હતો. પણ કોણ જાણે કેમ, તેને કંઈક વિચિત્ર લાગણી થઈ આવી. 'આ ઘરમાં પોતે ખરેખર શું હતી ? ભલા ઇરાદે મંડાઈ ગયેલી બાજીની એક સોગઠી, બાજી સાંગોપાંગ પાર પડે એ માટે આવશ્યક એક પ્યાદું, બસ ! બીજું કંઈ જ નહિ ! ને હવે તો પ્યાદા તરીકે આગળ ચાલવાનો રસ્તો પણ વિકટ બની ગયો હતો. જોતજોતાંમાં તેના પર કાંટા વેરાઈ ગયા હતા. સરિતા તેમાં ઉમેરો નહિ કરે તેની કોઈ ખાતરી નહોતી. આનંદ તેની આટલી કુમળી ચિંતા કરતો રહે તેથી પણ અગ્નિમાં ઈંધણ નહિ હોમાય તેની ખાતરી નહોતી...તો પછી શા કામની હતી એવી કોઈ ચિંતા, એવી કોઈ ચેષ્ટા ?"...

૧૯૯૫૨

આનંદનો હાથ તેણે પોતાના ખભા પરથી ખસેડી દીધો, અને તરત જ પાછી તેમ કરવા બદલ જીવ બાળવા લાગી.

જાણે તંદ્રામાંથી અત્યારે જ જાગી ગઈ હોય તેમ હસવાનો પ્રયત્ન કરતાં તે બોલી, | "ઓહ માફ કરજો. મારા મગજનું કંઈ ઠેકાણું રહ્યું નહોતું, મારી ભૂલ થઈ."

"ના, નીલિમા," આનંદે ધીમા પણ નક્કર અવાજે કહ્યું. "તારી કોઈ ભૂલ નથી થઈ, આજનો દિવસ તારા માટે કેવો કટોકટીભર્યો વીત્યો છે એ હું જાણું છું. તેં ભારે સંયમ જાળવી જાણ્યો છે. નહીંતર–એ સ્થિતિમાં તો માણસ માણસમાત્રથી ત્રાસી જાય. સરિતાની બાબતમાં હું તારી માફી માગું છું."

"ના, આનંદ ના ! પ્લીઝ મારી માફી ન માગશો !"

"માફી મારે જ માગવી જોઈએ, નીલિમા. તેનું ખરાબ મગજ વાતને આટલું ખરાબ રૂપ આપશે એવું મેં પણ ધાર્યું નહોતું."

"એનું કારણ તમને નહિ સમજાય, પણ હું તે સમજી શકું છું."

"શું સમજી શકે છે તું ?"

"ઈર્ષા ! તેનું મન ઈર્ષાથી ભરાઈ ગયું છે !"

પળભર, આનંદ સ્તબ્ધ થઈ ગયો. આંખો પહોળી કરીને નીલિમા સામે તાકી રહ્યો.

"ઈર્ષા ?" કંઈક અકલ્પ્ય સાંભળ્યાનું આશ્ચર્ય તેના અવાજમાં રણકી ઊઠ્યું. "તારી ઈર્ષા ?...ગળે નથી ઉતરતું."

"ઝટ ન સમજાય એવી જ એ વાત છે આનંદ, ઝટ ગળે નહીં ઉતરે. છતાં વાત સાવ સાદી અને સ્વાભાવિક છે ! તેના મનમાં એક વાત બહુ સજ્જડ ઠસી ગઈ છે કે તમારે માટે હું ખૂબ જ મહત્ત્વની છું, નહીંતર આવી મહત્ત્વપૂર્ણ યોજનામાં તમે મને ભાગીદાર ન બનાવો !"

"ઓહ !" કહી આનંદ સહેજ વિચારમાં પડી ગયો, પછી બોલ્યો, "પણ ધારો કે મારે મન તું ખૂબ જ મહત્ત્વની હો–"

"ધારો કે ! " નીલિમાના મનમાં પથ્થરની જેમ એ શબ્દ પડ્યો–"ધારો કે !" સ્કૂલમાં એવા ઘણા દાખલા આવતા જે ગણવા કંઈક ધારી લેવું પડે. જો કંઇ ખોટું ધારી લેવાય તો દાખલો કદી મળતો નહિ, અને સાચું ધારી લેવાય તો પણ અંતે તો એ ધારેલા કંઈકની જગ્યાએ કોઈ નિશ્ચિત સ્પષ્ટ રકમ જ આવીને બેસી જતી !

ધારેલા કંઈકનું પછી કંઈ મહત્ત્વ રહેતું નહોતું. આ ઘરની સમસ્યા એક અટપટો દાખલો હતી અને પોતે તેમાં ધારી લેવાનું કંઈક !"

"ધારો કે મારે મન તું એટલી મહત્ત્વની હો," આનંદનો અવાજ સંભળાયો, "તો પણ તારી ઈર્ષા તેને શી રીતે થઈ શકે ?"

"કારણ કે," લુખ્ખું સ્મિત કરતાં તેણે કહ્યું, "તમારા પર તેને ખૂબ પ્રેમ છે. ખરેખર આનંદ, એક બહેન તરીકે તે તમને ખૂબ ચાહે છે !"

"જસ્ટ વન્ડરફુલ !" હસી પડતાં આનંદ બોલી ઊઠ્યો, "કમાલ શોધ કરી નાખી તેં !...પણ મારે તેમાં એટલું જ કહેવાનું કે તારી બહુ મોટી ભૂલ થાય છે. તેને અને મારે કદી પણ થોડુંકે ય બન્યું નથી ! પહેલાં પણ મેં તને એ કહ્યું છે–"

"હા, કહ્યું છે અને હજી વધારે દસ-પંદર વાર કહી શકો છો, ને બધીવાર તમારી વાત, તમારી રીતે, સાચી પણ હોઈ શકે છે. તેની સામે મારી વાત પણ સાચી જ રહે છે કે તેને તમારા પર ખૂબ પ્રેમ છે, એકની એક બહેન તરીકે !"

આંખો પલકારતાં આનંદ પળવાર તેની સામે જોઈ રહ્યો. ચહેરા પર હજી વાત ગળે નહિ ઉતર્યાનો ભાવ હતો, તેણે પૂછ્યું, "એ વાત તું ખાતરીથી કહી શકે છે ?"

"પૂરેપૂરી ખાતરીથી," નીલિમાએ કહ્યું, "આટલાં વરસ તેણે તમને તેના એકલીના જ ભાઈ રૂપે સ્વીકાર્યા છે. તમે તેના એકલીના જ અધિકારક્ષેત્રની વ્યક્તિ રહ્યા છો. ઉંમરમાં તે તમારા કરતાં ઘણી નાની હોવી જોઈએ. એટલે જ તમે હંમેશ માટે તેના એકલીના જ વ્હાલા ભાઈ રહ્યા છો...તેની સ્થિતિની કલ્પના કરીએ તો તેના માટે સહાનુભૂતિ થાય એવું છે."

આનંદ ખડખડાટ હસી પડ્યો.

"યુ આર એન એક્સ્ટ્રાઓર્ડિનરી વૂમન!" તે બોલી ઊઠ્યો, "તેણે તારા પર આટલી પસ્તાળ પાડી એ પછી પણ સહાનુભૂતિ થાય છે?"

"હા."

"પણ શા માટે?"

"કારણ કે, ખુદ હું બહુ સારી રીતે જાણું છું કે કોઈને પામવું નહિ, ને ચાહ્યા કરવું એ કેવી યાતના છે! તેમાં ય વળી, જ્યારે બીજી કોઈ સ્ત્રી તેને લઈ જતી હોય એ જોઈ રહેવું–"

પણ તે અટકી ગઈ. આપોઆપ એક જોરદાર બ્રેક લાગી હોય તેમ બોલતી અટકી ગઈ અને પોતાની સામે અચંબાથી જોઈ રહી હોય તેમ વિચારી રહી, "મનમાં ઊંડે ઊંડે ભંડારી દીધેલી આ વાત બહાર કેમ કરીને નીકળી ગઈ?"

ઝટઝટ તેણે આનંદ સામે જોયું. તેની આંખોમાં એક નવું, રસભર્યું કુતૂહલ ઊગી રહ્યું હતું. પોતે મૂર્ખતાભર્યું બોલી ગઈ હતી. કદી બોલવાની નહોતી એ વાત ખોટા સમયે બોલી ગઈ હતી. આનંદ તેના શબ્દોનું પૃથક્કરણ કરવા લાગે તે પહેલાં ઝટઝટ તેણે કહ્યું.

"જો કે એ વાતને આ વાત સાથે સીધો કોઈ સંબંધ નથી, પણ હું એમ કહેવા માગું છું કે એવી ઈર્ષા મનમાં જાગે એ સ્ત્રી,

હેન હોય તો પણ, મનમાં રીબાતી હોય છે. તેનું મન બહુ આળું ઈ જાય છે. તમારી નાની શી ઉપેક્ષાય તેને બહુ, ભારે ઈજા હોંચાડી શકે છે...આ વાત તમારે ભવિષ્યમાં ય ધ્યાનમાં ાખવી પડશે."

આનંદ હસ્યો. હસતાં હસતાં રસપૂર્વક તેની સામે જોઈ હ્યો. જો કે એ હાસ્યમાં આસ્તિકતા ઓછી હતી, નાસ્તિકતા ધારે હતી.

તેણે કહ્યું, "તારી આ થિયરી હજી હું સ્વીકારી લેતો નથી, તાં કબૂલ કરું છું કે તેનાથી ભૂતકાળની કેટલીક નહિ સમજાયેલી ાબતો હવે સ્પષ્ટ થાય છે ખરી!" થોડી વાર ચૂપ રહીને તેણે રી કહ્યું, "પણ જો તારી થિયરી સાચી હોય તો પછી જ્યાં સુધી ે તને નિરાલી માનતી હતી ત્યાં સુધી ઈર્ષા કેમ ન આવી? િરાલી તરીકે તને શા માટે સહેલાઈથી સ્વીકારી લીધી? અને તું િરાલી નથી એવી ખબર પડી ત્યારે કેમ આટલી બુદ્ધિહીન ની ગઈ?"

"માણસના મનની બધી વાતો કંઈ આપણે જાણી ન શકીએ." ભા સહેજ ઉલાળતાં નીલિમાએ કહ્યું, "ત્યારે તેણે માન્યું હશે કે મે લગ્ન કરીને જેને ઘરમાં લઈ આવો, તમારા જીવનમાં લઈ ાવો તેની સાથે બાખડવાનો કંઈ અર્થ નથી, એમ બાખડવું ાજબી પણ ન ગણાય. તેણે મન મનાવી લીધું હશે, અને ર્ષાનું કારણ આપોઆપ શમી ગયું હશે."

આનંદ જાણે સાવ નવી જ નીલિમાને જોઈ રહ્યો હોય તેમ સપૂર્ણ નજરે તેને જોઈ રહ્યો હતો, પ્રશંસાભર્યું, પ્રસન્નતાભર્યું સી રહ્યો હતો.

તેણે કહ્યું, "વાત તો સાચી લાગે એવી છે! તને એટલે કે રી પત્નીને સ્વીકારવાનું અનિવાર્ય હતું એટલે તારી સાથે સારો વહાર રાખવો પણ અનિવાર્ય હતો, એમ જ ને?"

"એમ જ હોવું જોઈએ," સહેજ હસતાં નીલિમાએ કહ્યું. "જો કે એ બધી બાબતો બાલિશ લાગે છે. પણ એમ તો ઈર્ષા પોતે જ બાલિશતા નથી?...એટલે જ તો એવા માણસો સાથે કામ પાડવાનું મુશ્કેલ બની જાય છે."

ફરી આનંદની પ્રશંસાભરી નજર તેના ઉપર મંડાઈ રહી–જાણે એ નીલિમાને તે પહેલી જ વાર જોઈ રહ્યો હતો.

"સાચે જ નીલિમા, દંગ થઈ જવાય એવી સૂઝ છે તારામાં ...પણ એવી સૂઝ જાતે જ એકવાર અનુભવ્યા વિના આવે નહિ."

"પણ મેં એવું કંઈ અનુભવેલું છે એમ માની ન બેસશો." ચમકેલા કાચબાની જેમ ઝટપટ ઢાલ નીચે જવા મથતી તે બોલી.

"એમ?" ભવાં સહેજ અદ્ધર ચડાવતાં આનંદે કહ્યું, "તો પછી સાંભળવામાં મારી કંઈક ભૂલ થઈ, અથવા સમજવામાં ભૂલ થઈ!"

નીલિમા પ્રશ્નભરી આંખે જોઈ રહી.

તેણે કહ્યું, "તેં એવું કહ્યાનો મને ખ્યાલ હતો કે તારું મહત્ત્વ ખૂબ વધી જાય તેથી સરિતાનું દિલ કેવું પીડાય એ તું સારી રીતે જાણે છે. હું એવું સમજ્યો હતો કે તું પણ કોઈ વાર એમ જ પીડાઈ ચૂકી હશે. અને એ અનુભવને લીધે જ–"

"ઓહ, તમે તે યાદ રાખી લીધું છે?" નીલિમા બોલી ઊઠી. "એમાં કંઈ નથી. ભૂલી જજો એ વાત."

"સારું, તો હવે ભૂલી જઈશ," જાણે ખિસ્સામાંથી ભૂલથી બહાર કાઢેલી કોઈ ચીજ પાછી ખિસ્સામાં મૂકી દેતો હોય એવી આસાનીથી તેણે કહ્યું, "મારી તો એક જ મહેચ્છા છે કે અમારે કારણે તારે કોઈ રીતે દુઃખી ન થવું પડે."

"મને કંઈ દુઃખ નથી."

"તારા શેઠ પર આ વાતની શી અસર થઈ?"

"એટલે મિસ્ટર બલિયા પર?" સહેજ થડકી જતાં તે બોલી, "તેમની દૃષ્ટિએ મારું આ પગલું અઘટિત અને શાણપણ-હીન છે."

આનંદ રોષભર્યું હસ્યો. તેણે કહ્યું, "એટલે તને તે દોષિત ગણે છે?"

"એવું તેમણે કહ્યું નથી, પણ તેની સામે, તેમને કંઈ વાંધો નથી એવું પણ કહ્યું નથી."

"તેમણે નિર્ણય શું કર્યો?"

"નિર્ણય?"

"તેણે વધારે પડતા ચોખલિયાવેડા તો કર્યા નથી ને? તને નોકરીમાંથી છૂટી કરવાની કે બીજી કોઈ બીક તો બતાવી નથી ને...? એવું કંઈ થાય તો જવાબદાર હું જ ગણાઉં. તને આ પરિસ્થિતિમાં હું ખેંચી લાવ્યો છું, એ પણ કેવળ મારા અને મારા કુટુંબના સ્વાર્થ ખાતર. પરિસ્થિતિ તો એવી છે કે કોઈ એવું પણ કહી શકે કે અમે તારા કંઈ જ થતા નથી. પણ તને જરા પણ નુકસાન થાય, નોકરી કે કંઈ પણ ગુમાવવું પડે એ હું કદી ચલાવી શકું નહીં. તું નિરાલીની બહેન છે અને આ યોજનામાં તારે ભાગીદાર બનવું પડ્યું એ તારો અપરાધ ન બનવો જોઈએ...તને કંઈ થાય તો જવાબદાર હું જ ગણાઉં!"

સ્તબ્ધ થઈને નીલિમા સાંભળી રહી.

"તમારો ઘણો આભાર!" તેના પોતાના ગળામાંથી નહિ, પણ ક્યાંક દૂરથી આવતા હોય એવા શબ્દો નીકળ્યા. આનંદ, તેનો આનંદ તેને માત્ર નિરાલીની બહેન જ ગણતો હતો. યોજનાની એક ભાગીદાર જ લેખતો હતો. તેને કંઈ નુકસાન થાય તો તેની નૈતિક જવાબદારી સ્વીકારતો હતો, તેને સ્વીકારતો નહોતો, તે તેની કંઈ નહોતી...

ફરી વાર આનંદનો અવાજ સંભળાયો ત્યારે તે જરા ભીનો થઈ ગયો હતો, કોઈક આવેગથી જરા કંપી રહ્યો હતો.

"કોઈ પણ રીતે મારો આભાર તારે માનવાનો ન હોય, નીલિમા. આભારી તો હું છું. ઉપકાર તો તારો છે મારા પર અને તેનો વધુમાં વધુ બદલો વાળવો એ મારી ફરજ છે!"

દેખીતી રીતે જ તે નીલિમાનો ઉપકાર સ્વીકારી રહ્યો હતો. પોતાના ઉપર તેનો ઘણો હક હોવાની ખાતરી આપી રહ્યો હતો. પણ તેની શબ્દોની પસંદગીએ નીલિમાના આળા મન પર અવળી અસર કરી હતી. તેના મનને વીંધી નાખ્યું હતું. આનંદને તે ચાહતી હતી, દિલોજાનથી પ્રેમ કરતી હતી, અને આનંદ દૂર ઊભો ઊભો ઉપકારની ને બદલાની વાત કરતો હતો!

તેનું હૈયું વણકલ્પી વેદનાથી ભરાઈ ગયું. અવાજ, હતાશા અને પશ્ચાત્તાપથી એટલો થીજી ગયો કે તેને જ તે અવાજ પારકો લાગ્યો.

"મેં તમારા પર કોઈ ઉપકાર નથી કર્યો, આનંદ!...અને મારી નોકરી અંગે પણ તમારી કોઈ જવાબદારી નથી." અવાજ જેટલો મક્કમ એટલો રુક્ષ પણ હતો, "મિસ્ટર બલિયા કદાચ મારી હાંસી ઉડાવશે, મારી વર્તણૂકની આકરી ટીકા કરશે, પણ નોકરીમાંથી નહિ કાઢે. આ મારી અંગત બાબત છે, ઑફિસ બહારની બાબત છે. મારા કામ સાથે તેને શી નિસ્બત છે?"

"તો પછી ભલે," આનંદે કહ્યું, "પણ તેમ છતાંય જો તેના તરફથી તને કોઈ પણ પ્રકારની પજવણી થાય, કોઈ ગેરવ્યાજબી ટીકા પણ થાય તો તે ચલાવી લેવાની નથી. મને તે તરત જ જણાવજે."

"તમે એની ચિંતા ન કરો," મનમાં ચડી ગયેલો વળ હજી

ઊતર્યો નહોતો, ઊલટો તેનો આત્મવિશ્વાસ વિચિત્ર રીતે વધી ગયો હતો. તેણે કહ્યું, "મિસ્ટર બલિયાને હું સંભાળી શકીશ!"

એ જૂઠ હતું. તેના મનમાં જ તરત પડઘો પડ્યો તે જૂઠું બોલી હતી. મિસ્ટર બલિયા જમાનાના ખાધેલ માનવી હતા.

આનંદ આછું હસ્યો અને બોલ્યો, "જરૂર પડે તો ઘણા લોકોને તું સંભાળી શકે, નહિ?"

નિલીમા ગૂંચવાઈ ગઈ. આનંદ તેને બિરદાવી રહ્યો હતો કે રમૂજભર્યો વ્યંગ કરી રહ્યો હતો?

પછી રાત પડી ગઈ.

ભોજન પછી તરત જ નિલીમા પોતાના બેડરૂમમાં ચાલી ગઈ. હવે તે માત્ર તેનો જ બેડરૂમ દેખાઈ રહ્યો હતો. આનંદ સાથે લાગતી-વળગતી એકેએક ચીજ ત્યાંથી ખસેડી લેવાની સરિતાએ પૂરી કાળજી લીધી હતી. તેની કોઈ નિશાની ત્યાં રહેવા પામી નહોતી. તેનો એકલીનો એ રૂમ હતો. તે એકલી જ જાણે એકલવાસમાં પૂરાયેલી ત્યાં બંદીવાન હતી—સંજોગોના વરવા બંધનમાં કેદ હતી. તેનું મન મુક્તિ ઝંખી રહ્યું. પ્રત્યેક બંદીવાનને એક સમયે તો મુક્તિ મળે છે, તેને પણ મળશે. એક દિવસ તે પણ ચાલી જશે અહીંથી ...પણ ખરેખર એ મુક્તિ હશે? એ મુક્તિ જ પછી જીવનભર એકલતાની કેદ નહિ બની જાય?...

પણ સરિતાની ગણતરીપૂર્વકની અવહેલના પળેપળને અસહ્ય બનાવી રહી હતી. ભોજન વખતે પણ તેણે એવી નિષ્ઠુર ઉપેક્ષા બતાવી હતી કે કંઈ ખાવુંય અશક્ય બની ગયું હતું. તો ય ખાવું પડ્યું હતું. વાતાવરણ કેવળ કૃત્રિમતાથી ભારેખમ રહ્યું હતું અને એ બધું સમજતો હોવા છતાં આનંદ જાણે લાચાર હોય તેમ ચૂપ રહ્યો હતો.

આનંદનો વર્તાવ સંપૂર્ણપણે સારો હતો. આભારવશતા અને તેના સુખ માટેની સજાગ ચિંતા તેમાં પળેપળ તરી આવતી હતી.

પણ નિલીમા માટે એ પૂરતું હતું? આભારદર્શન અને સૌજન્ય તેના ભૂખ્યા મનને ભરી દઈ શકે તેમ હતું? ના—એ તો પ્રેમમાં હતી!

માથું બે ય હાથમાં દબાવીને તે પલંગની ધાર પર બેસી રહી. મગજના બધા ખૂણેથી વિચારો જાણે એકસામટા ઊઠતા હતા. સામસામે અથડાઈને સખત ભીડ કરતા હતા. એ ભીડમાં જાણે તે કચડાઈ રહી હતી. મનને કહી રહી હતી—ભૂલ મારી જ છે. આનંદનો તેમાં કંઈ દોષ નથી. નિરાલી તેને છેહ દઈ ગઈ તેને હજી ત્રણ દિવસ પણ નથી વીત્યા. ત્રણ દિવસમાં કોઈ કોઈને શી રીતે ભૂલી શકે? ત્રણ દિવસમાં નવો પ્રેમ શી રીતે પાંગરી શકે? હું જ મૂર્ખ કે વધારે પડતી અપેક્ષાઓ રાખી બેઠી. તેના મનમાં મારે માટે સદ્‌ભાવ છે, આદર છે, આભારવશતા છે. બસ. તેથી વધારે કંઈ ન બની શકે. એ જ સ્વાભાવિક છે...પણ છાતીમાં ભીંસાતા ભાર નીચેય હૈયું ધબકતું હતું. જાણે કહેતું હતું. ના, તારો પ્રેમ, તારું સ્વાર્પણ એમ એળે જવાનું નથી. હજી સાંજે જ વાત કરતાં કરતાં તે એકદમ પારદર્શક બની ગયો હતો. તેની આંખોમાં કંઈક નિરાળું હૃદયમાંથી સીધું જ ધસી આવતું જોઈ શકાયું હતું. એ આભારવશતા નહોતી, સૌજન્ય કે સહાનુભૂતિ નહોતી... નિરાલીને ગુમાવી ત્યારથી તેણે જાણે પોતાની આસપાસ એક કિલ્લો ચણી લીધો હતો. પણ સાંજે એકાદ બે પળ તેની દિવાલો પારદર્શક બની ગઈ હતી અને અંદર શું પડેલું છે તે અલપઝલપ જોઈ શકાયું હતું. અલબત્ત, સમજી શકાયું નહોતું.

પોતાની પણ એ ભૂલ જ કહેવાય કે વધારે પડતી છંછેડાઈ ગઈ. આવેશમાં આવીને પોતાની નોકરીની ચિંતા નહિ કરવાનું કહીને જાતે જ તેને દૂર ધકેલી દીધો. નહીંતર, એક પળ આવી હતી જ્યારે આનંદ તેને નિરાલીની બહેન તરીકે નહિ, યોજનાની એક ભાગીદાર તરીકે નહિ, માત્ર નીલિમા તરીકે જોઈ શક્યો હોત-પ્રેમથી ભરી, પ્રેમની પ્યાસી માત્ર નીલિમા તરીકે.

પણ એ પળ તો તે ચૂકી ગઈ. હવે?

હવે આ ઓરડો કારાવાસ જેવો લાગશે. અહીં દિવસો, કલાકો અને મિનિટો બહુ લાંબા બની જશે.

ઊંઘ આવી ગઈ ત્યારે રાત કેટલી વીતી હતી તેની તેને ખબર રહી નહિ.

અને સવારે ઊઠી ત્યારે મન એકદમ હળવું થઈ ગયું હતું. મનનો કદાચ એ સ્વભાવ છે. કોઈ ભાર તે કાયમ માટે સંઘરતું નથી. નીલિમાનો એ સ્વભાવ હતો કે હાથમાં લીધેલું કામ વિઘ્નથી ડરીને છોડી ન દેવું. એ સ્વભાવ સવારે ઉપર તરી આવ્યો હતો.

"ખેર!" તેણે નિર્ણય કર્યો. "સરિતાને જેટલી ખરાબ બનવું હોય એટલી ભલે બને. આનંદ ભલે આઘો આઘો તેની કિલ્લેબંધીની અંદર રહ્યા કરે. પણ આ જોખમભરી યોજના જેના સુખ માટે તેણે માથે લઈ લીધી હતી એ આનંદના પિતા માટે બધું જ કરી છૂટવું એ તેની ફરજ હતી, તેમને તેની એટલી જ જરૂર હતી. જેટલી આનંદની હતી!...

પળવાર આંખો મીંચી દઈને તેણે પોતાની જાતને જગાડી, હોશિયારીને સાદ દીધો, બુદ્ધિને સાબદી કરી અને ઘડીકમાં તો નવલી નવોઢા બની ગઈ, ઝટઝટ તૈયાર થઈને, હળવે હૈયે તે યશવંતરાયના રૂમ તરફ ઉપડી.

બારણા પર એક-બે ટકોરા મારીને તેણે સહેજ ધક્કો માર્યો. બારણું ખૂલી ગયું. એ સાથે જ અંદરથી સ્વસ્થ આનંદી અવાજ આવ્યો.

"કોણ, નિરાલી? અંદર આવ, બેટા!"

નીલિમા સ્તબ્ધ થઈ ગઈ. તેમણે કેમ જાણી લીધું કે આવનાર પોતે હતી?

૯

એકાદ પળ અચંબામાં ગૂંચવાતી નીલિમા ઊંબર બહાર ઊભી રહી ગઈ. "આનંદના પિતાજીએ કેવી રીતે જાણી લીધું કે બારણું ધકેલનાર હું જ છું!"

પણ તે એક એવો અચંબો હતો જેનો ખુલાસો જલદી મળે નહીં. ત્યાં સુધી ત્યાં જ ઊભા રહેવાનું બને તેમ નહોતું. જરા ઊંચા થઈ ગયેલા મનને સંકોરતી, સંભાળતી તે અંદર ગઈ, અને પલંગમાં અઢેલીને બેઠેલા યશવંતરાયને જોયા. તેમના મુખ ઉપર પથરાયેલા જીવંત, ઉમળકાભર્યા સ્મિતને પણ જોયું. એ સ્મિત જાણે કહી આપતું હતું, લાંબી બીમારી પણ તેમને બિલકુલ કંટાળો આપી શકી નહોતી. એક નજરમાં જ નીલિમાએ જોઈ લીધું કે કોઈ પણ તંદુરસ્ત માણસ જેટલો જ રસ તેમને જીવન પ્રત્યે હતો.

સરિતાની વિચિત્ર, બેહૂદી વર્તણૂકે તેના ચિત્તતંત્રને સખત આંચકો આપ્યો હતો. શુભ આશયથી આનંદની ભાગીદારીમાં આદરેલી છલનાના એવા વરવા ફણગા ફૂટી નીકળ્યા હતા કે મન બહુ ક્ષુબ્ધ બની ગયું હતું. એ સ્થિતિમાં યશવંતરાયનું સરળ-સરળ, ઉષ્માભર્યું સ્મિત તેને ખૂબ ગમી ગયું, બહુ શાતા આપી રહ્યું. તે પલંગ પાસે ખુરશીમાં બેઠી ત્યાં સુધીમાં તો મન અજબ રીતે આપોઆપ સ્વસ્થ થવા લાગ્યું.

તેમના વચ્ચે તરતજ વાતચીત શરૂ થઈ અને આગળ ચાલતી ગઈ. ધીમે ધીમે તેને ખાતરી થતી ગઈ કે યશવંતરાય વાતચીતની કળાના અઠંગ નિષ્ણાત હતા—કે પછી નૈસર્ગિક રીતે જ એ કળા તેમને સહજ હતી. ગમે તેમ, થોડી વારમાં જ તેને લાગવા માંડ્યું, જાણે યશવંતરાયને તે વર્ષોથી પીછાણતી હતી, તેમનાથી બહુ સારી રીતે પરિચિત હતી. મનમાં એક આછો ઝડપી વિચાર પણ ફરકી ગયો, 'આવા સસરા હોવા એ પણ એક સદ્‌ભાગ્ય ગણાય! આટલી સાહજિકતાથી, આવી હળવાશથી તો ઘણી વાર બાપ સાથે પણ વાતો થઈ શકતી નથી! એકાએક મૃત પિતાની યાદ મનમાં ઉભરાઈ આવી અને મન આર્દ્ર બનવા લાગ્યું, એક અજાણ્યા સુખાનુભવથી ભીનું થવા લાગ્યું, મનમાં નાની-નાની ઇચ્છાઓ ઊગવા લાગી. પણ-શા કામની એવી ઇચ્છાઓ? હકીકતે તે અહીં શું હતી? કંઈ જ નહિ. પિતાનું છત્ર તો તે ગુમાવી ચૂકી હતી, અને યશવંતરાયની પુત્રવધૂ તે નહોતી...શા ખપની એ ફળશૂન્ય ઝંખનાઓ?

યશવંતરાયની પુત્રવધૂ તે બની શકવાની નહોતી. એવી કોઈ લાલચ અસ્થાને હતી. વાત પહેલેથી જ સ્પષ્ટ હતી. આ માત્ર ખેલ હતો, થોડા-જરૂર હોય એટલા દિવસ જ તે ચાલુ રહેવાનો હતો; અને પછી ખતમ થવાનો હતો!

પણ યશવંતરાય માણસ અદ્‌ભુત હતા. પોતાના પિતા જેટલા જ પોતાના લાગી રહ્યા હતા. સમજાય નહિ એવી અજબ વાત હતી એ. વાતચીતમાં ગંભીર વિષયને પણ પલકારામાં વિનોદભર્યા બનાવી દેવાની ભારે ખૂબી હતી તેમનામાં. એવી ખૂબી થોડીક તેનામાં પણ હતી. અને આનંદની બાબતમાં, તેના વ્યક્તિત્વની બાબતમાં તો બન્નેનાં દૃષ્ટિકોણ પણ સરખાં હતાં!

તેની જેમ યશવંતરાય પણ એ મળતાપણું જોઈ શકયા હોય તેમ તેમણે કહ્યું, 'હવે જો હું એમ કહું કે આનંદને તે જેવો છે તેવો-

જેવી રીતે હું ચાહું છું એવી જ રીતે તું ચાહે છે, તો તે ખોટું નથી, તે બરાબર ?"

નીલિમા નીચું જોઈ ચૂપ બેસી રહી.

હળવું, રમૂજભર્યું હસતાં યશવંતરાયે ઉમેર્યું, "લાંબા સહવાસ પછી જ સાંપડે એવી એ દૃષ્ટિ કોઈ નવી નવી પરણેલી વહુમાં હોવી એ અસામાન્ય વાત ગણાય. પણ તારામાં એ છે ખરું ને?"

તેમનો શબ્દેશબ્દ સાચો હતો. અને એટલે જ કદાચ, નીલિમાની જીભ બહુ મુશ્કેલીથી હલી શકી! અને મુખ ઉપર સ્મિત લજવાઈ ગયું.

યશવંતરાય પણ ગરવું હસ્યા અને કહ્યું, "મોટા ભાગે તો એવું બને છે કે જુવાન છોકરીઓ શરૂમાં પોતાના પુરુષને સંપૂર્ણ આદર્શ પુરુષ માની લે છે, અને તેની આસપાસ મનગમતા ખ્યાલોનું એક સોનેરી વાદળું રચી દે છે. પણ સમય કંઈ કોઈના માટે થંભી જતો નથી. એ વીતતો જાય છે ને એ વાદળ વીખરાવા લાગે છે, પુરુષની ક્ષતિઓ નજરે ચડવા લાગે છે, ત્યારે તે આઘાતથી બ્હાવરી બની જાય છે...ક્ષતિ વિનાનું, સાવ સંપૂર્ણ તો કોણ હોય છે?" થોડી વાર થોભીને તેમણે આગળ કહ્યું, "પણ તું તો તેમાં અપવાદ હોય એમ લાગે છે. આનંદની આસપાસ તેં એવું સોનેરી વાદળ રચ્યું લાગતું નથી. તારી દૃષ્ટિને તું સાફ રાખી શકી છે, એટલે દૃશ્ય તું સાફ જોઈ શકી છે. અને એ બધું તું આરંભના તબક્કે જ કરી શકી છે એ અજબ વાત છે! નહીંતર, આ તબક્કે તો કોઈ પોતાના સુખી ભવિષ્ય અંગે ખાતરી ન રાખી શકે."

નીલિમા તેમની સામે અચંબાભરી આંખે તાકી રહી. સાચે જ, તેનું ભાવિ એવું જ અનિશ્ચિત હતું! શું યશવંતરાય તેની અંદર જોઈ શકતા હશે? તે જરા ચમકી ગઈ પણ સ્વસ્થતા જાળવી

રાખતાં આછું હસી, અને કહ્યું :

"બાપુજી બધો સમય પથારીમાં જ રહેનાર માણસ જોઈ શકે તે કરતાં ઘણું વધારે જોઈ શકો છો તમે."

"ના રે, ના. એવું કંઈ નથી," હસી પડતાં તેમણે કહ્યું, "પણ એટલું ખરું કે મારી બુદ્ધિ હજી ખોટવાઈ ગઈ નથી!"

નીલિમાથી હસી પડાયું, યશવંતરાય પણ હસ્યા અને આગળ બોલ્યા, 'હા. કોઈકોઈ વાર હું આંખ આડા કાન કરી લઉં છું, પણ એ જુદી વાત છે. બાકી મારા આંખકાન તદ્દન સાબૂત છે. અને હું તેનો ઉપયોગ પણ કરું છું."

"જી, એ તો હું પણ જોઈ શકી છું. મને તેની ખાતરી થઈ ગઈ છે."

યશવંતરાય મનમાં કંઈક ગોઠવતા હોય એમ તેની સામે જોઈ રહ્યા, અને પછી હળવા, વિનોદી અવાજે કહ્યું, "જો એ વાત તું સ્વીકારતી હો તો હવે જે વાત હું તને કહેવાનો છું તેનાથી તું ચમકી નહિ જાય!" એક હળવું સ્મિત કરવા થોભીને તેમણે કહ્યું, "સાચું કહે, સરિતા અને તારા વચ્ચે કઈ વાતનો ઉકળાટ છે?"

નીલિમાના ગળામાંથી આશ્ચર્યનો એક ઉદ્‌ગાર નીકળી જાત પણ તેને પ્રયત્નપૂર્વક રોકી લીધો. લથડતી જીભે તેણે કહ્યું, "એવું તમે શા ઉપરથી...મેં તો તમને કશું કહ્યું નથી!"

"ના રે, ના! તેં મને કંઈ જ કહ્યું નથી. પણ તેથી તો એ જ સાબિત થાય છે કે સારમાણસાઈ અને હોશિયારી બેય ચીજો તું સરખે હિસ્સે ધરાવે છે. ચાલાકી અને સૌજન્યનો તું સરસ નમૂનો છે. તેની સામે સરિતાએ પણ મને કંઈ કહ્યું નથી. પણ તેની ચૂપકીદી વધારે બોલકણી હોય છે એ હું પહેલેથી જાણું છું. તારા

જેવી ચાલાકી કે સૌજન્ય તેનામાં નથી. તારા કરતાં તદ્દન વિપરીત નમૂનો છે એ !" થોડી વાર અટકીને તેમણે કહ્યું, "તમારી બન્નેની વચ્ચે કંઈક ભારે ખટરાગ ઊભો થયો છે. અને તેનું કારણ તારે મને કહેવાનું છે."

બે, ચાર, પાંચ પળ ઝપાટાબંધ આવતા વિચારોમાં વમળાતી તે બેસી રહી. પોતાની અને આનંદની બુદ્ધિ પર તેને હસવું આવી ગયું. આટલા જાગૃત માણસને એક નબળા નાટક વડે ખરી વાતથી અંજાણ રાખી શકાય ? કેટલી બાલિશ હતી તેમની એ માન્યતા !

બહુ કાળજીપૂર્વક તેણે શબ્દો પસંદ કર્યા, અને કહ્યું, "હું જે કારણ મને સાચું લાગે છે તે કહું, પણ તમે નારાજ તો-"

"એવી ચિંતા બિલકુલ કરીશ નહિ. કહે !"

"મારી સમજ પ્રમાણે તેનું કારણ પ્રેમભરી ઈર્ષા છે."

"હં..." કહેતાં યશવંતરાયે પોતાની હડપચી પર આંગળી વડે હળવા ટકોરા માર્યા. થોડી વાર કંઈક વિચારી રહ્યા, અને પછી બોલ્યા : "તારી વાતની મને જરા પણ નવાઈ લાગતી નથી. મારા બન્ને સંતાનોને હું સારી રીતે જાણું છું. સરિતા બહુ જલદી ઈર્ષાળુ બની જાય એ તદ્દન શકય છે, ખાસ કરીને આનંદને સંબંધ હોય એવી બાબતમાં તે વધારે શકય છે. પણ જે મને હજી સમજાતી નથી એ વાત બીજી જ છે. ગઈ કાલે તું આવી અને તારો હાથ પકડીને સરિતા તને મારી પાસે લઈ આવી ત્યારે એવું કંઈ દેખાતુ નહોતું. તને પણ યાદ હશે કે તારી સાથે તેનું વર્તન તદ્દન પોતીકું અને પ્રેમભર્યું હતું. પણ રાત્રે સૂતાં પહેલાં મને દવા આપવા આવી ત્યારે વાતમાં તારો ઉલ્લેખ કરવાનું પણ તેણે ટાળ્યું હતું !"

"ઓહ ! એમ ?" નીલિમા ગણગણી.

"તેનો અર્થ એ કે બપોર પછી રાત સુધીમાં કંઈક બની ગયું છે અને મારે એ વહેલી તકે જાણવું અગત્યનું છે."

"તમે નાહક આવી ચિંતાઓ ન કરો, બાપુજી," નીલિમાએ કહ્યું, પણ તેના મનમાં વિચારોનાં ગૂંચળાં વળતાં હતાં.

"ચિંતા કરવાનું મને કંઈ ગમતું નથી. પણ કારણ જાણું નહિ ત્યાં સુધી ચિંતા તો થવાની જ !"

"કારણ ગમે તે હોય, તેની ચિંતા કરવાની જરા પણ જરૂર નથી એટલું કહું તો નહિ ચાલે ?"

યશવંતરાયે મોં મરકાવ્યું. તેમણે કહ્યું, "બેશક, ચાલે. એવી ખાતરી તું આપે તેને સરિતા કે આનંદની ખાતરી કરતાં હું વધારે મજબૂત ગણું. તું મને સાચું જ કહેવાની. આનંદ હજી મારાથી કંઈક છૂપાવવા ઈચ્છે. સાચી વાત આઘાતજનક હોય તો મારાથી છાની રાખે–એવું માનીને કે આઘાત મારાથી સહન થઈ શકશે નહિ," જરા અટકીને મોં મરકાવતાં તેમણે ઉમેર્યું, "પણ એ તેની ભૂલ છે. જીવનમાં ભારેમાં ભારે આઘાતો ઝીલેલા છે, અને છતાં ટકી રહ્યો છું."

"તદ્દન સાચી વાત છે!" પોતાની જાતને કહેતી હોય તેમ નીલિમા બોલી, અને તેને વિચાર આવી ગયો, પોતે અને આનંદ કેવાં ભીંત ભૂલ્યાં હતાં !...પોતે તો ઠીક, આનંદને તો ખબર હોવી જોઈતી હતી કે તેના પિતાની છાતી પોલાદની હતી. નાના મોટા આઘાતો તેને છેદી શકે એ વાતમાં કંઈ દમ નહોતો...પોતે થોડી-વારમાં જ જે જોઈ શકી તે આનંદને આટલાં વર્ષેય કેમ દેખાયું નહિ હોય ?...

"બરાબર સમજી લે, સુસંગતતા અને ધીરતા એ સરિતાના સ્વભાવની ચીજો નથી. તેનાં વલણ અને વર્તન વાતે વાતે બદલાતાં રહે છે. હું એ સારી રીતે જાણું છું," જાણે મનના વિચારોને મોટેથી બોલતા હોય તેમ યશવંતરાય આગળ બોલ્યા, "પણ આ વખતે

મેં જે વિસંગતતા જોઈ તે એટલી આકસ્મિક અને મોટી હતી કે તેને માટે તે સ્વાભાવિક ગણાય નહિ ! એવું લાગતું હતું જાણે તેને મન તું કોઈ બીજી જ વ્યક્તિ બની ગઈ હો !"

નીલિમા ચમકીને ટટ્ટાર થઈ ગઈ, યશવંતરાય બોલતા અટકી ગયા અને ખોજભરી નજરે તેને જોઈ રહ્યા.

"અરે, બાપુજી ! તમે તો બહુ ઊંડા તર્ક દોડાવો છો, ખરેખર !" એટલું બોલતાંય નીલિમાને જાણે શ્વાસ ચડી ગયો.

યશવંતરાય મર્માળું હસ્યા, અને પછી બાળકની જેમ ખૂલીને હસી પડ્યા. તેમણે કહ્યું :

"ઊંડા તર્કની વાત કરીને તેં મને ડિટેક્ટિવ વાર્તાઓ યાદ કરાવી દીધી. હવે તું મને કેવી લાગે છે કહું ? વાર્તામાં છેલ્લેથી બીજા પાનામાં ડિટેક્ટિવ જેવો લાગે, એવી ! એ એવું પાનું હોય છે કે ત્યાંથી આગળનો બધો ભેદ માત્ર ડિટેક્ટિવ જ જાણતો હોય છે. અને એ ભેદ ખોલે ત્યાં સુધી વાચકે રાહ જોયે જ છૂટકો." જરા અટકીને બરાબર તેના સામે જોતાં. પોતાની છાતી પર હાથ મૂકતાં તેમણે કહ્યું. "પણ આ વાચક પાસે વધારે ધીરજ નથી. માત્ર તારી લાગણીઓ સાથે ખેલવા નથી કહેતો, ખરેખર કહું છું, મોત આવી જાય તે પહેલાં વાર્તાનો ભેદ હું જાણી લેવા માગું છું !"

"ઓહ ! ના—બાપુજી, એવું અમંગળ ન બોલો !"

'હું બહુ નિષ્ઠુર બની ગયો, ખરું ?" તેમણે કહ્યું, 'પણ એ શબ્દો તો બહુ ચવાઈ ગયેલા છે. અસંખ્ય માણસો અસંખ્ય વાર તેનો ઉપયોગ કરતા હોય છે. હકીકતમાં તે ભાષાનો માત્ર એક પ્રયોગ જ છે. પણ 'મોત' શબ્દે તારા પર એક બિહામણા સત્ય જેવી અસર કરી, નહિ ? મારા માટે એ સારું નહોતું. આઈ એમ સૉરી ! પણ સરિતા અને તારા વચ્ચે એકાએક એવડું મોટું શું

બની ગયું તે જાણ્યા વિના મને ચેન પડવાનું નથી—જાણવાનો મને હક છે."

ફરી થોડી વાર એક તોલદાર ચૂપકીદી પથરાઈ રહી. નીલિમા વિચારતી રહી, "તેમની વાત તલેતલ સાચી છે. કર્તવ્ય-અકર્તવ્યનાં ત્રાજવાં માંડવા જતાં એક છબરડો તો તેઓ વાળી ચૂક્યાં હતાં. હવે તેવો છબરડો ન વળે તોય ઘણું. તેમની વાત સાચી છે—સાચી વાત જાણવાનો હક તેમને છે. વળી આનંદે અને પોતે મૂર્ખતાપૂર્વક તેમને માની લીધા હતા તે કરતાં ઘણા વધારે બુદ્ધિમાન, વધારે મજબૂત હકીકતમાં તે છે. એ જોતાં સાચી વાત તેમને કહી દેવી એ જ—"

અને એ વિચાર પર વિચારવા જાણે તે પળ વાર અટકી ગઈ. પળ વાર પછી ગળું સહેજ ખોંખારીને તે બોલી :

"બાપુજી, પહેલાં હું એક વાત તમને પૂછું ?"

"ખુશીથી પૂછ."

"આનંદે જાતે પોતાનાં લગ્ન નક્કી કર્યાં તેથી ખરેખર તમને સંતોષ હતો ?"

એક ક્ષણ યશવંતરાયની આંખો ચમકી ઊઠી. તેઓ અપલક. નીલિમા સામે જોઈ રહ્યા. પછી બોલ્યા :

'મને સમજાતું નથી કે આવો પ્રશ્ન તારે શા માટે પૂછવો પડે છે !"

"તમારા પ્રશ્નના જવાબમાં મારે જે કહેવાનું છે તેને આ પ્રશ્ન સાથે ઘણો સંબંધ છે."

"અને તારે સત્ય જ સાંભળવું છે ? ઢાંકપિછોડા વિનાનું સત્ય ?"

"હા."

ભવાં સહેજ અદ્ધર ચડાવતાં તે બોલ્યા, "નર્યું સત્ય કઠોર હોય છે, કડવું પણ હોય છે."

"છતાં મારે સત્ય જાણવું છે!"

"તો ભલે," ધીમા અવાજે યશવંતરાયે કહ્યું. "જાણી લે કે એ લગ્નથી મને જરા પણ સંતોષ નહોતો, ઊલટી ચિંતા થતી હતી—" અને સહેજ થોભીને ઉમેર્યું. "જ્યાં સુધી તને જોઈ નહોતી ત્યાં સુધી!"

ચમકી ગયેલી નીલિમા ગૂંચવાઈ જઈને તેમની સામે જોઈ રહી.

"જો કે આનંદ તારી વાતો બહુ ઉત્સાહથી મને કહેતો હતો." યશવંતરાયે કહ્યું. "પણ કોણ જાણે કેમ. મારા ઉપર તારી છાપ કોઈ છીછરી, હૈયાહીણી સ્ત્રી તરીકેની જ પડી હતી!...માફ કરજે, મારાથી તને ઘણો અન્યાય થઈ ગયો હતો. હવે મોડું મોડું તેનું ભાન થાય છે. મારી કલ્પનામાં તું હતી એવી તું બિલકુલ નથી...કદાચ તારા પેલા પત્રમાંથી મેં ખોટી છાપ ગ્રહણ કરી લીધી હશે—"

"મારો પત્ર? ઓહ! હા, હા!"

"અથવા મને, મારી જાણબહાર બાળકની જેમ એ વાતનું માઠું લાગ્યું હોય કે વેવિશાળ પછી એક પણ વખત મારી પાસે આવવાની તેં દરકાર કરી નહિ!"

નીલિમા કંઈક બોલવા ગઈ, પણ તેને અટકાવતાં તેમણે કહ્યું, "મને નિખાલસતા ગમે છે. એટલે જેવું છે તેવું જ કહું છું. મારો અનાદર થયો એટલા માટે જ મને દુઃખ નહોતું થયું, દુઃખ એ વાતનું પણ થતું હતું કે આનંદ જેની સાથે જીવન જોડી રહ્યો હતો તેની પાસે જોઈતી ગુણસંપત્તિ નહોતી." અને પછી તરત જ

પોતાનો કાન પકડતાં ઉમેર્યું. "હવે તો હું કબૂલ કરી ચૂક્યો છું કે તારી બાબતમાં હું મોટી થાપ ખાઈ ગયો હતો, પણ—"

"પણ જો આનંદે ઓચિંતા જ તમારી પાસે આવીને કહ્યું હોત કે હવે નિરાલી સાથે તેનાં લગ્ન થઈ શકવાનાં નહોતાં. તો તમને આઘાત લાગ્યો હોત?"

"તું ઢાંકપિછોડા વિનાનું સત્ય જ જાણવા માગે છે એટલે કહું છું. ના, મને જરાય આઘાત લાગ્યો ન હોત! કદાચ, થોડો લાગ્યો હોત-આનંદના દુઃખને કારણે-તો પણ તે હું જીરવી શક્યો હોત. કારણ, મને એક આશ્વાસન પણ મળ્યું હોત કે, આનંદ લગ્ન કરીને દુઃખી થઈ જતો બચી ગયો!"

અને પછી સંતોષભર્યું હસતાં તેમણે કહ્યું, "જો કે હવે તો મને ભરપૂર આનંદ થાય છે કે મારી એ માન્યતા મારી ભૂલ સાબિત થઈ. હવે હું ઊલટો નચિંત બન્યો છું કે આનંદને સંપૂર્ણ યોગ્ય એવી વહુ મળી ગઈ છે-"

'પણ બાપુજી," તેમને વચ્ચે જ અટકાવતાં નીલિમાએ કહ્યું, "એ તદ્દન બનવાજોગ હતું કે થોડાક જ દિવસ પહેલાં તમારી પાસે આવીને આનંદે કહ્યું હોત કે નિરાલી સાથે તેનાં લગ્ન થઈ શકવાનાં નહોતાં...એવું બની જ ગયું હતું...મતલબ કે તેણે આનંદ સાથે લગ્ન કરવાની સાફ ના કહી દીધી હતી-"

યશવંતરાયના કપાળમાં કરચલીઓ પડી. તેમણે કહ્યું. "પણ હવે તો લગ્ન થઈ ગયાં છે, અને-તું અહીં સામે બેઠી છે!"

"ના, બાપુજી," વિચિત્ર રીતે માથું ધૂણાવતાં નીલિમાએ કહ્યું, "હું નિરાલી નથી. તેની માસિયાઈ બહેન છું-નીલિમા. અને-અને આનંદ સાથે મારાં લગ્ન થયાં નથી!"

"માય ગોડ!" યશવંતરાયના મોઢેથી અત્યંત આશ્ચર્યભર્યો

ઉદ્‌ગાર નીકળી ગયો. ખૂબ ઊંડાણમાં કંઈક ઉથલપાથલ ચાલી રહી હોય તેમ એક લાંબી પળ સુધી તે નીલિમાને નીરખી રહ્યા.

"હું પણ કેટલો બુદ્ધિ વિનાનો છું !" તે બોલી ઊઠયા. "આ વાત મને સમજાઈ જવી જોઈતી હતી—તરત જ !"

"ના જી, એ કોઈ ને ય તરત સમજાઈ ન હોત, બાપુજી." નીલિમાએ કહ્યું. "એ વાત જ એટલી અવાસ્તવિક હતી."

'હું એમ કહેવા માગું છું કે, મને એ તરત જ સમજાઈ જવું જોઈતું હતું કે, જેના વિષે મેં અત્યાર સુધી વાતો સાંભળી હતી એ નિરાલી તું નથી.'

"આનંદે નિરાલી વિષે સારી જ વાતો કરી હશે." નીલિમાએ કહ્યું.

"અલબત્ત !" યશવંતરાયે કહ્યું. "પણ લગ્નોત્સુક પુરુષ જે કહે તે કરતાં જે ન કહે તેનું મહત્ત્વ વધારે હોય છે !"

નિલીમા હસી પડી. હસતાં હસતાં તેણે કહ્યું, "પણ કૃપા કરીને નીરાલી વિષે બહુ ખોટા ખ્યાલો ન બાંધશો. પ્રસંગોપાત તે તોફાન જગાવી મૂકે છે, નિષ્ઠુર પણ બની જાય છે, છતાં એકંદર તે તે સારી છે. તે બાલિશ છે, અવિચારી પણ કહી શકાય, પણ તેનામાં કેટલુંક સારું પણ છે. તેને હું ઓળખું છું. મને તે ગમે છે."

"તું ઘણી ઉદારદિલ છે, નિલીમા !"

"એ તો મને ખબર નથી. પણ નીરાલી માટે મારા મનમાં કોઈ દુર્ભાવ નથી. અને તમારા મનમાં પણ તેનું સારું ચિત્ર જ ઉપસે એમ ઈચ્છું છું."

"ચોક્કસ ?"

"હું..."

"આવું જોખમી કામ માથે લેવા તું શા માટે તૈયાર થઈ નિલીમા ?"

"મને..તમારા માટે બહુ લાગી આવ્યું હતું. તમારી જિંદગીની.."

પણ વચ્ચે જ હસી પડીને, હાથ ઊંચો કરી તેને અટકાવી દેતાં યશવંતરાયે કહ્યું, "ખરેખર, અજબ ભાવનાશીલ છોકરી છે તું ! પણ મને તો તેં કદી જોયો પણ નહોતો." અને થોડીવાર ઈરાદાપૂર્વક ચૂપ રહીને પછી પૂરી ખાતરીપૂર્વક કહેતા હોય તેમ કહ્યું, "આનંદ સાથે પણ તારે એટલી જ વળગણ હોવી જોઈએ !"

નિલીમાના હોઠ પહોળા થઈ ગયા. સ્તબ્ધ થઈને તે તેમની સામે તાકી રહી—અદ્‌ભુત સુઝથી ભરેલા હતા આનંદના પિતા !

તેમને કંઇક જવાબ આપવા તે શબ્દો શોધવા લાગી. તેણે કંઈક કહેવું જોઈએ : "આનંદ તેની પ્યારી બહેનનો થનાર પતિ હતો. અને તેને એકાએક બહુ કરુણ સ્થિતિમાં મૂકાયેલો જોઈને તેને દુઃખ થઈ આવ્યું હતું, સહાનુભૂતિ થઈ આવી હતી..."

પણ તે બોલી ત્યારે જુદુ જ બોલી : "તેમને એ ખબર નથી."

"નહિ જ હોય, સ્વાભાવિક છે."

"અને તમે એ ખબર તેને પડવા પણ દેશો નહિ !"

"એ જરૂરી છે ?"

"હા, મારે માટે એ જરૂરી છે !"

"તો મારું વચન છે. હું તેને કંઈ નહિ કહું."

નિલીમાએ રાહતનો ઊંડો શ્વાસ મૂકયો, અને સ્મિત કરતાં કહ્યું. "હું અહીં આવી હતી તમારી ચિંતા દુર કરવા, પણ તમે તો ઊલટી મારી ચિંતાઓ મારા જ મોંએ બહાર કઢાવી નાખી...

મને ચિંતા મુક્ત કરી નાખી."

યશવંતરાયે સ્નેહપૂર્વક તેની સામે હસતાં કહ્યું. "તેના બદલામાં મને કેટલો આનંદ મળ્યો છે તેની તને ખબર નથી, નિલીમા. અને હવે જો હું એમ કહું કે ખરાબ રીતે વંકાઈ ગયેલી આ પરિસ્થિતિને સીધીદોર કર્યા વિના હું મરવાનો નથી, તો ચમકી ન જઈશ!"

"એટલે?" નિલીમા સાચે જ ચમકી ગઈ.

"હું બધું વિચારીને જ કહી રહ્યો છું. આ પ્રકારના ઓપરેશન પછી સાજા થઈ જવાનો ઘણો બધો આધાર દર્દીના મન ઉપર રહે છે એ સૌ જાણે છે, આનંદે મારા મન-શરીરને અત્યંત નાજુક હાલતમાં કલ્પી લીધાં છે. એટલે તે પળેપળ મારી ચિંતા કરતો રહે છે. જો કે તેમાં કોઈવાર મને મજા પણ આવે છે," અને જરા દોંગાઈભર્યું હસતાં તેમણે ઉમેર્યું, "પણ ખરેખર એવી ચિંતાની જરૂર નથી!"

કોઈ સમોવડિયા મિત્ર પાસે બેઠી હોય એવી હળવાશ અનુભવતી નિલીમા હસી રહી. હસતાં હસતાં તેણે કહ્યું, "તો પછી અમે તો નાહક અંધારામાં જ કૂટાયા શર્યાને? પહાડ જેવડો બોજો વહોરી લીધો અને પરિણામ કંઈ જ નહિ!"

"એવું નથી. પરિણામ બહુ સારું આવ્યું છે. તને હું જોઈ શક્યો, જાણી શક્યો, ઓળખી શક્યો એ શું ઓછું છે?"

નિલીમાના મનમાં આનંદની છોળ ઊડી. તે બોલી, "મને પણ એટલો બધો આનંદ થયો છે તમને મળીને, કે ન પૂછો વાત!"

"તારો એ આનંદ શાશ્વત રહે, નિલીમા."

'પણ તમારું વચન પાળજો, બાપુજી,' હાથ જોડી મસ્તક નમાવતાં તે બોલી.

"ચોક્કસ. આનંદને હું તારી વાત નહિ કહું—તું ન કહે ત્યાં સુધી."

"પણ અમારું નાટક હવે તમારી પાસે ખુલ્લું પડી ગયું છે. એ વાત તો તેમને કહેવી પડશે...શી રીતે કહેવી?"

બારણાની બહાર લોબીમાં બૂટનો અવાજ સંભળાયો. અને તે બોલી ઊઠી. "લો. એ જ આવતા લાગે છે!"

હળવી મૂંઝવણથી તે હળવું હળવું સંકોચાઈ રહી. રમુજભરી, પ્રસન્ન નજરે યશવંતરાય રૂમના બારણા સામે જોઈ રહ્યા.

"એ વાત હું જ તેને કહી દઉં છું. તું ચિંતા ન કરીશ... એકાદ નાનો આંચકો ભલે તેને પણ લાગે..." યશવંતરાય ધીમા અવાજે ગણગણ્યા ત્યારે જ રૂમનું ખાલી વાસેલું બારણું આનંદના ધક્કાથી ખૂલી ગયું.

(૧૦)

આનંદ અંદર આવ્યો.

" આવ, આનંદ," યશવંતરાયે મર્માળુ હસતાં તેની સામે જોયું અને કહયું, "હું નિલીમા સાથે તારી જ વાત કરતો હતો..."

" હેં ? નિલીમા ?" આનંદનો ચહેરો એક પળમાં જ પહેલાં સફેદ અને પછી રતૂમડો થઈ ગયો. આછા રોષભરી તેની આંખો નિલીમા તરફ કરી.

પણ તે નિલીમાને એક શબ્દ પણ કહે ત્યાર પહેલાં યશવંતરાય ફરીવાર બોલ્યા. "તેની સામે એવી રીતે જોવાની કોઈ જ જરૂર નથી, આનંદ. તેનો તેમાં કંઈ જ વાંક નથી. ઘણું ખરું તો મેં અનુમાનથી ધારી જ લીધેલું હતું." આનંદની નજર નિલીમા ઉપરથી ખસીને તેમના તરફ ફરી એટલે તેમણે આગળ કહયું. "અને તેથી મને દુ:ખ થયું છે."

આનંદે ઝડપથી પાછી નજર નિલીમા તરફ ફેરવી.

" મને દુ:ખ એ વાતનું થયું છે આનંદ, કે વાતમાં કંઈક ગરબડ છે એવી શંકા પણ મને નહિ આવે એવું તેં માની લીધું ? એટલી યે બુદ્ધિ મારામાં નથી ?"

" આઈ એમ રીયલી વેરી સોરી, પપ્પા !" કહેતો આનંદ પલંગ પર યશવંતરાયની સામે બેસી ગયો અને એક સ્મિત કર્યું,

અર્ધું મૂંઝવણભર્યું અર્ધું રાહત ભર્યું. તેણે કહયું. "તમારા વિષે અગાઉથી જે કંઈ ધારી લઈએ તે ખોટું જ પડે, એ કેવું ?"

" તેં શું એવું ધારી લીધું હતું કે, હું ચોક્કસ કાગારોળ કરી મૂકીશ ? માથું કૂટી કૂટીને બખાળા કાઢવા લાગીશ ? હેં ? મારા માટે તેના કરતાં સારી, વધારે વ્યાજબી કલ્પના તારાથી થઈ શકી નહિ ?"

" એવું બિલકુલ નહોતું, પપ્પા !" આનંદ પોતાની ભૂલનો બચાવ કરતાં બોલ્યો, "એવું હું કદી ન માની લઉં. પણ છેલ્લે છેલ્લે આ બિમારીથી ઢીલા પડી જતા મેં તમને જોયા હતા. તમારી હિંમતને ધીમે ધીમે તૂટતી જોઈ હતી. અને વધારામાં ડોક્ટરે પણ તમારા ઓપરેશન અંગે ચિંતાજનક ચેતવણીનો સૂર કાઢયો હતો. આ બધા પછી મને બીક ન લાગે તો બીજું શું થાય ?"

" એ તો ભાઈ, ઘરડા માણસને આટલી બધી બિમારી આવે એટલે થોડુંક તો એવું થાય. અને મને મારી જ ચિંતા થતી હતી એવું તેં શાથી માની લીધું હતું ?...ઓપરેશન માટે તો તારે ડોક્ટરનો નહિ, મારો અભિપ્રાય માગવો જોઈતો હતો. મારી બાબતમાં ડોક્ટર કરતાં હું વધારે જાણું છું. હું જ તને કહી દેત કે ઓપરેશનની એવી ચિંતા કરીશ નહિ !"

કોણ જાણે કેમ, નિલીમા એ સાંભળીને હસી પડી, ખૂબ હસી પડી. પળવાર આનંદ તેને એમ હસતી જોઈ રહયો, અને પછી એ પણ હસી પડયો. (બંને કદાચ, પોતાના કાલ્પનિક 'હાઉ'ને જમીન દોસ્ત થઈ ગયેલો જોઈ હસતા હતા !)

" આનંદે તેના પિતા સામે જોતાં કહયું, "હવે તો તમે બધી વાત જાણી લીધી છે. આટલું બધું ખરાબ બની ગયું હોય ત્યારે, હું શી રીતે એવું માની શકું કે એ વાતને તમે આટલી હળવી

ગણી લેશો ? મને તમારી ચિંતા થાય એ સ્વાભાવિક નહોતું ?"

"એ વાતને અત્યારે પણ હું હળવી ગણી લઉં છું એવું તને કોણે કહ્યું ?" યશવંતરાય બોલી ઊઠયા," તારા પર ઉતરેલી એ મુશ્કેલીને, તારા એવડા મોટા દુઃખને હું હળવું શી રીતે ગણી શકું ?...આ આખી વાતને હું હળવાશથી નહિ, સમજદારીથી જોવા પ્રયત્ન કરું છું. એ જ વધારે યોગ્ય રસ્તો છે."

"પણ કેટલીક બાબતો જ એવી નથી હોતી કે માણસ તેને સમજદારી કે બુદ્ધિપૂર્વક સ્વીકારી ન શકે?" આનંદે દલીલ કરી.

"હોય છે! આ પણ કદાચ, એવી જ એક બાબત બની ગઈ હોત. કદાચ, હું પણ તેને આમ સમજદારીથી સ્વીકારી શકયો ન હોત. તારી વાત ખોટી નથી." પછી સહેજ હસતાં તેમણે કહ્યું, "તમારા આ કારસ્તાન ઉપર મારાથી આમ હસી શકાય છે એનો યશ પણ તમને જ છે. તેં અને નિલીમાએ, આડકતરી રીતે પણ આ આઘાત પચાવી જવા માટે મને અગાઉથી તૈયાર કરેલો જ હતો.! તમે જે કાંઈ નક્કી કર્યું તે બાલીશ નહોતું, બુદ્ધિભર્યું હતું, ખરેખર! બાકી જો તેં ઓચિંતા જ મારી પાસે આવીને મને કહ્યું હોત કે નીરાલી તને છેહ દઇને ભાગી ગઈ છે, હવે તારું લગ્ન થઈ શકવાનું નથી, તો સાચે જ આનંદ, હું અત્યંત બેચેન બની ગયો હોત." જરાવાર થોભીને તેમણે આગળ કહ્યું, "બેચેન તો અત્યારે પણ હું થયો છું, પણ તેનું કારણ જુદું છે. તેનું કારણ તારું દુઃખ છે... પણ નિલીમાએ પરિસ્થિતિમાં અજબ તફાવત પાડી દીધો છે. તારા માટે અને મારા માટે એ આઘાતને ખૂબ હળવો બનાવી દીધો છે!"

"નિલીમા?" આનંદની આંખો નિલીમા તરફ ફરી. હોઠ સહેજ મરકયા અને તેણે કહ્યું, "ખરેખર નિલીમા, પરિસ્થિતિ તેં બહુ કુનેહથી સંભાળી છે!"

નિલીમાના મુખ ઉપર પણ સ્મિત ખીલી ગયું. જો કે એ સ્મિતને એક સામાન્ય, કોઈ વિશિષ્ટ અર્થ વિનાનું સ્મિત બનાવવા તેણે પ્રયત્ન કર્યો, પણ તેને ખબર હતી કે, હવે તો એક બીજી વ્યક્તિ પણ ત્યાં હાજર હતી, જે એ સ્મિતનો અર્થ જાણતી હતી

"મને માફ કરજો, આનંદ." આનંદ સામે સ્મિત કરતાં તેણે કહ્યું. "તમારી જે યોજનામાં ભાગીદાર બનતાં મને ખૂબ આનંદ થયો હતો એ જ યોજના મેં તમારી સંમતિ વિના જ ખૂલ્લી પાડી દીધી! એ જો મારો અપરાધ હોય તો મને માફ કરજો."

"તારે એવું માનવાની જરૂર જ નથી," યશવંતરાય વચ્ચે બોલી ઊઠયા, "કારણ કે, તેથી કોઈને કંઈ જ નુકસાન થયું નથી– જેની તમને બીક હતી તે મને પણ!"

"બરાબર છે નિલીમા, પપ્પા સાચું કહે છે" આનંદે કહ્યું અને તેની સામે સ્મિત કર્યું. નિલીમાને લાગ્યું, સાવ સામાન્ય– સ્વાભાવિક હતું એ સ્મિત. તે નિરાશ થઈ. પોતાના સ્મિતમાં છૂપાવવા છતાં છતું થઈ જતું હતું એવું કંઈ આનંદના સ્મિતમાં દેખાતું નહોતું! વિચારોએ તેના મનને ડહોળવા માંડયું-ખેર, હવે તો એવું જ બનવાનું ને? જે નાટક, જે ગુપ્તતાભર્યું કાર્ય અત્યાર સુધી તેણે આનંદની સાથીદારીમાં કરવાનું હતું તે હવે બિનજરૂરી બની ગયું હતું...એટલે પોતે પણ બિનજરૂરી બની ગઈ હતી. હવે શી જરૂર હતી તેની? શું મહત્ત્વ હતું તેનું?

અને પળભરમાં તો તેનું મન અકળામણથી એટલું ભરાઈ ગયું કે લગભગ ઊભી થઈ જતાં તે બોલી ગઈ, "તો પછી-તમે બેસો હવે...અને હું જઉં! મારે હજી તૈયારી કરવાની છે."

"તૈયારી?" યશવંતરાય વિસ્મયપૂર્વક બોલી ઊઠયા, 'શાની તૈયારી, નિલીમાં?"

"જવાની," ધીમા, નબળા અવાજે તેણે કહ્યું, 'હવે અહીં મારી જરૂર રહેતી નથી, મારું કામ હવે પૂરું થઈ ગયું છે એટલે હું મારા ઘેર–"

"એવું-કેમ લાગે છે તને, નિલીમા," આનંદ એકદમ બોલી ઊઠ્યો, "કે અમારે તારી જરૂર નથી? અમે તને જવા દેવા માગતા નથી. તારે શા ઉતાવળ છે જવાની?"

એક પળ, દિલના એક ભારે ધબકારા જેટલી વાર, નિલીમાને તીવ્ર ઇચ્છા થઈ આવી એ પૂછી લેવાની કે પોતે અહીંથી ન જાય એમ તે 'પોતે' ઇચ્છતો હતો? ખરેખર તે એમ ઇચ્છતો હતો? અને એમ ઇચ્છવા માટે તેને "પોતાને" કયું કારણ હતું? પણ એમ પૂછવું કેવળ અશક્ય હતું. તે પૂછી ન શકી. તે માત્ર ચહેરા ઉપર બળજબરીથી એક સ્મિત લાવી શકી, અને બોલી શકી:

"જો તમે મને રોકવા માગતા હો, અને અહીં રહીને હું તમને ઉપયોગી થઈ શકતી હોઉં, તો ખુશીથી, હું હજી થોડા દિવસ રોકાઈશ. બાપુજીને નર્સિંગ હોમમાં દાખલ કરાય ત્યાં સુધી રોકાઈશ."

"તો એ હવે નક્કી!" આનંદે મહોર મારી.

પછી તે કંઈક વાત કરવા યશવંતરાય તરફ ફર્યો. અને નિલીમા ધીમા પગલે ત્યાંથી નીકળી ગઈ.

ધીમા અને હળવાશભર્યાં પગલાં માંડતી તે રૂમમાંથી બહાર નીકળી. બહારનો વિશાળ રૂમ ઓળંગી, સીડી ચડીને પોતાના રૂમમાં આવી. પાછળની બારીમાંથી આવતો સૂર્યનો પ્રકાશ અર્ધા રૂમને ભરી દેતો હતો. તે બારી પાસે ગઈ. આનંદના ઘરનો નાનકડો બગીચો ઝાંખા પ્રકાશમાં નહાતો હતો.

વિચારો ધીમે ધીમે મનમાં સળવળવા લાગ્યા. "ઓહ! કેવું ધાર્યું 'તું અને કેવું બની ગયું બધું? આટલા થોડાક જ કલાકોમાં

કેવા કેવા રંગો દેખાઈ ગયા? ને કેવા ઝડપથી બદલાતા રહ્યા એ રંગો? એક જ કલાક પહેલાં તેની સ્થિતિ અસ્થિર હતી, અનિશ્ચિત હતી, બ્હાવરી હતી. આસપાસમાં બોલાતા એક એક શબ્દને તેણે તોળી જોવો પડતો હતો, ફફડી જવું પડતું હતું એક એક શબ્દ પર. પોતાના તરફ ફેંકાતી એક એક નજરનો અર્થ કરવા બેસવું પડતું હતું. અને ડરી જવું પડતું હતું એવી એક એક નજરથી...અને એક જ કલાક પછી, હવે? ઓહ! આખી સ્થિતિ પાયામાંથી જ કેવી બદલાઈ ગઈ! હવે તે અહીં કોઈ જ મહોરું પહેરીને રહેવાની નહોતી-કોઈ બીજી જ વ્યક્તિ તરીકે રહેવાની નહોતી...હવે તે આ ઘરની એક મહત્ત્વની મહેમાન હતી, પોતે ખરેખર જે હતી તે–નિલીમા તરીકે જ સ્વીકારાઈ હતી, નિલીમા તરીકે જ તે ખુદ યશવંતરાયને પણ ગમી હતી. તેમના અને આનંદના આગ્રહથી હવે નિલીમા તરીકે જ અહીં રહેવાની હતી..."

પણ, કેવું અટપટું હોય છે માનવીનું મન! અને તેમાંય પ્રેમમાં પડેલા માનવીનું મન તો તોબા, તોબા! એકાએક બનેલા ચમત્કારની જેમ પરિસ્થિતિ જ્યારે સવળી થઈ ગઈ ત્યારે તેનું મન તેમાંથીય અસંતોષના પોરા શોધવા માંડ્યું હતું. ગમે તેમ કહો, જૂની પરિસ્થિતિ ભલે જોખમોથી ભરેલી હતી, અનિશ્ચિતતાઓથી ભરપૂર હતી છતાં તેમાં પોતે વધારે સુખી હતી. તેમાં જે સાહસ હતું તે ક્યાં છે હવે? તેમાં ગુપ્તતા હતી, એક અત્યંત ભારે રહસ્ય હતું જેમાં આનંદ અને પોતે એ જ ભાગીદાર હતા. ત્રીજા કોઈને તેમાં આટલો સરખોયે પ્રવેશ નહોતો...હવે એવું ક્યાં હતું? સાહસ અને જોખમમાં આનંદ સાથે ભાગીદારીની એ અદ્ભુત મજા હવે ક્યાં હતી?...

"અરે, કેવા બેવકૂફીભર્યા વિચારો કરી રહી છું હું!" મનને તેણે વાર્યું "હકીકતે, હું તેની શું છું?...કંઈ જ નહિ...તો પછી શા માટે આવે છે આવા વિચારો?..."

વિચારોથી ત્રાસીને તે બારીએથી ખસી ગઈ. ઓરડામાંથી બહાર નીકળી, સીડી ઊતરીને નીચે આવી. બગીચામાં જવા માટે તેણે ઘરનો દરવાજો ખોલ્યો. સામે જ ગોળ ઓટલા પર બેસીને સરિતા વટાણાની સીંગો ફોલી રહી હતી. તેના નીચે નમાવી રાખેલા ચહેરા પર ઉગ્રતાની તંગ છાપ હજી લાગેલી હતી. નિલીમાને લાગ્યું તેનો રોષ અને ઉશ્કેરાટ હજી એવા ને એવા જ હતા.

ગુસ્સામાં માથું ખૂબ નીચું નમાવીને તે એટલા જોરથી સીંગો ફોલી રહી હતી કે વટાણા તેની આંગળીઓ વચ્ચે છુંદાઈ જતા હતા. ઘરનું બારણું ખૂલવાનો અવાજ થયો. છતાં તેણે ઊંચું ન જોયું, જાણે દુનિયાની કોઈ ચીજ સામે તે જોવા જ માગતી ન હોય!

નિલીમાને તેની પાસે જવાની ઇચ્છા થઈ, પણ તેના છણકાના ડરે તે ખચકાઈ ગઈ. એકાદ પળ ત્યાં જ ઊભી રહીને તેણે તેને જોયા કરી અને પછી મનમાં કંઈક નક્કી કરીને તેના તરફ ચાલી.

ઓટલા પાસે પહોંચીને તેણે સરિતા સામે જોયું. 'સરુબહેન!' તેણે તેને બોલાવી.

પણ સરિતાનું નમેલું માથું જરા વધારે નમ્યું અને ઊલટી દિશામાં ફર્યું.

નિલીમા તેની પાસે બેસી ગઈ, અને સીંગો ફોલવા લાગી. તેણે કહ્યું, 'સરુબહેન, હવે બાપુજીએ પણ સાચી વાત જાણી લીધી છે.. અને આપણને ડર હતો એવું કંઈ તેમને થયું નથી!"

સરિતાના હાથ થંભી ગયા. પણ તેણે ઊંચું ન જોયું.

'બાપુજીને એ કોણે કહ્યું?" માથું નીચું રાખીને તેણે પૂછ્યું, નિલીમાને લાગ્યું, અવાજ તેના નાકમાંથી આવતો હતો.

"મેં જ કહ્યું."

'શા માટે કહ્યું? હું તેમને બધું કહી દઈશ એવી બીક લાગી?...પણ હું કહેવાની નહોતી. આનંદને તેની ખાતરી છે. એક વાર હું વચન આપું પછી એ પાળી બતાવું છું. આનંદ એ જાણે છે...".

"હા, હા, મને પણ એ ખબર છે, સરુબહેન," સમાધાનના સૂરમાં નિલીમાએ કહ્યું, "મને પણ તમારી આટલી ખાતરી હોય ત્યારે આનંદને તો હોય જ ને? તમે વાત બહાર પાડી દેશો એવી તો કલ્પના પણ તે ન કરે, પણ આમાં તો બાપુજીને પોતાને જ કોઈક રીતે કંઈક શંકા આવી ગઈ હતી." (એ શંકા તેમને સરિતાની જ વિચિત્ર વર્તણૂકને લીધે આવી હતી એ નિલીમાએ તેને ન કહ્યું.)

સરિતાએ હવે તેની સામે જોયું.

નિલીમાએ કહ્યું, "તેનું એક કારણ એ હતું કે 'મારા વિષે-એટલે કે નિરાલી વિષે તેમણે કલ્પેલા ચિત્રમાં હું બંધ બેસતી આવતી ન હોતી. એટલે તેમણે મને કેટલીક સ્પષ્ટ વાતો પૂછી લીધી. મેં જોયું કે, તેઓ એટલા સ્વસ્થચિત્તે આખી વાતને સ્વીકારી રહ્યા હતા કે, વાતને તેમનાથી છૂપી રાખવાનો કોઈ અર્થ જ રહેતો નહોતો... એ નાટક જ પછી હાસ્યાસ્પદ બની જતું હતું, એટલે મેં જ તેમને સાચી વાત કહી દીધી."

"એ કામ તમારે પહેલાં જ કરવું જોઈતું હતું" સરિતાએ કહ્યું. તેના અવાજમાં હજી વિરોધનો જ રણકો હતો, "પહેલેથી જ તેમને સાચી વાત કહી દીધી હોત તો વધારે સારું હતું."

"તમારી વાત પણ સાચી છે." નિલીમાએ વગર વિરોધે આગળ કહ્યું, "પણ એ વાત તેમને પહેલેથી જ ન કહી દીધી તેથી જ લાભ થયો છે. બાપુજીએ પોતે જ કહ્યું કે, વાત અત્યાર સુધી તેમનાથી છૂપાવી રાખી તેથી જ તેઓ આઘાત જીરવવા માટે તૈયાર થઈ શક્યા ...અને સરુબહેન, તમે પણ જાણો છો કે વાત છૂપાવવા પાછળ પણ

અમારો ઈરાદો તો શુભ જ હતો…"

સરિતાએ તેમાં સંમતિનો શબ્દ ન કાઢ્યો. તે ચૂપ રહી. ચૂપચાપ થોડીવાર તેની સામે જોતી રહી અને પછી નીચું જોઈને સીંગો ફોલવા લાગી. નિલીમા એ બધું જોતી બેસી રહી.

થોડી વારે સરિતાએ નજર નીચી રાખીને જ પૂછ્યું, "હવે અહીં તમે ક્યાં સુધી રહેવાના છો !"

"બાપુજીને નર્સિંગ હોમમાં દાખલ કરાય ત્યાં સુધી. થોડા દિવસ વધારે," સરિતાની વિનાકારણની શત્રુતાથી તે, પ્રયત્ન છતાંય, કંપી ગઈ હતી. તેણે કહ્યું, "તેમણે મને ત્યાં સુધી રોકાવાનું કહ્યું છે."

"તેમણે એટલે ? બાપુજીએ ?"

"હા."

"અને આનંદે ?

"તેમણે પણ એમ જ કહ્યું."

"વધારે રોકાવાનું ?

"હા, તેમને હજી મારી જરૂર લાગે છે, એટલે હું રોકાઉં એવી તેમની ઇચ્છા છે."

સરિતા હોઠ મરડીને હોઠમાં હસી, અને સીંગો બધી ફોલાઈ ગઈ હતી એટલે વટાણાની થાળી હાથમાં લઈને સડસડાટ ઘરમાં ચાલી ગઈ.

નિલીમા તેની અક્કડ પીઠને તાકી રહી. તેને લાગ્યું, બીજી બધી રીતે પરિસ્થિતિ હવે ખૂબ સારી બની ગઈ હોવા છતાં સરિતા હજી એક એવી દિશા હતી જ્યાંથી માંત્ર ઝંઝાવાતો જ ફૂંકાયા કરવાના.

પણ તેની બાબતમાં તે કંઈ કરી શકે તેમ નહોતી. ઈરાદાપૂર્વકની નાસમજદારી જીતી શકાતી નથી. સરિતામાં સુધારો કરવો તે અશક્ય હતું. હવે તો તે ખાસ અશક્ય બની જતું હતું, કારણ જે છલના

સામે તેને વિરોધ હતો એ છલનાનો, તેની જ જાણ બહાર, ઓચિંતો અંત આવી ગયો હતો. વિરોધ કરવા જેવી એક માત્ર ચીજ હવે તેના હાથમાંથી નીકળી ગઈ હતી !

સરિતાની અકારણ દુશ્મની નિલીમાને ખૂબ અકળાવી ગઈ હતી. એ દુશ્મની દૂર થાય, ઓછી પણ થાય, એવા ચિહ્નો હજી સુધી દેખાતાં નહોતા. ઊલટી તેની ચાલ પણ વધારે અકડાઈ ગઈ હતી. નિલીમાએ, જાણે સરિતા તરફની બધી આશા મૂકી દેતી હોય તેમ, એક ઊંડો શ્વાસ મૂક્યો. પણ પછીના દિવસોમાં સરિતાની એ નઠોરતા તેને માટે છૂપો આશીર્વાદ બનવા લાગી. તેની મનહૂસ અવળચંડાઈ આનંદની નજરે ચડ્યા વિના ન રહી. પરિણામે, નિલીમાને વગર વાંકે થઈ રહેલા એ અન્યાયનો અનેક ગણો બદલો વાળતો હોય તેમ તે નિલીમા તરફ, તેની અગવડ-સગવડ તરફ, તેના મૂડ તરફ, વધુ ને વધુ ધ્યાન આપતો ગયો. તેની વધુને વધુ ફિકર કરતો ગયો. નિલીમાને તે ગમતું અને મનોમન તે ખૂબ ખુશ રહેતી. નસીબનો પાડ માનતી કે સરિતા સામે પાટલે બેઠી, નહીંતર આનંદ પળેપળે તેની આટલી ખેવના ક્યાંથી રાખતો હોત ? જે થયું તે સારા માટે થયું-આનંદ તેની જાતે જ નિકટ આવતો ગયો, વધુ આત્મીય બનતો ગયો.

ડૉક્ટરે કહી દીધું હતું કે યશવંતરાયને હવેના દિવસોમાં સંપૂર્ણ આરામ મળવો અત્યંત જરૂરી હતો. ખાસ કારણ સિવાય કોઈએ તેમને મળવું નહિ, અને મળે તો તેમના મન પર બોજો બને એવી વાતો કરવી નહિ. હવેના દિવસોમાં તેમને માત્ર આરામ આપવાનો હતો. હવેના દિવસો અગત્યના હતા એટલે સાચવી લેવાના હતા.

હવે ઘરના માણસો તેમની પાસે બહુ બેસી શકતા નહોતા એટલે પહેલાં કરતાં વધારે નવરા પડતા. હવે ત્રણે જણાને ઘરમાં માત્ર એક-બીજાની સોબતનો જ વિશેષ આધાર રહેતો. સરિતા જક્કી હતી.

એકલી રહી શકતી હતી. પણ આનંદથી તેમ થઈ શકતું નહોતું. તેને માટે ઘરમાં એક નિલીમા જ હતી જેની સોબત સાંપડી શકે. અને નીલિમા પણ આનંદની એ નિકટતાના અમીઘૂંટડા આકંઠ પી લેતી.

છતાં કોઈ પળે મનમાં એક મનહૂસ વિચાર ઝબકી જતો-આ બધું...આ સુખ પણ સમણા જેવું જ ને? સંજોગના તકાદાએ સર્જેલી આ સુખની વીરડી સંજોગો પલટાતાં પાછી સૂકાઈ જ જવાની ને? એક આખું નાટક એક જ દૃશ્યમાં ખતમ થઈ ગયું; આ પણ કેટલો વખત?

સપના જેવા એ સુખને ય છિન્નભિન્ન કરી નાખતો એક બિહામણો ઓથાર મન પર છવાઈ જતો પણ એક જ પળ. બીજી પળે તે ઊડી જતો. કારણ, આનંદ તેને શોધતો તેની પાસે આવી ચડતો, તેની સાથે એટલી બધી વાતો કરતો જાણે ત્યાંથી ઊઠવાની તેને ઈચ્છા જ ન હોય...નિલીમાની બધી ઉદાસી નાસી છૂટતી.

રવિવાર આવ્યો. ડૉકટર પાસે ગયેલો આનંદ સાંજે પાછો આવ્યો, અને તરત જ નિલીમા પાસે બેસી ગયો. તેનું અને નિલીમાનું પણ, મન સહેજ ઊંચું થઈ ગયું હતું. એવું થવાનું આમ તો કોઈ કારણ નહોતું પણ બીજે દિવસે સોમવારે યશવંતરાયને ઑપરેશન માટે નર્સિંગ હોમમાં લઈ જવાના હતા. ડૉકટરે ચિંતા ન કરવાનું, ફરી ફરીને કહ્યું હતું. એવી ચિંતા તેઓ કરતા પણ નહોતા, પણ યશવંત-રાયને ઑપરેશન માટે લઈ જવાનો સમય નજીક આવી રહ્યો હતો, અને તેમનાં મન અકારણ ઉચાટ અનુભવી રહ્યાં હતાં.

મજાની વાત એ હતી કે પોતાને કંઈક ઉચાટ થાય છે એ દેખાઈ ન જાય તેના ઉચાટમાં બન્ને બહુ સભાન રહીને બીજી જ વાતો છેડી રહ્યા હતા.

"નિલીમા," આનંદે કહ્યું, "તું અહીં રોકાઈ ગઈ એ કેટલું

સારું કર્યું, ખબર છે તને? તું ન હોત તો મારા આ દિવસો કેવા વીત્યા હોત તેનો વિચાર કરતાંય બીક લાગે છે!"

નિલીમાના હૃદયમાં ધેરા ધેરા આનંદની જે ફૂલગુલાબી ધાર ઊઠી તેનો રંગ ચહેરા ઉપર ન દેખાઈ જાય તેની તેણે તકેદારી રાખવી પડી. ઝબોઝબ ઊભાં થઈ ગયેલાં રૂંવાડા બદનની ઝણઝણાટીની ચાડી ન ખાઈ જાય એ માટે મથવું પડયું. ભીનો અવાજ શબ્દો કરતાં ય વધુ કંઈ બોલી ન જાય તેની સાવચેતી રાખતાં તેણે કહ્યું.

"તમને ઉપયોગી થવાયું તેનો મને બહુ સંતોષ છે." તેને બીજો એ પણ સંતોષ થયો કે પોતાના અવાજને તે વશ રાખી શકી હતી.

જવાબમાં આનંદે જે ભાવ નીતરતી નજર તેના પર માંડી, જે હલકું હલકું સ્મિત કર્યું તે ખૂદ એક કમાલ હતી. સરિતાની અવળ-ચંડાઈ, મિસ્ટર બલિયાની ગર્ભિત ધમકી, માસીનો નફરતભર્યો ઠપકો—કોઈ ચીજ હવે વિસાતમાં નહોતી. પણ તેનું પોતાનું મન પણ કયાં ઓછું અવળચંડુ હતું? મનમાં ખરેખર હોય એ દાટી રાખવું અને બીજું જ કંઈ બોલવું એને બીજું શું કહેવાય?

તેણે કહ્યું, "બાપુજીનું ઑપરેશન થઈ જાય એટલે તરત જ મને સમાચાર આપજો. આપશો ને?

"કેમ?" આનંદ બોલી ઊઠયો, "ત્યાં સુધી તું અહીં રોકાવાની નથી? હું એમ માનતો હતો કે..."

"હું રોકાઈ જ હોત, આનંદ. મને રોકાવું ગમે જ. પણ હું રોકાઈ શકું તેમ નથી." તેણે કહ્યું. મક્કમતાના રણકા સહિત એ વાત તે કહી શકી કારણ, તેના મનમાં બીજું જ એક ચિત્ર ઊપસી રહયું હતું. યશવંતરાયને નર્સિંગ હોમમાં લઈ જવાય તે પછીનું ચિત્ર. પછી તો આનંદ બહુ ઓછો સમય ઘરમાં રહી શકશે. મોટાભાગે તે ઘરની બહાર હશે. આનંદ વિનાના, એકલી સરિતાવાળા ઘરમાં રહેવું

તેને માટે અત્યંત દુષ્કર બની જાય. તેનાથી એમ રહી ન શકાય.

"હું તો તને હજી એકાદ અઠવાડિયું રોકાવાનું કહેવાનો હતો." આનંદે ફરી વાર કહ્યું, "રોકાઈ જાને શું વાંધો છે?"

"પ્લીઝ, આનંદ," નિલીમાએ મીઠું સ્મિત કરતાં કહ્યું, "મારી મુશ્કેલી સમજો. મેં નોકરીમાં બહુ, લાંબી રજા ભોગવી નાખી છે. હવે મારે જવું જોઈએ. વળી મારા ઘરડા ફૈબાને પણ બહુ તકલીફ પડતી હશે."

"તો ભલે," આનંદે આગ્રહ છોડી દેતાં કહ્યું, "તને મુશ્કેલી ભોગવીને અહીં રોકાવાનું નહિ કહું." અને ખિસ્સાં ફંફોળીને નાનકડી ડાયરી બહાર કાઢતાં પૂછ્યું, "તારી સાથે વાત કરવા કોઈ ફોન નંબર?"

"હા, અમારી બાજુની રૂમમાં જ છે."

નિલીમાએ કહ્યો તે નંબર ડાયરીમાં નોંધીને ખિસ્સામાં મૂકતાં તેણે કહ્યું, "બસ, હવે હું ગમે ત્યારે તારી સાથે વાત કરી શકીશ."

નિલીમા એ શબ્દોને મનમાં મમળાવતી રહી. આનંદે આગળ કહ્યું, "આવતી કાલ રાત સુધી તો પપ્પાના કોઈ સમાચાર નહિ હોય. ઓપરેશન પરમ દિવસે થવાનું છે."

"તો પછી પરમ દિવસે સાંજે ફોન ચોક્કસ કરજો, હું! કે ભૂલી જશો?"

"બિલકુલ નહિ," હસતાં હસતાં આનંદે કહ્યું, "શી રીતે ભૂલી જઉં?" નિલીમા પણ તેની સામે જોતી હસી રહી, પછી બોલી.

"તો–કાલે હું જઈશ."

"હા ભલે," કહેતો આનંદ ઊભો થયો, અને યશવંતરાયના રૂમ તરફ ગયો.

નિલીમા ઊંચકાઈને પોતાના ઘેર પહોંચી ગઈ—જૂના ઘરના એ પરિચિત રૂમમાં જ્યાંથી દોઢ મહિના પહેલાં તે નીકળી હતી. અને એ દોઢ મહિનામાં એક નવા, અદ્ભુત અનુભવની આરપાર નીકળી હતી.

બાજુના ઘરના એવા જ પરિચિત રૂમમાં ટેલિફોનની ઘંટડી રણકી ઊઠે છે, નિલીમા માટે રણકી ઊઠે છે. તે દોડી જાય છે. રિસીવર ઊંચકે છે, આનંદનો અવાજ તેના કાનમાં, તેના મનમાં ગૂંજી રહે છે, "હલ્લો, નિલીમા !"

ઓહ ! આનંદ હવે તેની જ સાથે વાત કરી રહ્યો છે, તેનું જ કામ છે આનંદને. હવે તે નિશાલીની બહેન નથી. તે કોઈનો પડછાયો નથી. તે નિલીમા છે. એક મહત્ત્વની વ્યક્તિ છે આનંદને મન. એ 'વ્યક્તિ' સાથે વાત કરી રહ્યો છે જેણે તેની નિરાશા અને ચિંતાઓમાં તેની સાથે ખભેખભો મિલાવ્યો હતો...

ઘડીભર, અજબ, અદ્ભુત લાગણીઓ મનમાં ધમાચકડી મચાવી રહી. મન જૂના ઘેર પાછા ફરવા થનગની રહ્યું.

પણ જૂના ઘેર પહોંચીને તેણે ઘણી જૂની બાબતો નવેસરથી હાથ ધરવી પડશે. ખાસ્સું દોઢ મહિનાનું વેકેશન ભોગવી ચૂકી હતી તે. એ ગાળાએ ઘણું બદલી નાખ્યું હતું. ઘણું નવું સર્જી નાખ્યું હતું. જૂનું ભૂંસી નાખ્યું હતું. નવી અનિશ્ચિતતાઓ ઊભી કરી હતી; જૂની નિશ્ચિતતાઓને અસ્થિર કરી નાખી હતી.

નોકરીની બાબત સૌથી પહેલી હાથ ધરવી પડશે. મિસ્ટર બલિયા છેક સુધી અકળ રહ્યા હતા. તેમણે તેને માટે શું રાંધી રાખ્યું છે તેની તપાસ કરવી પડશે. નોકરી સલામત રહી હશે ? તો ભગવાનનો પાડ. પણ છિનવાઈ ગઈ હશે તો ?...

તેનું મન અણગમાથી ભરાવા લાગ્યું. છાતીમાં ડૂમો બાઝવા લાગ્યો. દોઢ દોઢ મહિના સુધી તે એક અજબ, નિરાળું જીવન જીવી

ગઈ હતી. ભલે એ જીવન કેવળ ભાવનામય હતું, ઊર્મિમય હતું, પણ એટલું ભાવી ગયું હતું કે તેમાંથી જૂના ઘેર જૂના જીવનમાં પાછા જવાની મન ના પાડવા લાગ્યું.

પણ મનનું ક્યાં ઠેકાણું રહ્યું'તું ? પાછા તો જવાનું હતું. આનંદ સાથે એ નક્કી પણ થઈ ગયું હતું. ભલે અણગમતી પણ વાસ્તવિકતા ખૂદ જીવનનો એક અવિભાજ્ય હિસ્સો હતી. એ જ સનાતન હતી. વચ્ચેનાં રોમાંચક, ભાવસભર મધ્યાંતરો માણી લીધા, જીવી લીધા તેમ વાસ્તવિકતાય જીવી લેવાની હતી...આંખો મીંચી દેવાથી તેને મીટાવી ન શકાય.

બીજા દિવસે બપોર પછી યશવંતરાયને નર્સિંગ હોમમાં લઈ જવાયા. તે પહેલાં તેમણે નીલિમાને પોતાની પાસે બોલાવીને ઘણી વાર સુધી વાતો કરી. નીલિમાને તેથી ખૂબ સંતોષ થયો. અને જ્યારે યશવંતરાયે તેને કહ્યું, " એક વાર આ ઓપરેશનની લપમાંથી છૂટું એટલે તને બોલાવીશ. તું જરૂર આવજે. તારી સાથે વાતો કરવી છે." ત્યારે તેનું મન સાવ અજાણ્યા ભાવોથી ઊભરાઈ ગયું. અને તે પોતાના ભવિષ્યની વધારે ચિંતા કરવા લાગી. કાર તેમને લઈને ગઈ ત્યારે તે મનોમન બોલી ઊઠી :

" તેમની એ ઈચ્છા પૂરી કરજે, ભગવાન ! "

સરિતા કારમાં જ યશવંતરાયની સાથે ગઈ હતી. સહેજ ઢીલો પડેલો આનંદ નીલિમાને વિદાય આપવા પાછળ રોકાયો હતો.

રસ્તા પર ટૅક્સીની રાહ જોતાં તેણે કહ્યું.

" તું કહે તો છેક ઘર સુધી મૂકી જાઉં ! "

" નારે ના, એવી કંઈ જરૂર નથી." નીલિમાએ કહ્યું, " તમે વહેલાં તકે નર્સિંગ હોમમાં પહોંચી જાવ. હું મુંબઈથી અજાણી નથી. ઘેર પહોંચી જઈશ, અત્યારે બાપુજીને તમારી વધારે જરૂર છે, અને

સરુબેન પણ ઘેર આવ્યા પછી એકલાં પડી જાય. તમે ત્યાં પહોંચી જાવ. મારી ચિંતા ન કરશો."

થોડીક ટેકરીઓ પસાર થઈ ગઈ, પણ ખાલી નહોતી એટલે થોડી વાર તેઓ ચૂપચાપ ઊભા રહ્યા.

થોડી વારે આનંદે કહ્યું. "મારે ખાતર તેં કેટલું બધું કર્યું, નીલિમા! તારો આભાર કેમ માનવો એ જ સમજાતું નથી."

"સમજવાની કાંઈ જરૂર પણ નથી. આપણે ભલે ઘણું બધું કર્યું, પણ સરવાળે તેનું શું થયું? આપણે તેને ચોવીસ કલાક પણ ઊભું રાખી શક્યા નહિ. જોતજોતામાં પડી ભાંગ્યું, ખરું ને?"

"એ જુદી વાત છે. નીલિમા. અને જેટલો સમય તે ચાલુ રાખવાની જરૂર રહે ત્યાં સુધી મારી પડખે રહીને બધું જ કરી છૂટવા તું તૈયાર હતી એ પણ જુદી વાત છે...અને એ માગણી મેં તારી પાસે મૂકી ત્યારે તો મને ભાન જ નહોતું કે તારી પાસેથી હું કેટલું બધું માગી રહ્યો છું!...નિરાલીની જંગાલિયતે મને એટલો બધો......

"એને તો હવે યાદ કરવાની પણ જરૂર નથી, આનંદ!" તેના હાથ પર પોતાનો હાથ મૂકી દેતાં વચ્ચે જ તેણે કહ્યું, "મેં હમણાં જ કહ્યું ને? કશું બાહુ ટક્યું નથી."

"ખેર!" મોં મલકાવતાં આનંદે કહ્યું. "છતાં હું કદી તારો પૂરો આભાર માની નહિ શકું!"

નીલિમાની છાતીમાં ઉમળકા જેવું કંઈક અંદર ચડયું. એક ખાલી ટેકરીને આનંદના ઈશારાથી ધાગી પડી ને તેમના તરફ આવતી તેણે જોઈ–મનમાં એક ઈચ્છા માછલીની જેમ છટપટી ઊઠી, આ પળ–આ એક જ પળ સદાય ચાલુ રહે! કદીય પૂરી ન થાય!......"

આનંદની સામે જોતાં તેણે કહ્યું, "જે કંઈ બન્યું તેમાંથી મને સુખ જ મળ્યું છે, એટલે મેં જે કર્યું તેના વિષે બહુ અતિશયોક્તિ ભર્યા વિચારો ન કરશો, પ્લીઝ!"

ટેક્સી ઊભી રહી. અને ડ્રાઈવરે નીચે ઉતરી ડેક્કી ખોલી, નીલિમાની બેગ ડ્રાઈવરના હાથમાં આપતાં આનંદે પૂછ્યું. "હવે ક્યારે મળીશ?"

નીલિમાને વિચાર આવી ગયો : પોતે થોડોક વિચાર કરીને પાછો જવાબ આપે છે એવો દેખાવ કરવા જેટલો સમય રહ્યો હોત તો કેવું સારું હતું?

ફરી વાર મળવાનો વિચાર તેને જ આવ્યો. અને પોતે તો ફક્ત તે સ્વીકાર્યો એવું દેખાડવા જેટલો સમય રહ્યો હોત તો કેવું સારું હતું?"

પણ સમય રહ્યો નહોતો. તે ટેક્સીમાં બેસી ગઈ હતી, ડ્રાઈવરે એન્જિન સ્ટાર્ટ કરી દીધું હતું. ટેક્સી ખસવા લાગી હતી

ઉતાવળથી તેણે કહ્યું, "પરમ દિવસે તમે ફોન કરશો ત્યારે નક્કી કરીશું. ફરી જરૂર મળીશું–ગુડબાય!"

"ગુડબાય!" હાથ ઊંચો કરતાં આનંદે કહ્યું, "એન્ડ થેંક્યુ વેરી મચ ફોર એવરીથિંગ!"

ટેક્સી ચાલવા લાગી હતી. નીલિમાને થયું કે બારીમાંથી માથું બહાર કાઢીને જોઈ શકાય ત્યાં સુધી આનંદ તરફ જોયા કરે...પણ એ વધારે પડતું ગણાય! તેણે તેની સામે હાથ હલાવ્યો અને સીટના ખૂણામાં દબાઈને બેસી ગઈ. છેલ્લી વાર તેનો આભાર માનતી વખતે આનંદ કેવો લાગતો હતો? આંખો બંધ કરીને તે યાદ કરવા લાગી.

હવે તે આનંદને ફરીવાર મળશે. આનંદની જ એ ઇચ્છા હતી.

ફરીવાર મળવું એ જાણે ભાવિનું એક આવશ્યક અંગ બની ગયું હતું.

ટેક્સી થંભી પછીને તેના માળા પાસે ઊભી રહી અને નીલિમા જૂના ઘેર પહોંચી ગઈ. સાંજ પડવા લાગી હતી. ટેક્સીના પૈસા ચૂકવીને તેણે પોતાના માળા સામે જોયું. મનમાં પેલી સુખભરી, તૃપ્તિભરી શાંતિ અકબંધ હતી. બેગ ઉપાડતાં તેણે વિચાર્યું, "ફૈબાને તો ખબર નથી કે હું અત્યારે આવવાની છું. પણ સાંજ ઢળી હવે પડે છે. રસોઈમાં હું મદદ કરી શકાય..." ...પણ કોણ જાણે કેમ શરીરમાં એવી મનગમતી સુસ્તી ભરાઈ રહી હતી કે ઘરમાં કામ કરવા કરતાં આરામ ખુરશીમાં મૂકી રહેવાનું. આંખો મીંચીને વિચાર્યા કરવાનું વધારે મન થતું હતું.

બીજે માળે આવેલા તેના કમલ રૂમના ઘરે જવા તેણે દાદરો ચડવાનું શરૂ કર્યું. અને તેને વિચાર આવ્યો, "ઓહ! કેવી અદ્ભુત જગ્યા છે ઘર! ઘર એટલે ઘર! ....એક વાર આનંદને આ ઘરમાં બોલાવીશ....બન્ને સાથે જમીશું...."

અને એ વિચાર મનને ખૂબ ભાવી ગયો હોય તેમ મુખ ઉપર એક મજાનું સ્મિત ખીલી ગયું.

બીજો દાદરો ચડવા જતાં જ ઘરડાં ફૈબા હાથમાં તપેલી લઈને સામેથી દાદરો ઊતરતાં દેખાયાં તેને જોઈને તેમનું બોખું મોં મરકી ઊઠ્યું. તે ઊભાં રહી ગયાં.

"અરે, તું આવી ગઈ, નિલૂ?" તેઓ બોલી ઊઠ્યાં, પણ નીલિમાને તેમનો અવાજ અશક્ત લાગ્યો.

ઝડપ જરા વધારીને તે તેમની પાસે પહોંચી અને કહ્યું, "આવી ગઈ, ફૈબા! પણ તમે કેમ નબળા લાગો છો? તબિયત તો સારી છે ને?"

"ગઈ આખી રાત તાવ આવ્યો'તો." પગથિયા પર બેસી જતાં તેમણે કહ્યું, "સવારથી તાવ તો ઊતરી ગયો છે, પણ અશક્તિ બહુ લાગે છે."

"તો પછી નીચે શા માટે જતાં'તા?" પ્રેમ ભર્યો ગુસ્સો કરતાં નિલીમાએ પૂછ્યું, "શાંતિથી સૂઈ રહ્યા હોત તો?"

"સૂઈ જ રહી'તી અત્યાર સુધી," ફૈબાએ કહ્યું," પણ દૂધનો ટાઈમ થયો એટલે થયું કે લાવ લઈ આવું. નહીંતર પાછું દૂધ વિના રહેવું પડશે." થોડી વાર શ્વાસ ખાવા રોકાઈને તેમણે કહ્યું," પાછી હમણાં થોડી વાર પહેલાં નિરાલી આવી છે, એટલે દૂધ તો જોઈએ ને?"

"શું? નિરાલી આવી છે? અહીં!" નીલિમાની આંખો અને અવાજ બન્ને આશ્ચર્યથી ફાટી ગયાં.

માથું હકારમાં હલાવતાં ફૈબાએ કહ્યું, "એકાદ કલાક પહેલાં જ આવી. તેને એકલી જોઈને મનેય બહુ નવાઈ લાગી હતી. તે ક્યાંથી આવી, કેમ આવી-કંઈ સમજાય તેમ નહોતું, પણ તેનું મગજ ઠેકાણે નહોતું એટલે મેં કંઈ પૂછ્યું નથી." અને ઉપરની દિશામાં હાથ ચીંધતાં ઉમેર્યું, "એ રહી ઉપર જા, મળ તેને!"

ભેગનું વજન એટલી ઝડપથી તેને ઉપર ચડવા દે તેટલી ઝડપથી ઉતાવળી, ઉતાવળી તે દાદરો ચડીને ઘેર પહોંચી. બહારથી ખાલી બંધ કરેલા બારણાની સ્ટોપર ખોલતાં તેણે પોતાના હાથને ધીમે ધીમે કંપતા જોયા. ધક્કો મારતાં બારણું ફટાક કરતું ઊઘડી ગયું.

અંદર સંપૂર્ણ શાંતિ હતી. બારી પાસે આરામ ખુરસીમાં, માથા નીચે ઓશીકું મૂકીને નિરાલી ઘસઘસાટ ઊંઘી ગઈ હતી. થોડાક વાળ છૂટા પડીને ઓશીકા ઉપર વીખરાઈ ગયા હતા. ચહેરો ફિક્કો હતો અને તેના ઉપર થાક, કંટાળો અને ઉજાગરાની ચોખ્ખી છાપ લાગેલી હતી.

*

(૧૧)

એક લાંબી મિનિટ સુધી નિલીમા ઊંઘતી નીરાલીને જોઈ રહી. "ઓહો! કેટલો નિર્દોષ હતો એ સુંદર ચહેરો! કેટલો ત્રસ્ત અને કેટલો નિરુપદ્રવી લાગતો હતો ઊંઘમાં!" નિલીમા વિચારી રહી. પણ સાથોસાથ એક તાજો સમજભર્યો વિચાર પણ ઊગી ઊઠ્યો... ઘેરી ઊંઘમાં અભાન પડેલી તેની એ 'પ્યારી બહેન' જેટલી નિર્દોષ અને નિરુપદ્રવી દેખાતી હતી એટલી જ ખતરનાક ધમકીરૂપ હતી, તેના નવજાત સુખના સોણલા માટે!

હજી હમણાં જ શાંતિના શ્વાસ લેતાં થયેલાં તેના એ સુખભર્યા સપના જાણે નીરાલીની હાજરીમાત્રથી જ હલબલી ગયાં. તેના શરીરમાં એક ધીમી ધ્રુજારી ફરી વળી. નીરાલીની પાસે જઈને તેને જગાડતાં તેને ખરેખર બીક લાગી... જાગેલી નીરાલી શું શું કહેશે? શું શું પૂછશે?

તે આટલી જલદી કેમ પાછી આવી હશે? અને તે પણ એકલી જ? ઘેરથી નાસી જતી વખતે જે પત્ર તે મૂકતી ગઈ હતી તેમાં, અલબત્ત તેણે લખ્યું હતું કે પોતે જગાડેલો ઝંઝાવાત એક વાર શમી જાય પછી તે તેને મળશે...પણ એ માટે આ ઘણું વહેલું ગણાય. એ માટે સમય વીતવા દેવો જોઈએ એટલો સમય હજી વીત્યો નહોતો.

અદ્‌ભૂત માણસ ભુવનેષ સાથે જિંદગી જોડવાના અભરખામાં મધરાતે ઘર છોડીને તે નાસી ગઈ તેને પૂરું અઠવાડિયું માંડ વીત્યું હતું...નીરાલી તેના એ સાહસમાં સફળ થઈ હોત તો, બેશક, તે આટલી જલદી તેને શોધતી આવી ન હોત. કોઈની ય તેને પડી ન હોત.

અને જો તેની બાજી બગડી ગઈ હોય તો–તે તેની પાસે શા માટે આવી હોય? કઈ ગણતરીથી આવી હોય?...

તેના મનમાં ખૂબ ઊંડે કંઈક ઉથલપાથલ થવા લાગી. કંઈક ઉપર આવવા જોર કરવા લાગ્યું. પણ કંઈક જોરપૂર્વક તેને દબાવી દેવા લાગ્યું. એક અદીઠ દહેશત તેના મનને ઊંચું કરવા લાગી, એક અજાણું બીકની પ્રેરી તે મનોમન ઈચ્છી રહી: "હે, ભગવાન! નીરાલી-ની બધી બાબતો સફળતાથી પાર ઉતરી હોય તો સારું! ઓહ, બહુ જ સારું. જાણે નીરાલી અને આનંદનું અલગ થઈ જવું એ એક કાયમી સ્થિતિ જ બની રહે એમ તે ઇચ્છતી હોય! જાણે નીરાલી ફરી કદી એ તરફ પાછી ન આવે એમ તે ઝંખતી હોય!

આનંદ એક જબરદસ્ત ઠેસ ખાઈ ચૂક્યો હતો. આસમાનમાંથી નીચે ફેંકાઈ જવાની પીડા વેઠી ચૂક્યો હતો. આઘાત ખાઈ ચૂક્યો હતો. અને કોઈ બચાવી ય ન શકે એ હાલતમાં જીવી ચૂક્યો હતો. હા, તે વાત પરથી પણ સમય વહી ગયો હતો. સમયનું વહેણ ઘણું તાણી જાય છે. આનંદની બાબતમાં પણ એમ બન્યું હતું છતાં, કદાચ બધું ન તણાઈ ગયું હોય આખી વાત ભૂતકાળ બની ગઈ હતી, પણ એ તાજો ભૂતકાળ હતો. તાજા રંગની જેમ હાથ અડાડતાં ઉખડી જાય, હાથને વળગ્યો આવે એટલો તાજો હતો એ! નીરાલી તેને હાથ અડાડવાની કોશિષ કરે તો?

ના, એ ન જ ચાલે. નિરાલીએ જાતે પોતાનું સ્થાન નક્કી કરી

લીધું હતું. તેણે હવે ત્યાં જ રહેવું જોઈએ અને બીજાઓ માટે જે ખરાબ પરિસ્થિતિ તે ઊભી કરતી ગઈ હતી, તેમાંથી તેમણે પોત પોતાનો માર્ગ પોતાની રીતે કાઢી લેવો જોઈએ. એ જ બરાબર છે. ન્યાય છે. તેમાં હવે બીજું કંઈ બનવા દઈ શકાય નહિ... પોતાના માની લીધેલા સ્વર્ગમાંથી જાકારો ખાઈને કદાચ, નીરાલી હવે પાછી આવવા માગતી હોય તો એ અધિકાર હવે તેને નથી. આનંદના જીવનમાં તેનું હતું એ સ્થાન તેણે જાતે જ છોડ્યું છે. જાતે જ ગુમાવી દીધું છે...

કેવું વિચિત્ર! નીરાલી કેવા સંજોગોમાં, શા માટે પાછી આવી છે, હવે શી ઇચ્છા છે, તે કંઈ જ તેણે હજી તેને કહ્યું નથી. અને છતાં, તેને જોઈને મનમાં હેબતાતી, ધૂંધવાતી નિલીમા અસંખ્ય પ્રશ્નો જાતે જ ઊભા કરી રહી અને જાતે જ તેના જવાબ આપતી રહી! પણ તેના મનમાં એક વિચાર મક્કમ અને મક્કમ બનતો ગયો. હવે ગમે તે થાય, નિરાલીને ચિત્રમાં પ્રવેશવા ન દેવાય, નહીંતર પોતે આટઆટલાં વીતક વેઠીને કરેલી કમાણી ધૂળમાં મળી જાય; હાથ ઘસતી રહી જાય પોતે!

"વળી, આનંદ જો હવે નિરાલીનો ચહેરો પણ જુએ તો તેનું ભૂલાયેલું દુઃખ કેટલી વેદના લઈને તાજું થઈ જાય? રુઝાવા લાગેલો ઘા પાછો કેવો દર્દનાક, લોહીનીંગળતો થઈ જાય?" પોતે આનંદના સંભવિત દુઃખનો જ વિચાર કરે છે એવું મનને મનાવવાનો તેનો એ પ્રયત્ન ફળ્યો નહિ. મન ધાર્યા કરતાં વધારે હોંશિયાર નીકળ્યું. તેણે તદ્દન સ્પષ્ટ, નિર્મળ સત્ય સામું કહી દીધું-નિલિમાની બીજી બધી વાતો ખોટી હતી. સાચી વાત એક જ હતી કે હવે ખરેખર તેને ડર લાગતો હતો, ચિંતા થતી હતી કે નિરાલીનું આમ ફરી પ્રગટ થવું તેના પ્રેમના ઊઘડવા લાગેલા પરોઢને પાછું કાળી મધરાતમાં તો પલટી નહિ નાખે?

ગજબ છે આ પ્રેમ નામની ચીજ! પહાડને ય ટૂકડા કરવાની

ને પહાડ જેવડા દુઃખને ય હસતાં હસતાં જીરવી જવાની; સાત સમંદર પર છલાંગ દેવાની કે સમંદર જેવા સાહસમાં ય આસાનીથી કૂદી પડવાની; આગ સાથે બેધડક ખેલવાની ને આગ જેવા અનુભવોને ય હસતે મોઢે પી જવાની બેમિસાલ હિંમત, જે પ્રેમ માણસને આપી શકે છે એ જ પ્રેમ તેને કોઈક કાલ્પનિક ભયથી થરથર ધ્રૂજતા પારેવા જેવો ગભરુ પણ બનાવી શકે છે!

અચાનક, જાણે ઊંઘમાં ચાલતા શ્વાસમાં ય નિલીમાની ગંધ આવી હોય તેમ નિરાલીએ આંખો ખોલી નાખી. નિલીમા તેની સામે જ જોઈ રહી હતી. નિલીમાની સામે જોતી તે બેઠી થઈ.

"અરે, નિલૂ," મોંએથી હળવો બૂચકારો બોલાવતી તે બોલી ઊઠી, "આવી ગઈ તું, નિલૂ."

તેની આંખો ખૂલતાંની સાથે જ ઊંઘમાં ચહેરા પર દેખાતું પેલું ભોળપણ; પેલી નિર્દોષતા, ન જાણે ક્યાં ઊડી ગઈ! પહેલાંના જેવી જ નફ્ફટ બેફિકરાઈથી હસતી તે બોલતી હતી, "બહુ સારું થયું તું આવી ગઈ, નિલૂ. નહીંતર હું શું કરીશ એની જ મને ચિંતા થતી હતી."

કોઈ રંજ નહિ, કોઈ અફસોસ નહિ, કોઈ ક્ષમાયાચના નહિ, કોઈ ખુલાસો નહિ! નિલીમા દંગ નજરે તેને જોઈ રહી.

"લાગે છે કે અત્યાર સુધી તો તારી બાબતમાં બધું બરાબર ચાલ્યું છે, નહિ?" પરાણે પ્રયત્ન કરીને નિલીમા બોલી.

નીરાલીએ એક ઝડપી દૃષ્ટિ નિલીમાના ચહેરા પર ફેંકી અને કહ્યું, "હું આવી તેથી તું નારાજ તો નથી થઈ ને?"

"નારાજ?" હજી હાથમાં પકડી રાખેલા પર્સને પલંગ પર ફંગોળતા નિલીમાએ કહ્યું," ના રે, ના. તું આવે એથી તો આનંદ થાય." અને પલંગ પર બેસતાં ઉમેર્યું, "પણ સાથોસાથ, તેં બધાને જે ધરતીકંપ જેવો આંચકો આપ્યો હતો તેની કોઈ અસર પણ મારા

પર ન થાય એવું પણ ન જ બને ને?"

"પણ એમાં તને સીધી અસર કરે એવું કંઈ ક્યાં હતું? હતું કંઈ?"

નિલીમા કંઈક કહેવા ગઈ, પણ તરત પાછી અટકી ગઈ. નીરાલીનો એ પ્રશ્ન પેચીદો હતો. કંઈ કહેતાં પહેલાં એ સમજવું જરૂરી હતું કે એ પ્રશ્ન સાદો સીધો પ્રશ્ન હતો કે તે પણ ચાલાકીપૂર્વક પોતાની કોઈ ધારણાનો, પોતાની કોઈ શંકાનો ખુલાસો મેળવી લેવા માગતી હતી?

અલબત્ત, નીરાલીની દૃષ્ટિએ તે તો આખા નાટકમાં માત્ર એક ગૌણ પાત્ર જ રહેતી હતી. (નાટકના બીજા જ દૃશ્યથી તે હીરોઈન બની ગઈ છે તેની નીરાલીને ક્યાંથી ખબર હોય?) નાટકના ઘટનાક્રમમાં તેનું સ્થાન મહત્ત્વનું નહોતું, અને તેથી ઘટનાઓ કોઈ મહત્ત્વની અસર પણ તેના પર પાડી શકતી નહોતી.

"તારી એ વાત સ્વીકારીએ તો પણ," તેણે કહ્યું," એ નાટકમાં મારા માથે જે જવાબદારી તેં નાખી હતી એ તો બહુ મોટી હતી. મૂંઝવણ ભરેલી પણ એટલી જ હતી."

"હા, એ સાચું છે," નીરાલીએ કહ્યું," પણ એ સંજોગોમાં હું બીજું કરી પણ શું શકું?"

નિલીમાએ એક ઊંડો શ્વાસ લઈને મનમાં ઊભરાતી અનેક વાતોને પાછી ચાળે પાડી. સીધું નીરાલીને કહેવાય તેમ નહોતું, કહેવાનું પણ નહોતું. તેને બદલે તેણે પૂછ્યું, "સારું, હવે તારી વાત કર. આટલી જલદી કેમ પાછી આવી? શું શું બન્યું આટલા દિવસમાં?

નીરાલીનું શરીર આરામ ખુરશીમાં બેચેનીપૂર્વક સળવળ્યું. તેના ચહેરા પર પળવાર જબરદસ્ત પરાજયનું દુઃખ તરી આવ્યું. પેટમાં ઓચિંતી ચૂંક આવે ને બાળકનું મોં જેવું રડમસ બની જાય એવું

તેનું મોં તેણે નિલીમા તરફ ફેરવ્યું. નિલીમાને લાગ્યું, હમણાં તે રડી પડશે. પણ એ રંગ તરત જ બદલાઈ ગયો. રડું રડું થઈ ગયેલો ચહેરો પાછો દૃઢ થઈ ગયો.

"બધું જ કડડભૂસ થઈ ગયું, નિલૂ!" સ્પષ્ટ અવાજે તેણે કહ્યું, "બધું જ સાવ ખલાસ થઈ ગયું–કંઈ જ બચ્યું નથી!" થોડીવાર પછી ધીમા અવાજે પૂછ્યું, "ઘરમાં કંઈ ખાવાનું હશે, નિલૂ? આખા દિવસની ભૂખી છું."

નિલીમા ભારે અસમંજસમાં પડી ગઈ. એક પળ અનુકંપાથી ઉભરાઈ જતું તેનું મન નિરાલીએ જે કંઈ ખોટું કર્યું હતું એ બધું ભૂલી જવા તત્પર થઈ ગયું, "અરે ભગવાન! ક્યાંથી ક્યાં જઈ પડી હતી નાદાન? કેવી સજા જાતે જ વહોરી બેઠી હતી બેવકૂફ!"

પણ બીજી પળે પાછું નિરાલીથી ભડકી ગયેલું મન કહેતું હતું: "એમ ઉતાવળી ન થઈ જા; હૈયાફૂટી. આ મૂર્તિને ઓળખતી નથી શું? તેનાં મોં પર દેખાતાં દુઃખ અને ભૂખ ખરેખરાં છે કે તેની કલાનો નમૂનો છે એની ખાતરી તો કર!"

પણ આખરે પલ્લું નીરાલી તરફ જ નમ્યું. નાનપણથી જ તેને નીરાલી માટે પ્રેમ થઈ ચૂકેલો હતો, અને પ્રેમનું એ જ દુઃખ છે, એક વાર થઈ જાય પછી ઓસરી નથી શકતો-બીજું કંઈ જોઈ નથી શકતો. તેણે વિચાર્યું, "બેમાંથી એકેય વાત અત્યારે ખાતરી-પૂર્વક નક્કી થઈ શકે નહિ. બે ય વાતમાં સરખી જ શંકા રહે છે, ને શંકાનો લાભ નીરાલીને મળવો જોઈએ."

"ખાવાનું તૈયાર તો કંઈ નહિ હોય," તેણે કહ્યું, "હું અહીં હતી નહિ અને ફૈબા પોતે માંદા હતાં એટલે રસોઈ કોના માટે કરે?" "તું અમદાવાદથી જ આજે આવી?" નીરાલીએ પૂછ્યું.

"ન–ના!" સહેજ ખચકાઈ જતાં નિલીમાએ કહ્યું, થોડા દિવસ બીજે રહીને આવી છું, પણ એ બધી વાત આપણે પછી કરીશું. અત્યારે તો તારે તાત્કાલિક કંઈ ખાવું પડે તેમ હોય તો ચાલ નજીકના કોઈ રેસ્ટોરાંમાં જઈએ."

"પણ" સહેજ અચકાઈને નિરાલીએ કહ્યું, "મારી પાસે પૈસા બિલકુલ નથી."

નિરાલીનું એ એક જ વાક્ય તેની બેહાલીને એટલી ખુલ્લી કરી બતાવતું હતું કે નિલીમાનું દિલ ઊંડે ઊંડે પીડાથી ચચરી ઉઠયું. તેણે કહ્યું, "કંઈ વાંધો નહિ, ચાલ, હું છું ને!"

નિરાલી જરા ઠીકઠાક થઈ ને બહાર નીકળવા તૈયાર થઈ એટલી વારમાં મિલીમાના હૃદયમાં લાગણીઓનું એક જબરદસ્ત ઘમસાણ મચી ગયું. તેની સામે હતી નીરાલી, બધું જ બગાડી બેઠેલી, બેહાલીના પંજામાં જાતે જ ફસાઈ ગયેલી. બેજવાબદાર, નાદાન, બેવકૂફ, દયાપાત્ર નીરાલી. અને તેની પાછળ ઝળૂંળતો હતો ભયનો એક ઓથાર. રાંકના રતન જેવા, હૈયાની એકની એક થાપણ જેવા, પાંગરવા માંડેલા પ્રેમ ઉપર ઝળૂંબતો ભયનો કાળો ઓથાર...શું થશે..?

"ચાલ, હું તૈયાર છું" તેની પાસે આવતાં નીરાલીએ કહ્યું, "કંઈ વિચારમાં છે?

"ના, રે ના," હોઠને ફરજિયાત હસાવતાં નિલીમાએ કહ્યું, "નજીક-માં જ એક સારી રેસ્ટોરાં છે, આપણે ત્યાં જઈએ, પહેલાં કંઈક ખાઈએ. પછી તારી બધી વાત મને કહેજે."

નિરાલી હસી અને એક ભારે ઉચ્છવાસ બહાર કાઢયો. જાણે કોઈ કતંગ નાગચૂડમાંથી છૂટકારો પામી રહી હોય, જાણે પોતાનો ભારે બોજ બીજા કોઈના ખભે ચડાવી દેતી હોય એવો નિરાંતભર્યો એક ઉચ્છ્વાસ.

માળાની સીડી ઉતરતાં નિરાલી મિલીમા સામે મીઠું મીઠું હસી અને કહ્યું, "ખરેખર નિલૂ તને જોઈને જાણે મારી બધી જ ચિંતાઓ ભાગી ગઈ. તું કેટલી સમજદાર છે કેટલી ભલી છે!"

નિલીમાને એક રમૂજી વિચાર આવી ગયો. કંઇક ચમત્કાર થાય અને નિરાલી પોપટ બની જાય તો? પછી પોતે તેને એક સુંદર પાંજરામાં રાખે ખવરાવે, પીવરાવે અને મીઠી મીઠી વાતો સાંભળ્યા કરે, જે કોઈ રીતે ઉપયોગી ન હોય!

રેસ્ટોરાં એકંદર સરસ હતું. ન બહું ભભકાદાર અને ખર્ચાળ કે ન બહુ સસ્તું. તેની એક બીજી વિશિષ્ટતા એ હતી કે બધી જ સીટનો પીઠનો ભાગ એટલો ઉંચો હતો કે બધી જ સીટ વચ્ચે પાર્ટીશન હોવાનો, દરેક ગ્રાહક આગવા એકાંતમાં બેઠો હોવાનો ભ્રમ ઊભો થતો હતો. તેઓ બંને એક ખૂણાનું ટેબલ પસંદ કરીને બેઠી, મેનુકાર્ડ જોઈને ખાવાની વાનગી પસંદ કરી ઓર્ડર આપ્યો. વેઇટર ઓર્ડર લઈને ગયો.

નિલીમાને હતું કે હવે નિરાલી પોતાની કથની કહેવાનું શરૂ કરશે. ખાવાનું આવે ત્યા સુધી બેસી જ રહેવાનું હતું ને? પણ એવું ન બન્યું. ચૂપચાપ, એકાદવાર તેની સામે મોં મરકાવીને નીરાલીએ આજુબાજુ—ખાસ તો વેઈટર ગયો હતો એ બાજુ—જોયા કર્યું નિલીમાને લાગ્યું કાં તો તે વાત કરવાનું ઇરાદાપૂર્વક ટાળી રહી હતી, અને નહીં તો તે ખરેખર સખત ભૂખી થઈ હતી.

ખાવાનું આવ્યું, અને નિરાલી જે અધીરાઇથી તેના પર તૂટી પડી તે જોઈને નિલીમાને ખાતરી થઈ ગઈ, તેનું બીજું અનુમાન જ સાચું હતું. એકાદ અઠવાડિયા પહેલાંના દિવસો નિલીમાને યાદ આવી ગયા. અમદાવાદમાં તે રહી ત્યાં સુધી માસી રોજ એકાદ તો નવી વાનગી અચૂક બનાવતાં. ખરેખર ખૂબ સ્વાદિષ્ટ રસોઈ બનતી તેમના

હાથે. પણ નિરાલીને આના કરતાં અર્ધા સ્વાદથી ય તે ખાતી કદી જોઈ નહોતી. હા, ભરેલા પેટે જ ખાવા બેઠી હોય તેમ થોડું ખાધું ન ખાધું ને મોં બગાડીને ઉભી થઇ જતી ઘણીવાર જોઈ હતી.

તેણે નિરાલીને એક પણ પ્રશ્ન ન પૂછયો. નિરાલી પાસેથી બધું સાંભળવાની ઇચ્છા સતેજ થઈ ગઈ હતી તે દબાવી દીધી, નીરાલી કંઇ કહેવાની સ્થિતિમાં જ લાગતી નહોતી એટલે, કે પછી તે જે કંઈ કહેશે તે પોતાને સાંભળવું ગમે તેવું નહિ હોય તો? ગમે તે કારણે, પણ તે ચૂપ રહી.

આખરે ખાવાનું પૂરું થયું. નિલીમાએ વેઇટરને બે કપ કોફી લાવવા કહ્યું. અને પછી નીરાલીને કહ્યું.

" હવે તારી વાત કહે."

"હા." નીરાલી બોલી અને ટેબલ પર ઢોળાયેલા થોડા પાણીમાં આંગળી વડે કંઇક આડી અવળી ડિઝાઇન દોરવા લાગી—જાણે વેરણછેરણ વિચારોને વ્યવસ્થિત ગોઠવી રહી હોય.

પળ, બે પળ ચૂપ રહીને ભાવશૂન્ય અવાજે તે બોલી, "ભુવનેશને મેં છોડી દીધો છે. નિલૂ હંમેશ માટે ફેંકી દીધો છે. હરામખોરને !... જિંદગીમાં ફરીવાર એનું મોં પણ નહિ જોઉં!"

(૧૨)

ઘડીક શ્વાસ થંભાવી દઈને નિલીમા સાંભળી રહી. ઘડીક કંઈક અજબ અટપટી લાગણીઓમાં અટવાતી તે નિરાલીના ફિક્કા મોં સામે જોઈ રહી. અને પછી સંભાળથી, ધીરે રહીને એક લાંબો શ્વાસ મૂક્યો. તેનો ચહેરો ય જાણે અંદર રૂ પીંજાતું હોય એમ ધોળી ધોળી રૂણીઓથી લેપાઈ ગયો હતો, તેમને બન્નેને દૂરથી જોનારને તો એમ જ લાગે કે એમાં નિલીમા વધારે ક્ષુબ્ધ હતી, વધારે વ્યગ્ર હતી.

"તું–", ધીમેથી તે બોલી, "તું એમ તો કહેવા નથી માગતીને કે તેની સાથે તેં લગ્ન પણ કર્યાં નથી?"

"એમ જ!" નિરાલી પણ ધીમેથી જ બોલી, "એ માણસ સાથે લગ્ન? હું કરું? એવી કલ્પનાય ન થઈ શકે, નિલૂ! એક સમયે હું મૂર્ખ બની ગઈ હતી, પાગલ થઈ હતી પણ એ સમય તરત જ પૂરો થઈ ગયો હતો. હવે તો તેના અને મારા લગ્નની કલ્પના ય બેહૂદી લાગે છે...ઈશ્વરનો ઉપકાર કે મારી બુદ્ધિ બહુ મોડું થાય એ પહેલાં પાછી આવી ગઈ."

"પણ તો પછી–" વધારે ગૂંચવાતી નિલીમા બોલી ઊઠી, "તો પછી આટલા દિવસ તેં શું કર્યું? કેવી રીતે તેની સાથે રહી શકી?"

"હું તેની સાથે રહી જ નથી," નિરાલીએ આંખો સહેજ મોટી કરી. અને કહ્યું, "એવી કલ્પના ન કરીશ નિલૂ, તને ખબર

છે ને? હું એ પ્રકારની નથી!"

નિલીમાને કહેવાનું થઈ ગયું, "તું કેવા પ્રકારની છે એ મને ખબર છે!" પણ નીરાલીની હાલત ખરેખર કફોડી હતી—એવા અણિયાળા જવાબ આપવા જેવી તેની સ્થિતિ નહોતી. અને નીરાલીની પૂરી વાત હજી જાણવાની બાકી હતી. તેણે પૂછ્યું.

"તો પછી તેં શું કર્યું? ખરેખર બધું કેવી રીતે બન્યું? મને વિગતથી કહે."

"મુંબઈ પહોંચીને લગભગ તરત જ અમારે ઝગડા શરૂ થઈ ગયા."

લાંબી ટૂંકી કોઈ પ્રસ્તાવના વિના નીરાલીએ કહેવાનું શરૂ કર્યું, "ઝગડાના મૂળમાં લગ્નનો જ પ્રશ્ન હતો. મેં તાત્કાલિક કોર્ટમાં જઈને કાયદેસર લગ્ન કરી લેવાનો આગ્રહ રાખ્યો અને તેણે તેમાં ગલ્લાંતલ્લાં કરવા માંડયા, મેં તેને ફરી ફરીને સમજાવ્યું કે લગ્ન કરી લેવું એ સૌથી અગત્યની બાબત હતી. એ થઈ જાય તો જ અમે બધી બાજુથી નચિંત બની શકીએ. પણ તેણે બહાનાં કાઢવા માંડયા, તેને કંઈ ઉતાવળ જ નહોતી. એટલે મને શંકા પડી કે વાતમાં કંઈ ગરબડ છે. અને તેને સાફ શબ્દોમાં કહી દીધું. "મને અલગ રહેવાની કોઈ સારી સગવડ કરી આપ. લગ્ન કર્યા વિના તારા ઘરમાં હું નહિ રહું!"

શ્વાસ ખાવા સહેજ થોભીને તેણે આગળ કહ્યું, "એ વાત પર અમારે ગાંઠ પડી ગઈ. તેની દલીલ એવી હતી કે લગ્ન તો કરવાના જ છે, પણ તે માટે અત્યારે સમય અનુકૂળ નથી. થોડો સમય રાહ જોવામાં શું બગડી જાય છે? લગ્ન થોડાં મોડાં થાય તેથી આપણો પ્રેમ કંઈ મટી જવાનો નથી! અત્યારે થોડો સમય લગ્ન વિના રહીએ. દિલથી તો આપણે એકબીજાનાં છીએ જ!...પ્રેમ તો વિશ્વાસના

આધાર પર જ જીવે, સામસામી શંકાઓ થાય ત્યાં પ્રેમ ન રહે..."

"તેની વાત, વાત તરીકે તો તદ્દન સાચી હતી. પણ મને તો તેના ઈરાદામાં જ શંકા પડી ગઈ હતી, પ્રેમમાં શંકા હોવી ન જ જોઈએ એ જેટલું સાચું છે એટલું જ સાચું એ પણ છે કે, શંકા કરવી પડે એવું પણ કંઈ પ્રેમમાં હોવું ન જોઈએ. પ્રેમમાં ભોગ આપવાની તૈયારી હોવી જ જોઈએ, તે હું બધાની જેમ જ સમજું છું, અને ભોગ મેં આપ્યો પણ હતો. પણ એ માગતો હતો એવો કોઈ ભોગ આપવાની જરૂર ખરેખર ઊભી થઈ હતી ? તેની પાસે કોઈ સંતોષકારક જવાબ નહોતો. તેની ગોળ ગોળ વાતો ઊલટી મારી શંકાને મજબૂત કરતી હતી."

"હઠ કરીને મેં તેને એક ગેસ્ટહાઉસમાં મને રૂમ અપાવવા મજબૂર કર્યો. તેમાં પણ તેણે પૈસાના ખર્ચ માટે બબડાટ કર્યો...તું કહે, નિલૂ, પ્રેમ હોય ત્યાં માણસ પાઈ પાઈનો હિસાબ ગણવા બેસે ?"

"બરાબર," નીરાલી પોતાનો શાબ્દિક ટેકો માગી રહી હતી, એવું લાગ્યું એટલે નિલીમા એક શબ્દ બોલી. બાકી તેના મનમાં ત્યારે કેવું કેવું થઈ રહ્યું હતું એ તે સમજાવી શકે તેમ નહોતી.

"મને વહેમ તો પડી જ ગયો હતો કે તેના હાથ ચોખ્ખા નથી."

"કંઈક મોટી ગરબડ છે, કદાચ, તે પરણેલો છે એટલે જ ગલ્લાંતલ્લાં કરે છે. વધારામાં, મારી પાછળ થોડાક પૈસા ખર્ચવામાં ય તે ચીંગુસાઈ કરતો હતો...કેવી દશા થઈ હશે મારી ?"

"પછી ?"

"ગેસ્ટ હાઉસમાંય મને ચેન તો પડતું જ નહોતું. દિવસે ય બારણાં ભીડીને અંદર પડી રહેતી. પણ તેના પર આધાર રાખ્યા

વિના મારો છૂટકો નહોતો. મારી પાસે માત્ર વીસ રૂપિયા હતા. ઘેરથી નીકળતી વખતે બેંકમાંથી પૈસા ઉપાડી લેવાનો સમય રહ્યો નહોતો...પૈસાની ચિંતા કરવી પડશે એવી ત્યારે કલ્પનાય ક્યાંથી હોય ? પણ પૈસાના અભાવે જ હું પરવશ થઈ પડી!."

નિલીમાનો નીચલો હોઠ સહેજ મરડાઈ ને દાંત વચ્ચે દબાયો. એક રમુજી વિચાર તેના મનમાં ફરકી ગયો : "આ બે મૂર્તિઓમાં કઈ ચડે એવી હતી ? પોતાના માની લીધેલા સ્વાર્થ ખાતર આનંદનો છેહ દઈને ભુવનેશ સાથે ભાગી નીકળનાર નીરાલી ? કે સ્વાર્થના શાસ્ત્રમાં તેને ય બે નવી વાત શીખવાડી જાય એવો ભુવનેશ ?....અને એ બન્ને પાછા પ્રેમમાં પડ્યા હતા ! કમાલ !"

"પછી ?" નિલીમાએ રસ બતાવતાં પૂછ્યું.

"પછીની વાત બહુ લાંબી નથી. બીજે દિવસે તે મને મળવા આવ્યો. અમારે ઝગડો થયો. પછીના દિવસે પણ તે આવ્યો. રોજ ઝગડો વધતો ગયો, તે મને તેના ઘરમાં જઈને સાથે રહેવા દબાણ કરે, હું જરાય મચક ન આપું—પછી બીજું શું બને ?"

નિલીમાને લાગ્યું, ઠંડા લોખંડના બે ટૂકડા ખરા સામસામે અથડાયા હતા. તણખા સિવાય તેમાંથી બીજું શું નિપજે ? ભુવનેશની શિકારી આવડતની ખબર તેને હવે પડતી હતી; નીરાલીની ખચ્ચર જેવી હઠીલાઈને તો તે વર્ષોથી જાણતી હતી !

"ગઈ કાલે તો તે અત્યંત ધુંવાપુંવા થઈને જ આવ્યો હતો, આવતાં જ મને આખરીનામું આપી દીધું !" નીરાલીએ આગળ કહ્યું, "તેને કોઈક સિનેમાના શૂટીંગ માટે બેંગલોર જવાનું હતું, મને પણ ત્યાં લઈ જવા માગતો હતો. તેના કહેવા મુજબ તેની સાથે ન જાઉં તો અમારો સંબંધ પૂરો !...બસ, મને ખાતરી થઈ ગઈ કે તે મારી સાથે લગ્ન કરવા માગતો નહોતો. નહીંતર, તેણે મને સમ—

જાવી હોત. મને વિશ્વાસમાં લેવા પ્રયત્ન કર્યો હોત. પણ આ તલમાંથી તેને જોઈતું તેલ નીકળતું નહોતું એટલે તેને ફેંકીને ફરાર થઈ જવા માગતો હતો. મને દગો દઈને રઝળાવવા માંગતો હતો. અને મેં પિત્તો ગુમાવી દીધો, બીલકુલ ગુમાવી દીધો અને ટેબલ પરથી કાચનો ગ્લાસ ઉપાડીને પાગલની જેમ તેના મોં ઉપર ઝીંકી દીધો ! લે, નીચ, લેતો જા..."

"હેં ?" નિલીમાના મોંમાંથી સિસકારો નીકળી ગયો. "ક્યારે બની ગયું એટલું બધું ?...પછી તારું શું થયું ?"

"ગઈ કાલે સાંજે," નીરાલીએ કહ્યું. "હું તેના દેખતાં જ તેના નામ ઉપર થૂંકી અને એ જેવો હતો એવો સાફસાફ તેને મોં ઉપર જ કહી દીધો...એ ગયો. હવે ફરી નહિ આવે–હું જાણું છું, પણ એ ગયો એ પછી મને ભાન થયું કે ત્યાં હું હવે રહી શકું તેમ નહોતી. પૈસા ક્યાં હતા ? રૂમનું ભાડું ચૂકવવા જેટલા ય પૈસા નહોતા. રાત્રે થોડોક પાઉં પાણી સાથે ગળે ઉતારીને ચલાવી લીધું. સવારે જે થોડા પૈસા હતા તે અને વધારામાં મારી નવી ઘડિયાળ આપી દઈને ત્યાંથી છૂટી...અહીં તારા ઘરમાં આવીને પગ મૂક્યો ત્યારે દોઝખમાંથી માંડ બચીને આવી હોઉં એવો હાશકારો થયો !"

"સારું થયું તું અહીં પહોંચી ગઈ, નીરાલી !" નિલીમા બોલી ઊઠી, "અને હું પણ આજે જ પાછી આવી ગઈ એ બહુ સારું થયું." થોડીવાર થોભીને તેણે પૂછ્યું, "તેં અમદાવાદ માસીને કંઈ પત્ર લખ્યો ?"

"ના," નીરાલીએ કહ્યું, "જ્યાં સુધી તને મળું નહિ, મારી પાછળ ત્યાં શું શું બન્યું તેની પૂરી વિગત જાણું નહિ ત્યાં સુધી કોઈનોય સંપર્ક કરવાનું મને બરાબર લાગ્યું નહોતું, સૌએ કેવા કેવા પ્રત્યાઘાતો પાડયા છે એ પહેલાં જાણવું જરૂરી છે...હવે એ બધું તું મને કહે."

દૂર ઊભેલા વેઈટરને બીલ લાવવા ઈશારો કરતાં નીલિમાએ કહ્યું. "હવે આપણે ઘેર જઈએ. ફૈબા બિચારાં રાહ જોતા હશે. એ બધી વાતો ઘેર કરીશું."

"સારુ," નીરાલીએ કહ્યું, નિલીમાને તે ગમ્યું, નીરાલીને વાતો કહેવાનું કામ અધરું હતું. બધી વાત કહેવાય તેવી નહોતી–કહેવાની પણ નહોતી. એટલે જ એ કામ અઘરું બની જતું હતું. ઘેર પહોંચતા સુધીમાં તેને થોડોક સમય મળી રહેશે. એ સમયમાં બરાબર વિચાર કરી લેવાશે કે નીરાલીને કેટલું કહેવું અને કેટલું ન કહેવું, તેના કયા પ્રશ્નનો ઉત્તર આપવો અને કયા પ્રશ્નનો ઉત્તર ટાળવો.

છતાં ઘેર પહોંચતા સુધીમાં તે બધું તો ન જ વિચારી શકી, કેટલુંક તો હજી અસ્પષ્ટ રહ્યું જ. મનમાં ઘણા વિચારો ઘડતી, ઘણાને ભાંગતી તે અવારનવાર નીરાલી સામે જોઈ લેતી. નીરાલી તેને બહુ, ચકોર લાગતી, અને મનમાં ભાંજગડ વધી જતી.

"હાશ !" ઘેર પહોંચીને પંખાની સ્વીચ ઓન કરતાં નીરાલીએ કહ્યું, "હવે શાંતિ થઈ !" અને પછી આરામ ખુરસીમાં પડીને રસપૂર્વક રૂમમાં ચારે તરફ જોતાં કહ્યું. "સરસ ઘર બનાવ્યું છે, નિલૂ ! મને બહુ ગમે છે,"

નિલીમાને સમજાઈ ગયું હતું કે હવે પછીની પહેલી જ મિનિટે નીરાલી તેની પાસેથી બધી વાતો જાણવાની ઉતાવળ કરવાની હતી. એટલે જ તે કપડાં બદલવામાં, અહીં પડેલી ચીજ ત્યાં મૂકવામાં ગાળી શકાય એટલી વધારે મિનિટો ગાળી રહી હતી.

પણ આખરે તે પણ પૂરું કરવું પડયું અને નીરાલી પાસે બેસવું પડયું. બેસીને નીરાલી સામે તેણે સ્મિત કર્યું.

નિરાલી ખુરસીમાં સળવળી અને ટટ્ટાર બેઠી. જે વાતો જાણવા જ તે અહીં આવી હતી એ વાતો કહેવામાં નિલીમા ઢીલ કરી રહી

હતી. ને તેની આતુરતા ઝડપથી વધી રહી હતી. નિલીમાને ચૂપ જોઈને સહેજ મોટા અવાજે તેણે કહ્યું.

"મને બધી વાત જલદી કહી દે, નિલૂ. તું કંઈ બોલતી નથી તેથી મને ફફડાટ થાય છે. કંઈ બહુ ખરાબ બન્યું હતું ?"

"બહુ ખરાબ તું શેને ગણે છે એ હું જાણતી નથી, પણ ઘરનું એકેએક જણ માથે વીજળી પડી હોય એવું થઈ ગયું હતું."

"તો તો મારા માટે બધાને નફરત પણ એટલી જ થઈ હશે !"

"એ જ સ્વાભાવિક છે ને ? તત્કાળ તો એવું જ થાય ને ? છેક છેલ્લી ઘડીએ લગ્ન જેવી બાબતમાં ય તું વિચાર બદલી નાખે એનો આઘાત નાનોસૂનો તો ન જ હોય. પણ તેના કરતાંય વધારે આઘાતજનક એ હતુ કે તું સૌને અંધારામાં રાખીને ભાગી ગઈ. સૌના વિશ્વાસને તેં ઠોકર મારી...કોઈમાં વિશ્વાસ મૂક્યો નહિ. માસીને વધારે દુઃખ એ વાતનું જ થયું હતું કે લોકોને કંઈ જવાબ આપવાની હાલતમાં પણ તેં તેમને રહેવા ન દીધા.'

નિરાલી થોડીવાર ચૂપચાપ તેની સામે જોતી બેસી રહી. પછી આંખો પલકારતાં તેણે કહ્યું, "પણ તું તો ત્યાં હતી, નિલૂ ! તારે મમ્મીને સંભાળી લેવી'તીને ? તેં પ્રયત્ન કર્યો હોત તો તેને શાંત રાખી શકી હોત. ખેર, હવે તો તે ઠેકાણે આવી ગઈ છે ને ?"

"તેની મને ખબર નથી." નિલીમાએ કહ્યું. ફોનમાં ગુસ્સાથી તરડાઈ જતો માસીનો અવાજ તેને યાદ આવી ગયો, પણ એ જુદી વાત હતી. નીરાલીને કહેવાની એ વાત નહોતી.

"કેમ મને તો એમ કે અત્યાર સુધીની બધી ખબર તારી પાસેથી પડશે," નીરાલીએ કહ્યું અને થોડીક ક્ષણ કંઈક વિચારતી હોય તેમ બેસી રહી. પછી એકદમ પૂછ્યું.

"અને–આનંદ ? એ પણ એટલા જ ગુસ્સે થયા હતા ?"

નિલીમાના પેટમાં ઊંડે ઊંડે એક ફાળ પડી. ફાળભરી તેની આંખ નીરાલી સામે તગતગી રહી. જાણે આનંદ વતી તેના પર રોષ ઠાલવી રહી. આછી આછી એક ધ્રુજારી બીડેલા હોઠને ઝણઝણાવી રહી : "કેવી અનધિકાર આનંદનું નામ લઈ રહી છે, ગુસ્તાખ !"

તેના ચહેરાના નકશાને એમ એકદમ બદલાઈ જતો જોઈને નીરાલી થોડીવાર વિચારમાં અટકી ગઈ. શું સમજી હશે–શી ખબર ! પણ નિલીમા તરફ જરા વધારે ઝૂકતાં તેણે પૂછ્યું.

"તને શું લાગે છે નિલૂ, આનંદ મને માફ કરશે ?"

નિલીમાનો ચહેરો તંગ બની ગયો. હૃદય જોરજોરથી ધડકી ઊઠયું. ધબક્ ધબ. ધબક્ ધબ, ધબક્ ધબ.

બંધિયાર પાણી જેવી અચલ નીરવતાથી રૂમ ભરાઈ ગયો. સૂનકાર રાતે ઓચિંતા જાગી જવાય અને ઘરમાં તીજોરી તોડી રહેલો ચોર જોતાં જેવો ધ્રાસકો પડે એવો ધ્રાસકો ખાઈને નિલીમા નીરાલી સામે તાકી રહી. તેથી કંઈક ગૂંચાવતી. કંઈક સમજવા મથતી નીરાલી તેની સામે તાકી રહી, અને ધીમી પળો સરકતી રહી.

"કેમ શું થયું ?" થોડીવારે નીરાલી બોલી, "કેમ કંઈ બોલતી નથી ?"

અવાજમાં બને તેટલો સ્વાભાવિકતાનો રણકો લાવતાં નિલીમાએ કહ્યું, "મને સમજાતું નથી કે તું કહેવા શું માંગે છે ? આનંદ તને માફ કરી દે એટલું જ તું ઇચ્છે છે ? કે પછી એ માફીની સીડી કરીને જ્યાંથી એકવાર પટકાઈ હતી ત્યાં પાછી ચડવા માગે છે ?"

તેના શબ્દે શબ્દ પર જાણે વિચાર કરતી હોય તેમ થોડીવાર બેસી રહીને નીરાલી બોલી, "તું સમજતી નથી. મારી ઇચ્છાનું એમાં કેટલું મહત્ત્વ ? બધો આધાર તો આનંદ ઉપર જ રહે છે ને ? તેની

ઇચ્છાનું જ ખરેખરું મહત્ત્વ ગણાય!...તને શું લાગે છે. તે અત્યંત નારાજ થયા હતા ?"

જાણે પોતે જ નારાજ થતી હોય તેમ તેની સામે જોતાં નિલીમાએ કહ્યું, "તને શું લાગે છે? તેં તેની જે બૂરી દશા કરી નાખી'તી તેની ફક્ત કલ્પના જ કરી જો! પછી તારે મને કંઈ પૂછવું ય નહિ પડે!"

"બાપરે! એટલું બધું ?"

તેને જરા ડઘાઈ જતી જોઈને નિલીમાને જે વિચિત્ર ખુશી થઈ તેની તેને નવાઈ લાગી. તેણે કહ્યું, "માટીમાં વવાયેલાં બી ઊગી નીકળે જ, નીરાલી. ઊગી નીકળવું એ તેનો સ્વભાવ છે. તે બદલ તેને દોષ દઈ ન શકાય. પોતાના જ હાથે બી વાવનારને એ ખબર હોવી જોઈએ. કેટલાંક બી એવાં ય હોય છે જે ઘડી બેઘડીમાં તો મૂળ ઊંડા ઉતારી દે છે, જોતજોતામાં ઝાડ બની જાય છે, પછી આપણે ઇચ્છીએ ત્યારે તે ઓગળીને અલોપ ન થઈ જાય!"

થોડીવાર તે ચૂપ રહી. નીરાલી માત્ર તેની સામે જોતી ચૂપ બેસી રહી. એટલે તેણે આગળ કહ્યું, "તું શી અપેક્ષા રાખતી હતી? લગ્નની આગલી રાત્રે તેં જે વાવ્યું તે ઊગશે જ નહિ એવી? આનંદ સવારે આવ્યા ત્યારે તેની દશા દુશ્મનને ય દયા આવે એવી હતી. તેના પિતાની જિંદગી પર ભય તોળાઈ રહ્યો હતો—તે પોતે કેટલા ભાંગી પડ્યા હશે તેની કલ્પના તું કરી શકે છે?"

"હા," એક ઊંડો શ્વાસ મૂકતાં નીરાલી બોલી, "જરૂર નિલૂ, એ કલ્પના હું કરી શકું છું. બહુ મુશ્કેલીમાં મૂકાઈ ગયા હશે બિચારા! અને તેમના પિતાની માંદગી તો હું ભૂલી જ ગઈ હતી. હવે કેમ છે તેમને?"

નીરાલીની એક એક વાત, કોણ જાણે કેમ, અત્યારે નિલીમાને

ઉશ્કેરી જતી હતી. ઉશ્કેરાવું તેને ગમતું નહોતું, છતાં ઉશ્કેરાઈ જતી હતી. પરંતુ પ્રયત્ન કરીને તેણે મગજને કાબુમાં લીધું અને કહ્યું. "તેમની સ્થિતિ હજી ચિંતાજનક જ છે. કાલે તેમને ઓપરેશન કરવાનું છે. અને તેમને માટે તે જોખમી છે. તેમનું હૃદય કમજોર છે એટલે તેમને કોઈ પણ પ્રકારનો આઘાત ન લાગે એ જોવું સૌથી વધારે જરૂરી હતું...અને જોગાનુજોગ બન્યું 'તું એવું કે ઓપરેશન કરાવતાં પહેલાં એકવાર પુત્રવધૂને જોવાની એમની તીવ્ર ઇચ્છા હતી. તે દિવસે આનંદ વહેલી તકે લગ્ન પતાવીને તને તેમની પાસે લઈ જવા જ આવ્યા હતા... તેમને તો તારી ય એટલી જ ચિંતા હતી. તારો બધો ઉમંગ બગડી જાય ને ?"

થોડીવાર રહીને તેણે આગળ કહ્યું, "અને એ કફોડી હાલતમાં મારે તારા સમાચાર તેને આપવાના હતા કે લગનબગન હવે થવાના નહોતા; તું બીજા કોઈની સાથે ભાગી ગઈ હતી. મારી દશા કેવી થઈ હશે ?"

"અરેરે, નિલૂ! સાચે જ મને બહુ દુઃખ થાય છે. તારો તો ખરેખર મને આવો ખ્યાલ જ નહોતો આવ્યો. આનંદની સ્થિતિનીય કલ્પના નહોતી આવી-ખરેખર!" અને હોઠના છેડાને નીચા નમાવીને ચહેરાને રડમસ બનાવતાં તેણે ઉમેર્યું," ત્યારે તો મને ક્યાંથી ખબર હોય કે બધું આવું બનશે ? પણ હવે હું બહુ પસ્તાઉં છું...બીજું શું કરું ?"

થોડીવાર તે નિલીમાના ચહેરાનું નિરીક્ષણ કરી રહી. પછી પૂછ્યું, "પણ પછી તેં શું કર્યું ?"

"તારે બદલે આનંદની સાથે હું ગઈ!" એટલી શાંતિથી તે બોલી ગઈ કે તેને ય નવાઈ લાગી.

નારાલીના અણિયાળા આંખો એકદમ ગોળ બની ગઈ. સખત અચરજ પામેલા, આવેગભર્યા અવાજે તે બોલી ઊઠી, "શું કર્યું ? તું-

તેની સાથે તેના ઘેર ગઈ ?...ત્યાં જઈને તેં બધાને એમ કહ્યું કે તું મારી માસિયાઈ બહેન–"

"ના," હોઠના ખૂણાને દાંતમાં દબાવતાં નિલીમાએ કહ્યું, "આનંદ એટલા માટે મને સાથે લઈ નહોતા ગયા. તેમના પિતાને તેમણે કહ્યું કે હું તું છું."

"નિ-લૂ !" નીરાલી મોં વકાસીને તેને જોઈ રહી. તેના મોં ઉપર અવર્ણનીય આશ્ચર્ય હતું, માન્યામાં ન આવતી અકલ્પ્ય વાતની જબ-રદસ્ત ગૂંચ હતી, અને સાથોસાથ આપોઆપ ઊગી આવતી પ્રશંસા હતી--ગજબની હિંમત કરી કહેવાય નિલૂએ !

"વંડરફુલ !" તે બોલી ઊઠી, "અને એમાં તું પાર પણ ઉતરી શક્યાં ?"

"હા," અવાજને ઠાવકો રાખતાં નિલીમાએ કહ્યું, "તેમાં અમે બરાબર પાર ઉતરી ગયા છીએ," અને સહેજ અચકાઈને ઉમેર્યું, "એટલે તારી ગમે તેટલી ઇચ્છા હોય તો પણ હાલ તુરત તો આનંદનો સંપર્ક સાધવાનું તારે માટે નિરર્થક છે !"

પળવાર તેને લાગ્યું કે તે હળાહળ જૂઠું બોલી રહી હતી. જૂઠું બોલીને તે નીચે ઉતરી રહી હતી. પણ–એ વિના છૂટકો ય નહોતો. અનર્ગળ યાતના વેઠીને કૂણાં કૂણાં અરમાનોનો બાગ તેણે ઉછેર્યો હતો. પંડયના લોહીથી સીંચ્યો હતો તેને !...તેને ફરતી વાડ તો કરવી જોઈએ–બહુ મજબૂત વાડ કરવી જોઈએ...અને વાડનું નાન-કડું છિંડું ય પૂરી દેતી હોય તેમ નીરાલીને મનાઈ કરી દીધી !

પણ તરત જ તેનું મન પાછું ક્ષોભથી ભરાવા લાગ્યું. કેવી બની ગઈ હતી તે ? પણ-બીજું તેનાથી થઈ પણ શું શકે તેમ હતું ? પ્રેમ તેને મજબૂર બનાવી ગયો હતો. આનંદના મનને અત્યારે કોઈ ડહોળે તો ઘણું બગડી જાય તેમ હતું–નીરાલીને "રુક જાવ !"

કહીને તે ઘણું બચાવી શકતી હતી. પોતાને તેથી સમય પણ મળી જતો હતો–પરિસ્થિતિનો પૂરો વિચાર કરવા માટે, વિચારીને આ નવી જટિલ પરિસ્થિતિનો કોઈક ઉકેલ શોધવા માટે.

એટલે નીરાલીના પગ થંભાવી દેવામાં કંઈ ખોટું નહોતું. બધાને ગૂંગળાવી નાખનાર પરિસ્થિતિ તેણે જ ઊભી કરી હતી. અને હવે તે મોં વીલું કરીને કહે કે, "મારી ભૂલ થઈ ગઈ" એટલા ઉપરથી બધાને નવેસરથી પરેશાનીમાં ન મૂકાવા દેવાય.

છતાં મન સામે પોતાના બચાવની તેની આ દલીલો સો ટકા અસરકારક તો ન બની. અંદરથી જાણે કોઈ તેને ઠપકો આપી રહ્યું.

ત્યારે જ નીરાલીએ તેને પૂછ્યું.

"તો આનંદના પિતા અને બહેન બન્નેએ તમારી વાત કંઈ શંકા વગર જ માની લીધી? કંઈ પૂછ્યું પણ નહિ?"

નિલીમાને મન સાથે એક જબરદસ્ત ગજગ્રાહ જામી પડ્યો. આનંદ સાથે તેની વળગણનું કેટલું મૂલ્ય હતું એ નક્કી કરી લેવાની ઘડી આવી પહોંચી હતી. એ વળગણ ભલે અમૂલ્ય હોય, ભલે આખા જગતની સામે તેને તોળી શકાતી હોય છતાં તેની સાબૂતી ખરેખર કેટલી હતી? જેટલી તેને હતી તેટલી મજબૂત વળગણ આનંદને હતી? ...એ તો–એ તો તે કેમ કહી શકે?...

ભારે કટોકટીની એ પળ હતી. એ પળ જાણે પૂરી થવા જ માગતી નહોતી. હજી એક બીજું જૂઠાણું તે બોલી પણ નાખે. પણ કઈ ખાતરી પર? તેના પગ કોઈ નક્કર ભૂમિ પર હતા?

આખરે તે બોલી, પણ તેનો અવાજ બોદો હતો, "કોઈને એવી શંકા પડવાનું કોઈ કારણ જ ક્યાં હતું? આનંદે મને તું તરીકે જ ઓળખાવી હતી. કોઈએ તે પહેલાં તને કે મને જોયેલી તો હતી નહિ!"

"હું...બરાબર છે!" નીરાલીએ કંઈક વિચારમાં નીચલો હોઠ દાંતમાં દબાવ્યો, "ત્યાં તું કેટલો વખત રહી?"

"આજે ત્યાંથી જ સીધી અહીં આવી છું. બપોર પછી આનંદના પિતાને નર્સિંગ હોમમાં લઈ ગયા ત્યાં સુધી હું ત્યાં હતી."

"એટલે–એટલે આટલા બધા દિવસ તું આનંદની પત્ની તરીકે ત્યાં રહી?" નીરાલીનું આશ્ચર્ય આંખોમાં સમાતું નહોતું.

"હા–સ્તો!"

"માય ગોડ! તું જાતે જ, જાણી બૂઝીને આવી કઢંગી સ્થિતિમાં મૂકાય એવું તો હું સપને પણ માનતી નહોતી!...મારા માટે તને એટલું બધું છે?"

"તારા માટે ય મને ઘણું છે, નીરાલી," તેણે કહ્યું, "પણ આ બાબતમાં મેં જે કર્યું તેનું કારણ તું નહોતી."

"નહિ?" અચંબામાં નેણ અદ્ધર ચડાવતાં તેણે પૂછ્યું, "તો બીજું કોણ હતું?"

"આનંદના પિતા!" બિલકુલ ખચકાટ વિના નિલીમાએ કહ્યું.

"પણ તું તો તેમને ઓળખતીયે નથી. મતલબ કે એ વખતે તો તું તેમને બીલકુલ ઓળખતી જ નહોતી!"

"તેમને એટલા ઓળખતા હોવું જરૂરી પણ નહોતું, નીરાલી, કોઈની જિંદગી અને મોતનો સવાલ હોય, અને તમને ખબર પડે કે તેને બચાવી લેવા તમે કાંઈક કરી શકો તેમ છો, તો પછી તમે તેને ઓળખતા હો કે ન હો–બહુ ફરક પડતો નથી."

"બરાબર છે. તારી વાત હું સમજી શકું છું....મેં તારી રીતે ન વિચાર્યું એ મારી ભૂલ છે." નીરાલીએ કહ્યું, "પણ–છતાં ય કોઈ માણસની બનાવટી પત્ની બનવું એ તો બહુ વિચિત્ર સ્થિતિ ગણાય.

કોઈ છોકરી એ માટે તૈયાર થાય એવી અપેક્ષા જ વધારે પડતી ગણાય. છતાં આનંદે એવી માગણી તારી પાસે કરી? આશ્ચર્યની વાત છે!...તને તો હું અત્યાર સુધી ઠરેલ માનતી હતી, કદી તને બેજવાબદાર કે ઉચ્છૃંખલ માની નહોતી."

"બેજવાબદાર કે ઉચ્છૃંખલ હું છું પણ નહિ!" નિલીમા બોલી ઊઠી. જે શબ્દોને તેણે હંમેશા નીરાલીના પર્યાય તરીકે જ જાણ્યા હતા એ જ શબ્દો નીરાલી તેને માટે વાપરે તેથી તે અકળાઈ ઊઠી, "અને તું પૂરી ખાતરી રાખજે નીરાલી, એ કામ મેં જવાબદારીની સંપૂર્ણ સમજપૂર્વક માથે લીધું હતું."

"તારી એ વાત સ્વીકારું તો મારે એ પણ કહેવું જોઈએ કે તેમ કરવામાં તેં બીજા કોઈ કરતાં આનંદનો વધારે ખ્યાલ રાખ્યો હતો ખરું ને?"

નિલીમાની જીભ, પળભર, જડ થઈ ગઈ.

બે, ત્રણ, ચાર પળ બન્નેની વચ્ચે તોલદાર ચૂપકીદી પથરાઈ રહી. પછી માથું સહેજ ધુણાવતાં નીરાલી બોલી.

"ખેર, ટૂંકમાં હવે એટલું ખરું કે હાલના દિવસોમાં હું આનંદનો સંપર્ક કરું એ બરાબર નથી. ટેલિફોનથી કે પત્રથી, કોઈ પણ રીતે! તમે–એટલે કે તેણે અને તેં આટઆટલી તકલીફો ઉઠાવીને જે પરિસ્થિતિનું ચણતર કર્યું છે તેને ખોટી મિનિટે દેખા દઈને અસ્તવ્યસ્ત કરવાનું ઠીક નથી, કેમ?"

"હં..." ઉચાટભરી નિલીમા ઝટઝટ બોલી.

"પણ જ્યારે એવી અનુકુળતા ઊભી થાય ત્યારે, એવી પહેલી જ અનુકુળતાએ હું આનંદને એ ખબર તો પહોંચાડવા માગું છું

કે ભુવનેષ મારે માટે એક બંધ થઈ ચૂકેલું પ્રકરણ છે. શરૂ થતાં પહેલાં જ બંધ થઈ ગયેલું પ્રકરણ. તેની સાથેનો કિસ્સો એક અરુચિકર વાર્તા જ છે. હકીકત નહિ."

એકધારી તેની સામે જોઈ રહેલી નિલીમા સામે થોડીવાર જોઈને તેણે કહ્યું, "અને મારું એ એક કામ પણ તારે કરી આપવું પડશે, નિલૂ. કરીશને ?'

"ઊ...ફ !" હેડકી જેવો એક અવાજ નિલીમાના ગળામાંથી નીકળી ગયો. પહોળી આંખો નીરાલી સામે તગતગી રહી.

(૧૩)

"નીરાલી શું સમજી બેઠી છે મને ?" નિલીમાનું મન ચણચણી રહ્યું. "પોતે આનંદને અંતરિયાળ રઝળાવીને એક અદ્ભુત માણસ સાથે ભાગી ગઈ એ સમાચાર આનંદને આપવાનું મને જ સોંપ્યું હતું. કેટલું અળખામણું હતું એ કામ ? કેટલું ખતરનાક હતું ? એ બધું જાણતી'તી–જાણીબૂઝીને જ એણે મારો ઉપયોગ કર્યો હતો ! હવે એ અદ્ભુત માણસથી ભૂતની જેમ છળીને તે ભાગી આવી છે. એકાદ નાનકડી તીરાડ પણ આનંદના મનમાં ખૂલ્લી રહી હોય તો પાછી પેસી જવા માગે છે–એ વાત પણ હું જ આનંદને કહું એવી અપેક્ષા રાખે છે ?"

ગજબ છે નીરાલી ! ભુવનેષ કરતાં ય વધારે અદ્ભુત !

નીરાલીનું પહેલું કામ તો તેણે કરી આપ્યું હતું. એ તેણે કરવું જ પડે તેમ હતું, કરી શકાય તેવું પણ હતું. ત્યારે તે કાંઠે ઊભેલી હતી. પણ હવે આ કામ તેનાથી શી રીતે થઈ શકે ? હવે તો તે પ્રવાહમાં પડી ચૂકી હતી, મધવહેણમાં ખેંચાઈ ગઈ હતી. કાંઠા પર હવે તેનું સ્થાન રહ્યું નહોતું. વહેણની બહાર નીકળીને એ ક્યાં જાય ?

અને આનંદનો ય વિચાર તો કરવાનો ને ? પિતાની જિંદગીની પહાડ જેવડી ચિંતા તો માથા પર તોળાયેલી હતી જ, તેમાં નીરાલી-

એ તેના અરમાનોના નિર્દયપણે ચીરા કરી નાખ્યા–રાત ઉપર રાત પડી બિચારાને! એ પોતે સાવ તૂટી ન પડ્યા, પગભર ઊભા રહી શક્યા એટલું વળી સદ્‌ભાગ્ય! (જો કે તેમાં સૌથી મહત્ત્વનો ભાગ તો તેણે જ ભજવ્યો હતો ને? પણ એ તો ઠીક છે. તેનો તો તે કંઈ વિચાર કરતી જ નહોતી!) ત્યારથી માંડીને આજ સુધી આનંદ તો બિચારા શૂળીની અણી પર જીવ્યા છે. નીરાલીના દુઃખને તે મનમાં ઉતારી ગયા કારણ, તેના પિતાની એટલી જ મોટી ચિંતા ત્યારે હતી...પણ હવે પાછી નીરાલી તેને મળે, માફી માગે, કાકલુદી કરે તો શું બને? માત્ર તેનો રુઝાયેલો ઘા પાછો દૂઝવા માંડે, અને મનમાં ધરબી દીધેલો ધિક્કાર પાછો ફાટી નીકળે...પણ તેનાથી ઊલટું બને તો? નીરાલી હુન્નરબાજ છે, ગરજવાન છે, ગમે, તે કહી શકે. અને આનંદ સરળ છે, ભોળા છે, ભોળવાઈ જાય તો?...

"કેમ બહુ વિચારમાં પડી ગઈ, નિલૂ?" તેને ચૂપ જોઈને નીરાલીએ પૂછયું.

"હેં? કંઈ નહિ...પણ તેં શું કહ્યું? એ વાત આનંદને હું કહું?"

"કેમ? તેમાં કંઈ વાંધો છે? તું ફરીવાર તેને મળવાની તો હશે જ ને?... હા, અત્યારે ક્યાં છે તે? અહીં કે અમદાવાદ?"

"અત્યારે અહીં છે. અમદાવાદ ક્યારે જશે તે મને ખબર નથી. ત્યાં તેમનું કામ ક્યારે પૂરું થવાનું છે એ તને ખબર છે?"

"હા ખબર છે. તેણે મને તે કહ્યું 'તું. લગ્ન પછી હનીમૂન માટે જયપુર જવાનું તેણે વિચારી રાખ્યું 'તું. એટલે ત્યાંનું કામ પૂરું કરી નાખવા તે ખૂબ ઉતાવળ કરતા હતા." નીરાલીએ કહ્યું અને એક ભારે નિસાસો મૂક્યો–કદાચ એ વિચારથી કે પોતાના એક જ ખોટા પગલાએ એક સુંદર ચિત્રને કેવું પીંખી નાખ્યું હતું!

થોડીવાર રહીને તેણે પૂછયું, "તો પછી હમણાં તો અહીં જ રહેશે ને?" નિલીમાને લાગ્યું કે તેનું મગજ ઝડપથી કંઈક ગણતરી માંડી રહ્યું હતું.

"હાસ્તો," નિલીમાએ કહ્યું. "તેમના પિતાની સ્થિતિ ભય-મુક્ત બને ત્યાં સુધી તો અહીં રહેવું જ પડે ને?

"તેના પિતા જીવી જશે?"

"કેમ નહિ?" એકદમ ઊંચા અવાજે નિલીમા બોલી ઊઠી, "એવી અમંગળ કલ્પના પણ શી રીતે કરી શકાય?" (કદાચ, નીરાલીના મનમાં ય એવું કંઈ નહિ હોય, આનંદના પિતા સાથે તેને નિલીમા જેવી વળગણ નહોતી એટલે તટસ્થ વ્યક્તિની જેમ સાહજિક રીતે જ તે એવું પૂછી બેઠી હોય.)

"તો સારું," નિલીમાના છણકાથી સહેજ દબાઈ જતાં તેણે કહ્યું, "આ તો તેં કહેલું ને કે તેમના માટે આ ઓપરેશન બહુ જોખમી છે. એટલે સ્વાભાવિક જ મેં પૂછયું."

"એ તો છે જ," ઉશ્કેરાઈ જવા બદ્દલ ક્ષોભ થયો હોય કે ગમે તેમ પણ નિલીમાનો અવાજ નીચો આવી ગયો, "જોખમ તો છે જ. પણ એ બચી નહિ જાય એવી કલ્પના ય મારાથી સહન થતી નથી!"

નીરાલીના ચહેરા પર કુમાશ તરી આવી. સહેજ સ્મિત કરતાં તેણે કહ્યું, "ધેન આઈ એમ રીયલી સોરી! મને ખબર જ નહોતી કે આટલા ટૂંકા ગાળામાં તને તેમના માટે આટલી બધી લાગણી બંધાઈ ગઈ હશે. હવે તો મને એ નવાઈ લાગે છે કે તેમનું આવું જોખમી ઓપરેશન છે. છતાં તું ત્યાં રોકાઈ કેમ નહિ? અત્યારે તો–ઘરની વહુ તરીકે–તારી ખરી જરૂર ત્યાં ગણાય! બીજાને તો ઠીક, આનંદની બહેનને તું શું કહીને નીકળી શકી?

લગ્ન પછી આટલા થોડા સમયમાં જરૂરના વખતે જ તું પિયર ચાલી જાય તેમાં તેને કંઈ અજુગતું ન લાગ્યું ? "

નિલીમાનું મોં સૂકાવા લાગ્યું.

તેણે કહ્યું, 'મેં બહુ અગત્યના કૌટુંબિક કારણોનું બહાનું કાઢ્યું હતું... આનંદ તો બધું જાણતા હતા. તેમણે જ સંમતિ આપી દીધી પછી તેની બહેનને શું કહેવાનું હોય ? " તેણે કહ્યું તો ખરું, પણ નીરાલીના ગળે તે ઉતરશે કે કેમ તેની તેને શંકા હતી.

હોશિયારીભર્યું હસી પડતાં નીરાલીએ કહ્યું, " તને અગાઉથી ખબર પડી ગઈ હતી કે તારે માટે હું એક અગત્યનું કૌટુંબિક કારણ બનવાની છું ? "

" ના રે ના ! " નિલીમાએ પણ હસી પડતાં કહ્યું, " તારી તો મને ક્યાંથી ખબર હોય ? "

પણ તેના મનમાં એક વિચિત્ર ચૂંથારો થવા લાગ્યો, મન એકાએક ઊબાઈ ગયું. પ્રમાણિકતા અને સચ્ચાઈને હમેશાં પ્રથમ સ્થાન આપનાર પોતે જ આજે કેટલું જૂઠું બોલી રહી છે ? અને તે પણ માત્ર એક જ સત્યને નીરાલીથી છૂપાવવા માટે ?...પણ બીજું તે કરે ય શું ? એકવાર તે નીરાલીને કહી દે કે તેમના એ નાટકનો અંત તો ક્યારનો ય આવી ચૂક્યો છે, બધા હવે બધું જ જાણે છે, તો તેનો અર્થ એ જ થાય કે નીરાલીએ આનંદને મળવામાં હવે કોઈ સાવધાની રાખવાની જરૂર નથી–રાહ જોવાની જરૂર નથી. અને એકવાર નીરાલીને તે સમજાય, પછી તે સમય બગાડે ખરી ? અત્યારે જ આટલી મોડી રાત્રે પણ...તે ટેલિફોન ખખડાવે જ, આનંદ સાથે વાત કરે જ. તેમાં કોઈ શંકા નથી...અને એ ભલો માણસ ભોળવાઈ જાય તો ? જો કે એવું ન જ બને, છતાં ચેતતા નર સદા સુખી. ગ્રહો વાંકા હોય તો ચીભડામાંથી ય વરાળ નીકળે !

ને તો પછી પોતાની શી વલે થાય ? પછી તો તેણે ક્યારેક આનંદને મળવાનું–નીરાલીની સમજુ, શાણી, પરગજુ માસિયાઈ બહેન તરીકે ! અને આનંદ તેનો ખૂબ ખૂબ ઋણી હોય, નીરાલી તેનો આભાર માનતી હોય–કટોકટીની પળે મદદ કરવા બદલ !

એકદમ તે ઊભી થઈ ગઈ, અને ઉતાવળથી બોલી, 'હવે સૂઈ જઈએ. રાત ઘણી વહી ગઈ છે. હું ખૂબ થાકેલી છું. તને પણ થાક લાગ્યો હશે. અત્યારે હવે સૂઈ જઈએ. બીજી વાતો કાલે કરીશું... અમદાવાદ માસા–માસીને શું લખવું તેનો પણ વિચાર કરીશું."

" સારું. " પાસેની પથારીમાં શરીર લંબાવતાં નીરાલીએ કહ્યું. " તું થાકી હો તો સૂઈ જઈએ. " અને થોડી વાર રહીને ઉમેર્યું. " સાચે જ નિલૂ, તું અદ્દભુત છે. કામ ગમે તે હોય, પણ તું હાથમાં લે એટલે તે અર્ધું તો થઈ જ ગયું એમ હું તો માનું છું ?"

" ના, એ ખોટી વાત છે ! " જરા વધારે રુક્ષતાપૂર્વક નિલીમા બોલી ગઈ. નીરાલી અચંબો પામતી તેની સામે જોઈ રહી. તેને ક્યાંથી સમજાય કે નીલીમાનું હૈયું બહુ આળું બની ગયું હતું અને તેના શબ્દો તેને પીડા કરતા હતા ?

પછી બહુ મોડી રાત્રે પણ જ્યારે નીરાલી ચેનથી ઊંઘ ખેંચી રહી હતી ત્યારે નિલીમાની આંખોને અને ઊંઘને બહુ છેટું પડી ગયું હતું. ખૂબ થાક હતો, લમણામાં ભારભાર લાગતો હતો છતાં મીંચાવાનો ઈન્કાર કરતી આંખો છત સામે ટગર ટગર તાકી રહી હતી. એકનો એક સવાલ તે મનને પૂછી રહી હતી હવે પોતે શું કરવું ? એનો એ જ સવાલ મન તેને પૂછી રહ્યું હતું હવે પોતે શું કરવું ?"

આનંદના ઘરથી પોતાના ઘર સુધીના આખા રસ્તે તેણે મનમાં કંઈ કંઈ રથ દોડાવ્યા હતા. આનંદને હવે ફરી ક્યારે મળવું, મળે ત્યારે શું કહેવું, શું સાંભળવું, પછી ક્યારે ફરી મળવું, પછી ક્યારે

મળવું, પછી ક્યારે.......

પણ હવે એ રથ નીચેની ધરતી ધણુણી ઊઠી હોય એવું લાગતું હતું. નીરાલીની હાજરી એ ધરતીને ધ્રુણાવી રહી હોય એવું લાગતું હતું. હવે હાલત બહુ કફોડી થઈ રહી હતી. મન જેટલા જોરથી આનંદને મળવા ઝંખતું હતું તેટલા જ જોરથી ડરતું માર્યું દૂર રહેવા કરતું હતું. નીરાલીને આનંદની કેટલી વાત કહેવી અને કેટલી ન કહેવી એ કશ્મકશમાં તેણે કેટલું પરેશાન થવું પડયું હતું ? હવે આનંદને નીરાલીની કેટલી વાત કહેવી ? કેટલી ન કહેવી ? કે જરાય કહેવી જ નહિ ?...એક નવી વધારે ખરાબ પરેશાની જાણે તેની સામે ડાચું ફાડી રહી હતી, તીણા તીણા દાંત દેખાડી રહી હતી.

તેને લાગ્યું, તેનું મન જ બહુ વિચિત્ર હતું. ઘડીમાં આમ ઝૂકતું, ઘડીમાં તેમ નમતું, હાથે કરીને એય બાજુની હડફેટે ચડતું હતું.

પણ તેણે શું કરવું ? આવી અતિમુશ્કેલ પરિસ્થિતિમાં તેણે શું કરવું ?

તટસ્થ રીતે વિચારી જોવાતું. પણ આખી વાતમાં આટલી હદે સંડોવાઈ ગયા પછી કોઈ તટસ્થ રીતે વિચારી શકે?... છતાં તટસ્થ રીતે વિચારતાં એક વાત સ્પષ્ટ લાગે છે કે નીરાલીએ આનંદને છેહ દીધો એ આનંદ માટે તો સારું જ થયું છે. નહીંતર વળી વધારે ઊંડા પાણીમાં ઉતરીને વધારે ગૂંગળાયો હોત. નીરાલીમાં જે કંઈ સારું હોય એ તમામને ન્યાય આપ્યા પછી પણ એક વાત તો અફર રહે છે કે, તે ખૂબ છિછરી અને અસ્થિર છે, અને એટલે ભરોસાપાત્ર નથી. દલીલ ખાતર માની લો કે કોઈ તેમની વચ્ચે સુલેહ કરાવી આપે, ફરી મનમેળ સ્થાપી આપે તો તેમ કરનારે આનંદની જ કુસેવા કરી ન ગણાય ? તટસ્થ રીતે વિચારતાં શું લાગે છે ?

પણ આનંદની એથી કુસેવા જ થશે એવું તે પોતે જ નક્કી

રી નાખે એ પણ કેટલું વાજબી છે ?

છે, એ જ વાજબી છે ! છંછેડાઈ જઈને તે પોતાના મનને ધમકાવી હી. આ બાબત માત્ર નીરાલી અને આનંદની બાબત નથી. એ બન્નેના જેટલી જ (કદાચ વધારે) તે તેની પણ બાબત છે. વાજબી કે ગેર-વાજબીના ધોરણે તેનો નિર્ણય ન થઈ શકે, પોતે કોઈ તટસ્થ વ્યક્તિ નથી. અને એ તો દીવા જેવું ચોખ્ખું છે કે નીરાલી આનંદને ફરીવાર તાની જાળમાં પકડી લે એવી તક પણ તેને ન અપાય...

ઠાલી, પાણીના વલોણા જેવી મનની એ મથામણ પૂરી થતી જ હોતી. રાત પૂરી થઈ ગઈ.

ભારે બેચેનીમાં, ઉજાગરે રાત વીતી હતી છતાં પથારીમાંથી તે ઠી ગઇ. પથારીમાં પડેલા રહેવું એટલે વિચારોના બેફામ ચકડોળે ડેલા રહેવું ને વધારે વિચારો હવે સહન થઈ શકે તેમ નહોતું.

અવાજ ન થાય તેમ, દબાતાં પગલે તે રૂમમાંથી બહાર નીકળી ઈ. એ તેનું પોતાનું ઘર હતું-શાંતિ અને સુરક્ષિતતાના એ અડીખમ લા પર નીરાલીએ અણધાર્યું આક્રમણ કર્યું હોય, અને તે ડરી ગઈ ય તેમ ગૂપચૂપ ત્યાંથી બહાર નીકળી ગઈ.

ફૈબા હજી ઊઠયા નહોતા. તે રસોડામાં ગઈ. ત્યાંથી પાછી બહાર ળી અને બ્રશ લીધું. બ્રશ કરીને મોં ધોઈ વાળ ઠીકઠીક કર્યા અને રસોડામાં ગઈ. દૂધ નહોતું. તપેલી લઈને દૂધ માટે નીચે જવા તે ર નીકળી. સીડીમાં જ બાજુવાળા બહેન સાથે થઈ ગયા.

“ કાલે કોણ મહેમાન આવ્યું, નિલીમા ? ” તેમણે પૂછ્યું.

“ મારી માસીની દિકરી છે.” નિલીમાએ ટૂંકો જવાબ આપ્યો.

“ અમદાવાદવાળાં માસી જ ને ?”

“ હા. ”

“ તું એમને ત્યાં જ ગઈ હતીને લગ્નપ્રસંગે ?”

“ હ-હા, ” પડોશણની પંચાત નિલીમાને મૂંઝવતી હતી.

" કોના લગ્ન હતા ? કાલે આવી છે એનાં જ ને ? "

" હા—એના જ."

" પણ અહીંયા એ તારા કરતાં વહેલી કેવી રીતે આવી ગઈ ?"

નિલીમાની ચીડ સખત વધી ગઈ. લોકો ય કેવા પંચાતિયા છે? નાહકનાં પંચાત કરી કરીને કેટલો ત્રાસ આપે છે ?...આ બધાનું મૂળ નીરાલી જ છે. જ્યાં પગ મૂકે છે ત્યાં ત્રાસ જ વર્તાય છે !...

સદભાગ્યે ત્યારે જ પોસ્ટમેન દાદરમાં મળી ગયો. નિલીમાને ઉભી રાખીને તેણે બે-ત્રણ પત્રો આપ્યા. પત્રો જોવાને બહાને તે મૂંગી રહી શકી, પડોશણને મૂંગી રાખી યે શકી—હાશ !

દૂધ લીધા પછી, પડોશણથી છૂટી પડી જવા તે નાસ્તો ખરી- દવા ગઈ. થોડીવાર રોકાઈને એકલી, પાછી ફરી, રસોડામાં દૂધ અને નાસ્તાનું પડીકું મૂકીને તેણે પત્રો હાથમાં લીધાં. એક પરબિડિયું વીમાના પ્રિમિયમ અંગે હતું. એક પોસ્ટકાર્ડ હતું અને બીજું એક પરબિડયું તેની ઓફિસના નામ સરનામાની છાપ ધરાવતું હતું.

અહીં આવીને તરત જ, ઓફિસમાં શું બન્યું છે તેની તપાસ કરવાનું તેણે નક્કી કરી રાખેલું જ હતું. પણ આવ્યા પછી સાવ અણધારી પરિસ્થિતિમાં તે જકડાઈ ગઈ હતી...હવે ઓફિસે જ તેં ખબર મોકલ્યા હતા કે ઓફિસમાં શું બન્યું હતું.

પરબિડિયું ખોલીને તેણે પત્ર બહાર કાઢ્યો. ટૂંકો, મુદ્દાસર ઓફિશ્યલ પત્ર હતો.

કુ. નિલીમા મહેતા,

અમને જણાવતાં ઊંડું દુઃખ થાય છે કે કેટલીક ધંધાકીય મુશ્કેલીઓના કારણે ઓફિસના કર્મચારીઓની સંખ્યા પર અમુક કા મૂકવાની અમને ફરજ પડી છે.

અમારા પરિવાર સમા બની રહેલા અમારા ઉત્તમ કર્મચારીઓમાંથી કોને મુક્ત કરવા તે નક્કી કરવાનું અમારા માટે અત્યંત દુઃખદાયક અને મુશ્કેલ બની જાય તે સ્વાભાવિક છે. પરંતુ નક્કી કરવું અનિવાર્ય હતું એટલે નોકરીનાં વર્ષો અને અન્ય અમુક બાબતોને લક્ષમાં રાખીને અમારે તે અણગમતી ફરજ પૂરી કરવી પડી છે અને તેમાં તમારા નામનો દુઃખ સાથે સમાવેશ કરવો પડયો છે, ક્ષમા કરશો.

સાથે જોડેલા ચેક દ્વારા તમારો ચડેલો પગાર, નોટીસ-પગાર વગેરે મોકલીએ છીએ જે સ્વીકારી પહોંચ મોકલશો. બીજી કોઈ જગ્યાએ નોકરી મેળવવા માટે અમારા રેફરન્સની જરૂર પડે તો અવશ્ય લખશો, એવો પત્ર તમને લખી આપતાં અમને ખરેખર ખૂબ ખુશી થશે.

એસ. કે બલિયા

મેનેજીંગ ડાયરેક્ટર

આંખોના જડ થઈ ગયેલા ડોળા પત્રના ચક્કર ચક્કર ઘૂમતા અક્ષરોને તાકી રહયા.

(૧૪)

નિલીમાને ખૂબ અકળાવતી, ધીમે ધીમે ઘસડાતી થોડીક પળો પસાર થઈ ગઈ. હાથમાં પકડાઈ રહેલા કાગળની ધાર પર આંગળી ફેરવતી તે શૂન્યમનસ્ક ઊભી રહી. થોડીક પળ મન જાણે સાવ ખાલી થઈ ગયું, સદાય ઉભરાયા કરતી વિચારોની વસતી જાણે આ ધડાકા સાથે જ મનમાંથી હિજરત કરી ગઈ.

આખરે એ પળો પણ વહી ગઈ, અને એક વિચાર પાછો આવ્યો.

આમ જોઈએ તો પત્રની હકીકત એ કોઈ અણધાર્યો ધડાકો નહોતો. આવું કંઈક બનવાની, બહુ આછી સંભવિતતા તો અગાઉથી જોયેલી હતી જ. એટલે, અજાણપણે પણ, મન એ માટે થોડુંક તૈયાર પણ હતું જ. જેની અપેક્ષા હતી એ જ કઠોર વાત આ પત્ર કહેતો હતો. ફરક માત્ર એટલો જ હતો કે વાત સૌજન્યનો ખૂબીદાર અંચળો ઓઢાડીને કહેવામાં આવી હતી. બીજું કોઈ વાંચે તો એમ સમજે કે તેને નોકરીમાંથી છૂટી કરતાં મિ. બલિયાને સાચે જ ખૂબ લાગી આવતું હતું. પણ તેઓ ખુદ લાચાર હતા. પરિસ્થિતિ જ એવી હતી પત્ર વાંચનાર બીજું કોઈ એમ જ સમજ્યું હોત.

પણ નિલીમા બીજું કોઈ નહોતી. ખરી હકીકત તે જાણતી હતી. મિ. બિલીયાએ ધંધાકીય મુશ્કેલીઓનું રૂપાળું બહાનું આગળ

ધર્યું હતું, દરેક કર્મચારીના નોકરીનાં વર્ષોને ધ્યાનમાં લીધાની વાત કરી હતી. પણ એ બધું છલ હતું—શબ્દછલ! ખરી વાત બીજા જ શબ્દોમાં છૂપાયેલી હતી......"અને બીજી અમુક બાબતો" તેમણે લખ્યું હતું : "એટલે નોકરીનાં વર્ષો અને બીજી અમુક બાબતોને લક્ષમાં રાખીને અમારે એ અણગમતું કાર્ય પૂરું કરવું પડયું છે..."

બસ બધા શબ્દોમાં એ શબ્દો જ સૌથી અગત્યના છે, એ શબ્દો જ સાચાબોલા છે—"બીજી અમુક બાબતો!" મિ. બલિયાએ આનંદના ઘેર જે જોયું એ બધું એ ત્રણ શબ્દોમાં સમાઈ ગયું છે બાકીની વાતો ખોટી છે. ખાલી દેખાડો છે!

અને ઘડીભર માની લઈએ કે કોઈ ધંધાકીય મુશ્કેલી ખરેખર ઊભી થઈ હોય તો પણ પોતાની ઉપયોગીતા તેમને એટલી તો છે જ કે પોતાનો સમાવેશ છૂટા થનારમાં ન થાય. પણ મહત્ત્વ જુદી જ ચીજનું હતું—બીજી અમુક બાબતોનું! ખેર! જે બન્યું તે ભલે બન્યું તેને માટે તે કોઈ ચિંતાજનક બાબત નહોતી. એ એક નોકરીની સામે બીજી બે નોકરી મેળવી લેવી તેને માટે મુશ્કેલ નહોતી, કામની આવડત, ધગશ અને અનુભવ ખૂબ હતા. કેટલાંક સંપર્કો પણ હતા—એ બધું મળીને બીજી નોકરી જોતજોતામાં હાજર કરી શકે તેમ હતું. નોકરી ગઈ તેનું તેને એટલું દુઃખ નહોતું.

દુઃખ બીજી જ વાતનું હતું. તેના જીવનની એક તદ્દન અંગત બાબત જેને તેની નોકરી સાથે લેશમાત્ર સંબંધ નહોતો તેને કારણ બનાવીને તેને રુખસદ અપાઈ હતી. આ એક વાત પર જ તેના દિલમાં ધિક્કાર છૂટી ગયો હતો.

માણસની નિયત હંમેશા સાફ હોવી એ મહત્ત્વનું છે—તેને વિચાર આવ્યો અને તેની નિયત આ પળે પણ સાફ જ છે. પણ હવે લાગે છે કે નિયત સાફ હોવી એ પૂરતું નથી, આસપાસના લોકોનો સારો

અભિપ્રાય પણ એટલો જ મહત્ત્વનો બની રહે છે—અને તે ગુમાવવાથી જ તેણે નોકરી ગુમાવવી પડી છે...

તમે ગમે તેટલાં મેલાં હો, પણ આસપાસના લોકો પર તદ્દન સાફ હોવાની છાપ રાખી શકો તો તમને કંઈ જ આંચ ન આવે, વાહ! તેને હસવું આવી ગયું.

વિચારો, તેમની ટેવ પ્રમાણે આવતા જ રહ્યા હોત, અને તે રસોડાના પ્લેટફોર્મના ટેકે, હાથમાંના પત્રને અન્યમનસ્કપણે પંપાળતી ત્યાં જ ઊભી રહી હોત—જો રસોડાના અધખુલ્લા બારણામાંથી નિરાલી અંદર ન આવી હોત તો.

"વહેલી ઊઠી ગઈ, નિલૂ?" અંદર આવીને સુસ્તીભર્યું હસતાં નિરાલીએ કહ્યું, "મને તો આખી રાત એવી મજાની ઊંઘ આવી ગઈ કે બધો થાક ઉતરી ગયો. મન સાવ હળવું થઈ ગયું. રાત્રે તારી સાથે એટલી બધી વાતો થઈ ગઈ." અને પછી એકદમ નિલીમાના હાથ તરફ નજર જતાં પૂછ્યું, "કોનો પત્ર છે? મારી બાબત છે?"

"ના રે ના. તારા વિષે એમાં કંઈ નથી." પત્રને પાછો પરબિડિયામાં મૂકતાં નિલીમાએ કહ્યું, "મિ. બલિયાનો પત્ર છે. હું તેમને ત્યાં નોકરી કરું છું, તું જાણે છે ને?" અને પછી સહેજ અચકાતાં ઉમેર્યું, "હવે તે પોતાનો સ્ટાફ ઘટાડી રહ્યા છે, એટલે તેમને મારી જરૂર નથી."

"માય ગોડ! એ તો બહુ ખરાબ!" નિરાલી બોલી ઊઠી. "તો તારી નોકરી ગઈ?"

"એ નોકરી તો ગઈ. પણ બીજી નોકરી મેળવી લેવામાં મુશ્કેલી નહિ પડે. આજથી જ તેની તપાસમાં લાગી જવું પડશે. એટલું જ."

પણ અત્યારે તો તારી પરિસ્થિતિ મુશ્કેલ બની ગઈ એમ

કહેવાય ને?" નીરાલીએ ચિંતા દર્શાવી—પૈસાના કાળઝાળ અભાવનો કડવો અનુભવ હજી તેને તાજો હતો.

"થોડી મુશ્કેલી ગણાય ખરી." નિલીમાએ કહ્યું, અને પછી હસી પડતાં ઉમેર્યું, "પણ સાંજના ભોજનની ચિંતા કરવી પડે એટલી મુશ્કેલી તો ન ગણાય. નોકરી આવી રીતે છૂટી જાય એ કોઈને ય ન ગમે. મને પણ નથી ગમ્યું. પણ તેમાં આપણે શું કરી શકીએ?... ખેર! આજે જ તજવીજ શરૂ કરવી પડશે. બે-ત્રણ જગ્યાઓ મારા ધ્યાનમાં છે પણ ખરી."

"તો બહુ સારું." નિરાલી ઉત્સાહથી બોલી ઊઠી, "હું પણ તારી સાથે આવું છું. એકાદ નોકરી હું પણ શોધી કાઢું—"

"શું?" નિલીમા ચમકી ગઈ, "તારે નોકરી કરવી છે?"

"હાસ્તો મારો બોજો કંઈ તારા પર નાખી દેવાય?"

"પણ—શા માટે?" ગૂંચવાઈ જતાં નિલીમા બોલી ઊઠી, "હું કંઈ સમજતી નથી...તું અહીં રહેવા માગે છે?"

"હા. ગઈ રાત્રે બરાબર વિચાર કર્યા પછી મને લાગ્યું કે હાલ તુરત તો હું અહીં રહું એ જ બરાબર છે. અત્યારે હું અમદાવાદ પાછી જઉં એ બરાબર નથી. ત્યાં બધું પૂરેપૂરું થાળે ન પડી જાય ત્યાં સુધી જવું ઠીક નથી. મમ્મી પપ્પા મને સ્વીકારવા મનથી તૈયાર ન થાય ત્યાં સુધી નહિ..."

માતા-પિતાના મનનું એ બહાનું તદ્દન પાંગળું હતું તે એ જાણતી હતી, નિલીમા પણ જાણતી હતી: નીરાલીના માતાપિતા ખરેખર પ્રેમાળ હતા, માર્ગ ભૂલેલી દીકરી ઠોકર ખાઈને પાછી આવે તો તેને તેમના ઘરમાં, અને દિલમાં પણ સ્થાન મળે જ.

નિલીમાએ કહ્યું, "મારી સલાહ એ છે કે અહીં રહેવાનો નિર્ણય કરતાં પહેલાં તારે માસામાસીને પત્ર લખવો જોઈએ. અને

જો તેઓ તને ઘેર પાછી બોલાવવા માગતા હોય તો તારે પાછા જવું જ પણ જોઈએ. તારી એ ફરજ છે. તેં તેમને બેહદ પરેશાન કર્યા છે. હવે તેમનો વિચાર પણ તારે કરવો જોઈએ."

નિરાલી ચૂપચાપ સાંભળી રહી. નીચલો હોઠ દાંતમાં દબાવીને બેસી રહી જાણે કાંઈક વિચારતી હોય. પણ નિલીમાને ખાતરી હતી તે કંઈજ વિચારતી નહોતી. લોંકડી જેવી ચાલાક હતી તેની બહેન!

નિરાલીએ કહ્યું, "તારું કહેવાનું હું બરાબર સમજું છું, તારી વાત હંમેશા સાચી હોય છે. પણ અત્યારના સંજોગો જોતાં હાલ તુરત તો હું અમદાવાદ નહિ જાઉં. એકવાર આનંદને મળીને બધી વાત તેને સમજાવવાની તક મને અહીં જ મળે, અમદાવાદમાં નહિ."

નિલીમાની છાતીમાં એક અણજાણ ફાળ ઘૂમવા લાગી તેને માંડમાંડ છૂપાવતાં તેણે કહ્યું, "તો પણ ઘરે તો એકવાર જઈ આવવું જ જોઈએ એવો વિચાર તને કેમ નથી આવતો? તું આનંદને મળવા માગતી હો તો પણ તાત્કાલિક તો મળી શકે તેમ છે જ નહિ. તેમાં સમય તો લાગવાનો જ છે. એ દરમ્યાન તું ઘેર જઈ શકે. માસા-માસીને તે બહુ ગમશે. પછી તારે અહીં આવવું જ હોય તો તેમને સમજાવજે, મને તો લાગે છે કે તેઓ હા કહેશે."

"તેઓ ના જ કહેશે, નિલુ!" નીરાલી વચ્ચે જ બોલી ઊઠી, "એકવાર હું ત્યાં જઉં પછી તેઓ મને પાછી અહીં આવવા દે એ વાતમાં કંઈ દમ નથી. હું એ બરાબર સમજું છું, અને ફરીવાર ઘેરથી ભાગવાની મને ઈચ્છા નથી." કહી તે હસી પડી.

નિલીમાથી પણ હસી પડાયું.

નિરાલીનું ઘેટા જેવું જકકીપણું તેને કઠી રહ્યું હતું. પથ્થર બનીને તેના જ માર્ગમાં પડવાની દહેશત ઊભી કરી રહ્યુ હતું, છતાં તેનાથી હસી પડાયું.

તેણે કહ્યું, "ખેર! જેવી તારી ઈચ્છા! પણ અત્યારે તું કોઈ કામ ચલાઉ નોકરી જ સ્વીકારજે. મને તો તારી ખાતરી છે કે મહિનો પૂરો ય નહિ થયો હોય અને તું અમદાવાદ જવા ઉપડી ગઈ હશે."

"ભલે, એમ કરીશું. હું પણ તારી સાથે જ બહાર આવું છું. જોઉં તો ખરી કે મુંબઈમાં જલદી નોકરી મળે છે કે નહિ?" નિરાલીએ હળવાશથી કહ્યું.

અને દસેક વાગે જમીને તે નોકરી શોધવા નીકળી ત્યારથી સાંજના પાંચેક વાગે ઘેર પાછી આવી ત્યાં સુધી નીરાલી તેની સાથે ફરતી રહી. પણ નિલીમાએ જોયું, નોકરી મેળવવાની ઝાઝી ચિંતા તેને જણાતી નહોતી. થોડીક ઉપરછલ્લી પૂછપરછ કરવાથી વિશેષ કોઈ રસ દેખાતો નહોતો.

તેથી નિલીમાની સ્થિતિ વિચિત્ર થઈ જતી. ઘડીક મનમાં રાહત થતી કે નોકરીની બાબતમાં નિરાલી ગંભીર નહોતી એ જ સારું હતું. વળી, તેને ગુસ્સો પણ આવી જતો–કેવી વિચિત્ર છોકરી છે!

છતાં તેઓ ઘેર પાછા આવ્યાં ત્યાં સુધીમાં એક વાત તેના મનમાં સ્પષ્ટ થઈ ગઈ હતી-નિરાલીની આવી એકધારી હાજરી એને માટે સમસ્યા અને કટોકટી બન્ને બની રહેશે એ ચોક્કસ!

આજે જ સાંજના આનંદ ફોન કરશે. છૂટા પડતી વખતે તેમણે એ નક્કી કરેલું હતું. સાંજ તો પડી ગઈ હતી. ગમે તે મિનિટે આનંદનો ફોન આવશે, અને ત્યારે નિરાલી હાજર હશે. એ તો ન ચાલે, બિલકુલ ન ચાલે! આનંદનો ફોન આવે ત્યારે ય નિરાલી તેને ચોંટેલી હોય એ તો કેમ ચાલે? તો પછી શું કરવું? નિરાલી ચોક્કસ અહીંથી ખસવાની નથી, અને ફોન ચોક્કસ આવવાનો છે...હવે શું કરવું?...

પણ ત્યારે જ જાણે ચમત્કાર થયો. પોતાની સ્વાભાવિક બેફિક-

રાઈથી નીરાલીએ કહ્યું, "અરે, નિલૂ! મને યાદ આવ્યું. મારું મોંઘું ઘડિયાળ હું પેલા નાલાયક ગેસ્ટ હાઉસવાળાને આપી આવી છું. તેનું લેણું ચૂકવીને વહેલી તકે તે પાછું, લઈ આવવું જોઈએ."

હાશ! નિલીમાના મનમાં ઊંડી રાહત થઈ ગઈ-ઈશ્વર બહુ દયાળુ છે! પણ તરત જ પાછી ફાળ પડી. નિરાલી તેને પોતાની સાથે આવવાનું કહેશે તો?

ઊંચા શ્વાસે તે તેની સામે જોઈ રહી.

નિરાલી બોલી, "નિલૂ, હું તને બોજારૂપ તો બની જ છું. એટલે કહેતાં મને ખરેખર શરમ આવે છે. પણ લાચારી છે એટલે કહું છું કે મને સિત્તોરેક રૂપિયા આપી શકશે? તો હું એ નાલાયકનું લેણું ચૂકવી દઉં. તેના લેણા કરતાં મારું ઘડિયાળ ઘણું વધારે કિંમતી છે. એકવાર એ હાથવગું કરી લઉં પછી એ જહન્નમ સામે નજર પણ નહિ કરું!"

તેના છેલ્લા શબ્દોમાં જે હળાહળ કડવાશ ભરી હતી તેનાથી નિલિમાને ખ્યાલ આવ્યો કે નીરાલી કેવી ખરાબ દશામાં ત્યાંથી નીકળી હશે.

પ્રશ્ન સિત્તોર રૂપિયાનો જ હતો. પણ આ ઘડીએ જો નિરાલી બહાર જતી હોય તો એકસોને સિત્તોર રૂપિયા આપી દેતાં ય તેને ખુશી થઈ હોત. આનંદ સાથે વાત કરવાનું જે એકાંત તેથી મળતું હતું તેની કિંમત અનેકગણી વધારે હતી! તરત જ તે ઊઠી, અને પૈસા ગણીને નિરાલીના હાથમાં મૂકી દીધા. નિરાલીના મુખ પર આભારનો ભાર વધી ગયો. પૈસા પર્સમાં મૂકીને તે ઘરમાંથી નીકળી.

અને નિરાલીએ દાદરો ઉતરવાનું પૂરું પણ કર્યું નહિ હોય કે નિલીમા લગભગ દોડતી પડોશના ઘરમાં ગઈ—આનંદને ફોન કરવા. મૂળ ગોઠવણ એવી નહોતી, ખરેખર તો આનંદે ફોન કરવાનો હતો.

પણે તો ફોનની રાહ જોવાની હતી. પણ આનંદ ક્યારે ફોન કરે શી ખબર? બહુ મોડો પણ કરે. ત્યાં સુધી ધીરજ કેમ રાખવી?... અને ત્યાં સુધીમાં નીરાલી પાછી આવી જાય તો? તો ખલાસ! મનમાં ક્યારના ય અમળાતા ઉમળકા પછી કેમ ઠાલવી શકાય?

ડાયલ ઘૂમાવી નંબર જોડતા ય મન ઉચાટ કરી રહ્યું હતું, આનંદ ઘેર તો હશે ને?

સામે છેડે રીંગ થઈ. જીવ જાણે કાનમાં આવીને બેઠો. આતુરતાથી રીસીવર પકડીને તે ઊભી રહી. તેને લાગ્યું, તેના જ હૃદયનાં ધબકારા તેમાં સંભળાઈ રહ્યા હતા. સામેના છેડે રીસીવર ઊંચકાયું અને આનંદનો અવાજ સંભળાયો, "હલ્લો!"

એક નાનકડી ક્ષણ નિલિમા મીઠું મીઠું ગૂંગળાઈ ગઈ. ઘણી જહેમત છતાં અવાજમાંથી એ ગૂંગળામણને દૂર રાખી શકી નહી, હલ્લો, આનંદ હું બોલું છું. હું નિલીમા! માફ કરજો ફોન મારે કરવાનો નહોતો. મારે તમારા ફોનની રાહ જોવાની હતી પણ —"

"પણ તેં ફોન કર્યો એ બહુ સારું કર્યું, નિલિમા," આનંદના અવાજની હૂંફે નિલીમાને ખૂબ શાતા આપી. "બહુ ચિંતા ન કરીશ. ઓપરેશન સારી રીતે પતી ગયું છે અને પપ્પાની તબિયત સારી છે-થેંક ગોડ! અને એ સમાચાર તને આપવા માટે હું ફોન કરવાની તૈયારીમાં જ હતો.''

"પણ ત્યાર પહેલાં મેં ધીરજ ગુમાવી દીધી ખરું ને?" નિલીમા ઉમળકાથી બોલી ઊઠી, "ખરેખર આનંદ, સારા સમાચાર જાણીને હું એટલી બધી ખુશ થઈ છું—" તેના અવાજના ઉમળકાને બરાબર સમજતો હોય, બરાબર ઝીલતો હોય તેમ તે બોલ્યો, "નિલીમા મારા માટે-અમારા સૌના માટે તને કેટલી બધી લાગણી છે! તારી એ લાગણી જ મારે માટે તો એક બહુ મોટી મદદ છે. શબ્દોમાં

એનો પડઘો પાડવાનું અશક્ય જ છે. તારો હું ખૂબ ખૂબ આભારી છું..."

એક નાનકીડી ચૂપકીદી પથરાઈ ગઈ. નિલીમાના ગળામાં કંઈક ભરાઈ ગયું હોય તેમ થોડીવાર તેનાથી કંઈ બોલી ન શકાયું, આનંદે થોડીવાર તેના બોલવાની રાહ જોઈ પછી પૂછ્યું.

"હવે હું તને ક્યારે મળી શકું ?" અને થોડીવારે ઉમેર્યું, "આવતા ચોવીસ કલાક જો પપ્પાની તબિયત બરાબર રહે તો કાલે બપોર પછી બહાર નીકળવાનો છું. નીકળું તો તને મળી શકાશે ?"

"ચોક્કસ મળી શકાશે !" નિરાલીની જળો જેવી હાજરીની ચિંતાને પણ ઘડીભર ફગાવી દેતાં તે બોલી ઊઠી, "તમે જ નક્કી કરો-ક્યાં અને ક્યારે મળું ?"

"ચર્ચગેટ. સાંજે પાંચ વાગે. ફાવશે ?"

"હું, આવી જઈશ," તેણે કહ્યું ત્યારે પહેલી જ વાર હૃદય એવી આનંદભરી ફુદરડીમાં ઘૂમી રહ્યું હતું કે રૂમનું ખાલી વાસેલું બારણું ખૂલ્યું તેની તેને ખબર ન રહી.

"ગુડ બાય, નિલીમા !" આનંદનો અવાજ સંભળાયો.

"બાય, આનંદ !" સુંવાળા અવાજે બોલતાં તેણે રીસીવર પાછું મૂક્યું ત્યાં પાછળથી અવાજ સંભળાયો.

"કોણ હતું, નિલૂ ? આનંદ હતા ?"

ફાળભરી તે પાછળ ફરી. આંખોમાં કંઈક અચંબો ભરીને નિરાલી તેની પાછળ ઊભી હતી.

(૧૫)

નિલિમાને એક હેબતાવી દેતો આંચકો લાગ્યો. પણ મનને કુનેહપૂર્વક સ્વસ્થ રાખતાં તેણે કહ્યું, "હા, આનંદ હતા," અને આંખો પલકારતાં ઉમેર્યું, "તું આટલી જલદી કેવી રીતે પાછી આવી ગઈ ?"

"પાછી ?" નીરાલીએ કહ્યું. "અરે, હું તો હજી ગઈ જ નથી. બસ સ્ટેન્ડ સુધી પહોંચી ત્યાં યાદ આવ્યું કે મારી પાસે છૂટા પૈસા જ નથી, એટલે લેવા પાછી આવી. પણ ફક્ત બે જ મિનિટ વહેલી આવી હોત !...અને તેં ફોન ચાલુ કેમ ન રાખ્યો ? હું આવી ગઈ હતી એ તો તેં જોયુ હતું !"

"તું આવી ત્યારે જ તેમણે વાત પૂરી કરી. અને ફોન મૂકી દીધો. પછી હું શી રીતે ચાલુ રાખી શકું ? વળી. તારે તેને જે વાત સમજાવવી છે એ એવી નજીવી નથી કે એક–બે મિનિટમાં ફોન પર સમજાવી શકાય."

નિરાલી એક ક્ષણ ચૂપ થઈ ગઈ, પણ તરત જ પાછી બોલી, "તો પણ મારે તેની સાથે વાત તો કરવી જ હતી !"

એક ક્ષણ નિલીમા પણ ચૂપ થઈ ગઈ.

નિરાલીએ કહ્યું. "ખેર ! ફરીવાર તક લઈશું. પણ અત્યારે તેં મારી શું વાત કરી ?"

"હેં ?" ચમકી ગઈ હોય તેમ નિલીમા બોલી ગઈ, "મેં–અત્યારે તારો કોઈ ઉલ્લેખ કર્યો જ નથી !"

"મારો ઉલ્લેખ જ નથી કર્યો ?" જાણે દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય સાંભળતી હોય તેમ તે બોલી ઊઠી, "તો પછી બીજી કઈ વાત કરવાની હતી તેની સાથે ?"

નિલીમાની જીભ સળવળી ઊઠી "તું જેટલી સ્વાર્થી છે એટલી જ બેવકૂફ પણ છે, નીરાલી. નહીંતર તને એટલી ખબર તો પડતી હોત કે તારા સિવાય પણ એક વિશાળ દુનિયા છે. એ દુનિયામાંથી તું બાદ થાય તો દુનિયાનો અંત ન આવી જાય !"

પણ એવું તે બોલી નહિ. તેને બદલે તેણે કહ્યું, "કેમ ? તેના પિતાની તબિયતના ખબર મારે ખાસ પૂછવાના હતા. તેમણે મને એ ખબર ફોનથી આપવા એવું અમે પહેલેથી નક્કી કરેલું જ હતું !"

"હં..." શાંત પડી જતાં નીરાલીએ કહ્યું, "શું થયું તેમના ઓપરેશનનું ?"

"ઓપરેશન સારી રીતે થઈ ગયું છે. અને તેમની તબિયત પણ અત્યાર સુધી સરસ રહી છે."

"સારું થયું ચાલો !" નીરાલી બોલી. પણ તેના વિચારો હજી તેની પોતાની આસપાસ જ ઘૂમી રહ્યા હતા, "પણ નીલુ, ફોન પર તેં મારો ઉલ્લેખ પણ ન કર્યો ? હું પાછી આવી ગઈ છું એટલું તો કહી દેવું'તું ! કેવી સરસ તક હતી !"

"ના, એ સરસ તક નહોતી," નિલીમાએ કહ્યું, "ખરું પૂછે તો એ તક જ નહોતી. પહેલાં પણ મેં તને કહ્યું છે ને કે આવી વાતો કદી ફોન પર સમજાવી ન શકાય ?"

"પણ તો પછી તું એ વાત તેને ક્યારે કહેવાની છે ?" નિરાલી હવે અકળાઈ રહી હતી.

"આવતી કાલે," નિલીમાથી બોલાઈ ગયું, કાલે હું તેને મળવાની છું" અને એ બોલાઈ જવા બદલ તરત તેનાથી જીભ કચરાઈ ગઈ.

"હેં ?" નીરાલી બોલી ઊઠી, "તું કાલે જ તેને મળવાની છે ?" તેના ચહેરા પર અનેક ભાવો ઝડપથી આવીને પસાર થઈ ગયા. મનમાં જાણે કોઈ મહત્ત્વનો વિચાર ઊગી રહ્યો હોય તેમ ચહેરા પર ઉત્સાહની રતુમડી આભા તરી આવી. કોઈ નટખટ યોજના આંખોમાં ચમકી ઊઠી-

કોઈક હિંમતભર્યો નિર્ધાર કરતી હોય તેમ માથું હલાવીને તેણે કહ્યું, "તો પછી હવે શું કરવું એ હું તને કહીશ."

નિલીમા પ્રશ્નભરી નજરે તેની સામે જોઈ રહી.

"તેને મળવા તારે બદલે હું જઈશ !" નીરાલીએ ધડાકો કર્યો. "એ ઉત્તમ રસ્તો છે. મને પાછી આવેલી જોઈને તે એટલા તો આભા બની જશે કે ઘડીભર તો તેમને પોતાની આંખો પરથી ભરોસો ઊઠી જશે. પણ સાથે સાથે એટલો આનંદ પણ થશે કે મને માફ કરી દેશે ! એક જ સપાટે બધી જ ઝંઝટ ખતમ !..."

એ સાંભળીને નિલીમા આભી થઈ જવી જોઈતી હતી, રઘવાઈ થઈ જવી જોઈતી હતી, પણ તે તદ્દન ઠંડી રહી. નીરાલીના એ ઉત્સાહ પર ઠંડું પાણી રેડવા જ જાણે મગજને તેણે ઠંડું રાખ્યું.

ઠંડકથી તેણે કહ્યું, "તારે ભૂલથી પણ એવું કઈ કરવાનું નથી, સમજી લે ! મારે બદલે તું તેને મળી નહિ શકે કારણ, હું તેના ઘેર તેને મળવાની છું.'

એ સરાસર જૂઠાણું હતું, કોઈને એ ગમે કે ન ગમે, તેને માટે એ એક જ રસ્તો હતો. પોતાના મહામૂલા હિત ઉપર અન્યાયી આક્રમણ થતું હોય ત્યારે તેની હિફાજત તેણે કરવી જ પડે, એ

માટે જે જરૂરી બને એ શસ્ત્રો તેણે વાપરવાં જ પડે.

તેનું એ શસ્ત્ર કારગત નીવડ્યું. નિરાલી એકદમ પીછેહઠ કરતી હોય તેમ બોલી, "ઓ ઓહ! સમજી! ત્યાં તેની બહેન પણ હાજર હશે એમ જ ને?'

નિલીમાએ હકારમાં માથું હલાવ્યું.

'તેને આપણે અત્યારે ખરી વાત કરી ન શકીએ?' નીરાલીનો અવાજ નરમ હતો.

'ના.' નિલીમાનો અવાજ લૂખ્ખો હતો.

નિરાલીએ નિશ્વાસ મૂકયો અને કહ્યું 'ખેર! તો પછી ભલે, જવા દઈએ!' અને થોડીવારે પાછું પૂછ્યું, 'તું રાત્રે ત્યાં રોકાશે?'

"હેં?' નિલીમા બોલી ઉઠી, 'એટલે?'

'હું એમ કહેવા માગતી હતી કે તું આનંદને એટલે તેની બહેનની દૃષ્ટિએ તારા પતિને મળવા જાય, અને એક-બે કલાકમાં પાછી આવતી રહે એ તેને વિચિત્ર નહિ લાગે?' નિલીમાને એકદમ લાગ્યું, નિરાલી સાથે આ વાત છેડીને જાણે તે ઝુલતા દોરડા પર ચાલવા લાગી હતી. પગલે પગલે શ્વાસ થંભી જાય એવી બીક લાગતી હતી. તેણે કહ્યું,

'એનો કોઈ વાંધો નથી. ત્યાંથી જલદી પાછી આવતી રહેવાનું કોઈક કારણ હું બતાવી દઈશ... પહેલાં પણ મેં તેને ગળે ઉતારેલું જ છે કે અગત્યના કૌટુંબિક કારણોને લીધે મારે થોડા દિવસ ઘેર રહેવું જરૂરી છે.'

'હં...' કહીને નીરાલી ચૂપ રહી.

પણ નિલીમા પોતાના મનને વધારે લડત માટે તૈયાર કરી રહી. વખત છે ને નીરાલીને કંઈક ગરબડની શંકા પડી હોય! તો તે ખોતરી ખોતરીને નવા પ્રશ્નો ઉભા કરે. પણ એવું કંઈ ન બન્યું ઉલટું નિરાલીએ સમાધાનના સૂરમા કહ્યું.

"સારું. પણ તું તેને બધી હકીકત બહુ સંભાળથી સમજાવજે. તેને કહેજે કે હું વહેલામાં વહેલી તકે તને મળવા માગું છું. તને સમજાય છે ને? હું તેને મળવા ખૂબ ખૂબ આતુર છું એ વાત તેને બરાબર સમજાવી જોઈએ. તું સમજાવીશને?"

"ભલે," નિલીમાએ ટૂંકો ઉત્તર આપ્યો. નિરાલીએ તેની પાસેથી છૂટા પૈસા લીધા અને ઘડિયાળ હાથવગું કરવા પાછી ઉપડી.

ઘરમાં આવીને નિલીમા ખુરસીમાં બેસી ગઈ. બન્ને હથેળીઓમાં મોં ઢાંકીને વિચારોની રમઝટમાં અટવાઈ ગઈ. પોતે જે સરિયામ જૂઠાણું ચલાવ્યું હતું તે બદલ તેને ખરેખર શરમ આવતી હતી. પણ તેની સામે એ વાત પણ એટલી જ નક્કી હતી કે આવી જ પરિસ્થિતિ જો બીજીવાર ઊભી થાય તો બીજીવાર પણ આવું જ જુઠાણું તેણે ચલાવવું પડે-એની સ્થિતિ જ એવી હતી. આનંદ સાથેની એ અતિ ઝંખેલી, અતિ આનંદપ્રદ મુલાકાતનો ભોગ તેણે શા માટે આપી દેવો? કેટકેટલું ગુમાવીને કમાયેલી હતી એ મુલાકાત?

"મેં જે કર્યું તે બરાબર છે!" ચૂંટીઓ ભરતા મન સામે તેણે દલીલ કરી, "નિરાલીને હું આનંદ પાસે જવા ન દઈ શકું. તેમ તેને મારી સાચી હકીકત પણ કહી ન શકું...એટલે જે થયું એ બરાબર જ થયું છે-બીજું કંઈ થઈ શકે તેમ નહોતું."

મનને તેથી કદાચ, પૂરો સંતોષ નહિ થયો હોય, તેનું મન એટલું જાગૃત હતું. બીજે દિવસે પણ જ્યારે જ્યારે તેને આનંદની મુલાકાત યાદ આવી ત્યારે ત્યારે હર્ષની લગોલગ મનમાં શરમ પણ ઊછળી આવી.

બીજે દિવસે પણ નિરાલીના અનેક પ્રશ્નોના ખોટા જવાબ

આપવા પડ્યા. નીરાલી સ્વાભાવિક રીતે જ માનતી હતી કે આનંદના ઘેર પહોંચવા તેણે વહેલી ટ્રેન પકડવી પડશે. એટલે ટ્રેઈનના ટાઈમ અંગે વારંવાર તેને પૂછતી રહી, યાદ અપાવતી રહી. હકીકતે તે ટ્રેઈનમાં ક્યાં જવાની હતી? પરિણામે તેણે જૂઠું બોલવું પડ્યું.

અને એ જૂઠાણાને કારણે તેણે ઘેરથી ટ્રેઈનના ટાઈમે નીકળવું પડ્યું-નીકળવું જોઈએ તે કરતાં દોઢેક કલાક વહેલું! નીરાલી એ જાણતી નહોતી. ઘરમાંથી નીકળતી વખતે પણ તેણે કહ્યું, "જરા ઝડપ રાખજે, નિલૂ તું મોડી છે, કદાચ ગાડી ચૂકી જશે...અને મારી વાત બહુ સંભાળથી કરજે."

ખૂબ મૂંઝવતી, અણગમતી સ્થિતિમાંથી ભાગી છૂટતી હોય તેમ તે ઘરમાંથી નીકળી ગઈ. બહાર આવ્યા પછી તેણે નિરાંતનો શ્વાસ લીધો. દોઢ કલાક વહેલું નીકળી જવું પડ્યું, પણ એ સારું જ થયું. નિરાલીના સવાલો અને ભલામણો તેને બહુ ડહોળી નાખત. એવું ડહોળાયેલું મન લઈને આનંદને મળવામાં શું સ્વાદ? દોઢ કલાક તે એકલી રહેશે તો મન પણ સ્વસ્થ રહેશે.

થોડે દૂર બાળકો માટેનું એક નાનકડું ક્રિડાંગણ હતું. તેમાં નાનકડા બગીચા જેવું પણ હતું. નિલીમા ત્યાં ગઈ અને એક બાંકડા પર બેઠી, હાશ! થોડીવાર તે ખેલતાં બાળકોને જોઈ રહી. આસપાસ બેઠેલા કે બાળકોની પાછળ દોડાદોડી કરતા લોકોને જોઈ રહી. નસીબદાર છે એ લોકો! તેમની કોઈ માસિયાઈ બહેનને તેમણે જવાબો આપવાના નથી! મનના મીત સાથે મુલાકાતનો બેઘડીનો આનંદ તેમણે કોઈથી લપાઈછૂપાઈને ચોરી લેવાનો નથી.

એકાએક તેના મનને ઝટકો લાગ્યો. એક અશક્ય ડરાવી દેતો વિચાર આવી ગયો. રખેને નિરાલીને પણ અત્યારે જ ફરવા નીકળવાની ઈચ્છા થાય તો? નજીકમાં જ ફરવા નીકળવાની ઈચ્છા થાય

તો? નજીકમા જ ફરવા જવું હોય તો તેને માટે આ જગ્યા સૌથી અનુકુળ છે...અને જાણે ખરેખર સામેથી નિરાલીને આવતી જોઈ હોય તેમ ઝટઝટ ઊભી થઈને ત્યાંથી બહાર નીકળી ગઈ.

હવે રસ્તાઓ ઉપર ઉદ્દેશ વગર આંટા મારીને સમય ગાળવાનો. તે સિવાય છૂટકો નહોતો. કેવી વિચિત્ર સ્થિતિમાં મૂકાઈ હતી પોતે? એક કલાક શાંતિથી બેસવાનો આનંદ પણ તેને માટે પ્રતિબંધિત ચીજ હતી.

એક કલાકની રખડપટ્ટીએ તેને થકવી નાખી. ઢીલી કરી નાખી. પણ પાંચ વાગે ચર્ચગેટ સ્ટેશનમાં પ્રવેશતાં જ પગમાં જોર આવી ગયું-હવે આનંદ હાથવેંતમાં જ હતો!

લોકોના કીડીયારા જેવા ટોળામાંથી અલગ પડીને ઝડપથી તેના તરફ આવતાં આનંદે દૂરથી જ તેને સાદ દીધો, "નિલીમા!"

"આવી ગઈ તું?" તેની પાસે આવીને ઉમળકાથી તેનો હાથ પકડી લેતાં આનંદ આંખો વડે તેની સામે હસી રહ્યો-જાણે દુનિયાની સૌથી આનંદપ્રદ વ્યક્તિને જોઈ રહ્યો હોય. નિલીમાને લાગ્યું. અત્યારે તે સાચે જ બહુ સોહામણો લાગતો હતો.

આનંદે કહ્યું, "સારા સમાચાર છે. નિલીમા. પપ્પાની તબિયત ઘણી સારી રહી છે. જો કે હજી કાળજી રાખવાની જરૂર છે. પણ એકંદર સ્થિતિ બહુ સારી છે. આપણે બધા માટે એ બહુ સારી વાત છે, નહિ?"

નિલીમાના મનમાં એક અમસ્તો આનંદ ઉછળવા લાગ્યો-ઉભરાવા લાગ્યો.

"હાસ્તો, આનંદ. મને એટલો બધો આનંદ થાય છે!" લગભગ અવાજ વિનાના શબ્દો તેના ગળામાંથી બહાર આવ્યા. અને પછીના શબ્દો જાણે બહાર આવવાની હૂંસાતૂંસીમાં ગળામાં જ અટવાઈ પડ્યા.

આનંદ મોકળાશથી હસી પડ્યો, અને તેનો હાથ વધારે પકડતાં બોલ્યો, "ચાલ, કોઈક સરસ જગ્યાએ જઈને બેસીએ, નહીંતર અહીં ઊભા ઊભા જ..." તે અટકી ગયો.

"કેમ અટકી ગયા ? શું કહેવા જતા'તા ?"

"એમ કહેવા જતો'તો કે વધારે પડતો આનંદ પણ સારો નહિ. આનંદ બહુ વધી જશે તો આપણે એકબીજાના ખભે માથું મૂકીને આનંદના માર્યા રડી પડીશું-અહીં ઊભા ઊભા જ !"

"જાવ, જાવ," હર્ષથી તરબોળ ભીના અવાજે નિલીમા બોલી, "નાના બાળક જેવા જ છો, સાવ !"

એક સરસ શાંત રેસ્ટોરાંના એકાંત ખૂણામાં બેસતાં વેંત આનંદ પાછો વાતે વળગ્યો. નિલીમાને લાગ્યું, આવી-આટલી વાતો તે 'નિરાલીની બહેન' સાથે ન કરે, કદી ન કરે. એવી વાતો તે માત્ર નિલીમા સાથે જ કરે-નિલીમા સાથે પણ નહિ, માત્ર નિલૂ સાથે !

નિલીમા તેના ઘેરથી નીકળી તે પછી જે અડતાલીસ કલાક વીત્યા તે દરમ્યાન જે જે બન્યું તેનું ઝડપી બયાન આપીને, આજે સવારે તે યશવંતરાયને મળ્યો ત્યાં સુધીની તેમની સ્થિતિનો અહેવાલ આપીને તેણે નિલીમાને પૂછ્યું.

"હવે તું કહે, અત્યાર સુધીમાં તેં શું શું કર્યું ?"

નિલીમાને એક અકળાવતો વિચાર આવી ગયો. નિરાલીના કહેવા પ્રમાણે આ તક હતી. નીરાલીની બધી વાત આનંદને કહેવા માટે તે ઉત્તમ તક હતી-પણ એ વાત તે આનંદને કહેવા માગતી હતી ?

પાછું મન ડહોળાવા લાગ્યું. તેણે કંઈક બોલતી રહેવું જોઈએ. પણ શું બોલવું ? તેનાથી કંઈ બોલાતું નહોતું. સારું થયું કે ત્યારે જ વેઈટર ચા લઈને આવ્યો અને તે ચાના કપ તૈયાર કરવા લાગી.

પ રહેવાનું બહાનું મળી ગયું.

પણ એ નાનકડી ચૂપકીદીને તોડતાં આનંદે પૂછ્યું, "નોકરી ર જવાનું શરૂ કરી દીધું ?

"ના હજી નથી ગઈ."

"ક્યારથી જવાની છે ?"

નોકરીની અળખામણી વાત આનંદને કહીને તે આ ઘડીનો ાનંદ બગાડી નાખના માગતી નહોતી. પણ નિરાલીના વિચારોએ તે પરેશાન કરવા માંડી હતી. એ વિચારોને કોઈ પણ રીતે ભગાડવા જોઈએ. એટલે નિરાલીની વાત કરતાં નોકરીની વાત વધારે સારી !

અવાજને રાખી શકાય તેટલો સ્વાભાવિક રાખતાં તેણે કહ્યું, "હવે હું નોકરી પર જવાની નથી."

"કેમ ?"

"તેમને કંઈક ધંધાકીય મુશ્કેલી ઊભી થઈ છે એટલે તેઓ ટાફ ઘટાડી રહયા છે." અને સહેજ અટકીને ઉમેર્યું, "મારો પણ તેમાં સમાવેશ થયો છે."

"હેં ?" આનંદ ચમકી ગયો, અને જાણે તેના મનની અંદર ઉતરી જવા માગતો હોય તેમ તેની સામે જોઈ રહ્યો. નિલીમા નીચું જોઈ ગઈ. તેના હાથમાંથી ચાનો કપ લેતાં આનંદે ભારે નિશ્વાસ મૂક્યો.

તેણે કહ્યું, 'મારી સામે જો નિલીમા !"

નિલીમાએ નજર ઊંચી કરી-બ્હી ગયેલી લાગતી હતી એ નજર. "મિસ્ટર બલિયાએ તે દિવસે જે જોયું સાંભળ્યું તેનું જ પરિણામ છે ને આ ? એ કારણે જ છૂટી કરી છે ને તને ?"

"ના, ના એવું નથી !"

"એવું છે, નિલીમા. એવું ન હોય તો બીજું કયું કારણ છે કે તારી નોકરી જાય ?"

"કારણ પત્રમાં લખેલું જ છે. સ્ટાફ ઘટાડવાનું તેમને માટે અનિવાર્ય હતું. એટલે-"

"નોનસેન્સ !" છેડાઈ જતાં આનંદ બોલી ઊઠયો, "કડવી ગોળી પર સાકર ચડાવવાની વાત છે એ બધી ! તું પણ એ સારી રીતે સમજે છે. મિ. બલિયા તેમનો ખરો ઈરાદો ઢાંકવા માગે છે. તેને કૃપાળુ મહોરું પહેરાવવા મિથ્યા પ્રયાસ કરે છે. નહીંતર કોઈ પણ કંપની પોતાના મહત્ત્વના કર્મચારીઓને આમ રાતોરાત છૂટા કરવાનો વિચાર પણ ન કરે."

તેની સામે ફિક્કું હસતાં નિલિમાએ કહ્યું, "પણ હું તેમની મહત્ત્વની કર્મચારી હતી એવું શી રીતે કહી શકાય ?"

"ચોક્કસ કહી શકાય, અને ખાતરીપૂર્વક કહી શકાય," આનંદે તેની ધંધાકીય સમજની સાબિતી આપતાં કહ્યું, "તારી દોઢ મહિના જેટલી લાંબી રજા તેમણે કંઈ આનાકાની વગર મંજુર કરી દીધી'તી એ શું બતાવે છે ? બિનમહત્ત્વના કર્મચારીઓને એવી સવલતો ઝટ નથી મળતી."

નિલીમા ચૂપ થઈ ગઈ.

આનંદે આગળ કહ્યું, "હુ જાતે જઈને મિ. બલિયાને મળું તો તને વાંધો છે ?"

"ના–ના ! પ્લીઝ, તમે ન જશો."

"કેમ ? શું વાંધો છે ?"

"હું જ હવે એ નોકરી પર પાછી જવા માગતી નથી.'

"તારા વિશે જે વાહિયાત છાપ તેના પર પડેલી છે તેના કારણે જ ને ?"

"એ એક જ કારણ નથી, આનંદ. મારું મન જ ઉબાઈ ગયું છે. એ નોકરીની વાત જ જવા દઈએ. તે ગઈ તેની મને જરા ય ચિંતા નથી. મને ગમતી બીજી નોકરી મને મળી રહેશે–"

"તો તું બીજી નોકરી કરવા માંગે છે. ?"

"હા."

"બીજી નોકરી મારી જ ઓફિસમાં હોય એ તને ગમે ? "

"જો–" અણચિંતવ્યા આહ્‌લાદથી દબાઈ જતાં તેણે કહ્યું, "જો એ જગ્યા ખાસ મારા માટે જ ઉભી કરવાની હોય તો મને ન ગમે."

આનંદ હસી પડયો, અને પછી કૃત્રિમ ગંભીરતાથી બોલ્યો "હું પણ ધંધો કરું છું, નિલીમા. જો એમ જગ્યાઓ ઊભી કરતો રહું તો કમાઉં શું ?"

નિલીમા પણ હસી પડી. હસતી હસતી આનંદ સામે જોઈ રહી.

હસતાં હસતાં આનંદે કહ્યુ, "જગ્યા ખાલી જ છે. તારે માટે જ ખાલી રહેવાની હોય તેમ છેલ્લા દોઢ-બે મહિનાથી તે પૂરાઈ નથી. એ જગ્યા પર બેસનારે માત્ર મારું જ કામ કરવાનું હોય છે, મારી સાથે જ કામ કરવાનું હોય છે. હું મુબંઈમાં હોઉ ત્યારે કામ જરા રહે અને મોટેભાગે હુ મુબઈમાં જ હોઉં છું. બોલ ફાવશે ?"

અકથ્ય, અદ્‌ભૂત, અવર્ણનીય આહ્‌લાદભરી લાગણીઓમાં ભીંસાતી, ઝણઝણતી તે નજર ઢાળીને બેસી રહી – કપમાંની ચાને ચમચી વતી ગોળગોળ હલાવતી રહી. કંઈક થતું હતું. કંઈક એવું થતું હતું–ખુશીના માર્યા બેભાન થઈ જનારાના કેટલાય કિસ્સા તેને યાદ આવી ગયા !

(૧૯)

લાખે એકાદ માણસને જીવનમાં એકાદવાર જીવનનો કુલ આનંદ એક સાથે સાંપડી જાય એવું બને. અને ત્યારે તેનું મન કોઈ અદ્ભુત બેહોશીમાં પડી જાય. હવાના કણે-કણમાંથી મદહોશ મહેક છૂટે, અણુએ અણુમાંથી ઊઠીને એક અતિ આનંદ અને પરિતૃપ્તિની ગહેરી અનુભૂતિ મધુર, અતિ આહ્લાદક સંગીત બનીને દિલના તારેતારમાં અજબ ઝંકાર જગાડી દે. આભ અને ધરતી એકમેકમાં ભળી જાય.

એક નાનકડી પળ નિલીમાને એવું થયું.

કેટલા યુગો આવી વસી ગયા હતા એ એક પળમાં!

પણ આનંદનો અવાજ સંભળાયો અને એ પળ પૂરી થઈ ગઈ, "તેં કંઈ કહ્યું નહિ!...નહિ ફાવે ?"

'એવું કેમ બોલો છો ?" ભરઊંઘમાંથી જાગી હોય તેવી આંખે આનંદ સામે જોતાં તેણે કહ્યું, "મને શા માટે ન ફાવે ?"

"તો પછી ક્યારથી શરૂ કરે છે ?" આનંદે પૂછ્યું.

"તમે કહો ત્યારથી"

"તું જ કહે ને, તને ક્યારથી આવવું ફાવશે ?"

"એ...આવતી કાલ, ના, પરમ દિવસથી !"

"તો હવે એ નક્કી. પરમ દિવસ બિલકુલ બરાબર છે. હું પણ

પરમ દિવસે જ ઑફિસે જવાનો છું. આપણે સાથે બેસીને કામની વિગત સમજી લઈશું બરાબર ?"

"બરાબર," નિલીમા ધીમેથી બોલી. એટલી બધી ધીમેથી બોલી જાણે આ બધું તેને હજી સાચું લાગતું નહોતું. આવું ખરેખર બની શકે? એક રેસ્ટોરાંમા બેઠા હોઈએ ત્યાં ચમત્કાર થઈ જાય ? પરમ દિવસે તે ફરી એકવાર આનંદની હિસ્સેદાર બની જશે. તેના ધંધાની આંટીઘૂંટીઓની, ધંધાની જ્વલંત સફળતાની હિસ્સેદાર ! ચમત્કાર ખરેખર બનતા નથી. મનને ક્યારેક રાજી રાખવા, ઝંખનાભર્યા હૈયાને ઘડીભર રીઝવી લેવા રમકડા તરીકે આપી શકાય એવી એક કલ્પના માત્ર ગણાય એ. વાસ્તવમાં કોઈ ચમત્કાર કદી બનતા નથી.

ફક્ત આ જ બની રહ્યો હતો.

આનંદ સંપૂર્ણપણે સ્થિર જણાતો હતો. તેણે સ્થિર અવાજે કહ્યું; "કદાચ તને નહિ ગમે, છતાં પૂછું, મિસ્ટર બાલિયા તને કેટલો પગાર આપતા હતા ?"

"પગાર ?" નિલીમાના મનમાં પડઘો પડયો, "પગારની વાત આનંદ સાથે !" તેને લાગ્યું, તેનાથી કંઈ બોલી શકાશે જ નહિ. છતાં આનંદે બીજીવાર પૂછ્યું ત્યારે તેનાથી બોલાંઈ ગયું.

" નવસો રૂપિયા."

"સારું," આનંદે કહ્યું, "નવસો તને મળશે."

નિલીમા ખુશ થઈ ઊઠી, સારું થયું આનંદે પગારમાં કોઈ મોટો વધારો ન કરી નાખ્યો! જે પગાર તેને ખરેખર મળતો હતો એ જ તે આપે તેનો અર્થ એ થાય કે નોકરી તેને સંપૂર્ણપણે નોકરી તરીકે જ અપાઈ છે, આનંદ માટે તેણે જે કર્યું તેના બદલા રૂપે નહિ. તેણે જે વઠવું પડયું છે, જે ગૂમાવવું પડયું છે તેનું વળતર નાણામાં ચૂકવવાનો વિચાર તેને ન આવ્યો એ કેટલું બધું

યોગ્ય છે! નવસો રૂપિયા લેતાં તેનું મન કદી નહિ ડંખે કે પોતે યોગ્ય કરતાં કંઈ વધુ લઈ રહી છે. જે થયું એ જ ઉત્તમ છે-તેના કરતાં સારું કંઈ સ્વર્ગમાંથી ય ન મળે!

પછી તેમણે ઓફિસની, ઓફિસની બાબતોની થોડીક નાની નાની વિગતો પર વાતો કરી. અલબત્ત, એ વાતો બિનમહત્ત્વની હતી. મહત્ત્વનો હતો તેમાં છલકાતો આનંદ અને સંતોષ. એટલે વચ્ચે વચ્ચે વાતો-બિલકુલ બંધ થઈ જતી, ને બન્ને ચૂપચાપ એકબીજા સામે જોતાં બેસી રહેતા. અને એ વખતે મનનો આનંદ આંખોમાં આવી બેસતો.

એવા ચૂપકીદીના એક નાનકડા ગાળામાં નિલીમાને ક્યાંકથી વિચાર આવી ગયો, "નીરાલીની વાત અત્યારે કહું, કે ન જ કહું?" મનમાંથી જવાબ મળ્યો, "કંઈ કહેવી નથી. અને કહેવી હોય તો પણ તેની ઉતાવળ શી છે? હજી તો આનંદ અહીં બેઠો છે, હજી પોતે ય તેની સાથે ખાસ કયાં બેઠી છે...છેલ્લે, જતાં જતાં ય અમસ્તી કહી શકાય એવી વાત છે એ...જોયું જશે!

અત્યારની આ પળો અણમોલ છે. એ બધી તેની પોતાની છે. તેનો હક છે એ પળો પર, તેની કમાણી છે એ. અત્યારે પોતે આનંદના સમગ્ર ધ્યાનનું કેન્દ્ર છે-એ ધ્યાન બીજે શા માટે ખસેડવું?

સમય અદ્દ્ભુત ચીજ છે. ગમે તેટલો સમય વહી જાય તો ય કંઈ ખબર પણ ન પડે એ વાત અમસ્તી તેણે હસી કાઢી હોત. "સમય થંભી ગયો," કે "સમય આંખના પલકારામાં વીતી ગયો," જેવી વાતોને તેણે માત્ર ભાષાના અલંકારો જ ગણી કાઢી હોત. પણ હવે તે જાતે જ એ સ્થિતિ અનુભવી રહી હતી. કેટલો સમય વીતી ગયો? આનંદથી જુદા પડવા માટે હવે કેટલો સમય બાકી રહ્યો? તેને કંઈ ખબર ન રહી. અને એટલે જ નિરાલીની વાત કહેવા તે સમય નક્કી કરી શકી નહિ. એ વાત તો ગમે ત્યારે કહી શકાય તેમ

હતી, અને દુનિયામાં હતો એ બધો સમય હવે જાણે તેના માટે જ હતો!

પણ સમય અદ્દ્ભુત ચીજ છે.

આનંદે ઓચિંતું જ ઘડિયાળમાં જોયું અને ચમકીને બોલી ઊઠ્યો, "અરે! સાત વાગી ગયા? બાપરે! સાડા સાતે તો મારે પપ્પા પાસે પહોંચવાનું છે! હવે ટેકસી જ પકડવી પડશે...તને રસ્તામાં ક્યાંક ઉતારતો જઉં?"

"ના ના, આનંદ," તે બોલી ઉઠી, "એવી કંઈ જરૂર નથી. તમે જલદી જાવ. મને તો અહીંથી બસ મળી જશે છેક સુધીની." (આમેય, પરિસ્થિતિ જોતાં, અત્યારે તો આનંદ તેના ઘરથી દૂર રહે એ જ સારું!)

"સાચે જ બસ મળી જશે?" ટેબલ પર બીલના પૈસા મૂકી ઊભા થતાં આનંદે પૂછ્યું.

"હા, હા!" હસી પડતાં નિલીમાએ કહ્યું, "હું તમને જૂઠું કહું છું? પણ તમે હવે સમય ન બગાડો. સાડા સાત હમણાં વાગી જશે."

રેસ્ટોરાંનો કાચનો દરવાજો ઉઘાડવા આનંદે પાછળ રહીને હાથ લંબાવ્યો ત્યારે એક ઝબકારા જેટલી વાર નિલીમાને રોમાંચ થઈ આવ્યો; એટલી વાર જાણે તે તેની બાથમાં પૂરાઈ ગઈ.

એ રોમાંચની આનંદને કોઈ રીતે ખબર ન પડી જાય એવો પ્રયત્ન જ તેણે કરવો રહ્યો. બીજું શું કરે એ?

સહેજ દૂર ઊભેલી ટેક્ષીને હાથ ઊંચો કરીને આનંદ તેના તરફ ફર્યો, તેણે કહ્યું, "ખરેખર નિલીમા, આજે આપણે જે નક્કી કરી નાખ્યું તેનાથી મને ખૂબ ખૂબ સંતોષ થઈ ગયો. આ સોનેરી તક ચાંદીની પેટીમાં મૂકીને મિ. બલિયાએ જ મને ભેટ આપી દીધી.

એની થેંક્સ ટુ બલિયા !"

નિલીમા ખિલખિલાટ હસી પડી. હસતાં હસતાં તેણે કહ્યું, "મને પણ એટલો જ સંતોષ થયો છે, આનંદ-હવે આપણે ઓફિસમાં જ મળીશું, પરમ દિવસે...

આનંદ અંદર બેઠો એટલે તેને લઈને ટેક્સી ઉપડી. નિલીમાએ તેની સામે હાથ હલાવ્યો—ખુશખુશાલ અરમાનોનો ધ્વજ લહેરાવતી હોય એમ.

બસ સ્ટોપ પર જવા તેણે પગ ઉપાડ્યો, અને તેની ખુશીમાં ફાચર મારતો વિચાર આવી ગયો, "નિરાલીની વાત તો કહેવાની રહી ગઈ !"

તે જ્યાં બસમાંથી ઉતરી તે સ્ટોપ તેના ઘરથી ખાસ્સું દૂર હતું. છતાં તે ત્યાં ઉતરી ગઈ અને ઘર તરફ ચાલવા લાગી. ચાલવાથી બે લાભ હતા. અવનવીન આનંદથી હજી ઝણઝણી રહેલા મનને ચાલતાં સંકોરતા જવાનું સહેલું પડે. બીજું એ કે, તેણે મોડું ઘેર પહોંચવું પણ જરૂરી હતું. મોડી પહોંચે તો જ એવું લાગે કે તે આનંદના ઘર સુધી જઈને પાછી આવી હતી, નહીંતર-નહીંતર...તેને નિરાલીની ખરેખર બીક લાગતી હતી.

પણ ઘેર પહોંચતા જ તેને રાહત થઈ ગઈ. નીરાલી ઘેર નહોતી. ફૈબાએ કહ્યું, "કંટાળો આવતો હતો એટલે સિનેમા જોવા ગઈ છે." હાશ ! હવે દસ વાગ્યા સુધી નચિંત. ફૈબાએ બીજું પણ કહ્યું.

"સાંજની ટપાલમાં તારું એક કવર આવ્યું છે. અંદરના રૂમમાં ટેબલ પર મૂક્યું છે."

"કવર ? કોનું હશે ?" પ્રશ્નને પંપાળતી તે અંદરના રૂમમાં ગઈ. કવર ટેબલ પર હતું, અને નિરાલી અત્યારે નહોતી. શાંતિથી, પ્રશ્નોની ઝડી વિના તે વાંચી શકશે.

તેણે કવર હાથમાં લીધું અને મોકલનારનું નામ વાંચ્યું. ઓહ ! આ તો હેમલતા માસી !

છેલ્લે છેલ્લે આનંદના ઘેર માસીએ તેને ફોન કર્યો હતો. સખત વાવાઝોડા જેવો ગડગડાટ થઈ ગયો હતો. બસ, પછી તેમના કંઈ વાવડ સંભળાયા નહોતા. હવે આમાં શું લખ્યું હશે તેમણે ?

આનંદના ઘરમાં તેણે પગ મૂક્યો પછી તરત જ ભારે ઉથલ-પાથલ શરૂ થઈ ગઈ હતી. સરિતા અને યશવંતરાય બન્નેને પોતે સાચી વાત કહી દીધી પછી થોડીક શાંતિ થઈ હતી. અને એ દરમ્યાન, માસીની ગેરસમજ દૂર કરવા એક લાંબો પત્ર લખવાનો વિચાર પણ તેને આવ્યો હતો. પણ તે અચકાતી હતી, ડરતી હતી. બિનજરૂરી વિગતોથી પત્ર બહુ લાંબો ન થઈ જાય, અને માત્ર જરૂરી વિગતો લખવાના ઉત્સાહમાં તે કશું સમજાવી ન શકે એટલો ટૂંકો પણ ન થઈ જાય એવો મધ્યમમાર્ગી પત્ર લખવાની વિમાસણમાં તે મુદ્દતો નાખતી રહી હતી. પરિણામે પત્ર લખવામાં માસી પહેલાં રહ્યાં હતાં.

પત્ર હાથમાં લઈને તે ખુરશીમાં બેઠી, અને પત્ર કવરમાંથી બહાર કાઢ્યો. અરે ! બહુ દળદાર હતો પત્ર ! નોટબુકનાં ચાર કાગળોને ભેગા કરીને ખૂણે ટાંકણી મારેલી હતી. આઠ પાનાંનો પત્ર !

તેમણે આનંદના ઘેર નિલીમાને ફોન કર્યો અને તેની પાસેથી જે જાણ્યું તેનાથી તેમના મન પર શું શું વીત્યું હતું. તેના સંપૂર્ણ વર્ણને ત્રણ પાનાં રોક્યા હતા. ત્યાર પછીનું એક-દોઢ પાનું કહેતું હતું કે, આખી વાતનો શાંતિથી વિચાર કર્યા પછી તેમને સમજાયું હતું કે નિલીમા જરાય દોષપાત્ર નહોતી.

પછીનાં પાનાંનો સાર હતો : તારા તરફથી કંઈક જાણવા-સાંભળવા મળે તેની અમે કાગના ડોળે રાહ જોઈ રહયા છીએ. કારણ કે અમારા માનવા પ્રમાણે નિરાલી અમને કંઈ પત્ર-બત્ર લખતાં પહેલાં

તારો સંપર્ક કરશે. એટલે જ તને કહેવાનું નિલૂ, કે એ છોકરી માટે અમને કેટલું દુઃખ થાય છે. તે આમારું મન જાણે છે. તેના કંઈ પણ સમાચાર જાણવા અમે રોજેરોજ તલસી રહ્યા છીએ."

"તેણે ઘણું અયોગ્ય કામ કર્યું છે. છતાં તે અમારી દીકરી છે. અને અમે તેના મા-બાપ છીએ. અમારાથી તે ભૂલાઈ ગઈ નથી. તું જ્યારે પણ તેને મળે ત્યારે આ વાત ગળે ઉતારજે. નિલૂ, તારો પાડ માનીશ. મારા મનમાં એકધારો એવો ફફડાટ રહે છે કે એ નાલાયક માણસ પાસેથી તેને દુઃખ જ મળ્યું હશે. અને એ ચિંતામાં મને રાત્રે ઊંઘ પણ આવતી નથી. હાલતાં ચાલતાં મને તેના જ વિચાર આવે છે. નિલૂ, તે ક્યાં હશે? શું કરતી હશે? બિચારી! તે તને મળે તો કહેજે કે જે બની ગયું તે બની ગયું. એ બધું ભૂલી જાય. અમે વહેલી તકે તેને નજરે જોવા માગીએ છીએ. આ ઘર તેનું છે, તેને માટે સદા ખુલ્લું છે. તે અહીં આવશે તો તેણે કોઈને કંઈ જવાબ આપવો પડશે એવી બીક રાખવાની ય જરૂર નથી. અમે કોઈ તેને ઠપકો આપવાના નથી, કંઈ પૂછવાના પણ નથી. ફક્ત તે ઘેર પાછી આવી જાય એટલી અમારી ઇચ્છા છે. તું તેને સમજાવજે."

એવું એવું બીજું પણ ઘણું લખ્યું હતું. નિલીમા માસીના મોટા અક્ષરો સામે જોઈ રહી. માસીના દિલ જેવા જ મોટા, એવા જ સરળ મરોડવાળા અક્ષરોમાં જાણે માસીનો ચિંતાભર્યો ચહેરો તેને દેખાયો. બિચારા માસી! આજની ઘડી સુધી તેમણે કેટલો પ્રેમ વરસાવ્યો હતો નિરાલી પર! નીરાલી એ પ્રેમને લાયક જ ન નીવડી-અફસોસ! અને જે ત્રાસ, જે દુઃખ બદલામાં માસીને મળ્યાં તેને તેઓ હરગીઝ લાયક નહોતાં...તેમની આ ચિંતાભરી સ્થિતિનો વહેલી તકે અંત આવવો જ જોઈએ...

તેને લાગ્યું, ભૂલ તેની જ હતી. તેણે જ માસીને ખબર લખી નાખવા જોઈતા હતા કે નિરાલી પાછી આવી ગઈ છે-સહિસલામત. અદ્ભુત માણસ ભુવનેષને પરણવાની ભૂલ, સદભાગ્યે, તેણે કરી નથી. તે બધી રીતે સલામત છે. ચિંતા કરશો નહિ. એ ખબર તાત્કાલિક તેણે ન આપી દીધા એટલો તેનો દોષ છે જ..."

"પણ હવે તો નિરાલીએ જ તેમને પત્ર લખવો જોઈએ. તેથી જ તેમને ધરપત થાય. પત્ર તેણે આજે જ લખવો પડશે. ઘેર આવે કે તરત જ લખવો પડશે, જોઉં છું કેમ નથી લખતી!" વિચારોના તીવ્ર વેગમાં તે બબડી રહી હતી તેની તેને ખબર નહોતી. "પત્ર તો તેણે લખવો જ પડશે...પણ પત્ર શા માટે? તેણે પોતે જ તેમની પાસે જવું જોઈએ. કેટલા ઝંખે છે બિચારા તેને! તેની પાસે હું ટ્રંકકોલ જ કરાવીશ, તેના મોઢે જ કહેવરાવીશ, કે સવારની ગાડીમાં નીકળીને તે ત્યાં આવે છે...."

પણ નીરાલી એમ કરશે? તે કહે એ બધું તે કરી નાખશે? તદ્દન શંકાભરી વાત છે! એટલી જલદી તે અહીંથી નીકળવા તૈયાર થઈ જાય એ વાત શંકાભરી છે. એ માટે તો એવા કોઈકની જરૂર હતી જે પૂરેપૂરો દોર પોતાના હાથમાં લઈ લે, નિરાલી ઇચ્છે કે ન ઇચ્છે, તેની બેગ પેક કરીને બેગ સહિત તેને ગાડીમાં ચડાવી દે.

"ગમે તેમ કરીને તેને ગાડીમાં ચડાવી દેવી જોઈએ," તેના મનમાં વિચાર પડઘાયો. બહુ સરસ હતો વિચાર. બહુ મહત્ત્વનો વિચાર હતો. તે અહીંથી અમદાવાદ જવા નીકળી જાય એટલે માસા-માસીને બિચારાને કેટલી બધી નિરાંત થઈ જાય?"

"માત્ર માસામાસીને જ?" મનમાંથી કોઈ બોલ્યું.

તે સહેજ છંછેડાઈ ગઈ, તતડી ગઈ, "મારે શું? મને તો બિચારા માસામાસીનું લાગી આવે છે એટલે રહેવાતું નથી. નહીંતર

મારે શું ?"

તેણે નવો નિર્ણય કર્યો, એવા લાંબા-ટૂંકા વિચારો કરવાની મારે કંઈ જરૂર નથી. મારે તો ફક્ત માસીનો વિચાર કરવાનો. તેમને શાંતિ થાય એ માટે વહેલી તકે તેમને ખબર પહોંચાડી દેવાના. પછી શું કરવું એ પછી જોયું જશે..."

"નિરાલી સવારની ગાડીમાં જવા તૈયાર થશે ?" વળી મનમાં કોઈ બોલ્યું.

"એને જે કરવું હોય તે કરે. ચૂલામાં જાય એ બધી પળોજણ," તે બબડી. તે ખરેખર ખૂબ અકળાઈ હતી, "અત્યારે તો માસીએ મને પત્ર લખ્યો છે. મારી પાસે જ હૈયાવરાળ ઠાલવી છે બિચારાએ-એટલે મારે જ તેમને બની શકે તેટલાં જલદી ચિંતામાંથી છોડાવવા જોઈએ !"

અને માસીને કોલ જોડવા તે પડોશીના ઘર ભણી ઉપડી.

ફોન જોડાતાં બહુ થોડી વાર લાગી, બે કે ત્રણ મિનિટ જ. અને એ બહુ સારું થયું. વધારે વાર લાગી હોત, ધમધમાટ વિચારો કરી રહેલા મગજને વધારે સમય મળ્યો હોત તો બનવા જોગ છે કે મગજ પાટા બદલીને બીજી દિશામાં દોડવા લાગ્યું હોત, કંઈક નવું જ વિચારી બેઠું હોત. પણ સમય જ ન મળ્યો. ડાયરેક્ટ ડાયલીંગની સુવિધા આશીર્વાદરૂપ બની રહી. બે કે ત્રણ મિનિટમાં માસી તેના કાનમાં બોલ્યા.

"હલ્લો, હલ્લો, કોણ બોલો છો ?"

"હું, માસી, હું નિલીમા બોલું છું."

"નિલીમા !" માસીના અવાજમાં હરખનો જે રણકો ઊઠયો તે નિલીમાના મનને સ્પર્શી ગયો. "બોલ નિલૂ, જલદી કહે, નિરાલીના કંઈ સમાચાર છે ?"

"હા, માસી, તમારો પત્ર મેં હમણાં જ વાંચ્યો. અને તરત તમને ફોન જોડયો છે. નિરાલીની ચિંતા બિલકુલ કરશો નહિ. તે અહીં જ છે, મારા ઘરમાં જ."

"હેં ! હેં ! તારા ઘરમાં ?... હાશ, ભગવાન ! પણ એ કેવી રીતે બન્યું ?" માસીના એ ધ્રૂજતા શબ્દોના છેડે એક દબાયેલું ડૂસકું પણ નીકળી જતું સંભળાયું. નિલીમાના હૃદયમાં તે ઊંડે સુધી ઉતરી ગયું.

તેણે કહ્યું, "માસી, સાંભળો છો ને, માસી ? નીરાલીની બિલકુલ ચિંતા કરશો નહિ. તે અહીં મારી સાથે જ છે. તેણે લગ્ન કર્યા નથી બીજું પણ ચિંતા કરવા જેવું કંઈ બન્યું નથી...અહીં આવીને તરત જ તેમની વચ્ચે લડાઈ થઈ ગઈ હતી. ને બન્ને હવે છૂટા પણ પડી ગયા છે-ભગવાને લાજ રાખી લીધી છે, માસી"

"તારો કેટલો પાડ માનું, નિલૂ ?" ભારે હર્ષ અને રાહતથી ધ્રૂજતા, ધીમા અવાજે માસી બોલ્યાં, "આ ખબર આપીને તેં જ અમને ઉગારી લીધા હોય એવું લાગે છે, નિલૂ. તારું બહુ ભલું થશે... બહુ ભલું થશે..."

"બસ, માસી, બસ," નિલીમાનો અવાજ પણ રુંધાવા લાગ્યો, "હવે વધારે એવું બોલશો..."

"નિરાલીને ફોન પર બોલાવ, નિલૂ," માસીનો અવાજ સંભળાયો, "મને તેની સાથે વાત કરાવ. તેને કહે કે તેણે કંઈ જ ડર રાખવાની જરૂર નથી. મારે તેની સાથે અમસ્તી જ વાત કરવી છે-તેનો અવાજ સાંભળવા પૂરતી જ..."

"પણ અત્યારે તે ઘરમાં નથી, માસી. !"

"ઘરમાં નથી ? તો પછી કયાં છે ?"

"બહાર ગઈ છે. જરૂરી કામ હતું એટલે જવું પડયું છે, તેને આવતાં હજી થોડીવાર લાગશે," નિલીમા બોલી-જૂઠું બોલી. તેને

લાગ્યું, કેવી દશા છે તેની? ડગલેને પગલે ફરજિયાત જૂઠું બોલવું પડે છે. પણ સાચું તે શી રીતે બોલે? જે મા ટેલીફોનના સામે છેડે દીકરીની ચિંતામાં તરફડી રહી હોય, માત્ર તેનો અવાજ સાંભળવા ય તડપી રહી હોય એ માને કેવી રીતે કહેવું કે, તેની દીકરી આરામથી સિનેમાની મોજ માણી રહી હતી?

તેણે કહ્યું, "તે આવશે કે તરત જ હું તેને તમારો પત્ર વંચાવીશ. મને ખાતરી છે કે વાંચીને તે બહુ ખુશ થશે."

"પણ નિલૂ", માસીનો નિરાશ અવાજ સંભળાયો, "મારે તેની સાથે વાત કરવી છે, તેને જલદીમાં જલદી જોવી છે એકવાર. તારા માસા પણ તેને ઝંખે છે. અત્યારે એ પણ મારી પાસે જ ઉભા છે. અર્ધી મિનિટ તેની સાથે વાત થઈ હોત!"

માસા-માસી બન્ને નિલીમાની નજર સામે તરી રહ્યા. ઘડપણના ઊંબરે ઊભેલા એ મા-બાપ. ચિંતા, શરમ અને દુઃખે તેમના ચહેરા કેવા ઉજાડી નાખ્યા હશે! કેટલું રીબાયા હશે બન્ને? અને છતાં એ બધું વિસરી જઈને તેઓ ટેલીફોન પર મીટ માંડીને ઊભા હતા. દુઃખ દઈને દૂર થઈ ગયેલી દીકરી સાથે અર્ધીએક મિનિટ વાત કરવા તડપભરી મીટ માંડી રહ્યા હતા...નિલીમા જાણે તેમને જોઈ રહી. તેની છાતીમાં બળતરા થવા લાગી.

"માસી," સ્પષ્ટ, મક્કમ રણકાપૂર્વક તે બોલી, "સવારની ગાડીમાં જ હું નિરાલીને તમારી પાસે મોકલું છું, તેની ટીકીટ પણ મંગાવી લઉં છું, અને સવારે હું જાતે જઈને તેને ગાડીમાં બેસાડી દઉં છું. ચિંતા કરશો નહિ, માસી સાંજ પહેલાં તો એ તમારી સામે બેઠી હશે."

"બહુ સારું બેટા, બહુ સારું!" માસીનો હર્ષથી કંપતો અવાજ સંભળાયો, "તારો પાડ અમે કોઈ દિવસ નહિ ભૂલીએ..."

અને રીસીવર પાછું મૂકાયાનો અવાજ સંભળાતા નિલીમાએ પણ રીસીવર મૂકી દીધું.

ઘેર આવી તે અરિસા સામે ઊભી રહી. વીખરાઈને મોં પર ઊડી રહેલા વાળને બેય હાથ વડે સરખા કર્યા. તેનો ચહેરો મોટા ધમસાણ પછી ખાલી થઈ ગયેલા મેદાન જેવો લાગતો હતો. તેને લાગ્યું, થોડીક વાર તે ખૂબ તીવ્ર સંવેદનોના જબરદસ્ત ઝંઝાવાતમાંથી પસાર થઈ ગઈ હતી, તેનું સમગ્ર ઊર્મિતંત્ર હલબલી ગયું હતું.

પણ એ ન ચાલે. તેથી તો તેનું જ કામ બગડે. ઠંડા કલેજાની નિરાલી જેટલું જ ઠંડું મગજ રાખવાનો તેણે નિર્ણય કર્યો.

નિરાલી આવી ત્યારે તે રસોડામાં ઢાંકોઢુંબો કરી રહી હતી. નિરાલીની રાહ જોતા, તૈયાર રસોઈની ચોકી કરતા બેસી રહેવાની જવાબદારીમાંથી ફૈબાને તેણે મુક્ત કર્યા હતા.

નિરાલીને બારણામાં જોતાં તેણે કહ્યું, "આવી ગઈ તું ? તારી તો હું ખાસ રાહ જોઈ રહી છું."

"કેમ ?"

"તને એક ખુશખબર આપવાના છે," નિલીમાએ કહ્યું," "હમણાં જ મેં ટેલીફોન પર માસી સાથે વાત કરી. તું સહીસલામત અહીં મારી પાસે જ છે એ જાણીને તે એટલાં તો રાજી થયા છે એટલા તો રાજી થયાં છે, નીરાલી-તને શી રીતે કહી બતાવું ?" સહેજ થોભીને તેણે ઉમેર્યું, "હવે લાગે છે ને કે આપણે તેમને વહેલું ન જણાવ્યું એ આપણી ભૂલ હતી ?"

નીરાલી અંદર આવી અને તેની પાસે ઊભી રહી. તેણે પૂછ્યું, "મમ્મીએ ફોન કર્યો હતો ?"

'ના, મેં કર્યો હતો. તેમનો તો પત્ર આવ્યો હતો. એ વાંચ્યા પછી મને લાગ્યું કે તારી સહીસલામતીના ખબર આપવામાં હવે વાર

લગાડવી એ પાપ છે. તું વાંચી જો. આંખમાં આંસુ આવી જાય એવો પત્ર છે..."

"હું..." કોઈક દાખલો ગણતી હોય તેમ વિચારતાં નીરાલી બોલી, "મારી આટલી બધી ચિંતા તે કરશે એવી ધારણા જ મેં રાખી નહોતી-ન જ રખાયને? મેં જે કર્યું હતું એથી તો તેમને સખત ગુસ્સો જ ચડવો જોઈએ. તેને તો એમ જ હશે કે મેં લગ્ન કરી લીધા છે."

"એવું નથી, નીરાલી," નિલીમાએ કહ્યું, "ભુવનેશને માસીએ તારા કરતાં વધારે સારી રીતે ઓળખી લીધો'તો અને એટલે જ એમને તારી વધારે ચિંતા થતી હતી. ખેર! પણ અત્યારે તો માસી અને માસા તને જોવા તલપાપડ થઈ ગયા છે. અને મેં તેમને વચન આપ્યું છે કે, સવારની ગાડીમાં જ હું તને તેમની પાસે મોકલીશ-તેમને મળીને ભલે તું પાછી આવતી રહે."

"પણ, નિલૂ," આંખો જરા મોટી કરતાં નીરાલી બોલી ઊઠી, "એવું વચન તું શી રીતે આપી શકે?"

"એ સિવાય બીજું કંઈ કરી શકાય તેમ જ નહોતું" મક્કમ અવાજે નિલીમાએ કહ્યું, "તને ખબર છે, તારી ચિંતામાં તે કેટલાં વ્યાકુળ થઈ ગયા છે? કેટલાં ઝંખી રહ્યા છે તને?

"પણ હમણાં હું ત્યાં જવા માગતી નથી. તું તો એ જાણે છે."

"તો પછી એકવાર હવે તારે એ પણ કરવું પડશે જે તું કરવા માગતી નથી," નિલીમાએ કહ્યું. મનમાં ઊંચે ચડી રહેલા રોષને દબાવી રાખવા તે મથતી હતી. "તું જે કરવા માગતી હતી એ જ અત્યાર સુધી તેં કર્યું છે અને તારી સાથે જોડાયેલા એકેએક જણને માટે મોટી મોટી મુશ્કેલીઓ ઊભી કરી છે. અત્યાર સુધી એ એક જ કામ તેં કર્યું છે. હવે થોડાક ચેઈન્જ ખાતર પણ તારે તેમાં

રફાર કરવો જોઈએ. કોઈ બીજાનો વિચાર કરવો જોઈએ." થોડીવાર ોભીને તેણે આગળ કહ્યું, "તારે તારા મા-બાપ પાસે જવું જોઈએ. ેથી તેમને ખૂબ આનંદ થશે. ખૂબ રાહત મળશે. જે દુઃખ, શરમ, ાઘાત, અને ચિંતા તેમને મળ્યાં છે, તેનું એટલું વળતર મેળવવાનો ેમને હક્ક છે."

નિરાલી તેને જોઈ રહી. તેની નજરમાં હજી બંડખોરી હતી. ્તાં નિલીમાની વાતની તેના પર અસર પણ થઈ હતી એ જોઈ ાકાતું હતું. તે બોલી.

"હું સાવ એમ દોડી જઈ ન શકું."

"શા માટે ન જઈ શકે? મને સમજાવીશ?" નિલીમાએ કહ્યું, "તારે અચકાવાનું હવે કોઈ કારણ જ નથી." અને સહેજ અટકીને ક્કમ અવાજે કહ્યું, "જો, હું તેમને વચન આપી ચૂકી છું કે ારી ટીકીટ હું મંગાવી લઈશ, તને ગાડીમાં બેસાડી દઈશ. એ ચનમાંથી હું પાછી ન હઠી શકું."

"પણ–" જરા ગૂંચવાઈને ઢીલી પડતાં નીરાલીએ કહ્યું, "પણ ો પછી આનંદને મળવાનું શું?"

"આનંદને મળવાનું?" મનમાં ધડાક દઈને અથડાયેલી ાળનો પડઘો પાડતી હોય તેમ નિલીમા બોલી ગઈ.

"હા," નીરાલી બોલી, "અને આજે તારે આનંદ સાથે મારી ું વાત થઈ એ પણ હજી તેં મને કહ્યું નથી."

"સાવ નહિવત્." નિલીમાએ કહ્યું "એ વાત થઈ શકે એવી અનુકૂળતા જ નહોતી."

"એવી એટલે કેવી અનુકૂળતા? હું પાછી આવી ગઈ છું. એટલું ય કહ્યું હોત તો તેમને કેટલી ખુશી થાત!"

"નિરાલી, બીજી બધી વાતોમાં વચ્ચે તારી વાત કાઢવાનું જ

બહુ મુશ્કેલ હતું. તને એ કઈ રીતે સમજાવું ?"

તેની વાતમાં અર્ધ સત્ય તો હતું. તેને તેથી આનંદ થયો. પણ કેવું વિચિત્ર છે તેનું મન! અધકચરું, પણ સત્ય કહેવાનો મોહ હજી તેનાથી કેમ છૂટતો નહોતો? કેવળ જૂઠાણાનો જ જ્યારે એક માત્ર આશરો હતો ત્યારે પણ થોડુંક, સત્ય જેવું કંઈક કહેવાની ઈચ્છા શા માટે થતી હતી?

તેણે કહ્યું, "આનંદ સાથે જે વાતો થઈ એ બધી તને કહેવાનો અત્યારે સમય નથી, તેનો કંઈ અર્થ પણ નથી. પણ એટલું તને ખાતરીપૂર્વક કહી શકું કે અત્યારે તું તેને મળે તેથી કોઈ હેતુ સરવાનો નથી. હાલ તુરત તો એ વિચાર માંડી વાળવો એ જ સારું છે."

"તું કહેવા શું માગે છે, નિલૂ ? એ હજી એટલા ને એટલા જ ગુસ્સે થયેલા છે ?"

"ગુસ્સો કહો કે ગમે તે કહો. તેમના મનમાં જે પડ્યું હશે તે એટલું મોટું તો હશે જ કે એકાદ વાર મળીને તે સાફ ન કરી શકાય."

"હું એ નથી માનતી," નિરાલી બોલી, "તે મને જોશે તે સાથે જ તેના મનમાંથી બધું નીકળી જશે!'

નિલીમા એ કલ્પનાથી પળભર ધ્રૂજી ગઈ.

નીરાલીએ કહ્યું, "તેં તેને કહ્યું કે, હું વહેલામાં વહેલી તકે તેને મળવા આતુર છું ?"

નિલીમાના ગળામાં કંઈક ભરાઈ ગયું. તેને નીચે ઉતારતાં તે બોલી, "તું કહે છે એટલા શબ્દોમાં હું તે કહી શકી નથી."

"પણ મેં તને ખાસ એ વાત જ તેને કહેવાનું કહ્યું હતું! એ વાત જ સૌથી અગત્યની હતી, તેની સાથે તારે બીજી કઈ વાતો કરવાની હતી કે સૌથી અગત્યની વાત જ ભૂલાઈ ગઈ ?"

"મોટા ભાગનો સમય તો તેમણે મારી ચિંતાની જ વાતો કર્યા કરી. હું તેમાં શું કરી શકું ?"

"તારી ચિંતા ?" જાણે નિલીમાની ચિંતા વિષે પહેલીવાર જ સાંભળતી હોય એવા આશ્ચર્યથી તે બોલી.

"હા, કેમ ?" નિલીમાએ તરત જ જવાબ આપ્યો, "મારી નોકરી ઝૂંટવાઈ ગઈ એ જાણીને જ તે ખૂબ ધૂંધવાઈ ગયા હતા. તેમને લાગતું હતું કે અમુક અંશે તે પોતે પણ તેમાં જવાબદાર હતા."

"એ શા રીતે ?"

તેનો જવાબ જરા લંબાણથી આપવો પડે તેમ હતો. જવાબ આપવો લગભગ અનિવાર્ય હતો. નિલીમાએ આનંદના ઘેર મિસ્ટર બલિયાની હાજરીમાં ભજવાયેલો આખો સીન અસરકારક રીતે વર્ણવી બતાવ્યો. સદ્ભાગ્યે, નીરાલીના મગજમાં તે ઉતર્યો.

તે બોલી, "ઓહ ! એમ ? ત્યારે તો એ બરાબર છે. તેમાં તેને પોતાની પણ જવાબદારી લાગે એ સમજાય એવું છે. પણ તેમાં તે પોતે શું કરી શકે ?"

"તેમણે તો મને તેમની જ ઓફિસમાં નોકરી આપવાની ઓફર કરી–" નિલીમા બની શકે તેટલી સ્વસ્થ રહીને બોલી. પણ તેના હૃદયના ધબકારા વધી ગયા.

"હેં ! શું કહે છે !" નિરાલી બોલી ઊઠી, "એ ઓફર તેં સ્વીકારી લીધી ?"

"હાસ્તો. એમાં શું વાંધો ? ઊલટું એ તો વધારે પસંદ કરવા જેવું ગણાય."

"સરસ," નીરાલી ઉત્સાહથી બોલી, "એ તેં સારું કર્યું. તું તેની જ ઓફિસમાં નોકરી કરતી હો તો તેના ખૂબ સંપર્કમાં રહી શકે. અને તો મારી વાત તેને સમજાવવા માટે પૂરતી તક મળી રહે."

સહેજ અટકીને તેણે ઉમેર્યું, “તેં એ બરાબર જ કર્યું છે.”

નિલીમાએ કંઈ જવાબ ન આપ્યો. જવાબ આપવાની જરૂર પણ નહોતી. નીરાલી ચાલાક હતી-કબૂલ. બુદ્ધિશાળી હતી–કબૂલ. પણ તેને એક બહુ મોટી ગરજ પણ હતી. ને ગરજવાનને અક્કલ હોતી નથી. તો જો નીરાલી તેનું હિત સાધવાની તકોનો હિસાબ માંડી રહી હોય તો નિલીમાનું મન તે ચૂકી જવાનો વિચાર ન જ કરતું હોય.

થોડીક પળો બન્ને ચૂપ બેસી રહી.

“તો તું એમ માને છે,” નીરાલી બોલી, “ કે થોડા સમય માટે મારે અમદાવાદ જવું જોઈએ ?”

“હું એમ માનું છું એટલું જ નહિ,” નિલીમાએ કહ્યું, “તું ત્યાં જાય તેની જવાબદારી મેં લીધેલી છે.” અને પછી હળવું સ્મિત કરતાં ઉમેર્યું, “તારે જવું જોઈએ, નિરાલી. તારે તેમને બીજીવાર નિરાશ ન કરવા જોઈએ.”

નિરાલીએ પણ સ્મિત કર્યું, અને કહ્યું, “મારી ઇચ્છા અનિચ્છા જાણ્યા વિના જ તું આવી ગોઠવણો કરી નાખે એ તારું માથાભારે પણું જ ગણાય, નિલૂ !” અને પછી જરા વધારે હસતાં ઉમેર્યું “કોઈને એવું ય લાગે કે તને મારાથી છેડો છોડાવવાની બહુ ઉતાવળ છે.” અને મોટેથી હસી પડી.

નિલીમા હસવા ગઈ, પણ માત્ર થોડું મરકી શકી. તેણે કહ્યું “તું એકવાર માસીનો પત્ર વાંચીજે. એટલે તને સમજાશે કે મારે આગ્રહ વાજબી છે.”

“સારું, લાવ વાંચું.”

નિલીમાએ પત્ર લાવીને તેને આપ્યો. રસોડામાં એક છેડેથી બીજે છેડે ટહેલતાં નીરાલીએ તે વાંચવા માંડ્યો. પ્લેટફોર્મના ટેકે સહેજ ઢળીને નિલીમાએ આંખો મીંચી દીધી-આખરે સાંપડેલી એક ભાગ

રાહતને લીધે કે આંખોમાં તરી આવેલા અમસ્તા આંસુને આંખોમાં જ પાછાં ઢાળી દેવા માટે ? શી ખબર.

પત્ર વાંચી લીધા પછી નીરાલીએ ભાગ્યે જ કંઈ નવું કહેવાનું હતું. અમદાવાદ જવાનું તેણે લગભગ સ્વીકારી જ લીધું હતું. ઉપરાંત માસીના પત્રે તેને થોડી ભીંજવી હતી.

બન્નેએ જમી લીધું પછી તરત જ નિરાલી પોતાની બેગ તૈયાર કરવા લાગી. નિલીમાએ ગડી વાળીને આપેલાં કપડાં બેગમાં ગોઠવતાં તેણે કહ્યું.

“માણસને જીવનમાં કોઈ નક્કર આધાર હોય એ કેટલું સારું ગણાય, નહિ ?” તે સહેજ અટકી અને પછી કહ્યું, “બીજા કોઈને તો કદી ન કહું, પણ તને કહું છું કે ભુવનેશની ચૂંગાલમાંથી હું સહી-સલામત છટકી ગઈ એટલી નસીબદાર છું. તેણે મારી સાથે લગ્ન કર્યું હોત તો પણ પછીની જિંદગી તો ધિક્કારપાત્ર જ હોત. મારી પાસે કદી એવી કોઈ જગ્યા ન હોત જેને હું મારૂં ઘર કહી શકું !”

“ખરું, છે.” નિલીમાએ કહ્યું. “એવી જિંદગી તને એક દિવસ પણ ફાવી ન હોત.”

નિરાલીએ તેનું સુંદર મુખ મલકાવ્યું અને કહ્યું, “અરે એક કલાક પણ ફાવી ન હોત ! ખરેખર આનંદને ખોઈ બેસવો પડે એવું આ જોખમ ખેડનાર મારા જેવું મૂર્ખ કોઈ નહિ હોય.”

“માત્ર જોખમ ?” નિલીમાના મનમાં પડઘો પડ્યો, “તેણે જે કર્યું તેને હજી તે આનંદને ખોઈ બેસવો પડે એવું જોખમ જ ગણે છે ? તેને તે ક્યારની ય ખોઈ બેઠી છે એવું તેને ક્યારે લાગશે ?”

પળવાર તે ચૂપ બેસી રહી. મનમાં એક ગડમથલ શરૂ થઈ ગઈ. નીરાલી આનંદને હજી શા માટે વળગી રહી હશે ? બીજી કોઈ હોત આ આનંદની આશા ક્યારની ય હંમેશ માટે મૂકી દીધી હોત–પણ

આ હજી આટલી શા માટે વળગી રહી હશે? તેને પૂછી લીધું હોય તો? તે શું જવાબ આપશે......તેના જવાબની તેના પોતાના નિર્ણય પર કોઈ અસર થશે? પણ પાછળથી અંતરાત્મા ડંખ ન મારે એમ તે ઈચ્છતી હોય તો તેણે નિરાલીને પૂછી લેવું જોઈએ, જાણી લેવું જોઈએ.

“એક વાત પૂછું, નિરાલી?” તે પૂછી બેઠી, “આનંદને તું ચાહે છે?”

“કેમ? એમાં પૂછવાનું શું છે?” નીરાલીએ કહ્યું, “તેને ચાહું છું એટલે તો તેની સાથે લગ્ન કરવાની હતી. તું તો એ જાણે છે!”

“હા,” નિલીમાથી બોલી જવાયું, “તેની સાથે લગ્ન કરવાની હતી, અને આગલી રાત્રે જ તેને રઝળતો મૂકીને બીજાની સાથે ભાગી જવાની હતી!”

“ઓહ!” નીરાલી બોલી, “એ એક જુદી જ વાત હતી, નિલુ એ તો એક ખરાબ ગાંડપણ હતું. પણ તને એ નહિ સમજાય, તું કદી એવા ગાંડપણની અડફેટે ચડે એવી નથી!”

“નથી?” નિલીમા બોલી ગઈ, તે પછીના ગાળામાં કોણ વધારે ગાંડપણપૂર્વક વર્ત્યું હતું-નીરાલી કે પોતે? કોનું ગાંડપણ વધારે મોટું હતું?

પણ એક વાત તેને સ્પષ્ટ લાગી. નીરાલી તેના મનમાં તો માનતી હતી કે તે આનંદને ચાહે છે, તેને પામવા માગે છે. જો કે આનંદને તેથી જીવનભરનું સુખ મળે કે દુઃખ તે એક જુદી વાત હતી-વિચારવાની વાત હતી.

અને વિચારોનું કંઈ ઠેકાણું નહિ, કોઈ અંત પણ નહિ-એકલા વિચારોનો કંઈ અર્થ પણ નહિ.

તેને લાગ્યું, વિચારોને કેડે કેડે આટલી બધી ફર્યા પછી તે ઠેરની ઠેર હતી. વિચારોનો ગમે તેટલો લાંબો પ્રવાસ પણ તેને એક ડગલું ય આગળ લઈ જશે નહિ. એ માટે તો તેણે અંતરાત્માનાં બારણાં ખખડાવવા પડશે, અંતરાત્માને ખાતરી આપવી પડશે કે આનંદના લાગણી તંત્ર પર પોતાની પણ કોઈક છાપ મૂકવાનો અધિકાર હવે તેને છે. નિરાલી પણ જો હજી તેને ચાહવાનો દાવો કરતી હોય તો તેમના બન્નેના પ્રેમનું હીર ચકાસી જોવાનો, બન્નેનું ઊંડાણ ચકાસી જોવાનો, હક તેને મળ્યો છે...એવી તુલનાનું ત્રાજવું નીરાલી તરફ કેવી રીતે નમી શકે? એકવાર આનંદને રસ્તાની ધૂળ બરાબર ગણીને, તેના ઉપર પગ મૂકીને તે કૂદી ગઈ હતી–કોઈ બીજાને આંબવા...

સવારે નિરાલીને વિદાય આપવા તે સ્ટેશને ગઈ ત્યારે તે ખૂબ સ્વસ્થ હતી, ખુશમિજાજ હતી-મન પણ હલકું ફૂલ હતું.

(૧૭)

સ્ટેશને ગાડીમાં જગ્યા મેળવવાની સમસ્યા તો હતી, અને સમસ્યાનો હલ પણ હતો. મુસાફરોનો સામાન ઉંચકવાના સાઈડ બીઝનેસ ઉપરાંત બેસવાની, સૂવાની જગ્યા પણ 'વાજબી દરે' મેળવી આપવાનો મુખ્ય વ્યવસાય દરેક કુલીએ જનસેવાર્થે સ્વીકારેલો હોયછે એટલે બેસવા જેટલી જગ્યા મેળવવામાં મુશ્કેલી ન પડી.. (ફક્ત થોડાક રૂપિયા પડયા.)

પણ જગ્યા મળી ગઈ એ બહુ રાહતની વાત હતી-નિલીમાને એમ લાગ્યું. અને તેણે નિરાલીને કહ્યું પણ ખરું.

નિરાલીએ કહ્યું, "સાચી વાત છે. એક મોટી ચિંતા મટી ગઈ." અને પછી ઉમેર્યું, "જો નિલૂ, તું કહે છે એટલે હું જાઉં છું ખરી. પણ ત્યાં હું રોકાવાની નથી. મમ્મી પપ્પાને મળી લેવા પૂરતી જ હું તો જઉં છું. તેમને એ જ જોઈએ છે ને? તેઓ મને મળી લેશે, જોઈ લેશે એટલે તેમના મનને સંતોષ થઈ જશે. પણ ત્યાર પછી હું અમદાવાદમાં રહેવા માગતી નથી. મુંબઈની મજા જ ઓર છે. અને એમાં ય વળી તારી સાથે રહેવાનું હોય-એ મજાની તો વાત જ શી કરવી? હું તરત અહીં પાછી આવવાની છું. તેનું બીજું કારણ એ છે કે આનંદને મળવા માટે બહુ રાહ જોવાની જરૂર મને નથી લાગતી. તેમ કરવામાં જોખમ છે. પુરુષને

તેને એકલો બહુ લાંબો સમય તમારાથી અળગો રહેવા ન દેવાય. રહેવા દેવો એટલે તમને જ ભૂલી જવાની સગવડ કરી આપવી! તું શું માને છે?"

"બરાબર છે." નિલીમા ગણગણી. જો કે તરત તેને ઉમેરવાનું મન થયું કે, "તારે માટે એ બરાબર, બાકી મને તેમાં સંમત થવાની બિલકુલ ઇચ્છા નથી."

"અને મારું પેલું કામ તું સતત મનમાં રાખજે," નીરાલીએ આગળ કહ્યું, "આનંદ મને ભૂલી ન જાય એ જોવાનું તારે માથે છે. તેમાં મારે માત્ર તારો જ આધાર છે. અવારનવાર મારી વાત કાઢીને મને તેના મનમાં તાજી રાખ્યા કરજે."

"પણ અત્યારે તો તે માનસિક રીતે–" નિલીમા કહેવા ગઈ પણ નિરાલીએ તેને વચ્ચે અટકાવી, અને કહ્યું:

"એ તો હું સમજું છું. પણ હવે તેના પિતાનું ઓપરેશન સારી રીતે થઈ ગયું છે, અને તેમની તબિયત પણ સુધરી રહી છે. એટલે હવે જેમ સમય જશે તેમ તેની ચિંતા ઓછી જ થવાની છે. અને તેના પિતા પણ કંઈ જીવનભર એવું માની શકવાના નથી કે તું તેની ખરી પુત્રવધૂ છે! કોઈક દિવસ તો તેમને સાચી વાત કહેવી પડવાની જ છે. પણ એ બધી વાત પછી કરીશું. હું પાછી આવી જઉં પછી આનંદને મળવાની ગોઠવણ હું જ કરી લઈશ.."

"બરાબર" નિલીમાએ કહ્યું, પણ નિરાલીની વાતમાં શું બરાબર હતું તેની તેને ખબર નહોતી.

ટ્રેઈન ઉપડવાની વ્હિસલ થઈ. નિરાલીએ ખૂબ ઉમળકાથી નિલીમાનો હાથ પોતાના હાથમાં દબાવ્યો, અને કહ્યું:

"મારા માટે તેં ઘણું કર્યું છે, નિલૂ. તેનો પૂરો આભાર હું કદી માની શકવાની નથી. તેથી જ હું કદી એ બતાવવા પ્રયત્ન કરતી નથી.

કે તારી હું કેટલી આભારી છું. પણ તેં મારી જે સંભાળ લીધી છે તેની કદર મારા મનમાં તો પડેલી છે, હો!"

"એ તો ઠીક હવે," નિલીમા બોલી. (રાજા વિક્રમ પણ એવું જ બોલતા હશે!) "મેં જે કર્યું તેને એટલું મોટું માની લેવાની જરૂર નથી. તું નહિ માને. પણ મેં એ એટલા માટે જ કર્યું હતું કે તેમાં મારો પણ આનંદ રહેલો હતો. નહીંતર હું યે માણસ છું. માણસ જેટલું સ્વાર્થી હોય એટલી હું પણ હોઉં જ."

નિરાલી મોટેથી હસી પડી. આખા કિસ્સામાં નિલૂનો કોઈ સ્વાર્થ હોવાનું તે કળી શકી નહોતી–તો મોટેથી હસી પડી.

ગાડી ખસવા લાગી અને નિરાલી ઝટપટ ડબ્બામાં ચડી ગઈ. ધીમે ધીમે પ્લેટફોર્મ છોડીને ગાડી દૂર નીકળી ગઈ. હાશ! નિલીમાએ ઊંડો શ્વાસ લીધો જાણે આખી ગાડી અત્યાર સુધી તેની છાતી પર ઊભેલી હતી.

પણ હવે અનહદ હળવાશ થઈ ગઈ. નિરાલી અમદાવાદના માર્ગે પડી ચૂકી હતી, આખરે!

"પણ નિરાલીને ખરેખર તો તેં જ ધકેલી દીધીને એ માર્ગે?" મનમાંથી અળવીતરો અવાજ આવ્યો અને તે ગૂંચવાઈ ગઈ.

ધીમે પગલે ચાલતી તે સ્ટેશનની બહાર આવી. મનમાં ખૂબ રાહતની હળવાશ પણ હતી, એક અસ્પષ્ટ અપરાધની લાગણીનો ભાર પણ હતો.

એક રીતે જોતાં એવું જરૂર કહી શકાય કે તેણે જ યેનકેન પ્રકારેણ નિરાલીને અમદાવાદ ભણી ધકેલી દીધી હતી, ગમે તે બહાને તેનાથી પોતાનો છેડો છોડાવ્યો હતો. તેના માર્ગમાં સતત અંતરાય બનતી નિરાલીની હાજરીનો તેણે ખૂબીથી અંત આણ્યો હતો. અને હવે તેની ગેરહાજરીનો ઈચ્છિત લાભ ઉઠાવી શકવાની સ્થિતિમાં હતી.

પણ પરિસ્થિતિ તરફ જોવાની એક બીજી પણ રીત હતી. નિરાલીને

અમદાવાદ મોકલીને તેણે માસામાસીની કેવડી મોટી સેવા કરી હતી? ખૂદ નિરાલીનું પણ, એ રીતે તેણે ભલું જ કર્યું હતું. માતા-પિતાનો પ્રેમ પાછો મેળવવાનો તેને હવે અવસર મળી રહેશે-જો તે ઇચ્છે તો. અને તેને જોઈને માસી-માસાની આંતરડી કેવી ઠરશે? કેવી મૂંગી આશિષ વરસાવશે બન્ને! અને આનંદની પણ તેથી સેવા જ થતી હતી. જેટલી મોડી નિરાલી તેની સામે ખડી થાય એટલો વધારે સમય તેને વિચારવા માટે મળતો હતો. જરા સ્વસ્થતાથી તે પૂરો વિચાર કરી શકશે કે, નિરાલી જેવી ફરંત ફૂદરડી સાથે જીવન જોડવાથી શું પામી શકાય-શું ખોઈ શકાય?

વળી પાછી વિચારોની ઝીણી ફાડીઓ ઊભરાવા લાગી, મનમાં ચટકા ભરવા લાગી. વિચારોથી તો તે તંગ થઈ ચૂકેલી જ હતી. ગમે તેમ કરીને ખંખેરી નાખવા, આઘા જ રાખવા એ દુશ્મનોને!

એ માટે તેણે ભારે દાખડો કરવો પડયો. પણ નકામા વિચારોને તે દિવસભર દૂર રાખી શકી. વિચારોનું ગ્રહણ જો મનને લાગેલું જ રહે તો પછી તેનું આનંદ સાથેનું બોલવું ચાલવું પણ સ્વાભાવિક ન રહી શકે. અને તો તેની કુમળી આશાઓ મહોરી ન શકે. બલકે સંભવ છે કે ચીમળાઈ જાય.

આવતી કાલથી જ તેની નવી કામગીરી શરૂ થતી હતી (આનંદ સાથે!) એ કામગીરી આનંદભરી જ હતી. રોજ આનંદની સાથે કામ કરવાનું હતું. એટલે કામ અને આનંદ એકરૂપ થઈ જવાના હતા. છતાં તે નોકરી હતી. તેમાં તેની પાસેથી કોઈક ઉપયોગી કામની અપેક્ષા હતી. એ અપેક્ષા તો જ પૂરી કરી શકાય જો તેના દિલ-દિમાગ ડહોળાયેલા ન હોય. તેની નોકરી એટલે આનંદનું કામ. અને આનંદનું કામ ઉત્તમ પ્રકારે જ થવું જોઈએ, તેમાં કચાશ ન ચાલે.

આનંદની ઓફિસમાં પગ મૂકવો એટલે એક અણમોલ સુખના

પ્રદેશમાં પગ મૂકવો–સાચું. પણ છતાં ત્યાં કામ એ સૌથી અગત્યની ચીજ હતી એ યાદ રાખવાનું હતું. કામમાં તેનો અને આનંદનો પણ રોટલો હતો એ ભૂલવાનું નહોતું..

મોડી સાંજે ઓચિંતો આનંદનો ફોન આવ્યો. નિલીમાને તેથી ખરેખર આશ્ચર્ય થયું, અને તેનું એ આશ્ચર્ય જોઈ ને આનંદને આશ્ચર્ય થયું.

"મને એમ કે રોજે રોજની પરિસ્થિતિ તને જણાવતો રહું એ તને ગમશે,' તેણે કહયું,

"એ જ સાચું છે. મને એ ગમે જ, આનંદ." સહેજ અચકાઈ જતાં નિલીમાએ કહ્યું, "ખરી વાત એ છે કે. મને ફોન કરવાની ખાસ તસ્દી તમે લેશો એવી મારી ધારણા જ નહોતી. કાલે સવારે તો ઓફિસમાં આપણે મળવાના જ હતા. એટલે." આનંદ મોકળાશથી હસ્યો.

"એ વિચાર મને આવ્યો જ નહિ. નિલીમા.' તેણે કહયું. "મને તો એક જ વિચાર આવે છે કે મારી ચિંતાઓ એક એક કરીને દૂર થતી જતી હોય ત્યારે એ ખુશખબર સૌથી પહેલાં તને આપવા જોઈએ. એબધી ચિંતાઓને તેં તારી ચિંતાઓ ગણીને તેમાં ભાગ પડાવ્યો છે." થોડીવાર અટકીને તેણે આગળ કહયું "પપ્પાની તબિયત સંતોષ કારક રીતે સુધરી રહી છે. આજે મને પોણા કલાક સુધી તેમની પાસે બેસવાની છૂટ ડોકટરે આપી હતી. પપ્પા પણ આજે આનંદમાં હતા. તેમણે તને બહુ પ્રેમથી યાદ કરી હતી. તેમણે કહયું કે ડોકટર તેમને કુટુંબ સિવાયની વ્યક્તિઓને મળવાની છૂટ આપે કે તરત જ તને મળવા માગે છે."

"ખરેખર, આનંદ ?" નિલીમા ખરેખર આનંદિત થઈ ઊઠી, "ઇશ્વર કરે ને એ છૂટ વહેલામાં વહેલી મળે ! મારે જલ્દી તેમને મળવું છે !"

ફરી હસતાં હસતાં આનંદે કહયું. "પપ્પા પણ એવું જ કહેતા હતા. મને કહે કે ડૉકટરને કહી દે, નિલીમા અમારા કુટુંબ બહારની વ્યક્તિ નથી. તેમને બીજા કરતાં વહેલી મળવાનો તને હક છે !"

તેના અવાજ ઉપરથી નિલીમાને લાગ્યું કે તે હસી રહયો હતો, નિલીમાના મનમાં આનંદની ઓચિંતી ભરતી ચડવા લાગી.

"સાચું કહો છો ?" તેણે પૂછયું "સાચે જ તેમણે એવું કહયું ?" ફરી તેના મનમાં આનંદની વાત ગૂંજી રહી "તું અમારા કુટુંબ બહારની વ્યક્તિ નથી !" તો–તો પછી આનંદનું કંઈ અહિત ન થાય તે જોવાનો, એ માટે તેની અંગત બાબતોમાં માથું મારવાનો તેને હક છે–નહિ ?

આનંદે ફોન પૂરો કર્યો એટલે તેણે પણ રીસીવર મૂકી દીધું. પણ ત્યાર પછી ઘણી પળો સુધી તે ત્યાંથી ખસી નહિ. ખસવાનું મન જ થતું નહોતું. આનંદ પાસેથી સાંભળેલી વાતને તે સાકરના ટૂકડાની જેમ મનમાં મમળાવતી રહી. એ વાતનો શું અર્થ થાય ? એવો અર્થ ન થાય કે પોતે યશવંતરાયની પુત્રવધૂ બને તો તેમને ખૂબ, ખૂબ સંતોષ થાય ?

"એમને તો એવું થાય–તેનું કારણ છે. તેમણે તને નજીકથી જોઈ છે, પિછાણી છે" મનમાંથી અવાજ આવ્યો, "એવું તો નિરાલીની બાબતમાં પણ તેમને થઈ શકે. એ અશકય નથી. કુદરતે તેના દેખાવમાં જ કેટલો ઈલમ ભરી દીધો છે ! ફક્ત યશવંતરાયે તેમને નજીકથી જોઈ નથી. એટલે તેનામાં શું સારું છે તેની તેમને ખબર જ નથી. પણ એ ખબર પડે એટલા પરિચયમાં આવ્યા પછી એમનું મન બદલાઈ ન શકે ?"

બીજે દિવસે સવારે સરસ રીતે તૈયાર થઈને તે આનંદની ઓફિસે જવા નીકળી ત્યારે તેનું હૃદય જાણે ઘડી ઘડી

ઊંડું, ઉતરી જતું હતું. પણ એવું તો થાય. પહેલી જ વાર અજાણ્યા સ્થળે, અજાણી વ્યક્તિઓ વચ્ચે નોકરી કરવા જવાનું હોય ત્યારે એવું થાય... બીજા માણસો ભલે અજાણ્યા હોય, તેને તો મોટે ભાગે આનંદ સાથે જ કામ કરવાનું છે, રોજેરોજ. રોજેરોજની હવે પછીની જિંદગીનું મધ્યબિંદુ આનંદ બની રહેવાનો હતો. એ નાની સુની વાત હતી?

આનંદના ધંધામાં એક બીજા ભાગીદાર પણ હતા નરોત્તમદાસ. તે આનંદના પિતાના જૂના ભાગીદાર અને મિત્ર હતા. ઓફિસની તમામ વહીવટી બાબતો પર તેમનો સંપૂર્ણ કાબૂ હતો, તેમની સંપૂર્ણ સત્તા ચાલતી હતી. ઓફિસમાં બીજા કર્મચારીઓએ તે માહિતી નિલીમાને આપીને ઉમેર્યું, "ડોસો કામ લેવામાં જલ્લાદ છે!"

જો કે સાથોસાથ બધાએ તે કબૂલ કર્યું કે આનંદ ખરેખર સરસ બોસ છે. કામ લેવાની તેની રીત સરસ છે એટલે તેની પાસે કામ કરવું સહેલું છે. પરંતુ નિલીમાની પાસે જ બેસતી એક ટાઈપીસ્ટ છોકરીએ કહ્યું, "નાના શેઠની રીતભાત નરમ હોય છે, પણ ચોકસાઈનો તો ખૂબ આગ્રહ રાખે છે. એટલે ભૂલો ન થાય તેની કાળજી રાખવી."

બીજી છોકરીએ ઉમેર્યું, "અને હમણાં હમણાં તો કોઈવાર ચીડાઈ જતા લાગે એ પણ બનવા જોગ છે. પણ તેનું કારણ છે. થોડા દિવસ પર જ તેમના લગ્ન થવાના હતા. પણ ઓચિંતુ જ બધું પડી ભાગ્યું એવું સાંભળ્યું છે. એટલે સ્વાભાવિક છે કે કોઈવાર તે ચીડાઈને કંઈક બોલી જાય. પણ આપણે પરિસ્થિતિ સમજીને ગળી જવું"

પળવાર નિલીમા સ્તબ્ધ થઈ ગઈ. આનંદના લગ્નમાં થઈ ગયેલી ગરબડની વાત તેની ઓફિસ સુધી કેવી રીતે પહોંચી ગઈ! પણ અનુભવે તે જાણતી હતી. બોસ સાથે જેને નિકટનો સંબંધ હોય

તે વ્યક્તિ, ગમે તેમ પણ, અન્ય કર્મચારીઓમાં પ્રિય બનતી નથી. એટલે જવાબમાં તેણે એટલું જ કહ્યું કે પોતે તેમની વાતો ધ્યાનમાં રાખશે.

ત્યારે જ આનંદની ચેમ્બરનું બઝર ગણગણી ઊઠયું. પટાવાળાએ આવીને કહ્યું, આનંદ નીલિમાને બોલાવતો હતો. તે આનંદ પાસે જવા ઊઠી.

(૧૬)

નીલિમા અંદર ગઈ એટલે આનંદે ઊંચે જોયું અને સ્મિતથી આવકાર આપ્યો. તેની બરાબર સામેની ખુરસીમાં તે બેઠી એટલે ફરી સ્મિત કરતાં ધીમા અવાજે આનંદે પૂછ્યું:

"ઑફિસમાં બરાબર ફાવે છે ને? કંઈ તકલીફ હોય તો–"

"ના રે, ના," નીલિમા હસીને બોલી ઊઠી, 'કંઈ જ તકલીફ નથી. તમે એવી ચિંતા ન કરશો."

અને પછી તે ઠાવકી સેક્રેટરીની જેમ પેડ અને પેન્સિલ તૈયાર કરીને બેઠી. અલબત્ત, આનંદ સાથે તેને મિત્રતા કરતાંય વધુ કંઈક હતું એટલું તો આનંદ પણ સ્વીકારતો હતો. છતાં આ ઑફિસ હતી. અને ઑફિસ એટલે ઑફિસ. ઑફિસ એટલે કામ. તે નહોતી ઇચ્છતી કે ઑફિસ પહેલાંના અને ઑફિસ બહારના તેમના સંબંધો ઑફિસમાં કોઈ વિશિષ્ટ લાભો ખાટવાનાં કારણ બની જાય.

સેક્રેટરીની ભૂમિકા શરૂ કરતાં એક વાર તેણે આનંદ સામે જોયું. આનંદના મોં ઉપર ત્યારે સ્પષ્ટ હાસ્ય નહોતું. છતાં તેને લાગ્યું કે, મનમાં તેને કંઈક રમૂજ પડી રહી હતી. જોકે તેણે તેની એ ઠાવકાઈ વિષે કંઈ ટકોર પણ કરી નહિ એટલે નીલિમાએ માન્યું, તે પણ તે સ્વીકારી રહ્યો હતો. નીલિમાને સેક્રેટરીના સ્વાંગમાં તૈયાર બેઠેલી જોઈને તેણે પત્રો ડિક્ટેટ કરાવવા માંડ્યા, એક સેક્રેટરીને ડિક્ટેટ કરાવતો

હોય તેમ જ.

બધા પત્રો લખાવાઈ ગયા એટલે આનંદે તેની સામે જોયું અને સ્મિત કર્યું. જાણે કહેતો હોય, "બસ. કામ પૂરું થયું!" અને નીલિમા ઊભી થઈ ગઈ. આનંદે કહ્યું; "આ પત્રો બહુ તાકીદના નથી. શાંતિથી ટાઈપ કરીશ તો ચાલશે. અને કામની બાબતમાં કોઈ વાર કંઈ પૂછવાની જરૂર પડે તો મને જ પૂછજે."

"સારું", કહીને નીલિમા બહાર નીકળી. તેના પગ ધીમા પડી ગયા હતા, કારણ, મગજ ઝડપથી ચાલી રહ્યું હતું. નવી કામગીરીના આ પહેલા દિવસે તેના અને આનંદના ઑફિસની અંદરના સંબંધો અંગે એક સ્પષ્ટતા સ્થપાઈ ગઈ અને એ સારું જ થયું. પોતે અને આનંદ બન્નેને માટે એ સ્પષ્ટતા અનુકૂળ હતી, જરૂરી હતી. આનંદ, ઑફિસમાં ખૂબ પ્રવૃત્તિશીલ માણસ હતો. તેનો ધંધો ધમધોકાર ચાલતો હતો. તેથી પોતાને ખૂબ સંતોષ થવો જોઈએ, ખૂબ આનંદ થવો જોઈએ અને પોતે તેમાં સંપૂર્ણ સહભાગી બનવું જોઈએ તે માટે તો તેણે ઑફિસમાં ઑફિસની જેમ જ રહેવું જોઈએ. ઑફિસમાં પહેલું કામ પહેલું કરવું જોઈએ. અને પહેલું કામ એટલે જ વધારે કામ, ભૂલ વગરનું વધારે કામ.

ત્યાર પછીના દિવસોમાં અવાર નવાર આનંદ તેને પોતાના પિતાની ધીમે ધીમે સુધરી રહેલી તબિયતના ખબર આપતો રહ્યો અને નીલિમા હૃદયપૂર્વકની ખુશી વ્યક્ત કરતી રહી. એક દિવસ આનંદે તેને નવા સમાચાર આપ્યા.

"આજે બપોર પછી પપ્પાને નર્સિંગહોમમાંથી રજા મળશે."
"એમ ?" ખુશ થઈ ઊઠતાં નીલિમાં બોલી, ત્યારે તો હવે તેમની તબિયત બિલકુલ બરાબર થઈ ગઈ ગણાય. નહિ ?"

અને સહેજ થોભીને પૂછ્યું, " બપોર પછી તેમને ઘેર લઈ

જશો ને ?"

"ના. આનંદે કહ્યું, "તેમને હવાફેર અને શાંતિની હજી જરૂર છે. એટલે હમણાં થોડો સમય એક સેનેટોરિયમમાં લઈ જવાનું નક્કી કર્યું છે. પપ્પાની પણ એવી જ ઇચ્છા છે. જો કે સેનેટોરિયમ ઘણું દૂર પડે છે. પણ એ તો ચલાવી લઈશું. તેમની તબિયત સરસ થઈ જાય એ જ મહત્ત્વનું છે ને ?"

"હાસ્તો", નીલિમાએ કહ્યું. "આપણે તો એ જ ખાસ જોવાનું છે ને !"

બસ. એ વાતચીત પૂરતો બન્ને વચ્ચેનો પેલો ઑફિશ્યલ સંબંધોનો પરદો ઊંચે ચડી ગયો હતો. તે વાતચીત પૂરી થતાં પાછો બન્નેની વચ્ચે ઉતરી પડયો. અને થોડા વધારે દિવસ એમ વીતી ગયા.

નીલિમાને તેનો કોઈ અસંતોષ નહોતો, બલકે સંતોષ હતો. આનંદને રોજ મળતી હતી, રોજ તેની સાથે વાતો કરતી હતી. તેની પાસે બેસીને તેનું કામ કરતી હતી એટલું ગનીમત હતું. વધારે શું જોઈએ અત્યારે ?

અત્યારે તેને માત્ર આનંદની નિકટતા જ ખપની હતી, તેની સાથે વીતાવેલો સમય ઉપયોગી હતો. એ સમય પાસેથી તેણે ઘણી અપેક્ષાઓ રાખી હતી.એ સમયમાં તેણે પોતાની પણ એક છાપ આનંદના મનમાં (બની શકે તો હૃદયમાં) મૂકી દેવાની હતી. એ સમયમાં તેણે પોતાનું એક સ્થાન ઊભું કરી લેવાનું હતું. જેનું આનંદને પણ મહત્વ હોય. નીરાલીએ હજી આનંદનો કેડો મૂકી દીધો નહોતો. ફરીથી પગપેસારો કરવા તે મરણિયો પ્રયાસ કરવાની અને એવું બને ત્યારે નિરાલીની સામેના પલ્લામાં મૂકી શકાય એવું કૈંક તેણે પણ પ્રાપ્ત કરી લેવાનું હતું.

આનંદના જીવનમાં ફરીથી ઘૂસવાનો પ્રયત્ન કર્યા વિના નિરાલી

નહિ રહે. પણ તે અમદાવાદ પહોંચ્યા પછી માસીએ લખેલા પત્ર ઉપરથી ચોક્કસ એવી આશા રાખી શકાય કે માસી હમણાં તેને મુંબઈ પાછી મોકલે એવો સંભવ નહિવત્ હતો. તેમનો એક વાર લૂંટાઈ ગયેલો માતૃપ્રેમ વધારે સાવચેત બની ગયો હતો. એક વાર કતલ થઈ ગયેલો વિશ્વાસ ખૂબ સાવધ બની ગયો હતો. દીકરીને ફરી વાર પૂરેપૂરી પોતાની બનાવ્યા પહેલાં તેને અળગી કરવા તે તૈયાર નહિ જ થાય. નિરાલીને મુંબઈ પાછી ફરતાં ઠીક ઠીક સમય લાગશે જ.

અને એ બધો સમય તેનો પોતાનો હશે. એટલો ઉપયોગી થઈ પડશે એ સમય, એટલો આહ્લાદક થઈ પડશે કે–

ત્રીજે અઠવાઠિયે એક દિવસ આનંદે તેને કહ્યું, "હવે પપ્પાને મળવા જવાની સૌને છૂટ મળી છે. તું ક્યારે આવે છે ?"

"એમ ? હું તો ગમે ત્યારે આવીશ... તમે કહો ત્યારે !"

"કાલે સાંજે ફાવે ?" આનંદે કહ્યું, "અહીંથી થોડા વહેલા નીકળી જઈશું. દૂર જવાનું છે ને ? અને પપ્પાને મળીને પછી બહાર ક્યાંક જમી લઈશું, બરાબર છે ?"

"બરાબર છે–બહુ સરસ !" મનના ઉમળકાને તેણે અવાજમાં ભળી જતો રોકી દીધો. તેને લાગ્યું, આનંદ તેને પોતાના ઘેર લઈ જવા કરતાં બહાર લઈ જવાનું પસંદ કરતો હતો. રોમાંચક હકીકત ! પણ કોને ખબર આનંદ કઈ રીતે વિચારતો હશે ? યશવંતરાય પોતે જ સેનેટોરિયમમાં હોય એટલે સ્વાભાવિક છે કે સરિતા પણ તેમની પાસે જ રહેવાની હોય. પછી ઘરમાં રહ્યું કોણ ? અથવા આનંદ તેની સાથે થોડા કલાક ગાળવા માગતો હોય. થોડા એકાંતભર્યા કલાક !

ગમે તેમ, પણ એક વાત નક્કી હતી, સાંજે મોડેથી તે અને આનંદ એકલા કોઈક સુંદર સ્થળે સાથે હશે. માત્ર તે બે જ જણ.

બીજા દિવસે ઑફિસમાં તેનું ચિત્ત કામમાંથી છટકી છટકીને નાસભાગ કરવા માંડ્યું હતું-ખીલો તોડાવીને કૂદમકૂદ કરતા તોફાની વાછરડાની જેમ. તેને ફરી ફરીને ખીલે બાંધવામાં તેને ઘણો પરિશ્રમ પડયો. ચિત્ત તો કામમાં બરાબર લાગેલું રહે એ અત્યંત જરૂરી હતું. તે બરાબર જાણતી હતી કે કામમાંથી છટકેલું ચિત્ત આવનારી સાંજના સ્વપ્નિલ સુખભર્યા ખ્યાલોમાં જ ખોવાઈ જાય. પરિણામે કામમાં ભૂલો થાય. આનંદના કામમાં ભૂલો થાય એ ન ચાલે.

કામમાં જ ચિત્ત ખોડાઈ રહે એ માટે તેણે બહુ ઝડપથી કામ કરવા માંડયું. સાંજ સુધી એમ કામ કરતી રહી અને સાંજે થોડી વહેલી જવા માટે તૈયાર થઈ ત્યારે પાસે બેઠેલી ટાઈપિસ્ટે ટકોર કરી.

“ આવી રીતે કામ કરો તો કલાક અર્ધો કલાક વહેલા જવાની છૂટ મિ. આનંદ શા માટે ન આપે ? એક દિવસમાં તમે તો બે દિવસનું કામ કરી નાખ્યું ! ”

નીલિમા હસી અને પોતે આજે શા માટે થોડી વહેલી જવા માગતી હતી તે અંગે થોડીક ભળતી વાતો કરીને ગુડબાય કરી.

બહાર આનંદ તેની રાહ જોતો ઊભો હતો. પાસે જ તેની કાર હતી. બન્ને અંદર બેઠાં એટલે કાર સ્ટાર્ટ કરતાં આનંદે તેની સામે સ્મિત કર્યું. આ પહેલાં પણ અનેક વાર આનંદે તેની સામે સ્મિત તો કર્યું હતું. પણ ત્યારે તે આનંદની કારમાં બેઠેલી નહોતી. આનંદની આટલી નજીક બેઠેલી નહોતી. તેની સાથે આમ એકલી બેઠેલી નહોતી.

તેના મનમાં ફુવારા જેવું કંઈક અધ્ધર ચડવા લાગ્યું, બહુ ગમે એવું કંઈક અધ્ધર ચડવા લાગ્યું.

ભારે કંટાળો આપીને હમણાં જ ગયેલા ઉનાળાના બપોર પછીની એ ઠંડકભરી સાંજ આજે બહુ સોહામણી લાગતી હતી. વિદાય લઈ

રહેલા ઉનાળાની સાંજના પાલવ પાછળ વર્ષાઋતુના સંકેતો ઊઠતા હતા. કારની ખુલ્લી બારીમાંથી વહી આવતી હવાની તોફાની લહેરો નીલિમાના કોરા વાળમાં ગૂંચવાઈ જતી હતી. મજાની સાંજ હતી. અલ્લડ હવા હતી. અંદર-બહાર આનંદ આનંદ હતો.

પણ આનંદ સાથે બહુ વાતો થઈ શકે તેમ નહોતું. સાંજના ભરચક ટ્રાફિકથી દૂર નીકળી જવાય ત્યાં સુધી તો ખાસ કંઈ જ વાતો થઈ શકે તેમ નહોતું. અને વાતો થઈ શકે એટલા અંતરે ગયા પછી પણ, નીલિમાને લાગ્યું, ખાસ કંઈ વાતો નીકળતી નહોતી. પણ તેમ છતાં, તેનું મન અજબ રીતે તૃપ્ત થઈ જતું હતું. આનંદનું પણ કદાચ એમ જ હશે. એટલે તો બન્ને બહુ થોડું બોલતાં હતાં.

“ સેનેટોરિયમ ખાસ્સું દૂર કહેવાય, નહિ, ? ” નીલિમાએ કહ્યું.

“ દિવસમાં એક-બે વાર તો તમારે ત્યાં જવું પડશે, ખરું ને ?”

“ હા. એકાદ વાર તો ખરું જ.”

“ બહુ દૂર ન પડે ? ”

“ બીજું શું થઈ શકે ? ”

“ રાત્રે પાછા સેનેટોરિયમથી ઘેર જવાના ?”

“ હા, રાત્રે પણ બિઝનેસનું કામ રહેતું હોય છે.”

“ તો તો બહુ થાકી જશો તમે,” નીલિમાએ ચિંતિત અવાજે કહ્યું. “ નજીકમાં ક્યાંય રહેવાની વ્યવસ્થા થઈ ન શકે ? ”

“ એમ તો મારો પોતાનો એક ફ્લેટ છે. એ બધી બાજુથી નજીક પડે તેમ છે,” આનંદે કહ્યું.

“ તો પછી ત્યાં રહેવાનું રાખો તો ? ”

" ઉંહું ! ત્યાં નથી જવું."

" કેમ ? "

" એનું એક કારણ એ છે કે, હજી મને એવો વિચાર આવે છે કે કદાચ હું પણ સેનેટોરિયમમાં રહું. એ રીતે પપ્પાની પાસે રહી શકાય."

" હં..." નીલિમા ગણગણી.

" અને બીજું કારણ એ છે કે" સહેજ હસતાં આનંદે કહ્યું, " તને તે કહેવામાં વાંધો નથી " અને સહેજ અટકીને કહ્યું, "નિરાલી સાથે લગ્ન કર્યા પછી થોડો વખત તેને લઈને એ ફ્લેટમાં જ રહેવાનું મેં નક્કી કરેલું હતું."

" હં ! ઓહ!" નીલિમાનું મોં અચાનક સૂકાવા લાગ્યું, "તમે એવું પણ વિચારી રાખ્યું હતું ? "

" હં..." આનંદ બોલ્યો, " જોકે એ બાબતમાં લાગણીવશ થવું, કોઈ રીતે યોગ્ય નથી એ હું જાણું છું. અને તેમાંથી હું પાર ઊતરી પણ જવાનો છું, છતાં એ ફ્લેટમાં જવાનું મન નથી થતું. હવે એ ફ્લેટ સાવ ખાલીખમ લાગે. ત્યાં જવાનું નિરર્થક લાગે..."

નીલિમા શું કરે ? શું કહે ? પણ કંઈક તો તેણે કહેવું પડે. સાવ ચૂપ ન રહેવાય.

" બરાબર છે." તેણે કહ્યું. " કદાચ, એવું લાગે, બનવાજોગ છે."

પછી ચૂપકીદી છવાઈ ગઈ. ઑફિસથી નીકળ્યા પછી પણ મોટે ભાગે ચૂપકીદી છવાયેલી જ રહી હતી. પણ તેમાં અને આમાં ફેર હતો. પહેલાંની ચૂપકીદી મનને આહ્લાદથી ભરી દેતી હતી, રોમાંચ જગાડતી હતી, ગમી જતી હતી. તે આટલી બોજલ નહોતી, ગમગીન નહોતી,

" નીલિમા," થોડી વારે આનંદ બોલ્યો' "હું જાણું છું કે એ અળખામણી, વીતી ગયેલી વાત કાઢવાનો કંઈ અર્થ નથી. કંઈ જરૂર પણ નથી. છતાં મને ઘણી વાર નિરાલીના ખબર મેળવવાની ઇચ્છા થાય છે. "

" નિરાલીના ખબર ? કેવા ખબર ? " નીલિમા જાણે અંગારો અડયો હોય તેટલી ચમકી ગઈ હતી, પણ તે છૂપાવતાં તેણે પૂછ્યું.

" ગમે તે ખબર," સહેજ હસતા આનંદે કહ્યું, " તે ભાગી ગઈ પછી તેનું શું થયું ?" થોડી વાર ચૂપ રહીને તેણે આગળ કહ્યું, " પણ તનેય કદાચ, એ ખબર નહિ હોય. છેલ્લે મારા ઘેર ટેલીફોન પર તારે તારા માસી સાથે ગરમાગરમી થઈ ગઈ એ પછી તેમણે તને પત્ર-બત્ર લખ્યો નહિ હોય. એટલે તું પણ કંઈ કયાંથી જાણતી હોય ?... તેમણે આજ સુધી તને કંઈ લખ્યું જ નથી ?"

નીલિમાને છાતીમાં જાણે કંઈક ડૂમો ભરાઈ ગયો, ગળામાં જાણે કોઈક નક્કર ગઠ્ઠો ભરાઈ ગયો. પળ બે પળ મગજમાં એક સૂનકાર વ્યાપી ગયો. પળ બે પળ તે આનંદ સામે તાકી રહી.

તેના ચહેરા પરથી તે કશું સમજી શકે તેમ નહોતી. શું હશે તેના મનમાં ?

આનંદના ચહેરા પર વ્યર્થ તાકી રહેલી નીલિમાની હેબતાયેલી આંખો નીચી ઢળી. કારની નીચે સડસડાટ પસાર થતી જમીન જાણે એકાએક થંભી ગઈ. એકાએક ફાટી ગઈ. જાણે એક વિકરાળ ડાચું તેની સામે ફાટી રહ્યું. તેને ગળી જશે કે શું ?

ઓહ ! કેટલી મૂર્ખ છે તે ? તેના મનમાં હથોડા ઝીંકાઈ રહ્યા, એક જ કેડીએ અત્યાર સુધી ઊંધું ઘાલીને દોડતી રહી હતી. ઘડીભર થોભીને આસપાસ એકાદ વાર જોઈ લેવાનોય વિચાર તેને આવ્યો નહોતો. નહીંતર, તે શા આધારે બધું માની લે ?...માનવીનું ભાવિ

અને માનવીનું મન એય એકસરખાં અકળ હોય છે. કોથળામાં પૂરેલાં બિલાડાં ! એ ગમે ત્યારે બહાર નીકળી આવે, અને આફત બનીને ઊભાં રહે, એ એક શકયતા જ ગણાય. તેને કદી એવો વિચાર કેમ ન આવ્યો કે કોઈ કવાર નિરાલી અને આનંદ મળે એ શકય હતું, અને ત્યારે આનંદ તેને ઘણું પૂછે, નિરાલી તેને ઘણું કહે, અને તેમાંથી ઘણું નવું નીપજી શકે–બધું શકય હતું !... એ વિચાર જ તેને કેમ ન આવ્યો ?

હોઠ સીવાઈ ગયા હોય તેમ તેનાથી કંઈ બોલી શકાતું ન હતું. તેને લાગ્યું તે ઘણી વારથી અવાક બેસી રહી હતી. તેણે કંઈક બોલવું જોઈએ, તેને સૂનમૂન બેસી રહેલી જોઈ ને આનંદ શું માને ?

હકીકતમાં એટલો બધો સમય વીત્યો જ નહોતો. ચાર-પાંચ સેકંડ એ કંઈ લાંબો ગાળો ન ગણાય, પણ એ ગાળો નીલિમા માટે બહુ કપરો વીત્યો હતો. તેને તે બહુ લાંબો લાગ્યો.

કંઈક બોલવા માટે, ગમે તે કંઈક બોલવા માટે શબ્દો શોધવા તે મથી રહી, અને એકાએક ‘ ગમે તે ’ શબ્દો તેના હોઠ પાસે ધકકા-મુક્કી કરી રહયા.

“ એવું નથી, આનંદ,” તે બોલવા લાગી, “ માસીએ મારા પર પત્ર તો લખ્યો હતો... તમારા ઘેરથી હું મારા ઘેર પાછી આવી પછી ત્રણેક દિવસે એમનો પત્ર આવ્યો હતો.” (તેના શબ્દો તેને જેટલા બોદા લાગતા હતા તેટલા આનંદને પણ લાગતા હશે ?) પણ એ વખતે તેમને પણ નિરાલીના કંઈ ખબર મળ્યા નહોતા. ઊલટા, મને કંઈ જાણવા મળ્યું હોય તો મારી પાસેથી તે જાણવા માગતા હતા.”

“ એમ ?” જરા ઉત્સાહભર્યું હસતાં આનંદે કહ્યું, “ એનો અર્થ એવો ન થાય કે તેં મારા માટે જે સાહસ કર્યું તે માફ કરી દેવા

હવે તેઓ તૈયાર છે ?”

“ હા, એવો અર્થ થાય ખરો.” નીલિમા ઉત્સાહથી બોલી ઊઠી. આ મુદ્દા પર વાતનો પાટો સહેલાઈથી બદલી શકાય તેમ હતું ! તે બોલી, “ એવો અર્થ જ થાય, તમારી વાત સાચી છે. અને આમેય માસી અને માસા બંને ખરેખર સમજદાર છે. ને મારા માટે તેમને સ્નેહ પણ ઘણો છે. તેમને લાગેલો આઘાત ઓસરી ગયા પછી તેઓ સાચું વિચારી શકયાં છે, મેં જે કંઈ કર્યું તે શુદ્ધ ઈરાદાથી જ કર્યું હતું એ તેઓ સમજી શકયાં છે. જો કે ઊંડે ઊંડે તેમની ઈચ્છા એવી હશે કે એ વાત મારે પહેલાં તેમને જણાવવી જોઈતી હતી.”

“ એ બનવાજોગ છે,” આનંદ કંઈક વિચારતો હોય તેમ બોલ્યો.

“ અને તેનું કારણ પણ હું કલ્પી શકું છું.” નીલિમાએ કહ્યું, “ પેલા સુરતવાળા સંબંધી આપણને જોઈ ગયા’તા ને ? તેમણે એ વાત, થોડાક મનપસંદ રંગો પૂરીને, બીજા થોડાક સંબંધીઓને પહોંચાડી હશે. એ બધા પાસે માસા-માસીએ છોભીલાં પડવું પડયું હશે, નીચું જોવું પડયું હશે, એટલે જ એ વાત તેમને બહુ કઠી હશે. અને સ્વભાવિક રીતે જ મારા પર રોષ ચડયો હશે.”

“ તારું અનુમાન તદ્દન વાજબી છે.” કારને ખૂબ ધીમી પાડીને તેના પર પ્રશંસાભરી નજર ફેંકતાં આનંદે કહ્યું, “ એમ જ બન્યું હોવું જોઈએ.” અને પછી બેફિકરાઈભર્યું હસી પડતાં ઉમેર્યું ” એવી સુરતી મૂર્તિને અહીં કોણ ગણે છે ?...હું તો જરાય નથી ગણતો.”

નીલિમા પણ હસી પડી. તેણે કહ્યું, “ એ ખરું; આપણે શા માટે તેને કંઈ ગણવા ? પણ તેમણે આપણા વિષે, ખાસ કરીને

Scanned with CamScanner

મારા વિષે જે વાતો રમતી મૂકી હોય એ માસા-માસીને તો અકળાવી દે એવી જ હોય ને ?"

"એ તો છે જ," આનંદે કહ્યું. "તમને શું મને પણ અકળાવી દે. પોતાના થનાર બનેવીને ભગાડી જનાર છોકરી તરીકેનું લેબલ કોઈ તારા પર મારી દે એ હું પણ હરગીઝ સહન ન કરું."

"નહીં ?" કોઈ અજાણ્યો ધ્રાસકો જાણે અવાજને દબાવી દેતો હોય તેમ નીલિમાથી બોલાઈ ગયું, "હેં ?...હા, એ તો સ્વાભાવિક છે, તમને એવું થાય."

પછી તે કંઈ બોલી શકી નહિ. આનંદ પણ ચૂપ રહ્યો. નીલિમા સામેથી ચૂપચાપ વેગપૂર્વક ધસી આવતા રસ્તા સામે તાકી રહી. કેટલી ઝડપથી તેના તરફ ધસી આવતો હતો રસ્તો ? આવ્યો ન આવ્યોને કેવો સડસડાટ પગ નીચેથી સરકી જતો'તો રસ્તો ?

વિચારો મગજને હલબલાવવા માંડયા. ધારો કે અત્યારે તે આનંદ પાસે બધું સાચું બોલી જાય તો ? હવે, આનંદની લાગણી અને વિશ્વાસ તેણે પૂરતા પ્રમાણમાં જીતી લીધાં છે ત્યારે નિરાલી વિષે બધું કહી દેવાનું જોખમ તે ખેડી નાખે તો ? નિરાલીનું ઘણું ખરું વ્યક્તિત્વ મૂર્ખતાપૂર્ણ સ્વાર્થપટુતાનું બનેલું છે એ હકીકત છે, છતાં નિરાલી હજી મુક્ત છે, કુંવારી છે, અને આનંદમાં હજી ઘણો રસ ધરાવે છે, એ બધું આનંદને કહી દીધું હોય તો ? આનંદના ત્રાજવે નિરાલીની સામે પોતાનું પલ્લું નમે છે કે નહિ એ જોયું હોય તો ?

પણ તેની શરૂઆત કેમ કરવી ? અત્યાર સુધી ઈરાદાપૂર્વક તેનાથી છૂપાવી રાખેલી વાત હવે ખુલ્લી શી રીતે કરવી ? બહુ અઘરું કામ છે...

નિરાલીની સાચી વાત આનંદને સમજાવવા જતાં, તે અંગેની પોતાની પણ થોડીક રહસ્યમય વર્તણૂકનો ખુલાસો તેણે કરવો પડે.

અને તેમાં કંઈક ચૂક થઈ જાય, આનંદ કંઈક અવળું સમજી લે, તો ?

એક બીક, એક ગૂંગળામણભરી બીકમાં તે ભીંસાઈ રહી.

બંને ચૂપચાપ બેસી રહ્યાં. કાર સડસડાટ દોડતી રહી. રસ્તો સામેથી સડસડાટ ધસી આવીને ભાગતો રહ્યો. ગુપ્તતાના પોતે જ ઊભા કરેલા જાળામાં ગૂંચવાતું તેનું મન એટલું મૂંઝાઈ રહ્યું કે ચીસ પાડી ઊઠયું, "નીકળી જા બધામાંથી બહાર !"

અને તે બોલી ઊઠી, "આનંદ !"

"યસ, નિલૂ ?" નીલિમાના અવાજના નવીન રણકાએ જાણે એકાએક તેનું ધ્યાન ખેંચ્યું હોય તેમ આનંદ પણ કંઈક અણધાર્યું, વિશિષ્ટ રણકાભર્યું બોલ્યો.

ને તેનો બહુ સુંવાળો, બહુ નાજુક પડઘો નીલિમાના મનમાં પડયો, "યસ, નિલૂ ?"

આવું સંબોધન, આવા મીઠા રણકામાં ! ઓહ, અકલ્પ્ય ! એક કોમળ કોમળ આંચકો તેને કેવળ અવાક્ બનાવી ગયો, ક્ષણભર તેના શ્વાસ છીનવી ગયો.

અને મનમાં જે ઊંધું હતું તે એક ઝટકામાં ચત્તું થઈ ગયું. જે મૂર્ખતા કરી નાખવાની અણી પર તે આવી ઊભી'તી તે હવે ન કરાય, જે અપ્રિય છે એ સત્ય ખુલ્લું કરવાથી શો ફાયદો ? વિધિએ અનાયાસ ધરી દીધેલી આ તિલસ્મી ઘડીનો રંગ માત્ર ઢોળી દેવાથી શો ફાયદો ?

પણ–તો પછી તે પોતાના જ અંતરાત્માની ગુનેગાર નહિ બને ? એ ગુનેગારીનું ભૂત પછી તેને સપનામાં નહિ સતાવે ?

તેણે આનંદ સામે જોયું. ત્યારે તે જરા ભીડવાળા રસ્તા પર કારને કાટખૂણિયો વળાંક લેવરાવી રહ્યો હતો. વળાંક લઈ લીધો

એટલે તેણે નીલિમા તરફ દૃષ્ટિ ફેંકી અને પૂછ્યું.

"તું કંઈક કહેતી હતી ?"

"ના," બોલતાં બોલતાં નીલિમાથી હસી જવાયું, "હું તો કંઈ કહેતી નહોતી."

આનંદ બીડેલા હોઠમાં હસ્યો. તેણે કહ્યું," નથી કહેવું ? મનમાં જ રાખવું છે ?... ખેર !"

"ના, આનંદ !" મનમાં હજાર, હજાર વાતો એક જ વાત બનીને ઉભરાઈ રહી હોય, એ વાત કહી દેવાની ઘડી આવી પહોંચી હોય, ને વાત પણ કહેવાઈ જવા થનગની ઊઠી હોય, છતાં જીભ એવું કેમ બોલી શકતી હશે–"ના, આનંદ ?"

"ખરેખર ?" આનંદે ફરી વાર પૂછ્યું.

"ખરેખર...એ એવી મહત્ત્વની વાત નહોતી," તે બોલી, અને બોલવા બદલ પસ્તાઈ રહી. મનની એ જડસુ વિચિત્રતા પર તેને ગુસ્સો ચડ્યો. લાખેણી તક ઉંબરામાં ઊભી હતી ત્યારે જ તેણે બારણાં બંધ કરી દીધાં ! અને પછી અર્થ વગરનું બોલી બેઠી.

"રસ્તો બહુ લાંબો છે, નહિ ? ખાસ્સું દૂર ગણાય !"

"તને કંટાળો આવે છે ?" આનંદે પૂછ્યું.

"ના રે, મને તો બહુ મજા આવે છે. મિનિટે મિનિટ મને તો બહુ મજાની લાગે છે." (તેની એ વાત સાચી હતી–જો નિરાલીના અને તેની પોતાની બેવકૂફીના અણગમતા વિચારો તેમાંથી બાદ કરી નંખાય તો !)

આનંદ રાહતભર્યું હસ્યો, અને બોલ્યો, "સમયને માણી લેવાની ગજબની આવડત તારામાં છે. નહિ, નીલૂ ?"

"ખરેખર ?" હસતાં હસતાં નીલિમાએ કહ્યું, "તમે કહો

છો એટલે તે સાચું માનું છું. બાકી, આમ તો વાતે વાતે વધારે પડતી ચિંતા કરવી એ મારો સ્વભાવ છે." છેલ્લું વાક્ય તે જાણે આનંદને નહિ, ભાગ્યને સંભળાવતી હોય તેમ બોલી.

આનંદના ભવાં આશ્ચર્યમાં સહેજ અદ્ધર ખેંચાયાં. તેણે કહ્યું, "એ વળી નવી વાત ! હું તો તારા વિષે એવું કદી ન કહું."

"મારા વિષે ખાતરીપૂર્વક એવું કહેવા જેટલી મને ઓળખી છે ?"

"બેશક ! કેમ, એક અત્યંત જટિલ સ્થિતિનો આપણે સાથે રહીને સામનો નહોતો કર્યો ? એ વખતે જ મેં જોઈ લીધું 'તું કે એકએકથી ચડિયાતી વિકટ સ્થિતિનેય તું જબરી કુનેહથી સંભાળતી હતી. બોલ, ખોટી વાત છે ?"

"તમારી વાતને ખોટી તો કેમ કહેવાય ?" કહીને તે સહેજ અટકી, અને પછી બોલી, "એટલું ખરું કે, કોઈ પરિસ્થિતિ ખરેખર આવી જ પડે તો પછી હું તેને સંભાળી લઉં છું. પણ હું એમ કહેતી હતી કે જે કદી બનવાનું જ ન હોય તેની કલ્પના કરી કરીને જાતે જ પરેશાન થવાનો મારો સ્વભાવ છે."

"એવો સ્વભાવ તો આમ જોઈએ તો, કોનો નથી હોતો ?"

"ઘણાનો નથી હોતો. દાખલા તરીકે નિરાલી." અને તેને જીભ કચરવાનું મન થઈ આવ્યું. અરે, ભગવાન ! કેવી કહેવી આ જીભને ?

તેણે બિચારીએ જીભને રોકવા બહુ પ્રયાસ કર્યો હતો. પણ તે મોડી પડી હતી. અજબ રીતે પાટે ચડી ગયેલી રસતરબોળ વાતમાં અવળચંડી જીભે નિરાલીને લાવીને કડછાની જેમ ઝીંકી દીધી.

"ઓહ ! નિરાલી !" ભૂતકાળમાં ક્યાંક નજર ઠેરવતો હોય તેમ આનંદ બોલ્યો. "તારી વાત સાચી છે. તે કદી કોઈની ચિંતા કરીને પરેશાન થાય તેવી નથી. ચિંતા અને પરેશાની તે બીજાઓને

માટે અનામત રાખે છે." કહીને તે હસ્યો. નીલિમાને લાગ્યું. તે કડવું, પરાણે લાવેલું હાસ્ય હતું.

તેના અવાજમાં જે રૂક્ષતા આવી ગઈ તે બતાવતી હતી કે, નિરાલી અંગે તે કોઈ ભ્રમમાં નહોતો. નીલિમાના મનમાં એક વ્યાકુળ ઉત્કંઠા ફરી વળી: શું આનંદ નિરાલીને જેવી છે તેવી પિછાણતો જ હતો ?

ઓહ, ભગવાન ! તો કેવું સારું ! આટલા સમય સુધી, પ્રત્યેક લાંબી પળે તેણે ઝંખ્યું હતું કે તે એકવાર નિરાલીને જેવી છે તેવી ઓળખી લે. એ ઓળખ જ તેના મનમાં એક ઝબકારો કરશે. ને એ ઝબકારાના પ્રકાશમાં મને પણ આનંદ સ્પષ્ટ રૂપમાં જોઈ શકશે. એ સ્પષ્ટતા જરૂરી હતી. અનિવાર્ય હતી. પછી જે કંઈ બને તે આનંદે નક્કી કરેલું હોય. પોતાને કંઈ મળે તો તે કુદરતી ક્રમમાં અધિકારરૂપે મળેલું હોય. તે ભોગવતાં પછી અંતરાત્માના ડંખ કદી ખાવાના ન રહે. અને હવે તો લાગે છે કે નિરાલીને આનંદ બરાબર પિછાણે છે, બરાબર !

અને પોતાને ?

ચૂપચાપ તે અવનવા, અટપટા વિચારોને ગળી જવા મથતી રહી. ચૂપચાપ આનંદ કાર હંકારતો રહ્યો. મજલના આખરી કીલોમીટર પણ કપાઈ ગયા, અને સેનેટોરિયમના વિશાળ કમ્પાઉન્ડના દરવાજામાં કાર દાખલ કરતાં આનંદ બોલ્યો, "ચાલો આવી ગયા. બસ ?"

(૧૯)

સેનેટોરિયમનુ મકાન જૂનું હતું, પણ ખૂબ વિશાળ હતું. ચારે તરફથી પુષ્કળ તાજી હવા અને ખુલ્લો પ્રકાશ સતત આવતાં રહેવાનો સંપૂર્ણ અવકાશ હતો. કમ્પાઉન્ડ વિશાળ હતું અને તેની વચ્ચે છૂટાંછૂટાં મકાનોનું સંકુલ પહેલી નજરે જ ગમી જાય એવું હતું. બારે માસ ખુશનુમા લાગવાની ખાતરી આપતું વાતાવરણ મનમાં આપોઆપ ઉત્સાહ જગાડતું હતું. નીલિમાને તે ખૂબ ગમી ગયું.

ઘડી પહેલાં મનને ડહોળી નાખતા વિચારોને એક ખૂણામાં પૂરી દઈને, બિમાર માણસ પાસે જતી વખતે હોવું જોઈએ એવું ઉત્સાહભર્યું સ્મિત તેણે ચહેરા પર આણ્યું, અને આનંદની પાછળ યશવંતરાયના ખંડમાં પહોંચી.

યશવંતરાયની તબિયતના ખબર દર ત્રીજે દિવસે આનંદ તેને અચૂક આપતો રહ્યો હતો. ખબર હંમેશા ઉત્સાહજનક જ હતા. આનંદે અત્યાર સુધી જે કહ્યું હતું તેના ઉપરથી તેણે મનમાં ઠીક ઠીક તંદુરસ્ત યશવંતરાયનું ચિત્ર દોરી રાખ્યું હતું.

પણ તેમને પથારીમાં જોતાં જ તે નિરાશ થઈ ગઈ. મનમાં થોડો આઘાત પામી. પોતે કલ્પ્યા હતા તે કરતાં તે ઘણા વધારે નિસ્તેજ, નંખાઈ ગયેલા લાગતા હતા—કેમ ?... જો કે તેમની આંખો હજી પહેલાંના જેવી જ ચમકતી, આનંદી દેખાતી હતી. નીલિમાને જોઈને

તેમણે જે સ્મિત કર્યું તેમાં પણ તાજગી દેખાતી હતી. પણ તે ખુદ બહુ નબળા દેખાતા હતા, બહુ થોડી શક્તિના સહારે શરીરને ટકાવી રહ્યા હતા એ દેખાઈ આવતું હતું.

બોલવાથી પણ તેમને શ્રમ પડતો હતો. થોડી વાત કરતાં તો તે થાકી ગયા હોય તેમ આંખો મીંચીને થોડી વાર શાંત પડી રહ્યા. છતાં નવાઈની વાત હતી કે આનંદ તેમની તબિયત બાબત સંતુષ્ટ હતો. નીલિમાને લાગ્યું, આનંદ માટે એ જ સ્વાભાવિક હતું, કારણ તેણે તો તેના પિતા ઓપરેશન પછી જીવી જાય એવી આશા ભાગ્યે જ રાખી હતી. તેને બદલે તે જીવી ગયા એ જ બહુ મોટી વાત હતી, બહુ સંતોષની વાત હતી.

પણ નિલીમાનો ઘણોખરો ઉત્સાહ મરી ગયો. યશવંતરાય અત્યંત અશક્ત થઈ ગયા હતા. કેવા હતા, ને કેવા થઈ ગયા બિચારા? તેને મનમાં ઊંડે ઊંડે બળતરા થવા લાગી.

આખરે ત્યાંથી જવાનો સમય થયો ત્યારે યશવંતરાયની છેક પાસે જતાં કહ્યું, "હું જઉં છું. બાપુજી ફરી વાર પાછી આવીશ."

"જરૂર આવજે, બેટા, આનંદને પણ હું કહી રાખું છું કે તને જલદી પાછી લઈ આવે."

અને આનંદ તરફ ફરતાં કહ્યું, "તેને જલદી લઈ આવજે આનંદ અને નીલુ, તું આનંદની સાથે તેની ઓફિસમાં જ કામ કરે છે એ જાણીને હું બહુ ખુશ થયો છું, હવે તું તેનું ધ્યાન રાખી શકશે."

"પપ્પાને તારો બહુ ભરોસો છે, નહિ પપ્પા?" આનંદે ઉમળકાભેર કહ્યું... પણ એ હેત, એ ઉમળકો બધો જ તેના પિતા માટે હતો? નીલિમા વિચારી રહી—તેમાં પોતાનો પણ થોડો ભાગ હોવો ન જોઈએ?

તેણે હસીને યશવંતરાય સામે જોયું અને કહ્યું, "અત્યારે તે જમવા માટે મને બહાર લઈ જવાના છે. એ મારી સાથે હશે ત્યાં સુધી તો હું

તેમનું બરાબર ધ્યાન રાખીશ—તમારા વતી!"

યશવંતરાય હસી પડયા. તેમના "બિમાર ચહેરા પર થોડી વાર ખુશીની રોનક આવી. આંખોમાં અસલી ચમક પાછી આવી. આંખો હોંશિયારીભર્યું હસી ઊઠી. જો કે બાકીનું શરીર નિસ્તેજ, તાજગીશૂન્ય દેખાતું હતું.

બહાર આવી ઓસરીનાં પગથિયાં ઊતરતાં નીલિમાએ કહ્યું,

"કેવા મજબૂત માણસ છે બાપુજી! મનની શક્તિ જો ખરેખર કંઈ કરી શકતી હોય તો ચોક્કસ તે જલદી સાજા થઈ જશે."

આનંદ ખુશ થયો. તેણે કહ્યું, "એમ? તેમની તબિયત તને કેવી લાગી?"

"એકંદર સરસ છે," નિલીમાએ કહ્યું, "પણ શક્તિ બહુ ધીમે ધીમે પાછી આવે છે એટલે તેમની મૂળ શક્તિ પાછી આવતાં હજી ઘણો સમય લાગશે, નહિ?"

"મને પણ એવું લાગે છે," આનંદે કહ્યું, "ભલે સમય લાગે, પણ તે ધીમે ધીમેય સાજા થઈ રહયા છે એ મહત્ત્વનું છે."

કાર પાસે પહોંચીને બંને કારમાં બેઠાં. કાર સ્ટાર્ટ કરતાં આનંદે કહ્યું, "ધંધામાં અને જીવનમાં પણ-ઘણો ફ્રી રહી શકું છું, એટલો નસીબદાર છું, નહિતર રોજ સવાર સાંજ પપ્પાની ખબર લેવા શી રીતે જઈ શકત?"

"ખરું છે," નીલિમાએ કહ્યું, "અને તેમની ખબર લેવા ગયા વિના તમે રહી પણ શી રીતે શકો?"

"ન જ રહી શકું. મમ્મી નાનપણમાં જ મૃત્યુ પામેલી. એટલે કુદરતી રીતે જ પપ્પા અને હું એક બીજાના આધાર બની ગયા છીએ અને એમ જ જીવ્યા છીએ."

"તો પછી—" કહીને નીલિમા અટકી ગઈ.

"કેમ અટકી ગઈ? શું કહેતી હતી?"

"ખાસ કંઈ નહિ... જો કે મારે એ પૂછવું ન જોઈએ, પણ મને સમજાતું નથી કે વેવિશાળ થયા પછી એકેય વાર તમે નિરાલીને તમારા પિતા પાસે કેમ ન લઈ ગયા?"

"ઓહ!" કડવું હસતાં તેણે કહ્યું "મેં તેને કહ્યું, હતું, પણ એ માટે તે બહુ આતુર નહોતી."

"જો તે જાણતી હોત કે તમારા પપ્પા કેટલા પ્રેમાળ છે તો ચોક્કસ તે આવી હોત." નીલિમાએ કહ્યું.

"પણ એ જાણવા માટેય એકવાર આવવું તો પડેને!" આનંદનો જરા મોટો થયેલો અવાજ જરા કડવો પણ થયો હોય એમ લાગ્યું.

નીલિમાએ હળવા અવાજે કહ્યું "પણ એ ન આવી એ પણ એક રીતે તો સારું જ થયું છે. જો તમારા પપ્પાએ એક વાર તેને જોઈ હોત તો આપણે પેલી યોજના અમલમાં મૂકવાનું અશક્ય જ બની ગયું હોત." અને પછી હસતાં ઉમેર્યું, "જો કે અમલમાં મૂકવાથીય તેનો મૂળ હેતુ તો સર્યો જ નહિ-પોલ તરત પકડાઈ ગઈ. પણ મને તો તેમાંય મજા આવી'તી. એ અનુભવ જ મારે માટે અણમોલ હતો.'

"મારે માટે પણ!" હોઠમાં હસતાં આનંદે કહ્યું "સોગંદથી!" હમણાં તેના મનમાં જાગેલી પેલી કડવાશ હવે ઓસરી ગઈ હતી. નીલિમાને હાશ થઈ. આનંદે આગળ કહ્યું. "એ અનુભવ ન થયો હોત તો હું તને આટલી સારી રીતે ઓળખી શક્યો હોત!"

નીલિમાને સંતાપનો એક શેરડો પડ્યો. તે કંઈ બોલી નહિ. એકાદ પળ રાહ જોઈને આનંદ ફરી વાર બોલ્યો. "અને તારી ઓળખ પણ એક એવી ચીજ હતી જે ચૂકવાનું કોઈ રીતે પોસાય નહિ.'

"બસ. આનંદ, સંતોષ અને ખુશીના એક ગોમળાયાં ઊછળાને

સંતાડવા મથતી નિલીમા ધીમું મૂંઝીને મરકી ઊઠતા હોઠને ન રોકી શકી. કેવી આહ્લાદભરી ઉથલપાથલ થઈ રહી હતી મનની અંદર! કેવા અર્થપૂર્ણ હતા આનંદના શબ્દો! શબ્દો કરતાંય અર્થભર્યો હતો તેનો અવાજ!

ધીમે ધીમે તે બોલી, "મને પણ એવું જ થાય છે, આનંદ. એકબીજાને આટલી સારી રીતે સમજવાની આટલી તક આપનાર એ અનુભવ ચૂકવાનું મનેય પોસાય નહિ. હું તો–છેક અમદાવાદ હતી ત્યારથી જ એવી તક ઝંખતી હતી, પણ..."

"પણ શું? કેમ અટકી ગઈ?"

"ત્યારે તો હું માત્ર તમારી દૂરની સાળી જ થતી હતી, એટલે શું કરી શકું?"

"સાચે જ? સાચે જ ત્યારે પણ તને મારા માટે..." આનંદ જાણે એટલો ગૂંચવાઈ ગયો કે વાક્ય પણ પૂરું ન કરી શક્યો.

"કોઈ કોઈ વાર એવું થઈ જતું." નીલિમા નીચું જોઈને બોલી, જો કે બોલવાની રીત તે એવી રાખી શકી હતી, જાણે કોઈ ગમ્મતની વાત તાજી કરાવતી હોય.

આનંદે તેની સામે જોયું અને હસતાં હસતાં કહ્યું, "સાચું કહું? ત્યારે તો તારા જેટલું ધ્યાન મેં તારા પર આપ્યું જ નહોતું. હા, મનેય કોઈ કોઈ વાર એવું થતું કે નિરાલીને એક સુંદર માસિયાઈ બહેન છે. બસ. પછી વાત ત્યાં અટકી જતી."

નીલિમા હસી. તેણે કહ્યું, "એ જ સ્વાભાવિક છે." અને પછી ચૂપ થઈ ગઈ, જાણે હવે કહેવાનું કંઈ રહેતું નહોતું. ઘણું કહેવાઈ ગયું હતું-બંને પક્ષે.

આનંદે પણ ચૂપચાપ થોડી વાર કાર ચલાવ્યા કરી. થોડી વારે તે બોલ્યો, "હોટેલ આવી ગઈ." અને થોડે દૂર દેખાતી હોટેલ તરફ ઈશારો

મુંબઈમાં કદાચ, આ એક જ એવી હોટેલ છે
કરતાં ઉમેર્યું, "મુંબઈમાં કદાચ, આ એક જ એવી હોટેલ છે. તને
જેની ચારે તરફ દૂર સુધી ખૂલ્લી જગ્યા છે. સરસ જગ્યા છે. તને
ગમશે."

નીલિમાને તો એ જગ્યા સ્વર્ગના ટુકડા જેવી લાગી. સુંદર તો
હતી જ એ જગ્યા. અને વધારે સુંદર હતા મનમાં રમતા ભાવો. ને
તેથીય સુંદર આનંદનો સાથ...એક ખૂણામાં કાચની વિશાળ બારી
પાસે એકાંતભરી જગ્યા અનાયાસ મળી ગઈ એ પણ કેવું સુંદર ?

"વાહ, કેટલી સુંદર હોટેલ છે!" તેનાથી બોલ્યા વિના ન રહેવાયું.

"તને ગમીને ? મને હતું જ કે આ જગ્યા તને ખૂબ ગમી
જવાની !" મનમાં ગોઠવેલી કોઈ સરસ યોજના સાંગોપાંગ સફળ થયાનો
સંતોષભર્યો આનંદ તેના મુખ ઉપર અને અવાજમાં દેખાતો હતો.

"ચોમાસામાં વરસાદની ઝડી વાગતી હોય ત્યારે અહીં બેસવાની
બહુ મજા આવે, નહિ ?" જાણે બહાર ઝીંકાતા વરસાદની ઝીણી શીકરો
મોં ઉપર ઊડતી હોય એમ આંખો ઝીણી કરીને દૂર તાકતાં નીલિમા બોલી.
પણ પછી આગળ ન બોલી કે એવા વરસાદમાં આનંદ પણ તેની સાથે
બેઠેલો હોય તો, આહ ! કેવી મજા આવે ?

"હા, ચોમાસામાં ખરેખર અહીં બહુ મજા આવે. આસપાસ કેટલી
ખુલ્લી જમીન છે ? બધી લીલીછમ થઈ જાય !" આનંદના અવાજમાં
પણ હર્ષની લીલોતરી ડોકાતી હતી. "જૂન-જુલાઈમાં પાછાં ચોક્કસ
અહીં આવશું."

"ખરેખર ?" આઘેરી તાકતી નજરને એકદમ ફેરવીને તેણે,
આનંદના મુખ ઉપર ઠેરવી અને હસી પડી. આંખોમાં એક નવી આભા
આવી ગઈ. આનંદ કહેતો હતો : "આપણે પાછાં ચોક્કસ અહીં
આવીશું !"

"ફરી વાર અહીં આવવાનું તને એટલું બધું ગમે ?" આનંદે

પૂછ્યું, તેનો અવાજ ફરી પાછો અર્થભર્યો બની ગયો હતો.
"ખુબ જ ગમે,' શબ્દો પર ભાર મૂકીને તે બોલી ગઈ, પણ
પછી આગળ ન બોલી શકી : "તમે સાથે હો તો." કોઈક અજાણ્યો
આનંદ તેના અવાજને રૂંધી રહ્યો હતો, મનમાં સખત ઘૂમરાઈ
રહ્યો હતો...

હાશ ! ત્યારેજ વેઈટર આવ્યો. ઠંડા પાણીના ગ્લાસ લઈ ને. ભોજન-
નો ઓર્ડર લઈ ને તે ગયો. થોડી વારે ભોજન લઈને આવ્યો. ભોજન
ખરેખર બેમિસાલ હતું. જમતાં જમતાં આનંદ જે રીતે તેને જોઈ
રહેતો, જે રીતે હસી લેતો, જે નાના-નાના, ઉમળકાભર્યાં વાક્યો બોલી
લેતો તે નીલિમાને આનંદમાં વધુને વધુ ગરકાવ કરી રહ્યું હતું.

આનંદ આજે કેટલા બધા ખુશ છે ! નીલિમાને વિચાર આવી ગયો,
તેની એ ખુશીનું કારણ પોતે જ છે ? બીજું કયું કારણ હોય ?
...કેમ નહિ ? છેલ્લા કેટલાય વખતથી કેવી કશ્મકશભરી તંગદિલીમાં
જીવ્યા છે તે ? ચિંતાઓ, આઘાતો અને સમસ્યાઓનો કેવો મારો
ચાલ્યો છે તેમના પર ? આજે એ બધામાંથી તે લગભગ મુક્ત થઈ
ગયા છે. તેની આ ખુશી ન હોય ?... શી ખબર ! ગમે તેમ, પણ
પોતાની હાજરીમાં તો તે પહેલી જ વાર આટલા ખુશ દેખાતા હતા.

જમી લીધા પછી, વાતમાંથી સાહિત્યની વાત નીકળી,
અને આનંદે જે સાહિત્યકારો અને તેમની કૃતિ-ઓની વાતો કરી
તેનાથી નીલિમા માત્ર આભી જ બની ગઈ. બાપરે ! ધંધામાં આટલા
રચ્યાપચ્યા રહેતા એક એન્જીનીયરે આટલું બધું વાંચ્યું છે ? આટલા
ઊંડાણથી વાંચ્યું છે ? તાજ્જુબ ! અને મજાની વાત તો એ હતી
કે વાચનની આનંદની પસંદગી ને પોતાની પસંદગી મળતી આવતી
હતી ! એમ તો એકબે વખતે તેમની પસંદગી સામસામી પણ
નીકળી. ત્યારેય આનંદે જે મૂડમાં દલીલો કરી. અને દલીલો સ્વીકારી

એ પણ એક મજાની વાત હતી.

બેય જણાં ઘડિયાળ સામે જોવાનું ભૂલી ગયાં હતાં. અને જ્યારે જોયું ત્યારે નવાઈ પામીને બોલી ઉઠયાં. "અરે ! આટલું બધું મોડું થઈ ગયું છે ?" બહાર હવે કંઈ ન દેખાય એટલું અંધારું થઈ ગયું હતું.

"બહુ મોડું થયું છે" આનંદે કહયું, "ચાલ હું તને ઘર સુધી મૂકી જઉં."

"ના રે ના, આનંદ, એટલે દૂર તમારે ધક્કો ખાવાની જરૂર નથી. પછી પાછા જવાનું કેટલું દૂર પડે ? ...તમે મને નજીકના કોઈ સ્ટેશને ઉતારી દેજો. ત્યાંથી હું ટ્રેનમાં જતી રહીશ."

"બિલકુલ નહિ !" આનંદે કહ્યું.

"પણ-મારું ઘર અહીંથી ખાસ્સે દૂર છે અને ત્યાંથી તમારે પાછા જવાનું કેટલું દૂર પડે એ તો વિચાર કરો !"

"વિચાર કરી લીધો. મને એ પોસાશે."

"પણ..."

"તારે મારાથી જલદી છૂટકારો મેળવવો છે ? કંટાળી ગઈ ?"

"એવું શું બોલો છો ! હું તમારાથી કંટાળી જઉં ?"

"તો પછી સીધેસીધી હું કહું તેમ કર શાંતિથી કારમાં બેસી રહેજે–ઘર આવે ત્યાં સુધી."

"સારું, ચાલો હું હારી, બસ ?" ઊભી થતાં નીલિમાએ કહયું, "આજે જ બાપુજીને મેં વચન આપ્યું છે કે હું તમારું બરાબર ધ્યાન રાખીશ. એ વચનનું ભલે જે થવું હોય તે થાય."

તેની સાથે ચાલતાં આનંદે કહ્યું "પપ્પા આવું ધ્યાન રાખવાનું નહોતા કહેતા."

નીલિમાને પૂછી લેવાનું મન થયું, "તો કેવું ધ્યાન રાખવાનું કહેતા હતા ?" પણ આનંદ હવે ઉતાવળે ચાલવા માંડયો હતો. દોડતાં દોડતાં એવું પૂછવાનો શો અર્થ ?

રાતના અંધારામાં આનંદની પાસે બેસીને મુસાફરી કરવી એ માત્ર કારમાં મુસાફરી કરવા કરતાં અનેકગણો સુખદાયક, અનહદ આનંદદાયક અનુભવ હતો, નીલિમાને લાગ્યું. શીતળતાભર્યા અંધકારમાં કાર સડસડાટ સરકતી હતી. વાતચીત બહુ થોડી, બહુ જ થોડી થતી હતી. પણ તેની કોઈ જરૂર પણ લાગતી નહોતી. કારણ નીલિમાને લાગ્યું, તેમના વચ્ચે એક અજબ સંવાદ સ્થપાઈ ચૂકયો હતો. તેને બીજો વિચાર પણ આવ્યો કે આનંદ પણ કદાચ એટલે જ ખાસ કંઈ વાત કરતો નહોતો.

તે એક આશ્ચર્યથી ભર્યો ભર્યો આનંદ અનુભવી રહી. શબ્દોના સહારા વિનાય સંગાથનો કેટલો આનંદ માણી શકાય છે ? એવો નિ:શબ્દ આનંદ ખરેખર વધારે નક્કર, વધારે અર્થપૂર્ણ, વધારે જીવંત હોય છે.

ઓહ ! શાથી સાંપડી ગયો એ અદ્દ્ભુત આનંદ !

"તુ પ્રેમમાં છે ને ? તેથી !" મનમાંથી કોઈ બોલ્યું, ને તેને અજબ શેરડા પડયા.

"એમ તો, એમ તો આનંદ પણ કંઈ બોલ્યા વિના ખુશ દેખાય છે–એ શાથી ?" મનને તેણે પ્રશ્ન પૂછ્યો, પણ ઢોંગુ મન ચૂપ રહયું. જવાબ જ ન આપ્યો.

અને ઘર આવી ગયું.

નીલિમાએ કહયું, "તમારો આભાર કેવી રીતે માનું ? તમે તો આજના દિવસને અત્યંત ખુશીનો દિવસ બનાવી દીધો !"

"આભાર તો ખરેખર મારે માનવાનો છે," આનંદે ધીમું હસતાં કહયું, "આજથી થોડાક દિવસ પહેલાં કોઈએ મને કહયું હોત કે

"આજે હું આટલો બધો નિશ્ચિંત, મુક્ત અને ખુશ હોઈશ તો મેં તો બિલકુલ માન્યું ન હોત."

"સાચેજ ? સાચે જ. આનંદ ?"

"મને જૂઠું બોલવાની ટેવ છે ?"

"હું એમ નથી કહેતી, આનંદ," ઝૂમી ઊઠેલા મનની ખુશીને હવે છૂપી રાખી શકાય તો સારું. કાર રસ્તા ઉપર જ ઊભેલી છે..."હું પણ બહુ ખુશ છું. ખરેખર, બહુ જ ખુશ છું."

"ઓહ ! તો તો હવે વહેલામાં વહેલી તકે ફરી વાર-નક્કી ?"

"અને ત્યાર પહેલાં એકવાર તમારે અહીં આવવું પડશે, મારા ઘેર જમવું પડશે. તમે આજે જમાડી એવી મોંઘી રસોઈ તો નહિ જમાડી શકું, પણ હું જમાડીશ એ તમને ભાવે એવું ચોક્કસ હશે."

"હું આવીશ."

"પ્રોમીસ ?"

"શંકા છે ?"

"ના, તો પણ..."

"દિવસ નક્કી કરીને તારે કહેવાનો. હું હાજર થઈ જઈશ."

એક અજાણી, મધુર અભાનતામાં સરી જતી નીલિમા આનંદ સામે તાકી રહી. તેની સામે હાથ હલાવીને આનંદ કાર હંકારી ગયો. અને નીલિમા એક અકલ્પ્ય ખુશીના ભારે ધીમાં ડગલાં માંડતી દાદરો ચડવા માંડી.

(૨૦)

નીલિમા દાદરો ચડીને ઘરમાં પહોંચી ત્યાં સુધીમાં મનમાં ગુંજતું શબ્દો વિનાનું એક અસ્પષ્ટ ગીત ગળામાં આવી ગણગણી ઊઠયું હતું. મનમાં મીઠી, મીઠી, જબ્બરદસ્ત ઉથલપાલ થઈ રહી. અંદર કંઈક ઉપર-તળે થઈ રહયું હતું. શું હતું એ ?

શી ખબર-બહુ અસ્પષ્ટ હતું, પણ બહુ મર્મસ્પર્શી હતું, મોહક હતું, આહ્લાદક હતું.

અચાનક કંઈક બની ગયું હતું. નજરે ન ચડે એમ છાનું છાનું કંઈક જબરજસ્ત બની ગયું હતું. કોરા આકાશમાં અચાનક ચડી આવીને કોઈક અજાણી વાદળી વરસી પડી હતી. એનાં ફોરાં તેને ચારે કોરથી ભીંજવી ગયાં હતાં અને હૈયાને જેટલી શાતાથી એટલી જ બેચેનીથી ભરી ગયાં હતાં. મૂંઝવણભર્યું હૈયું જોરથી ધબકવા માંડયું હતું. પગ ધીમા પડી ગયા હતા, ચહેરો સહેજ ફિક્કો પડી ગયો હતો.

ઘરમાં કંઈ સંચાર નહોતો. ફૈબા બિચારાં તેની રાહ જોતાં ઊંઘી ગયાં હશે, થાકયાંપાકયાં. તેમને જગાડવાની જરૂર નહોતી-ભલે ઊંઘે બિચારાં શાંતિથી. અવાજ ન થાય તેની કાળજીથી તેણે પોતાના રૂમનું બારણું ખોલ્યું અને અંદર ગઈ. બારણું ધીમેથી પાછું બંધ કરી દીધું, અને લાઈટની સ્વીચ ઑન કરી.

ઝબકારે રેલાયેલા પ્રકાશમાં તેણે જોયું, સામે જ ટેબલ પર એક કવર પડેલું હતું.

"પત્ર લાગે છે." મનમાં થયું, અને તે ટેબલ પાસે ગઈ. ઓહ ! કવર પરના અક્ષરો જ કહી આપતા હતા. પત્ર નિરાલીનો હતો.

અને એક હળવો ધ્રાસકો તેના મનમાં ફરી વળ્યો. ડરી જવાનું આમ તો કોઈજ કારણ નહોતું, છતાં ગમે તેમ, પત્ર જોતાં જ તેને ફાળ પડી. હૈયું એક અસ્પષ્ટ આશંકાથી ફફડવા લાગ્યું.

ઝટઝટ તેણે પત્ર લીધો અને કવર ફોડીને અંદરનો પત્ર બહાર કાઢયો. ખાલી કવર નીચે ફેંકતાં તેની નજર સામેના અરિસામાં પડી. અરિસામાં જુદી જ ફિક્કી નીલિમા ઊભી હતી.

પત્ર નિરાલીનો જ હતો. લખ્યું હતું...

વ્હાલી નીલૂ,

અહીં હવે બધું બરાબર થાળે પડી ગયું છે. મમ્મીપપ્પાની બધી નારાજગીનો અંત આવી ગયો છે. ભુવનેશ સાથે ભાગી જવા છતાં મેં તેની સાથે લગ્ન નથી કર્યાં એ એક વાતમાંથી તેમને જોઈતો સંતોષ મળી રહયો છે. સંતોષ માનવા સિવાય બીજો રસ્તો પણ કયાં હતો ? અને હવે પરાશરે પણ તેની અકડાઈ છોડી દીધી છે. પહેલાંના જેવી જ સ્વાભાવિકતાથી વર્તવા તે પ્રયાસ કરી રહયો છે.

મને પણ લાગે છે કે, એક વાર અહીં આવી ગઈ એ સારું થયું. પણ હવે અમદાવાદ પહેલાં જેટલું ગમતું નથી. ખાસ કરીને, મુંબઈમાં ગાળેલા ઉત્તેજનાપૂર્ણ દિવસો પછી અમદાવાદનું જીવન હવે મોળું લાગે છે, ધામું લાગે છે.

પણ સૌથી અગત્યનું કારણ એ છે કે અહીં આવીને હું આનંદથી બહુ દૂર પડી ગઈ હોઉં એવું લાગે છે, ને એ હું ચલાવી લેવા માગતી નથી. તારા આગ્રહને વશ થઈને હું અહીં આવી ગઈ. અને

તેમાં કંઈ ખોટું પણ નથી. પણ અહીંનું મારું કામ હવે પૂરું થઈ ગયું છે. મમ્મી, પપ્પા અને પરાશર ત્રણેને હું સુધરી ગઈ હોવાની ખાતરી થઈ ગઈ. હું સંપૂર્ણ સહીસલામત હોવાનો સંતોષ થઈ ગયો. એટલે એ વાત પૂરી થઈ. હવે મારે વહેલી તકે આનંદને હાથ પર લેવો જોઈએ. તેમાં ઢીલ કરવી એ નરી મૂર્ખતા જ ગણાય.

મારું ચાલે તો હું તેને અહીં જ તેડાવી લઉં, પણ મારું કંઈ ચાલે તેમ નથી એ મને ખબર છે. મારો તેડાવ્યો તે ન જ આવે. એટલે માત્ર એક જ માર્ગ ખુલ્લો રહે છે. હું જ ત્યાં આવું અને તેને હાથ પર લઉં.

જો કે એ માટે મારે તને થોડાક દિવસ તકલીફ આપવી પડશે. પણ એટલી તકલીફ મારે ખાતર વેઠી લેવા તું તૈયાર હોય જ, ખરું ને ? નિલૂ, આનંદને મળવા માટે, અત્યંત કપરા સંજોગોમાં તેની સાથે કામ પાડવા માટે જોઈતી હિંમત મેં માંડમાંડ ભેગી કરી છે. એ ઓસરી જાય તે પહેલાં હું ત્યાં પહોંચી જવા માગું છું. શુક્રવારે સવારે અહીંથી નીકળીને બપોર પછી ત્યાં પહોંચું છું.

હું ત્યાં પહોંચીશ ત્યારે તું ઓફિસમાં હશે. પણ તેનો કંઈ વાંધો નથી. તું તારું ઓફિસનું કામ પતાવીને શાંતિથી ઘેર આવજે. ફૈબા તો ઘેર હશે જ. દરમ્યાન હું મારા કામનો ફરી એકવાર વિચાર કરી જઈશ.

આવી રીતે અચાનક ત્યાં આવી જવાનું નક્કી કરી નાખ્યું તેથી નારાજ તો નથી થઈ ને ? કેટલાંક કામ જ એવાં હોય છે કે તમારે અચાનક જ કરી નાખવાં પડે. નહીંતર તે કદી થઈ શકતાં જ નથી. હવે મને સમજાય છે કે, આનંદ સાથેની વાત હાથ પર લેવામાં મેં આટલો સમય બગાડયો એ બહુ મોટી ભૂલ કરી હતી. એ ભૂલ વહેલી તકે સુધારી લેવાનો નિર્ણય મેં કરી લીધો છે.

શુક્રવારે સાંજે તારો કોઈ નક્કી થયેલો કાર્યક્રમ હોય તો મારે ખાતર તેમાં ફેરફાર ન કરતી. તું તારાં બધાં કામ પતાવીને ઘેર આવજે. મને કંઈ તકલીફ નહિ પડે.

હવે જલદી પ્રત્યક્ષ મળીએ છીએ એટલે વિશેષ કંઈ લખતી નથી.

– તારી બ્હેન
નિરાલી

ફાળભરી નીલિમાની આંખો પહોળી થઈને અરીસા સામે તાકી રહી. અરીસાની નીલિમા ઓળખવીયે મુશ્કેલ લાગતી હતી. લેવાઈ ગયેલો ફિક્કો ચહેરો, સૂકા, ખુલી ગયેલા હોઠ અને ચકળવકળ આંખો કોઈ બીજી જ નીલિમાનો ભાસ કરાવતાં હતાં. અરીસામાં પોતાના પ્રતિબિંબ સામે તાકતી તે રીતસર બોલી ઊઠી. "પણ-હેં ? શુક્રવાર એટલે કાલે જ તે પાછી આવી જશે ? બપોરે જ ? ઓહ, ભગવાન !..."

ધમધમતા વિચારોથી તેનાં લમણાં તંગ થઈ ગયાં. ના, ના...! એ નહિ બની શકે... આ ઘડીએ તે અહીં આવે એ બિલકુલ ન ચાલે... તેને આવતી રોકવી જ પડે-ગમે તેમ કરીને રોકવી પડે... પણ શી રીતે ?

શી રીતે રોકી શકાય તેને ?

કોઈ એકાદ સબળ કારણ જડી જાય, એકાદ મજબૂત બહાનું મળી જાય, ભગવાન !... અને એવું બહાનું શોધવાની તંગ મથામણમાં ટેલિફોનવાળા ઘર તરફ દોડવાય ગઈ.

પણ નિરાલીએ કોઈ બહાના માટે અવકાશ જ રહેવા દીધો નહોતો. તેણે લખી દીધું જ હતું કે તારા કોઈ કાર્યક્રમમાં મારે ખાતર ફેરફાર ન કરીશ. હવે કયું બહાનું કાઢી શકાય જે નિરાલીને ખુદને રોકી દે ?...માનો કે એવું કોઈ બહાનું ઘડી કઢાય તો પણ

તે એક સરાસર જૂઠાણું જ હોય...

પણ જૂઠાણાં અને છલનાઓથી તે હવે તંગ આવી ગઈ હતી. ક્યાં સુધી જીવ્યા કરવાનું અસત્ય અને પ્રવંચનાઓની વચ્ચે ?... ના, હવે એ નથી કરવું...

નિરાલી આવશે જ, ચોક્કસ. એ હકિકત હવે સ્વીકારી જ લેવાની. આનંદને પણ હવે કહી દેવાનું કે નિરાલી પાછી આવી ગઈ છે-તેને મળવા માટે આવી ગઈ છે. નિરાલી વિષે બધું તેને કહી દેવાનું.

એ બધું તેને સારામાં સારી રીતે કેમ કહી શકાય તે વિચારવા માટે પૂરતો સમય હજી છે. કાલે ઑફિસમાં તેને કહી શકાશે. જો કે કહેવામાં જોખમ તો છે, પણ એ જોખમ લેવા જેટલી સદ્ધર તેની સ્થિતિ પણ હવે છે...આનંદને કહી શકાય કે નિરાલી પોતાને મળવા અહીં આવી છે. વાતવાતમાં તેને એ પણ કહી શકાય કે ભાગી ગયા પછી તેનું શું શું થયું હતું. અને નીરાલીના આનંદ વિષેના ઈરાદાનો પણ આડકતરો ઈશારો કહી શકાય...બધું સાચેસાચું કહી દઈ શકાય અને તે પણ સલામત રીતે. એ જ બરાબર છે ! કાલે જ આનંદને નિરાલી વિષે બધું કહી દેવું-બધું જ.

હાશ ! પછી પોતે કેટલી હળવી થઈ જશે ! કોઈ ચિંતા, કોઈ ભાર મન પર નહિ રહે.

છતાં અત્યાર સુધી આનંદથી છૂપાવેલાં તથ્યો હવે એક સાથે તેને ગળે ઉતરે એવી રીતે સમજાવવાનું કામ સહેલું નહોતું. તેમાં રહેલી મુશ્કેલીઓના વિચારથી તેને કંપારી આવી ગઈ. પણ તેણે હિંમત ટકાવી રાખી-એકવાર એ કામ સારી રીતે પાર પડી જાય તો જૂઠાણાં અને પ્રવંચનાના જાળાનો અંત આવી જાય-હંમેશ માટે.

આજે જ આનંદ સાથે વીતાવેલી સાંજનો રળિયાત અનુભવ તેનામાં નવો આત્મવિશ્વાસ સીંચી ગયો હતો. હવે એક વાત ચોક્કસ

હતી. આનંદને મન પોતે ખૂબ મહત્ત્વની, ખૂબ નિકટની સાથીદાર હતી.

અને નિરાલીનો એ અણુચિંતવ્યો ફણગો ન ફૂટયો હોત તો અત્યારે તો તે એવા ઘેઘુર ઘેનમાં ગરકાવ હોત જેમાં સંબંધ મિત્રતાથી ઘણો આગળ નીકળી ગયો હોય, પ્રેમ બની જવાની અણી પર હોય!

...પણ આનંદનું મન હજી પૂરું કળાતું નહોતું. હજી નિરાલી તેને યાદ આવી જતી હતી, તેનો અર્થ?...અર્થ ગમે તે હોય. એ પરિસ્થિતિનો પણ એકવાર સામનો કર્યા વિના છૂટકો નથી અને એવો સામનો સારી રીતે કરી શકે એવી સ્થિતિમાં અત્યારે તે છે!...

મન ઊલટા સૂલટા વિચારોનું જાણે સમરાંગણ બની ગયું. અનેક વિચારો ઊભા થયા લડયા, ઢળી પડયા. પણ આખરે જીતની તકો પોતાના પક્ષે ઘણી છે એવા આશાભર્યા ચિત્ર સાથે તે પથારીમાં પડી. અને થોડીવાર પછી ઘસઘસાટ ઊંઘી ગઈ.

બીજે દિવસે-શુક્રવાર—સવારે તે ઑફિસે જવા સમયસર તૈયાર થઈ—પહેલી જ તકે આનંદને નીરાલી વિષે બધું કહી દેવાના નિર્ણય સાથે.

પણ ઑફિસમાં પહોંચતાં તેના નિર્ણયને ધક્કો લાગ્યો, જાણુવા મળ્યું કે આનંદ ઑફિસમાં આવ્યો નહોતો. મુંબઈના છેક બીજા છેડે ચાલતા એક મોટા બાંધકામમાં કંઈક એવી ગરબડ ઊભી થઈ હતી કે તેણે જાતે ત્યાં જવું અનિવાર્ય બની ગયું હતું. ત્યાંથી હવે ઑફિસમાં પાછો આવશે. કે કેમ તે કોઈ કહી શકે તેમ નહોતું,

તે હતાશ થઈ ગઈ. મનને જાણે જોરથી ફટકો વાગ્યો. પણ તેણે સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો. ઑફિસમાં તેને માટે ઘણું કામ હતું. તે કામ કરતી રહે તો સાંજ સુધીનો સમય વીતાવી શકે તેમ હતું. પણ સાંજેય આનંદ

પાછો ન આવે તો? તો પછી, સખત કશ્મકશ પછી તેણે બાંધેલા પેલા નિર્ણયનું શું થાય? સાંજ સુધીમાં આનંદ ન આવે તો પછી સમય તેના હાથમાં રહેશે નહિ. સાંજ સુધીમાં નિરાલી આવી ગઈ હશે!...

જેમ જેમ દિવસ વીતતો ગયો તેમ તેમ પાછા વિચારોનાં ધાડાં હૂમલા કરવા લાગ્યા-તેના પેલા નિર્ણયનું નિશાન તાંકીને હૂમલા કરવા લાગ્યા અને બપોર થતાં થતાં તો તેને નવો જ નિર્ણય કરવાનો વિચાર આવી ગયો. "બીજી કોઈ ભાંજગડમાં પડવા કરતાં નીરાલી સાથે જ બધી વાત ચોખ્ખેચોખ્ખી કરી લેવી વધારે સારી નહિ? આનંદ પહેલાં નિરાલી સાથે બધી ચોખવટ થઈ જાય એ વધારે સારું ન ગણાય? હકીકતે, વાત પોતાની અને નિરાલી વચ્ચે એવી ગૂંચવાયેલી છે કે તે આનંદને સમજાવવી અઘરી પડે. નિરાલીને તે સમજાવવાનું એટલું અઘરું નથી...એ જ બરાબર છે, સાંજે ઑફિસેથી સીધી જ ઘેર જઈને નીરાલીને મળવું કંઈ પણ પરદો રાખ્યા વિના બધું તેને સાફસાફ કહી દેવું-પોતે આનંદના ગળાડૂબ પ્રેમમાં પડી ચૂકી છે એ પણ કહી દેવું. નિરાલીને તે આસાનીથી કહી શકશે. કારણ, પોતાને ખાતરી છે કે નિરાલી જેને પોતાનો પ્રેમ ગણાવે છે તેમાં ખાસ કંઈ ઊંડાણ નથી. એ પ્રેમને તિલાંજલી આપી દેવાનું તેને માટે શકય છે. કેમ, વળી? એકવાર તિલાંજલી આપી જ દીધી'તીને ભુવેશને ખાતર? તો હવે બીજીવાર મારે ખાતર કેમ ન આપી શકે?

નિર્ણય-અનિર્ણયના બહુ પાતળા દોર પર તે ચડી ગઈ હતી, ને દોર બેફામ ઝૂલી રહયો હતો. એક ડગલું એક તરફ મૂકતી, તો બે ડગલાં બીજી તરફ હટી જતી, હતી. એક પળે, નવો નિર્ણય બરાબર લાગતો હતો, બીજી પળે તે અર્થહીન અને બેવકૂફી ભર્યો લાગતો હતો.

લગભગ સાંજ થવા આવી ત્યાં સુધી જબરદસ્ત કશ્મકશમાં

ભીંસાઈને આખરે તેણે નિર્ણય કર્યો કે નિરાલી સાથે પહેલાં ચોખવટ કરી લેવી એ જ બરાબર છે ને ત્યારે જ પટાવાળાએ આવીને કહયું 'બહેન નાના શેઠ તમને બોલાવે છે''

''ઓહ !'' તેના મનમાં જોરથી પડઘો અથડાયો, ''આનંદ ?''

હજી હમણાં જ તો તેણે નિર્ણય કરી લીધો'તો હવે એજ નક્કી કરવાનું બાકી હતું કે, ઘેર જઈને નિરાલીને શું કહેવું, કેટલું કેહેવું, કેવી રીતે કહેવું, પણ અરે, નસીબ ! હવે સાવ અચાનક તે એ નક્કી કરવાની સ્થિતિમાં આવી પડી કે આનંદને કેટલું કહેવું, કેવી રીતે કહેવું !

ખુરશીમાંથી ઊઠતાં તેને લાગ્યું કે તેનાં બધાં ગાત્રો એકાએક ઢીલાં પડી ગયાં હતાં.મગજમાં તમરાં બોલતાં હતાં. હૃદય ધબકી રહ્યું હતું જોરથી, ધબ-ધબ, ધબ-ધબ

ટેબલ પરથી પેડ અને પેન્સીલ લઈને તે આનંદની ઑફિસ તરફ ચાલવા લાગી, વિચાર દોડવા લાગ્યા ''પહેલાં તો તે પત્રો જ લખાવશે ચોક્કસ અને પત્રો લખતાં લખતાં પોતે તેનો મૂડ કેવો છે તે સમજી લેવા પ્રયત્ન કરશે' નિરાલીની વાત કરવા જેવો મૂડ લાગે તો વાત કહી દેવી... પણ શું કહેવું ? શરૂઆત કેમ કરવી ? તે ઓફિસના બારણા સુધી પહોંચી ગઈ. બારણું ખોલવા માટે હેન્ડલ પકડયું-અંદર જઈને પહેલાં આનંદનો મૂડ જોઈ લેવાનો. પછી બધું થઈ પડશે...અને તેણે, બારણું ખોલી નાખ્યું.

ઉંબરમાં પગ મૂકતાં તે ચમકી ગઈ. અંદર બેઠેલી બે વ્યક્તિ ઓ તેની સામે નજર નોંધી રહી હતી. એક આનંદ હતો, બીજી નિરાલી હતી.

(૨૧)

મગજ તદ્દન બહેર મારી ગયું હોય તેમ નિલીમા જડ થઈ ગઈ. સામે દેખાતું હતું એવું દશ્ય તેણે ખરાબમાં ખરાબ સ્વપ્નમાં પણ કદી જોયું નહોતું.

પળભર ભયભીત કરી મૂકે એવી કલ્પનાઓ ,તેને ઘણીવાર આવી હતી. સ્વાભાવિક છે કે એવી જ કલ્પનાઓ આવે એવો એક જોખમી ખેલ તે માંડી બેઠી હતી. પણ એ કલ્પનાઓમાં ય આ દશ્ય તેણે જોયું નહોતું. અચાનક ગેબમાથી ટપકી પડી હોય એમ નિરાલી આનંદની ઑફિસમાં, આનંદની સાથે બેઠેલી હતી. અને પોતે જાણે ગુનેગાર હોય તેમ પોતાની સામે તાકી રહી હતી.

આનંદ પણ ગંભીર, ચૂપ હતો. ચૂપચાપ જોઈ રહ્યો હતો તેની સામે.

હે, ભગવાન ! શું બની ગયું આ બધું ? કેવી રીતે બની ગયું આ બધું ? આટલું અચાનક ?

ગમે તેમ પણ એ બની ગયું હતું. ન બનવાનું બની ગયું હતું. તેને ભૂંસી શકાય તેમ નહોતું,

કોઈકવાર એવું બનશે–તેણે કલ્પના કરી રાખી હતી–કે આનંદને બધી વાતનો ખુલાસો આપવો પડશે. કદાચ એવું પણ બનશે કે પોતાની રહસ્યમય વર્તણૂંકનો ખુલાસો નિરાલી પાસે પણ કરવો પડશે.

અને તે માટેની આછીપાતળી તૈયારી પણ મનમાં તેણે કરી રાખી હતી. પણ તે બન્ને આમ એકસાથે તેની સામે ખડા થઈ જાય, એક જ પળે બન્ને પાસે એવા ખુલાસા કરવા પડે, જે માટે તેની કોઈ તૈયારી ન હોય...કેવળ ગૂંગળાવી નાખે એવી વાત હતી! તે ખરેખર ગૂંગળાવા લાગી. સખત મૂંઝાઈ રહી. હૈયું જાણે ઊંડા, કાળાડિબાંગ પાણીમાં ડૂબવા લાગ્યું, મૂઠીઓ વાળીને ત્યાંથી ભાગી છૂટવાની તીવ્ર ઇચ્છા થઈ આવી–ભાગી છૂટ! દૂર દૂર સદાય માટે ભાગી છૂટ અહીંથી!

ત્યારે જ આનંદનો અવાજ સંભળાયો, "ત્યાં કેમ ઊભી છે? અંદર આવ."

નીલિમાને લાગ્યું, તેનો અવાજ ઠંડો હતો, જાણે સભાન પણે કાબૂમાં રાખેલો હોય એવો ઠંડો. પગ આપોઆપ ચાલતા હોય તેમ ધીમેથી તે આનંદના ટેબલ સુધી ગઈ. એને આનંદનો અવાજ ફરીવાર સંભળાયો.

"નિરાલી આજે જ અમદાવાદથી અહીં આવી, અને મને મળવાનો વિચાર આવ્યો એટલે અહીં આવી ગઈ!" સહેજ થોભીને તેણે પૂછ્યું, "તને ખબર હતી નીલિમા, કે નિરાલીએ પેલા...ભુવનેશ સાથે લગ્ન કર્યું નથી?"

"તેને ખબર હતી જ, આનંદ!' નિરાલી વચ્ચે જ બોલી ઉઠી. અવાજ જરા તીખો હતો, "પૂછી જુઓ તેને, મેં જ તેને એ કહ્યું હતું કે નહિ?" અને નીલિમા તરફ ફરતાં કહ્યું, "આ બધું શું છે, નીલૂ? આટલો ભેદભરમ શાનો છે?...આનંદ તો કહે છે કે ભુવનેશને મેં છોડી દીધો છે એ વાત જ તે જાણતા નથી!"

"એ, સાચું કહે છે," નીલિમા બોલી શકી, પણ જે ખોખરા અવાજે તે બોલી તે અવાજ તેને પોતાને જ અજાણ્યો લાગ્યો.

"તું બેસ, નિલીમા," ફરી આનંદનો અવાજ સંભળાયો. થોડીક

ચિંતા ભળેલી હોય એવો એ અવાજ હતો. ચિંતાની સાથે તેમાં ગૂંચવણ પણ ભળેલી હતી.

તે ખુરસીમાં બેસી પડી. ઊભી રહી શકાય તેમ નહોતું–પગ પાણી પાણી થઈ રહ્યા હતા. બેઠી કે તરત જ નિરાલીના શબ્દો તેના કાનની આસપાસ મચ્છરની જેમ ગણગણવા લાગ્યા.

"તેં તો મને એમ કહ્યું, હતું કે એ વાત તેં આનંદને કરી છે! મને મગજમાં નથી ઉતરતું નિલૂ, કે આ બધું શું છે? તેં મને વચન આપ્યું હતું કે, તું આનંદને મારી વાત કરીશ. એટલું જ નહિ, તું મારા વતી તેને સમજાવીશ અને એકવાર તે મને મળે તેવું ગોઠવી આપીશ. એને બદલે—"

"મેં એવું કોઈ વચન આપ્યું નથી!" નિલીમા બોલી. અવાજ મક્કમ હતો.

અને નીરાલીનું રૂપાળું મોં ઊઘાડું રહી ગયું. આંખો ખેંચીને તે બોલી ઊઠી, "વચન તેં આપ્યું હતું, નિલૂ! જૂઠું ન બોલ!"

"ક્યારે?" તેના ચહેરા તરફ જોવાની હિંમત કરતાં, અવાજ ફરી ન જાય તેવો પ્રયત્ન કરતાં નિલીમા બોલી, "તું કહે છે એવા શબ્દોમાં, એવું વચન મેં ક્યારે આપ્યું હતું? તેં તારા મનથી માત્ર માની લીધું હતું, નીરાલી, કે એ બધું હું કરી આપીશ...અને મેં તને એમ માનવા દીધું. એટલું જ..."

"તો પણ એની એ જ વાત રહે છે." નીરાલીના અવાજમાં ઉશ્કેરાટ વધતો હતો, "શબ્દો ફેરવી નાખવાથી વાતને ફેરવી શકાતી નથી. ...અને મને વહેલી તકે અમદાવાદ જવા માટે પણ તેં કેટલું દબાણ કર્યું હતું? એ માટે તેં મને એવું કહ્યું 'તું કે, તાત્કાલિક આનંદને મળવાનો કોઈ અર્થ જ નહોતો!" થોડીવાર અટકીને તેણે આગળ કહ્યું, 'હવે મને લાગે છે, નિલૂ કે તું અંદળ

છે. હું તને સમજી શકતી નથી. આવી લુચ્ચાઈની રમત તેં પહેલાં કદી કોઈનીય સાથે કરી નથી. મારી જાણમાં તો નથી જ. એક આ વાતમાં જ તને શું થઈ ગયું'તું નિલુ ? શા માટે...''

'હા, નિલિમા,' વચ્ચે આનંદ બોલ્યો. નીલિમાએ નજર તેના તરફ ફેરવી. 'મારે પણ એ તો સમજવું છે કે શા માટે તેં એ કર્યું ?'

'શું કર્યું મેં ?' નીલિમા ગણગણી.

'હકીકતો છૂપાવી. જૂઠું બોલી.'

'ઓહ !' નીલિમાને છાતીમાં જાણે જોરથી ફટકો વાગ્યો. આનંદ-આનંદ તેનામાં શંકા કરી રહ્યો હતો ?

સૂસવતા વાવાઝોડાના પવનો જાણે તેના મગજમાં તીણી સીટીઓ વગાડી રહ્યા. ઓહ... ! પોતે ઢળી પડે તો સારું. બેહોશ થઈ જાય ને પડી જાય તો સારું...એ વિના હવે કોઈ માર્ગ નહોતો. બસ: નિશ્ચેત થઈ ને પડી જાય પોતે, અને ગળું દબાવતી આ પરિસ્થિતિમાંથી નીકળી જાય...પછી જે બનવું હોય તે બને. પોતે જ અજાણતાં ઉભી કરેલી આ ગૂંચનો જે ઉકેલ આવવો હોય તે આવે, તેનું સૌનું જે થવાનું હોય તે થાય...પણ પોતે તો છૂટી જાય જાગતી આંખે એ જોવામાંથી !

પણ ઈચ્છા મુજબ તે બેહોશ બની શકતી નહોતી. આનંદ અને નિરાલી ચૂપ હતા. નિરાલીના શ્વાસનો ઊંચો અવાજ કહેતો હતો કે તે અધીરાઈથી રાહ જોઈ રહી હતી નીલીમા બોલે તેની. કદાચ આનંદ પણ એમ જ રાહ જોઈ રહ્યો હતો માટે જ ચૂપ હતો.

તેણે નિરાલી સામે જોયું. ખુરશીમાં સહેજ આગળ ઝુકીને તે તેને જોઈ રહી હતી. આંખો ઝગારા મારતી હતી. આનંદ પોતાની ખુરશીમાં અઢેલીને બેઠો હતો. સહેજ ઢળેલાં પોપચાં નીચેથી તેને નિહાળી રહ્યો હતો.

"મેં-મેં હકીકતો છૂપાવી ?" આખરે બોખરા અવાજે તે બોલી. પણ તે મક્કમ હતી, "હું જૂઠું બોલી તેની પાછળ સારો ઈરાદો હતો. હું-સારું જ કરવા માગતી હતી."

"કોનું સારું ?' નિરાલી અર્ધા બીડેલા હોઠે બોલી.

"બધાનું. આપણું બધાનું સારું થાય એ મારી ગણતરી હતી. અને સૌથી વધારે તેમાં આનંદનું હિત રહેલું હતું, માટે–"

"એટલે ?" નિરાલી છંછેડાઈ. "તું કહેવા શું માગે છે ?"

નિલીમા તેની સામે તાકવા ગઈ, પણ ત્યાં જ આનંદનો અવાજ સંભળાયો.

"હા, નિલીમા, તારી વાત પરથી હજી કંઈ પૂરું સમજાતું નથી. તારે એ સમજાવવું જોઈએ."

જરૂર નહોતી, છતાં નિલીમાએ પોતાની ખુરસી સહેજ પાછળ ખસેડી અત્યાર સુધી તે આગળ ઝૂકી જઈને બેઠેલી હતી, હવે પાછળ અઢેલીને બેઠી. તેના હાથની આંગળીઓ ધીમે ધીમે કંપતી હતી પણ અવાજને તે સ્થિર કરી શકી.

તેણે કહ્યું, "ભુવનેશ સાથેના સાહસમાં નિષ્ફળ ગયા પછી નિરાલી પહેલવહેલી મારી પાસે પાછી આવી હતી. ત્યારે પણ તે એટલી બેફિકર હતી, સંબંધનો તાર જ્યાં આગળથી તેણે તોડી નાખ્યો હતો ત્યાંથી ફરી હાથમાં લઈ લેવો એમાં તેને કંઈ આંચકો પણ લાગતો નહોતો ! જાણે તેણે કંઈ અજુગતું કર્યું જ નહોતું ! જાણે ભૂલથી ખોટા ગજવામાં હાથ નાખી દીધો, અને તેમાંથી કંઈ ન મળ્યું એટલે હવે બીજામાં હાથ નાખીને જોઈતી ચીજ લઈ લેવાની હતી... ! વિચારવાનું કંઈ નહોતું. શરમાવાનું કંઈ નહોતું. પણ મને લાગ્યું આનંદ, કે તમારે તો વિચારવું પડશે, દસવાર ! ને વિચારવા માટે તમને પૂરતો સમય મળવો જોઈએ. એ સમય ન મળે તો સંભવ હતો કે, તમે ખોટી રીતે કોઈ

લાગણીમાં ઘસડાઈ જવ-તમારી મનોદશા ત્યારે એવી હતી !"

"સાચે જ, નીલિમા ? એટલા માટે તેં મારાથી હકીકત છૂપાવી ?" આનંદે પૂછ્યું અને સહેજ થોભીને ઉમેર્યું, "પણ હું કોઈ ખોટી લાગણીમાં ઘસડાઈ જઉં એવું માની લેવાનું તારી પાસે કયું કારણ હતું ? અને મને ઘસડાઈ જતો રોકવા આટલી હદે જવાનું ય તારી પાસે કયું કારણ હતું ? મને એ જાણવામાં રસ છે !"

"હું-હું સારું પરિણામ લાવવા જ માગતી હતી. એ સિવાય મારો બીજો કયો હેતુ હોય ?" તે ધીમેથી બોલી.

"પણ મારી અને નિરાલીની-બન્નેની બાબતોનો દોર તારા હાથમાં લઈ લેવા માટે એ કારણ પૂરતું નહોતું,"

"તેના મનમાં હજી વધારે ઊંડે કંઈક હશે જ !" નિરાલી તતડી ઊઠી, "નહીંતર, જૂઠાણાં અને બનાવટની આંટીઘૂંટી શા માટે ઊભી કરે ?" અને નિલીમા સામે આંખો ઝીણી કરતાં તે બોલી, "તેં જ ઈરાદાપૂર્વક મારા પર આડકતરી એવી છાપ પાડી હતી કે આનંદને તેં મારી વાત કહી છે. અને એ કહ્યા પછી તને લાગ્યું છે કે આનંદ મને માફ કરવાના મૂડમાં નથી. એટલે હજી વધારે સમય થોભવું જરૂરી છે–એ બધું સાચું હતું ?"

નિલીમાએ આનંદ સામે જોયું. તેની સહેજ ગૂંચવાયેલી નજર તેના પર મંડાયેલી હતી. તેણે ધારી હતી. એવી શંકાશીલ કડવાશ તેની નજરમાં નહોતી. તેને થોડીક હિંમત મળી. બન્નેની સામે વારાફરતી જોતાં તેણે કહ્યું.

"તમને બન્નેને જો એમ લાગતું હોય કે મેં જે કર્યું તે અજુગતું જ નહિ, બહુ ખરાબ હતું તો તે બદલ હું દિલગીર છું. હું ખુદ એ કબૂલ કરું છું કે મેં થોડાક વાંધાજનક માર્ગો અપનાવ્યા છે, પણ તે માટે કારણો હતા."

નિરાલી ખુરસીમાં વધારે આગળ ઝૂકી. આનંદના ભવાં કપાળમાં સહેજ અદ્ધર ખેંચાયા.

નિલીમા બોલતી રહી, "લગ્નની આગલી રાત્રે જ કોઈ છોકરી બીજા પુરુષ સાથે ભાગી જાય, એ જ મારે મન એક અસહ્ય ઘટના હતી. જ્યારે અહીં તો ભાગનાર છોકરી હાથ ઘસતી પાછી આવે છે. હાથ ઘસવા પડ્યા પછી એકાએક તેને જ્ઞાન થાય છે કે પોતે પહેલાં જેને પરણવાની હતી તેને જ ખરેખર પ્રેમ કરે છે !...આવું બને ત્યારે હું કે કોઈ પણ, પ્રમાણિકપણે એમ જ માને કે, શું કેટલું સાચું છે, એ સમયને જ કહેવા દો."

"તારે અમારી બાબતમાં એવી અદાલત બેસાડવાની અને જાતે જ ન્યાયાધીશ બની જવાની બિલકુલ જરૂર નહોતી-તને એવો અધિકાર જ નહોતો !" નિરાલી ગર્જી ઊઠી, "એ આખરે અમારી બાબત હતી. તારે શું લાગેવળગે તેની સાથે ?"

"મારે શું લાગેવળગે ?" મર્મસ્થાનમાં તીખો ચટકો ભરાયો હોય તેમ ટટ્ટાર થઈ જતાં નીલિમા બોલી, "મારે ઘણું જ લાગેવળગે, નિરાલી. લાગવાવળગવાની સ્થિતિમાં મને હડસેલનાર તો તમે જ હતા-તું અને આનંદ : બેશરમ બનીને લગ્નની આગલી રાત્રે ભાગી ગઈ તું, અને તેની જાણ તારો પક્ષ સાચવી ને આનંદને કરવાની ફરજ મારી : ઘરમાં માસા-માસી અને બધાને માટે ગળાના ટૂંપા જેવી આફત સર્જી જાય તું, અને એ સૌને સમજાવી લેવાની જવાબદારી મારી ! આનંદ સાથે તેની પત્નીનું નાટક ભજવવાનું, ને એમ કરતાં જે-જે ભોગવવું પડ્યું તે ભોગવવાનું મારે; અરે, તું ઠોકર ખાઈને પાછી આવે ત્યારે તારી વકીલાત કરવાની, તું ઇચ્છે તેવી વાત આનંદના મનમાં ઠસાવવાની મારે !...આ બધું, આ બધું જ કરી આપવાનું મારે, અને મારે જ કંઈ લાગેવળગે નહિ ? તેં મને કોઈ યાંત્રિક સાધન માની

લીધી છે? મારા પોતાના કોઈ અભિપ્રાય, મારી પોતાની કોઈ લાગણીઓ–મારે કશું જ નહિ ?"

એક, બે ચારેક પળ વીતી ગઈ. રૂમમાં સન્નાટો પથરાઈ રહ્યો.

પછી આનંદનો અવાજ સંભળાયો. શાંત હતો એ અવાજ.

"છતાં મને એક વાત પૂરી સમજાતી નથી નીલિમા, કે આમાં તારી લાગણી ક્યાં અને કેવી રીતે સંડોવાઈ ગઈ. અભિપ્રાયની વાત તો સમજાય છે. તારો પોતાનો કોઈ અભિપ્રાય બંધાઈ જવો એ સ્વાભાવિક છે. પણ તારા એ અભિપ્રાયને, જાણેઅજાણે પણ, નિરાલી અને મારા પર લાદી દેવા જેટલી હદે તું જાય એ ન સમજાય એવું છે. એવું તારે કેમ કરવું પડ્યું ?"

"શું કર્યું છે મેં ?" તે ગણગણી.

"કેમ ?" આનંદે કહ્યું, "નિરાલી તેના કમનસીબ સાહસમાંથી પાછી ફરે ત્યારે તેનું શું કરવું–શું ન કરવું એ નક્કી કરનાર માત્ર હું જ હોઉં. મારા બદલે જાણે તું નક્કી કરતી હોય એમ તેની માહિતી તેં મારાથી છૂપાવી એટલું જ નહિ. મેં પૂછવા છતાં તેં તેનો ઉલ્લેખ કરવાનું પણ ટાળ્યા કર્યું. જૂઠું બોલતી રહી–વારંવાર ! અને બીજી બાજુથી નિરાલીને પાછી અમદાવાદ મોકલી દેવા દબાણ કરતી રહી–"

"મેં તેને કોઈ દબાણ કર્યું નથી !"

"કર્યું છે ! તેં જ દબાણ કર્યું છે !" નિરાલી ચિત્કારી ઊઠી, "છેક સ્ટેશન સુધી મારો પહેરો ભરતી સાથે આવી'તી–જાણે હું કોઈ કેદી હોઉં !"

"બસ, બસ, નિરાલી !" આનંદનો અવાજ સહેજ ઊંચો થયો," એવી કોઈ ઉપમાઓ વાપરવાની જરૂર નથી !" અને ફરી નીલિમા તરફ ફરતાં કહ્યું, "મને એ જાણવામાં જ રસ છે, નીલિમા કે, જે વાત મને પહોંચાડવા નિરાલી વધુમાં વધુ આતુર હતી એ વાત જ તેં વધુમાં વધુ કેમ છૂપાવી ?"

"મને લાગતું હતું કે–"

"અને તે ઉપરાંત–" આનંદ હજી બોલી જ રહ્યો હતો, "મેં તને નિરાલી વિશે પૂછ્યું ત્યારે પણ તેં સાચી વાત છૂપાવી રાખી. મારી પાસે પણ તું જૂઠું બોલી ન ગણાય ? શો હેતુ હતો, મને પણ જૂઠું કહેવાનો ?"

હતાશ નીલિમા માથું છાતી પર ઝુકાવીને બેસી રહી. ભાંગી પડતી હોય તેમ એકએ વાર માથું જરા ધુણાવીને પાછું ઝુકાવી દીધું. જબરદસ્ત માનભંગની અસહ્ય પીડાની શૂળ ઉપર શૂળ મનમાં ઊઠતી રહી. અસહ્ય હતી એ પીડા, અસહ્ય હતી એ શરમિંદગી. બધું, બધુંય અસહ્ય હતું. ઓહ, પ્રભુ ! અત્યારે જ, આ ઘડીએ જ મરી જવાય તો સારું ! બેહોશ થઈ જવું હવે પૂરતું નહોતું. બેહોશી તો પૂરી પણ થાય. અને તે ફરી હોશમાં આવવા માગતી નહોતી. હવે તે શંકાશીલ આનંદ સામે ઊભી રહેવા તૈયાર નહોતી. હવે તે રોજ રોજ, ટુકડે ટુકડે જીવવા, જીવે ત્યાં સુધી વિચારો-વિચારો-વિચારોમાં અટવાયા કરવા તૈયાર નહોતી પોતે જેને દિલોજાનથી પ્રેમ કરતી હતી તે પોતાને પણ પ્રેમ કરે એ માટે મથતાં મથતાં શરમિંદગીની જે ઊંડી ખીણમાં તે જઈ પડી હતી ત્યાંથી બહાર નીકળવાની હવે તેનામાં હામ નહોતી.

અને વીતી ગયેલા સમયની ફિલમપટ્ટી તેની નજર સામે સરસરાટ ઊખળવા લાગી. હવે પોતાની જાત તેને મૂર્ખ લાગી. શા માટે? શા માટે એ ગાંડપણભર્યા, મૂર્ખતાભર્યા માર્ગે દોટ મૂકી હતી તેણે ? નિરાલી અને આનંદને મળતાં, વાત કરતાં રોકવા કેટકેટલા જૂઠાણાનો આશ્રય લીધો હતો તેણે ? અરે, એટલાં જૂઠાણાં એકસામટાં આચરવા પોતાના

મનને શી રીતે તૈયાર કરી શકી તે ?

અને પરિણામ શું ? દુનિયાના બીજા બધા લોકો તો ઠીક, ખુદ આનંદ આજે તેના પર શંકા કરી રહ્યો હતો, સવાલ કરી રહ્યો હતો તેને ! તે અસહ્ય હતું. જગતની તમામ અસહ્ય ચીજોમાં સૌથી અસહ્ય હતું...

અને એ જ તેણે સહન કરવાનું હતું.

"એ બદલ હું દિલગીર છું, ખૂબ દિલગીર છું હું–" ધીમા, અસ્પષ્ટ અવાજે તે ગણીગણી.

આનંદ ખુરસીમાં સહેજ હલ્યો, અને પછી સ્થિર થઈ ને તેને જોઈ રહ્યો

"બસ ? બીજું કંઈ ખરેખર કહેવાનું નથી, નીલિમા ?" તેણે પૂછ્યું.

નીલિમા ખુરસીમાંથી ઊભી થઈ ગઈ. તેણે પૂછ્યું, "કોઈ પત્રો ડિક્ટેટ કરાવવાના છે ?"

આનંદ સહેજ ચમકી ગયો, તેની અને નીલિમા વચ્ચે આ પણ એક સંબંધ છે એ વાત જ જાણે તે ભૂલી ગયો હતો.

"ના," તેણે કહ્યું, "કંઈ લખાવવાનું નથી."

નીલિમા ઑફિસના બારણા સુધી પહોંચી. ચોપાસ ચૂપકીદી હતી. એકેક ક્ષણ પછી બારણું ઉઘાડીને તે બહાર આવી ગઈ. હવે તે પેસેજમાં ઊભી હતી. બારણું ફરી બંધ થઈ ગયું હતું. તેને વિચાર આવ્યો–તેની અને આનંદ વચ્ચેનું બારણું હવે બંધ થઈ ગયું હતું. તે બારણાની આ બાજુ હતી, અને-અને સૌથી કરુણ, સૌથી કમનસીબ હકીકત એ હતી કે નિરાલી ફરી એક વાર બારણાની પેલી બાજુ, આનંદવાળી બાજુએ પહોંચી ગઈ હતી.

પેસેજમાં ઊભા રહીને નીલિમાએ સામેની દિશામાં જોયું. સામે

છેડે તેનો કામ કરવાનો રૂમ હતો. "ત્યાં જતી રહે વહેલી તકે !" તેનું મન પોકારી ઊઠ્યું, "અહીંથી ખસી જા, ભાગી જા જલદી !"

પણ કેટલો લાંબો હતો એ પેસેજ ! સામેના છેડે પહોંચવું શી રીતે ?...ધીમે પગલે તે ચાલવા લાગી.

તે ત્યાં પહોંચી ત્યારે ઑફિસના બીજા કર્મચારીઓ ઘેર જવાની તૈયારી કરતા હતા. ઓહ ! સાંજ પડી પણ ગઈ ? તેને અચાનક ભાન થયું, અને ફરી વાર આસપાસ જોયું. બધા જવા માટે તૈયાર થઈ રહ્યા હતા. તેની જોડાજોડ બેસતી ટાઈપિસ્ટે ટાઈપરાઈટર પર કવર ઢાંકતાં તેની સામે મોં મરકાવ્યું. અને ઊભી થતાં પૂછ્યું, "રોકાવાનું છે હજી ?"

"ના", નીલિમા બોલી, અને તેને નવાઈ લાગી–તેનો અવાજ તેના ધારવા કરતાં ઘણો સ્વસ્થ હતો, "હું, નીકળું જ છું."

અને એ જ યોગ્ય હતું. અહીંથી વહેલામાં વહેલી તકે નીકળી જવું. ઑફિસના આ મકાનથી દૂર, બને તેટલું દૂર નીકળી જવું-એ મકાનમાં આનંદની સાથે નિરાલી બેઠેલી હતી.

પેડ અને પેન્સિલ ટેબલ પરની ટ્રેમાં મૂકીને તેણે ટાઈપરાઈટર પર કવર ઢાંક્યું, યંત્રવત્ પર્સ લઈને ખભે ભેરવ્યું, અને બહાર નીકળી ગઈ.

બહાર મસ્તીભરી સાંજ પૂરબહારમાં ખીલી હતી. રળિયામણા રંગોની મનમોહક છટા રસ્તે જતા માનવીના મનનેય આનંદનાં ગલ-ગલિયાં કરતી હતી. અદ્ભુત સુંદર સાંજ હતી-પ્રેમીઓ માટેની, સુખી જીવો માટેની સાંજ ! જીવવાની મજા આવી જાય એવી સાંજ !

પણ, નીલિમા જાણે જિંદગી પર જ નારાજ હતી. શું સ્વાદ હતો હવે જિંદગીમાં ? શાને માટે જીવવું ? આનંદને તે ગુમાવી ચૂકી હતી ! એટલું જ નહિ, સ્વમાનને પણ ગુમાવી ચૂકી હતી ! અને

એ એમાંથી કઈ ખોટ તેના દિલને વધારે પીડતી હતી તે કહેવાનું તેને માટે ય મુશ્કેલ હતું.

ઓફિસમાંથી તો ભાગી છૂટી એકલી પડવા માટે, તેને વિચાર આવ્યો–હવે ક્યાં જવું ? ઘેર ? એકાએક તેને એકાંતનો ડર લાગવા માંડ્યો...ઘેર તો નથી જવું...ઘેર તો સાવ એકલી પડી જવાય...એના કરતાં તો આ રસ્તો સારો ! રસ્તા પર અજાણ્યા લોકો હતા. કોઈને તે ઓળખતી નહોતી. કોઈ તેને ઓળખતું નહોતું. એ વધારે સારું છે. ટોળામાં ભળી જવું અને ચાલ્યા કરવું–સાથે સાથે. કોઈનેય ઓળખવું નહિ, અને ચાલ્યા કરવું–સાથે સાથે.

તેણે ચાલ્યા કર્યું. ખૂબ ખૂબ ચાલ્યા કર્યું, અને થકવી નાખ્યું આખા શરીરને. પગ જ્યારે આપોઆપ ચાલતા બંધ થયા ત્યારે તેણે ઘડિયાળમાં જોયું. સતત બે કલાક સુધી તે ચાલી હતી.

થાક અને ભૂખ બંને પોકાર પાડી રહ્યા હતા. હવે બેસી ગયા વિના છૂટકો નહોતો. આજુબાજુ નજર ફેરવીને તેણે એક રેસ્ટોરાં શોધી કાઢ્યું. અને અંદર જઈને બેસી ગઈ. વિસામો અને ખોરાક મળી ગયા એટલે શરીર પાછું ઘર સુધી ચાલવા તૈયાર થઈ ગયું.

ગમે ત્યાં ગમે તેટલું ભટકો પણ ઘર આખરે ઘર છે. જ્યાં ન જવા માટે તે બે કલાક સુધી રસ્તા પર ભટકતી રહી હતી એ ઘરનું બારણું જોતાં જ મન ધરપતથી ભરાઈ ગયું. પોતાનું ઘર–દુનિયાનું સૌથી સલામતીપૂર્ણ સ્થાન !

હવે પોતાની બેકાબુ જાતનો, ડામાડોળ મનનો કે એકલતાનો એટલો ડર રહ્યો નહોતો. થોડા કલાક પહેલાંનો એ ડર અજબ રીતે સાવ ઓછો થઈ ગયો હતો. હવે ફક્ત એક જ વાત શૂળની જેમ મનમાં ભોંકાઈ રહી હતી–તેની અને આનંદની વચ્ચે છેટું પડી ગયું હતું એ વાત સખત પીડા આપી રહી હતી, પણ કોઈ પણ પુસ્તકિયું

તત્ત્વજ્ઞાન તેનો ઇલાજ બની શકે તેમ નહોતું.

બારણું અંદરથી ખાલી વાસેલું હતું. ધક્કો મારતાં જ ખૂલી ગયું. અંદર જઈને ચંપલ ઉતારતાં તેની નજર બાજુના રૂમમાં પડી. પોતાની પ્રિય આરામખુરશીમા બેસીને નિરાલી ચા પી રહી હતી.

આંખના એક પલકારા જેટલી વાર તે ડઘાઈ ગઈ. થંભી ગઈ. પણ તરત જ મનને સ્વસ્થ કરતી ધીમે પગલે અંદર ગઈ.

“અરે, આવી ગઈ તું ?” તેને ઉંબરામાં ઊભેલી જોઈને નિરાલી બોલી ઊઠી, “કેમ આટલી મોડી ?”

“તું ક્યારે આવી ?” ખાસ કંઈ વિચાર વગર તે બોલી, “શું કરે છે. અત્યારે ?”

“કેમ ?” નવાઈ પામતી હોય તેમ નિરાલીએ પૂછ્યું, “તને મારો પત્ર નથી મળ્યો ? મેં લખ્યું જ હતું કે આજે હું આવવાની છું”

“પણ એ તો...’ સામટા વિચારો જાણે નીલિમાની જીભને ઝાલી રાખતા હતા, “એ તો...”

“અરે, નીલુ”, હસી પડતાં નિરાલીએ કહ્યું, મેં તને લખ્યું હતું તેમ હું આવી ગઈ. અહીં આવ્યા પછી ખાસ કંઈ કામ નહોતું. તું પણ નહોતી એટલે થયું કે લાવ, બહાર લટાર મારી આવું.” થોડીવાર થોભીને તેણે ઉમેર્યું, “અને બહાર નીકળ્યા પછી વિચાર આવ્યો કે આનંદને મળવાનો પ્રયત્ન તો કરી જોઉં.”

ઉંબરો ઓળગીને નીલિમા અંદર આવી. પર્સ ખભેથી ઉતારીને ટેબલ પર મૂક્યું અને પલંગમાં બેઠી.

“તું બહુ થાકેલી લાગે છે”, તેની સામે જોતાં નિરાલીએ કહ્યું.

“હું...” નીલિમા ગણગણી.

“શાથી ?”

"આજે હું બહુ ચાલી છું."

"કેમ ? કંઈ કામ માટે કે અમસ્તી જ ?"

"ખાલી, અમસ્તી જ." બોલતાં બોલતાં તેના અવાજમાં થોડી હતાશા ભળી ગઈ.

અવાજ કે શબ્દો પરત્વે નિરાલી એટલી સંવેદનશીલ નહોતી. પણ તે ખુરસીમાં જરા આગળ ઝૂકી, પલકવાર નીલિમા સામે જોઈ રહી અને બોલી :

"જો, નીલૂ, આજે જે બન્યું તેથી તારે આટલી અપસેટ થવાની જરૂર નહોતી." નીલિમાએ ગરદન જરા ટટ્ટાર કરી, અને કપાળ પરથી વાળની લટને સરખી કરતાં બોલી, "હું અપસેટ થઈ પણ નથી, નિરાલી! જે બન્યું એ સારું નહોતું, એટલું જ."

નિરાલી તેની સામે જોતી, કંઈક વિચારતી બેસી રહી. પછી બોલી.

"બરાબર છે, તે સારું નહોતું. પણ નીલૂ, તને એ વિચાર કેમ ન આવ્યો કે કોઈ એક દિવસ તો આવું બન્યા વિના નહિ રહે? કોઈક દિવસ તો એ બહાર આવવાનું જ હતું." સહેજ અટકીને તેણે આગળ કહ્યું, "મને ખરેખર એ સમજાતું નથી કે, આવી બેહૂદી રમત માંડવાનું તારે કારણ શું હતું ? તું આવું કરે એ જ મોટી નવાઈની વાત છે. શા માટે તું મારી અને આનંદની વચ્ચે ફાટ પડાવવા તૈયાર થઈ ?"

"મારે ફાટ પડાવવાનો પ્રશ્ન જ નહોતો, નીરાલી!" જે સ્વસ્થતાથી નીલિમા બોલી તે તેને પણ નવાઈ પમાડે તેવી હતી, "ફાટ તો ક્યારનીય પડી ચૂકેલી હતી—આનંદને રઝળતો મૂકીને લગ્નની આગલી રાત્રે તું ભાગી ગઈ ત્યારથી! મેં ફાટ પડાવી નથી. હા, તને ફરી પાછી આનંદની નજીક જતી રોકવા મેં પ્રયત્ન કર્યો હતો."

"એમ કહે તો પણ વાત તો એકની એક જ થઈ ને?" નિરાલી એ કહ્યું "મારો સવાલ એ છે કે તેં એ શા માટે કર્યું ?"

"એટલા માટે કે આનંદને હું પ્રેમ કરતી હતી," નીલિમાએ બેધડક કહી દીધું. અને છળી ઊઠી હોય એમ નિરાલી ટટ્ટાર થઈ ગઈ. આજે એક જ દિવસમાં બીજી વાર તેનું મોં ફાટી રહ્યું, આંખો પહોળી થઈ ગઈ.

"શું ?...તું આનંદના પ્રેમમાં હતી...? તું ? ક્યારથી ?"

"શરૂઆતથી જ." બધું જ સાચું કહી દેવાનું આવું જોશ તેને ક્યાંથી ચડી આવ્યું હતું ? તે સારી રીતે જાણતી હતી કે, નિરાલીને સાચું કહેવું એ મૂર્ખતા હતી, માત્ર મૂર્ખતા; છતાં તેનાથી કહેવાઈ જતું હતું.

પહોળી આંખે તેની સામે જોઈ રહેતાં નિરાલીએ પૂછ્યું, "એટલે? મારા લગ્ન માટે તું અમદાવાદ આવી ત્યારથી ?"

"હા, પણ ત્યારે મેં એ મનમાં જ દબાવી દીધું હતું. ત્યારે આનંદ સાથે તારાં જ લગ્ન થવાના હતા માટે; પણ પછી તું ભાગી ગઈ."

"આઈ સી!" ખુરસીમાં ઢળીને બેસતાં નિરાલીએ કહ્યું, "અને પછી તેણે તને મારું પાત્ર ભજવવા કહ્યું એટલે—"

"એમાં મારો આશય તેને ખરી મુસિબત ટાણે મદદ કરવાનો જ હતો. અને—"

"અને શું ?"

"અને એટલા દિવસ તેની પાસે રહેવામાંય આનંદ હતો."

"બરાબર, બરાબર, નીલૂ," નજાકતથી ગરદન હલાવતાં નિરાલીએ કહ્યું, એના ચહેરા પર રૂપાળું સ્મિત ફરકી ગયું. "હું સમજી શકું છું, બરાબર સમજી શકું છું કે આનંદ જેવા માણસ

સાથે એવી વળગણ થઈ જાય ત્યારે કેવું થાય." કહીને તે સ્મિત કરતી તેની સામે જોઈ રહી.

એક નાનકડી પળભર નીલિમાને લાગ્યું કે નિરાલીના દિલમાં સાચે જ સહાનુભૂતિ હતી, સમજણ હતી, ઉદારતા હતી. એ નાનકડી પળમાં એક વિચિત્ર વિચાર તેને આવી ગયો. પરિસ્થિતિની અસલિયત સમજીને નિરાલી સમજદારીપૂર્વક મેદાનમાંથી નીકળી જાય ?

પણ નિરાલી બોલી, "તું નહિ માને નીલૂ, પણ સમય જતાં એવી વળગણો વિસારે પડી જતી હોય છે. મારી વાત કહું તો ભુવનેશ સાથે મારે છેડો ફાડવો પડ્યો ત્યારે મને એમ હતું કે હવે હું કદી સુખી નહીં હોઉં. પણ થોડાક દિવસમાં જ હું તેમાંથી બહાર નીકળી ગઈ."

"એ જુદી વાત હતી," નીલિમાએ કહ્યું," તેને મારી વાત સાથે સરખાવી ન શકાય."

"કેમ નહિ ? બંને વાત સરખી જ છે !"

"સરખી નથી, નિરાલી" નીલિમા ભારપૂર્વક બોલી, "તું ભુવનેશને પ્રેમ કરતી નહોતી."

"કોણ કહે છે ?" નિરાલી બોલી ઊઠી, "એ દિવસોમાં તો હું તેના પ્રેમમાં ગળાડૂબ હતી !"

"અજબ કહેવાય એ પ્રેમ !" નિલીમાના મનમાં થયું.

નિરાલી આગળ બોલી, "સમય જતાં તને એ સમજાશે, નીલૂ. તને બીજો કોઈ મળી જશે. અને પછી તું જ કબૂલ કરીશ કે મારા આનંદની તારે ઇચ્છા કરવાની જરૂર નહોતી."

"મારો આનંદ !" નીલિમાના મનમાં પડઘો પડ્યો. "કેવી માલિકીપૂર્વક બોલી એ ? તેનો અર્થ ? એ જ ને કે, મારી પીઠ પાછળ એવું કંઈક કહેવાયું છે, એવું કંઈક ચર્ચાયું છે જે તેને

એવું બોલવાની હિંમત આપે છે ?" તેની નજર સામે આનંદની ઓફિસનું બંધ બારણું તરી રહ્યું. એ બારણા પાછળ...અને તેણે દાંત ભીંસી દીધા.

તે ઊભી થઈ ગઈ, અને બોલી, "હું જઉં હવે. ફૈબા પાસે સૂઈ જઈશ."

"હજી તો દસ પણ નથી વાગ્યા !" નિરાલી કહેવા ગઈ.

"પણ મને ઊંઘ આવે છે, બહુ થાકેલી છું." નિલીમાએ નિરાલી સામે જોતાં કહ્યું, "હવે તારો શું કાર્યક્રમ છે ?"

"ઇચ્છા તો થોડા દિવસ અહીં રોકાઈ જવાની જ છે–તને તકલીફ ન પડે તો." નીલિમાએ હોઠ કરડ્યો. અને પ્રયાસપૂર્વક સ્વસ્થ રહેતાં કહ્યું, "મને તકલીફ નથી." અને ચૂપ થઈને તે સમસમી રહી.

પણ તેને તકલીફ થઈ રહી જ હતી. નિરાલી પણ તે જોઈ શકે તેમ હતું. પણ નિરાલી તે ન જ જુએ. જુએ તો તેણે તાત્કાલિક બીજે ક્યાંક રહેવા જતા રહેવું જોઈએ. માટે તેને તે ન દેખાયું. તેના જેવા માણસો જ બુદ્ધિશાળી હોય છે. જેને કંઈક સ્વમાન હોય, કંઈક આત્મગૌરવ જેવું હોય તે મૂર્ખ હોય છે.

જવા માટે છેક ઉંબરા સુધી પહોંચેલી નીલિમાને કોણ જાણે શું થયું તે પાછી ફરી અને પૂછ્યું. "નિરાલી, એક વાત પૂછવી છે. હું ગયા પછી આનંદ કંઈ બોલ્યા હતા ?"

"હાસ્તો," હોશિયારીભર્યું હસતાં નિરાલીએ કહ્યું. "ઘણું બોલ્યા હતા. બોલે તો ખરા જ ને ?"

નીલિમાએ હોઠ ઉપર જીભ ફેરવી અને કહ્યું, "હું એમ પૂછું છું કે, તે મારા વિશે કંઈ બોલ્યા હતા ?"

"ના" કપાળમાં કરચલી પાડીને યાદ કરવાનો દેખાવ કરતાં નિરાલીએ કહ્યું, "તેં જે કર્યું છે તેના વિશે વાત કરવાની પણ

તેને ઇચ્છા ન હોય એમ લાગતું હતું. ઊલટું, મેં તો કહ્યું કે તારી વર્તણૂક વિચિત્ર તો હતી જ, ત્યારે તેમણે કહ્યું કે"–

"શું કહ્યું તેણે ?" એકદમ તેની તરફ ફરતાં નીલિમાએ પૂછ્યું.

"તેણે કહ્યું કે આપણે નીલિમાની કંઈ ચર્ચા કરવી નથી... મેં વાત પડતી મૂકી."

એક છૂપો નિસાસો મૂકીને નીલિમા ત્યાંથી ચાલી ગઈ. જાણવા જેવું કંઈ હવે બાકી રહ્યું નહોતું. આનંદે કહી દીધું હતું : "નીલિમાની કંઈ ચર્ચા આપણે કરવી નથી."

છ શબ્દો ! એ શબ્દોનો અર્થ ઘણો હોઈ શકે, અથવા કંઈ જ ન હોઈ શકે.

તેનો અર્થ એ હોઈ શકે કે, આનંદને તેની વાત કરતાં પણ તિરસ્કાર છૂટતો હતો. તેનો અર્થ એવો પણ હોઈ શકે કે, તેની કોઈ વાત તે નિરાલી સાથે ચર્ચવા માગતો નહોતો. કારણ નિરાલીને તે સારી પેઠે ઓળખતો હતો. અથવા તેનો અર્થ એ પણ હોઈ શકે કે હવે તેમને બંનેને નીલિમાની વાતોમાં ફોગટ સમય બગાડવાની જરૂર નહોતી.

પથારીમાં સૂતી સૂતી, છત સામે તાકતી તે પડખાં બદલતી રહી.

(૨૨)

સવારે તે રોજના સમયે જ જાગી, પણ ઊઠી નહિ. ઊઠવાની ઇચ્છા છતાં ઊઠી શકી નહિ. ઊઠવા માટે શરીર જાણે તૈયાર નહોતું– થાકી ગયું હતું, ભાંગી ગયું હતું. મનની પણ એ જ હાલત હતી. શરીર કદાચ નહિ, પણ મન કંપી રહ્યું હતું. હીણપત અને શરમિંદગીથી ફફડી રહ્યું હતું, ફરી ફરીને એક જ વાત ઘૂંટી રહ્યું હતું. "હવે ઑફિસમાં કદી જઈ નહિ શકાય...શી રીતે જઉં ? કેમ કરીને ઊભી રહું આનંદની સામે ? તેનો વિશ્વાસ સાવ ગુમાવી બેઠા પછી ?"

અને તે પણ મનના એ રટણમાં મૂંગી મૂંગી સંમત થઈ રહી હતી : "સાચું છે ઑફિસમાં તો હવે પગ પણ શી રીતે મૂકી શકું ?' અને આડે પાટે ચડી ગયેલી મનની ગાડી ધડધડાટ કરતી દોડતી રહી. આડાઅવળા, સાજાગાંડા વિચારોનો ધુમાડો ઉડાડતી રહી : "ઑફિસમાં ફોન કરી દઉં કે, તબિયત સારી નથી ? તબિયતનું બહાનું ઉત્તમ બહાનું છે, તેને ગમે તેટલું લંબાવી શકાય. અને પછી થોડા દિવસ રહીને રાજીનામું મોકલી દઈશ ટપાલથી ! એટલે ઑફિસમાં ફરી વાર જવાનો, આનંદની સામે ફરી વાર ઊભા રહેવાનો પ્રશ્ન જ ટળી જાય.'

ગાડી દોડતી રહી, દોડતી રહી, દોડતી...

અને એકાએક પાછો પાટો બદલાયો. "હું પણ મૂરખ જ છું

ને ?" પ્રશ્ન ઊઠ્યો, અને પોતાની જાત પર, ઉતાવળિયા, બીકુ સ્વભાવ પર થોડો અણગમો થઈ આવ્યો. "આ તો જિંદગી છે ! રોજ રોજ જીવવાની જિંદગી; રોજ રોજ લડવાની લડાઈ ! તેમાં કોઈ વાર જીત મળે, કોઈક વાર હાર પણ મળે. તેથી લડવાનું છોડી ન દેવાય. જીવવાનું બંધ ન કરી શકાય, જીવવાનું બંધ કરીને તેનાથી વધારે સારું બીજું શું કરી શકાય તેમ છે ? જીવવું એ કુદરતી જવાબદારી છે. તેમાંથી ભાગી છૂટનાર બીજી મુશ્કેલીઓ માટે વધારે નિર્બળ બની જાય."

"ભાગવાની વાત તો ખોટી છે. ભાગવું નથી. આનંદ સાથેનું તેનું આ નોકરી પૂરતું જોડાણ પણ જો બંને માટે ભારરૂપ બની જાય તો ક્રમે ક્રમે, યોજનાપૂર્વક તે કાપી નાખવું એ વધારે વાજબી છે. ઉતાવળે એવું કંઈ કરી નાખવું ખરાબ ગણાશે – બન્ને પક્ષે..."

અને તે ઊઠી ગઈ. તૈયાર થઈને ઑફિસે જવા નીકળી ત્યારે મનને ગોખાવી રહી હતી–એવું બિલકુલ દેખાવું ન જોઈએ કે ગઈકાલે જે બન્યું તેનાથી તે ભાંગી પડી છે, વેરવિખેર થઈ ગઈ છે...મન ઉપરથી શાંત રહ્યું, પણ અંદરથી ફફડતું રહ્યું.

પણ એ ફફડાટ શમી જતાં બહુ વાર ન લાગી, આનંદે તરત જ તેને પોતાની ઑફિસમાં બોલાવી. તે ગઈ. અને આનંદે જે રીતે તેને આવકારી. જે રીતે બેસવા કહ્યું. જે રીતે પત્રો લખાવ્યા, પત્રો પૂરા થતાં જે રીતે બીજી સૂચનાઓ આપી; અને તે જવા માટે ઊઠી ત્યારે જે રીતે રજા આપતું સ્મિત કર્યું એ બધું જ સ્વાભાવિક હતું, સંપૂર્ણપણે સ્વાભાવિક–હંમેશ જેવું જ.

આનંદ પાસેથી બહાર આવી ત્યારે મનનો ફફડાટ ઊડી ગયો હતો. ઉપરથી નીચે સુધી મન શાંત થઈ ગયું હતું. બારણાની બહાર પેસેજમાં બે-એક ક્ષણ તે ઊભી રહી ગઈ. મનમાં એક ઊંડી રાહત

ફેલાઈ રહી હતી. એક અતિ ભારે બોજ ખૂબ ઝડપથી ઊંચકાઈ રહ્યો હતો.

હાશ ! પેલી અળખામણી શરમભરી ઘટનાએ, પોતાને ડર હતો એવું કોઈ નુકસાન કર્યું નહોતું. ખૂબ ભયાનક દેખાતું એ વાવાઝોડું કંઈ મોટો વિનાશ વેર્યા વિના પસાર થઈ ગયું હતું. તેના અને આનંદના ઑફિસના સંબંધો પણ નષ્ટ થઈ ગયા નહોતા. ઊલટા અણીશુદ્ધ બચી ગયા હતા !...

પરિસ્થિતિ હજી સંભાળી લઈ શકાય એવી હતી અને એ જ સંતોષની વાત નહોતી ? આ સંજોગોમાં વધારે કંઈ આશા રાખી શકાય ? આટલુંયે બહુ છે. ભગવાનનો પાડ !...

થોડા વધારે દિવસ એમ જ વીતી ગયા–કોઈ ખાસ તફાવત વિના. નીલિમા આઘાત, શરમ અને હતાશાના હુમલાની અસરમાંથી રોજ રોજ વધારે મુક્ત થતી ગઈ. મન પર ડુંગરની જેમ ખડકાઈ ગયેલા વિચારોના ભંગાર નીચેથી બહાર આવતી ગઈ. હળવી થતી ગઈ. સ્વસ્થ થતી ગઈ. અને—

મન ફરી વાર અસલી પોત પ્રકાશવા માંડ્યું. આનંદ સાથેના પોતાના જોડાણને–ઑફિસ અને કામ પૂરતા જોડાણને અત્યાર સુધી આંચ આવી નથી, તેથી સાથે કામ કરવાના પોતાના હક્કને બાધ આવ્યો નથી. આનંદ, તેને ડર હતો એવો નારાજ થયેલો નથી એટલું ગનીમત માની સંતોષ લેવા તે મનને તૈયાર કરી રહી હતી. પણ મન આખરે મન હતું, પ્રેમમાં પડેલી એક સ્ત્રીનું મન. આટલી અમથી વાતથી તે કેમ રીઝી જાય ? આટલા ક્ષુલ્લક વળતરથી પોતાનો સંપૂર્ણ હક્કનો દાવો કેવી રીતે છોડી દે ?... ઉપરથી ભાર હટી જતાં જ હવે તે છટપટી ઊઠ્યું, વળ ખાઈ રહ્યું, તડપી રહ્યું.

મનને સમજાવવા, શાંત પાડવા તે પ્રયત્નો કરતી રહી : "આથી

વધારે કંઈ પામવાની હવે શી રીતે આશા રખાય ?" અને મન તડપી તડપીને જવાબ આપતું રહ્યું. "પણ વધારે પામવાની ઝંખનાય શી રીતે રોકી શકાય ?"

જે અદ્‌ભુત લાગણીએ જિંદગીને સ્વપ્ન-શી સુંદર, રોમાંચક સાહસયાત્રા બનાવી દીધી હતી એ લાગણી જ જો નષ્ટ થઈ જાય તો પાછળ શું રહે ? સંબંધોનું ખાલી નિર્જીવ ખોખું ! શા ખપનાં એવાં ખાલીખમ ખોખાં ?

તેને લાગતું કે પોતે ગમે તે કરે, પરિસ્થિતિ બદલાઈ ચૂકી હતી. તેમાં ફેર પાડી શકાય તેમ જ નહોતું. માની લઈએ કે, આનંદના મનમાં તેના માટે કોઈ દુર્ભાવ જન્મ્યો જ નહોતો, રોષ પેદા થયો જ નહોતો પણ નિરાલી તો ફરી એક વાર તખ્તા પર આવી ગઈ હતી. અને તે એ નિરાલી હતી જેને એકવાર તે ખરેખર ચાહતો હતો. લગ્ન કરવાનો હતો તેની સાથે. માનવીનું મન બહુ અકળ હોય છે, પ્રેમ જેવી ચીજ તેને ચંચળ બનાવી દે, મૂર્ખ પણ બનાવી દે. તે બધું ભૂલી જવા, નિરાલીને માફ કરી દેવા તૈયાર થઈ જાય-બનવાજોગ છે...ને એવું જ બન્યું હોય તો ?

નિરાલી તો અકળ છે જ, ધુત્તી છે જ. તેને કંઈ પૂછવાથી કંઈ ન વળે. નહીંતર, બે દિવસે ને ત્રણ દિવસે સાંજના સમયે તે એકલી ક્યાંક ઊપડી જાય છે. ઘણી વાર રાત્રે દસ અગિયાર વાગ્યેય પાછી આવે છે. અમુકતમુક સિનેમા જોઈ આવ્યાનું ય કહે છે. કોની સાથે ગાળતી હોય એટલો બધો સમય ? ચોખ્ખી વાત છે— આનંદ સાથે જ વળી ! પણ કેટલી મીંઢી છે ? એક હરફ પણ ભૂલથીયે કાઢતી નથી કદી !

દસ દિવસ-કશમકશભર્યા, પરેશાનીભર્યા, લાગલાગટ દસ દિવસ વીતી ગયા. અગિયારમા દિવસે નીલિમાએ ઘણી હિંમત ભેગી કરી. અને

નિરાલીને પૂછી નાખ્યું :

"તું હમણાં અહીં જ રહેવાની છે ?"

"હાસ્તો !" આશ્ચર્ય બતાવતાં નિરાલીએ કહ્યું.

"ક્યાં સુધી ?"

"કેમ એવું પૂછવું પડે છે ?" ચાલાકીભર્યું મરકતાં નિરાલીએ કહ્યું, "જો, નીલૂ, મારી ઇચ્છા હમણાં અહીંથી પાછી જવાની નથી. કમસેકમ, આનંદ અહીં છે ત્યાં સુધી તો નહિ જ."

નીલિમાએ કંઈક ગળા નીચે ઉતાર્યું. તેણે પૂછ્યું, "એટલે તું અવારનવાર તેને મળી શકે છે, એમ ?"

નિરાલી લુચ્ચું હસી. અને ગલોફાંને ફુલાવીને તેની સામે જોઈ રહી. થોડીવારે તે બોલી. "જો, એક વાત સમજ, નીલૂ ! મારા અને આનંદ વિષેની એક પણ વાત હું તને કહીશ નહિ. એમ જ કરવું જોઈએ ને મારે ?...તેમાં ફરી વાર કોઈ કંઈ ઊંધુચતું કરે એ મને પોસાય ?"

નીલિમા ચૂપ થઈ ગઈ. નિરાલી સાથે વાત કરવાની મૂર્ખતા પોતે કરી જ શા માટે ? મનમાં ને મનમાં તે પોતાની જાતને ધિક્કારી રહી, શાપી રહી. પોતાની એક જ મૂર્ખતાએ નિરાલીને જોઈતી તક આપી દીધી હતી. ને નિરાલી પોતાની બહુ ખરાબ રીતે હાંસી ઉડાવી ગઈ હતી.

અને છતાંય પોતે તેની પાસેથી કંઈ જ જાણી શકી નહોતી. શરમ અને આત્મપ્રતારણાની ધારદાર લાગણી તેને સંતાપી રહી. પણ તે શું કરે ? બીજા કોને પૂછે ? આનંદે આટલા દિવસમાં તેની સાથે ઑફિસના કામ સિવાય બીજી કોઈ વાત કરી નહોતી-એ વાત તેણે બહુ સારી રીતે, સારા મિજાજમાં કરી હતી એટલું જ.

છતાં તેના મનમાં છેક ઊંડે સુધી જે ધાસ્તી પેસી ગઈ હતી તે મનમાંથી નીકળી શકી નહોતી. બીજી કોઈ વાત આનંદ પાસે

કરવાનું તેને અશક્ય લાગતું હતું. અરે, તેના પિતાની ખબર પૂછવા જેટલું પણ તે બોલી શકી નહોતી. યશવંતરાયની ખબર પૂછવાનું મનોમન તેણે અનેક વાર નક્કી કર્યું હતું, અને દરેક વખતે છેક છેલ્લી પળે માંડી વાળ્યું હતું. હોઠ સુધી આવી ગયેલા શબ્દો તે બોલી શકી નહોતી–મન પાછું પડી જતું'તું, ડરી જતું'તું, શોક ખાઈ જતું'તું.

અને તેને લાગતું જતું'તુ કે, દિવસે દિવસે, કલાકે કલાકે, આનંદ અને તે ફરી એ અજાણ્યાં જાણુ બની રહ્યાં હતાં. તે સમસમી જતી અંદરથી; સળગી જતી અંદરથી.

અને પંદર દિવસ પછી એક વાર ચમત્કાર થયો. આનંદે પત્રો લખાવવાનું પૂરું કર્યું એટલે ટેબલ પરથી કાગળો હાથમાં લઈને જવા માટે તે ઊઠી. જવા માટે મોં ફેરવ્યું, તે આનંદનો અવાજ સંભળાયો.

"એક મિનિટ, નીલૂ !"

ગળા નીચે ઊતરવા જતો શ્વાસ જાણે ધક્કો ખાઈને પાછો વળી ગયો. જબરદસ્ત ભ્રમણામાં પડી ગઈ હોય તેમ તે પાછી ફરી, અને બોલી ઊઠી :

"મ...મને કહ્યું ?"

એકાદ પળ તેના સામે જોઈ રહીને, સ્મિત કરતાં આનંદે કહ્યું, "કાલે પપ્પા તને યાદ કરતા હતા. તને મળવાની તેમને ખૂબ ઇચ્છા થઈ છે. આવવાનું તને ફાવશે ?"

"મને...મને ચોક્કસ ફાવશે. ન કેમ ફાવે ?" પોતાનો અવાજ પોતાના વધારે પડતા હર્ષની ચાડી ન ખાય, તેવો તેણે પ્રયાસ કર્યો, પણ પૂરેપૂરી સફળ ન થઈ.

"ક્યારે આવી શકે ?"

"ગમે ત્યારે–તમને જ્યારે અનુકૂળ હોય ત્યારે" તે બોલી, અને

પછી પોતાની જાતને ઠપકો આપી રહી. આટલી બધી ઉતાવળ શી છે ? ઘેલી દેખાઈ જવું છે ?

"આજે સાંજે–પણ એ કદાચ, તને નહિ ફાવે. ઘેર કહ્યું ન હોય એટલે–"

"ના, એવી કોઈ મુશ્કેલી નથી. ઘેર તો હું ફોન કરીને કહી શકીશ"

"તો સારું." આનંદે કહ્યું. તેના અવાજમાં કોઈ વિશિષ્ટ ભાવ વર્તાતો નહોતો. "ત્રણેક દિવસથી પપ્પાની તબિયત વધારે બગડી છે"

"ઓહ !" નીલિમા ચિંતાપૂર્વક બોલી.

"તેથી તેમની દરેક ઇચ્છા, તુરત જ પૂરી કરવા સ્વાભાવિક રીતે જ હું આતુર હોઉં. પણ આજે આવવામાં તને ખાસ તકલીફ તો નહિ પડે ને ?"

નીલિમાએ મનમાં એક નિસાસો મૂક્યો. "બસ આનંદ ? આટલું જલદી ભૂલી ગયા ? તમારે ખાતર મેં કઈ તકલીફ નથી ઉઠાવી ? કઈ તકલીફને મેં તકલીફ ગણી છે ?" પણ એવું કંઈ કહેવાનો અત્યારે કંઈ અર્થ નહોતો.

તેણે કહ્યું, "બિલકુલ નહિ. ઊલટું, મને આનંદ થશે. સાચે જ, બહુ આનંદ થશે મને."

"સારું," આનંદે ખુરસીમાં પાછો ઢળીને બેસતાં કહ્યું "સાડા પાંચ વાગે નીચે આવી જજે. કાર પાસે હું તારી રાહ જોઈશ."

નીલિમાએ જોયું, આનંદના મુખ ઉપર રાહત પથરાઈ રહી હતી.

ત્યાંથી પોતાના ટેબલ સુધી પહોંચી એટલી વાર મનને તે સમજાવતી રહી–આટલું બધું ઊછળવા જેવું એમાં કંઈ નથી. યશવંતરાયને ગંધ સરખી પણ ક્યાંથી હોય કે ચિત્ર હવે બિલકુલ બદલાઈ ગયું છે ? તેમણે બિચારાએ મને મળવાની ઇચ્છા કરી લાગણીને લીધે

અને આનંદે તે મને કહેવું પડ્યું. બસ, એથી વિશેષ તેમાં શું હતું ?

છતાં મનમાં હર્ષ ઊછળતો રહ્યો ભરતીના મોજાંની જેમ. છૂપાવવા છતાં છૂપો રહી ન શક્યો સૂરજનાં કિરણની જેમ—અને પાસેવાળી ટાઈપિસ્ટનો હસતો અવાજ પૂછી બેઠો :

"અરે શી વાત છે, નીલિમા ? કોઈ ખજાનોબજાનો હાથ લાગી ગયો કે શું ?"

આખો ચહેરો રતૂમડો થઈ ગયો. તેણે તે ટાઈપિસ્ટ સામે જોયું. હોઠ અર્ધા ખોલીને તે હસી રહી હતી. તેણે આજુબાજુ જોયું. સૌનું ધ્યાન હવે તેના તરફ ખેંચાયું હતું. ઘણા હોઠ અધખૂલ્લું હસી રહ્યા હતા.

"ના રે, ના." તેણે પણ હસી પડતાં કહ્યું, "આજે મારા કામ બદલ ખૂબ પ્રશંસા સાંભળવા મળી.....બીજું કંઈ નથી."

"કોણે પ્રશંસા કરી; મિ આનંદે ?" પડોશણ બહુ બટકબોલી હતી.

"હા," નીલિમાએ કહ્યું.

'અને તું તો પહેલેથી તેમની ફેવરીટ છે."

નીલિમા ચમકી ગઈ. બીજી પળે હતાશ થઈ ગઈ. તેને કહેવાનું મન થઈ આવ્યું, 'ફેવરીટ હતી. હવે નથી.'

પણ પડોશણ હજી ખીલેલી હતી. તેણે ઠાવકાઈથી કહ્યું, "કેટલા સરસ માણસ છે મિ. આનંદ ?' અને પછી ઉમેર્યું, 'મને તો હજી મગજમાં નથી ઉતરતું કે આવા માણસ સાથે લગ્ન કરવાનો છેલ્લી ઘડીએ ઈન્કાર કરનાર છોકરી કેટલી મૂર્ખ હશે"

"ખૂબ જ," નીલિમાથી બોલાઈ ગયું, "અને પોતાની એ મૂર્ખતા બદલ હવે તેને પસ્તાવો પણ ખૂબ થાય છે."

"હવે પસ્તાવાનો કંઈ અર્થ જ નથી." પડોશણને જાણે વાતમાં ખરો રસ પડ્યો હતો. "હવે તેનું કંઈ વળશે નહિ."

"કેમ ?"

"ખરેખર તેનું હવે કંઈ ન વળે. મિ. આનંદ ખૂબ જ સ્વમાની માણસ છે. ઉપરથી ભલે નરમ છે, પણ સ્વમાનનો પ્રશ્ન હોય ત્યાં એટલા જ કઠોર છે. અમે તો ઘણી વાર એ જોયું છે. એ પાંચ લાખની ખોટ તે ખુશીથી ખાઈ લેશે, પણ સ્વમાન બરાબર સાચવશે. પોતાને એક વાર મૂર્ખ બનાવનારની સામે પણ એ એટલા જ કઠોર હોય, એ તો સ્વાભાવિક છે ને ?'

નિલીમા ચૂપ થઈ ગઈ. ક્ષણેકવાર સ્તબ્ધ થઈ ગઈ. એક નવો વિચાર મનમાં ઊગી રહ્યો હતો. 'તો-તો આનંદને એવું લાગ્યું હશે કે મેં પણ તેને મૂર્ખ બનાવ્યા હતા ?'

(૨૩)

સાડા પાંચ વાગે ફરી એક વાર તે સુખના ઊંચા શિખર પર -જઈ બેઠી હશે-આનંદ સાથે, આનંદની કારમાં! .....આ પહેલાં પણ એક વાર તે ત્યાં હતી, એક અનોખી સિદ્ધિના શિખર પર, અને ત્યારે આખું વિશ્વ કેવું સુંદર સુંદર બની ગયું હતું ! જીવનમાં અત્યંત ઝંખેલી એક અણમોલ સિદ્ધિથી તે જરાક જ દૂર હતી, એક જ વેંત દૂર. અને પછી એકાએક બધું રોળાઈ ગયું હતું. ઊંચેરા ઉડતા આનંદભર્યા સમણાંની એકાએક પાંખો કપાઈ ગઈ હતી અને તે જોતજોતામાં હતાશાની ઊંડી ખીણમાં પટકાઈ પડી હતી-પોતાના જ ભારથી વેગપૂર્વક પટકાઈ પડતા પથ્થરની જેમ.

પણ હવે જાણે કળ વળતી હતી. પગભર ઊભી થઈને આસપાસ જોઈ શકે એટલી શક્તિ જાણે પાછી આવી હતી. આજે સાડા પાંચ વાગે શું કોઈ ચમત્કાર થઈ જવાનો હતો ? જે સાવ સાવ બગડી ચૂક્યું હતું, ભાંગીને ભૂક્કો થઈ ગયું હતું એ આજે સાડા પાંચ વાગે જ સુધરી જવાનું હતું ?

ના, ના. એ શક્ય નહોતું. ચમત્કારો એમ બનતા નથી આપણી અનુકૂળતા પ્રમાણે ચમત્કાર બની શકે નહિ.

તે ઝડપથી કામ પતાવવા લાગી. સાડા પાંચ વાગે તે અહીંથી નીકળે ત્યારે ટેબલ પર કામ બાકી પડેલું હોવું ન જોઈએ. રખેને,

પડોશણ કંઈક પૂછે તો ? કંઈક કલ્પી લે તો ?

કામ થતું ગયું. હાથ સતત પ્રવૃત્ત રહ્યા, મન વચ્ચે વચ્ચે કામમાંથી કૂદીને નીકળી જતું, આંખો સામેની ભીંત પર લટકતી ઘડિયાળ સામે જોઈ લેતી-ઘડિયાળ બહુ ધીમે ચાલતી હતી. ધીમે ધીમે ટીક ટીક. કરતો સમય લાંબોને લાંબો થતો હતો. રોજ પૂરો થઈ જતો દિવસ આજે જ કેમ આગળ ચાલવામાં ગલ્લાંતલ્લાં કરતો હતો ?

ખેર ! ભલે લંબાતો જાય દિવસ. એ લાંબા દિવસને છેડે એક મજાની આશાનો રૂપાળો ચહેરો મલકાતો હતો...

સાડા પાંચ વાગ્યા. હાશ ! અને તે ઊભી થઈ. ઑફિસના બારણા પાસે પહોંચતાં એક ક્ષણ તે અટકી ગઈ. આજે કેવા ઢંગધડા વિનાના કપડાં પહેર્યાં હતાં તેણે ? સાવ કેવી દેખાતી હશે પોતે ? પણ તેનો શું વાંક હતો ? તેને ક્યાં ખબર હતી કે આજે આનંદ તેને પોતાની સાથે લઈ જવાનો છે ? નહીંતર...નહીંતર તેણે પેલાં સરસ કપડાં પહેર્યાં હોત, જે છેલ્લે આનંદ સાથે ગઈ ત્યારે પહેર્યાં હતા, અને આનંદે વખાણ્યાં હતા... માથામાં હાથ ફેરવી વાળ સરખા કર્યાનો સંતોષ માનતી તે બહાર નીકળી ગઈ.

દૂરથી તેણે જોયું, આનંદ કારમાં બેઠો બેઠો તેના તરફ જોઈ રહ્યો હતો-ક્યારનો ત્યાં બેસીને રાહ જોઈ રહ્યો હશે ? નીલિમાએ ઝડપથી ચાલવા પ્રયત્ન કર્યો. પણ પગ ઊલટા ધીમા પડતા ગયા. કોણ જાણે કેમ, મનમાં કંઈક ભારે ગડમથલ થવા લાગી હતી. વળી વળીને મન પાછું પડી જતું'તું, દબાઈ જતું'તું કંઈ કારણ વગર !

તે કાર પાસે પહોંચી એટલે આનંદે સહેજ નામીને કારનો દરવાજો ખોલતાં તેની સામે સ્મિત કર્યું. નીલિમા પણ તેની સામે સ્મિત કરવા ગઈ. પણ આનંદ જેવું સ્મિત તે ન કરી શકી.

તેને લાગ્યું, તેના હોઠ, ગાલ, તેનો આખો ચહેરો ભારેખમ

થઈ ગયો હતો.

કારમાં આનંદની નજીક બેસતાં તેણે કહ્યું, "માફ કરજો, હું થોડી મોડી પડી. તમારે રાહ જોવી પડી."

પોતાના કાંડા પરના ઘડિયાળમાં જોતાં આનંદે કહ્યું "ના રે! તું તો સમયસર જ આવી છે. હું પાંચેક મિનિટ વહેલો આવી ગયો હતો," અને તેણે કારનું એન્જિન સ્ટાર્ટ કર્યું.

નીલિમા આજે ફરી વાર આનંદની સાવ નજીક બેઠી હતી તેનો તેને આનંદ હોવો જોઈએ, કદાચ ગર્વ હોવો જોઈએ. પણ તેની હાલત ઊલટી, બહુ વિચિત્ર થઈ રહી હતી. આનંદ, આશંકા, આશા, નિરાશા, બીક-બધાનું એક વિચિત્ર મિશ્રણ મનમાં ઘૂમરી લઈ રહ્યું હતું.

કાર રસ્તા પર દોડવા લાગી એટલે વિચિત્ર રીતે દબાતા અવાજે તેણે પૂછ્યું, "તમારા પિતાજીની તબિયતનું તમે શું કહેતા હતા? મને ફરી વાર કહો. તેમની તબિયત ખરેખર...

"બહુ સારી નથી.' આનંદે કહ્યું. 'ઑપરેશન તો ખૂબ સારું થઈ ગયું હતું. પણ પછી જોઈએ તેટલી શક્તિ તેમનામાં આવી નહિ. તું તો તે જાણે છે. બહુ ધીમે ધીમે બહુ થોડી શક્તિ જ પાછી આવી છે."

નીલિમાની નજર સામે યશવંતરાયનો ચહેરો તરી આવ્યો. છેલ્લે સેનેટોરિયમમાં જોયેલો અજબ આત્મબળથી ઓપતો એ ચહેરો શારીરિક શક્તિની તમા રાખે એવો નહોતો. એટલા નબળા શરીરે પણ તેમનો ચહેરો, તેમની આંખો જીવનથી કેવી ભરી ભરી હતી! તેમની વાતોમાં મનની જીવંત સાબૂતી કેવી રણકતી હતી.! એવું લાગતું હતું, યશવંતરાય શારીરિક શક્તિના મોહતાજ નહોતા. તેના વિના પણ જીવતાં તેમને આવડતું હતું.

અને આનંદ કહી રહ્યો હતો – ખૂબ ચિંતાપૂર્વક કહી રહ્યો હતો, તેમની તબિયત બહુ સારી નથી. નીલિમાને દુઃખની એક તીવ્ર લાગણી થઈ આવી, બહુ ઊંડી લાગણી હતી એ – યશવંતરાય માટે એટલું બધું હતું તેના મનમાં? નીચું જોઈ તે વિચારી રહી.

પણ તરત જ તેણે કહ્યું. "ગમે તે થાય, તેમના મનમાં જે વિપુલ બળ અને જુસ્સો ભરેલાં છે તે અદ્ભુત છે. શરીર થોડું અશક્ત બને તો પણ તેમને કંઈ જ વાંધો નહિ આવે. મને એની ખાતરી છે."

તેના મનનો દોર અચાનક યશવંતરાય સાથે એવો સંધાઈ ગયો કે, બીજું બધું જાણે થોડી વાર તદ્દન ભૂલાઈ ગયું. મનમાંથી પેલી વિચિત્ર ભૂતાવળ ભાગી ગઈ. મન પાછું સ્વસ્થ થવા લાગ્યું.

આનંદે એક વાર તેની સામે જોયું, અને પછી આંખો રસ્તા પર પાછી ઠેરવતાં કહ્યું, "એ વાત સાચી છે. ડૉક્ટર પણ કહે છે કે તેમનું મન એટલું સાબૂત છે કે તેમની બહુ ચિંતા કરવા જેવું નથી. પણ હમણાં હમણાં તેમની તબિયત સાચે જ બગડી છે. અશક્તિ ઘણી વધી ગઈ છે. વાતો પણ એટલી ઉત્સાહ કે આનંદભરી રહી નથી. કોઈ વાર તે પોતે પણ કંઈક ચિંતામાં હોય એવું લાગે છે, કોઈ વાર છેડાઈ પણ પડે છે, મારા ઉપર પણ!"

થોડી વાર અટકીને તેણે આગળ કહ્યું, "હમણાંથી તો રોજ રોજ, ઉપરાઉપર એ તારા વિષે જ પૂછ્યા કરતા હતા–"

"મારા વિષે?" ટટ્ટાર થઈ જતાં નીલિમાએ પૂછ્યું. "મારા વિષે શું પૂછતા હતા?"

"સામાન્ય બાબતો જ" આનંદે કહ્યું, "તું કેમ છે? ઑફિસમાં ફાવે છે કે નહિ? ફરી વાર તેમને મળવા હજી કેમ આવી નથી – એવું."

'તમે કાંઈ કહ્યું તેમને?"

“એ જ કે, તું મજામાં છે. ઑફિસમાં તને ફાવી ગયું છે અને થોડા દિવસમાં જ તેમની પાસે આવવાની છે, બીજું શું ?”

“ના, હું એ નથી પૂછતી.”

આનંદ થોડી વાર ચૂપ રહ્યો. કારને એક મોટો વળાંક લેવરાવીને તેણે કહ્યું, “ઑફિસમાં તે દિવસે જે બની ગયું તેમાંનું કંઈ મેં તેમને કહ્યું નથી,”

ખોળામાં રાખેલા હાથના અંકોડા ભીડતાં નીલિમાએ પૂછ્યું, “નિરાલીની વાતની તેમને ખબર છે ?”

“ના.”

ટૂંકો જવાબ આપીને આનંદ ચૂપચાપ કાર હંકારતો રહ્યો-નીલિમા મનમાં ને મનમાં પોતાની જાતને ભાંડી રહી–મૂર્ખ, સવાલ પૂછતાંય ન આવડ્યું ! પૂછી પૂછીને શું પૂછ્યું – નિરાલીની વાતની તેમને ખબર છે ?... અને તે માત્ર ‘ના’ કહીને ચૂપ થઈ ગયો. એને બદલે જો એમ જ પૂછ્યું હોત કે, નિરાલી સાથેની જૂની વાત હવે નવેસરથી ગોઠવાઈ રહી છે તેની તેમને ખબર છે ?... તો તેણે લાંબો જવાબ આપવો પડ્યો હોત–કદાચ, ટૂંકો જવાબ આપ્યો હોત તો પણ ખરેખરી પરિસ્થિતિ તેને તો જાણવા મળી ગઈ હોત. પણ પોતે મૂર્ખ છે. એવું પૂછ્યું જે તેને જોઈતો લાંબો જવાબ પણ અપાવી શકે અને માત્ર ‘ના’ પણ અપાવી શકે. શું અર્થ સર્યો તેનાથી ?

એકાએક તેને લાગ્યું કે પોતે પણ તદ્દન ચૂપ બેસી રહી હતી. એ બરાબર નહોતું. અવાજને બને તેટલો સ્વાભાવિક રાખવાનો પ્રયત્ન કરતાં તેણે પૂછ્યું, “નિરાલી મારી સાથે જ રહેતી હતી એ તમને ખબર હતી ?”

“હા, મને તેણે કહ્યું હતું.” આનંદે કહ્યું. નીલિમાને લાગ્યું

કે કહેતાં કહેતાં તેનું મોં સહેજ મચકોડાયું હતું. તેનો અર્થ શું સમજવો ? નીલિમા અસમંજસમાં પડી ગઈ.

એકાએક કારને ધીમી પાડતાં આનંદે જરા મોટા, ઉત્સાહિત અવાજે કહ્યું, “જો, આ બાજુ સામે શું દેખાય છે ?”

નીલિમાએ એકદમ જોયું. આનંદ તેને પેલી સુંદર હોટેલ બતાવી રહ્યો હતો જ્યાં છેલ્લે તેઓ સાથે જમ્યાં હતાં. હોટેલને દૂરથી જોતાં જ તેના તનમનમાં એક અજબ રોમાંચભરી ઝણઝણાટી ફરી વળી, એક તાજગીભર્યો હર્ષ ઊછળી રહ્યો. આનંદે તેની સામે જોયું અને મોકળાશભર્યું સ્મિત કર્યું.

“અરે, હા !” પહેલી જ વાર હળવાશપૂર્વક સ્મિત કરતાં નિલીમા બોલી ઊઠી, “ફરીવાર તમે મને અહીં લાવશો એમ તમે કહ્યું હતું – યાદ છે ?”

“યાદ છે એટલે તો તારું ધ્યાન દોર્યું–તારું ધ્યાન નહોતું, ખરું ને ?” કહીને આનંદે ફરી તેની સામે જોયું, ફરી સ્મિત કર્યું.

શ્વાસ ગૂંગળાવતો, સખત રીબાવતો મોટો ખડક જેવો બોજો આંખના એક પલકારા જેટલી વારમાં અચાનક ઊંચકાઈ જાય, ત્યારે ઘડીભર માણસ બેબું બની જાય, વિહ્વળ બની જાય, અણધારી આવી પડેલી રાહત પણ તેને અકળાવી મૂકે–નીલિમા ઘડીભર એવી અકળામણમાં સ્તબ્ધ થઈ ગઈ. અને બીજી પળે હર્ષના ફુવારામાં તરબોળ ભીંજાઈ ગઈ. બધું ધોવાઈ ગયું, બધું ચાલ્યું ગયું મનમાંથી. બીક, શરમિંદગી, શેહ, ફફડાટ, ચિંતા નિરાશા – બધું જ.

અને તેણે આનંદ સામે સ્મિત કર્યું, જાણે નવા રૂપે, નવા અવતારે તેની સામે બેઠી હોય એવું સરસ સાલસ, પ્રેમાળ સ્મિત.

“મને તો એવો ડર પેસી ગયો હતો કે, તમે ત્યારે કહેલી ‘ફરી વાર’ હવે કદી આવશે જ નહિ !” ધીમા અવાજે તેણે કહ્યું.

"એમ ?" આનંદે કહ્યું. "પણ તને એય યાદ ન રહ્યું કે, પિતાજીએ તને ફરી વાર લઈ આવવાનું ખાસ ભારપૂર્વક કહ્યું હતું ?

"એ–એ ખરું," નીલિમાએ કહ્યું, "પણ ત્યાર પછી જે બની ગયું તે જોતાં..."

મોંએથી એક ઉચકારો બોલાવવતાં આનંદે કહ્યું, "તેથી શું ?" જા, તારી ફીટ્ટા–એ તો બાળકોને જ શોભે. લોકો વચ્ચે એવી કમનસીબ પળો આવી પડતી જ હોય છે. નાના મોટા મનદુઃખનો પ્રસંગો ઊભા થઈ જતા હોય છે–મિત્રો હોય તો પણ અને સંબંધીઓ હોય તો પણ !"

તેના છેલ્લા શબ્દો સાથે નીલિમાના મનમાં ટાઢોબોળ શેરડો પડ્યો – મિત્રો અને સંબંધીઓ ! પોતે તે એમાંની જ એક હતી ? વિશેષ—

તેણે જોર કરીને વિચારોને રોકી દીધા, પણ પછી તે કંઈ બોલી પણ શકી નહીં.

સેનેટોરિયમમાં યશવંતરાયની પથારી પાસે પહોંચતાં તેને એક નાનકડો આંચકો લાગ્યો, હળવા આશ્ચર્યનો આંચકો. લાગ્યો. છેલ્લી વાર તેણે તેમને જોયા ત્યારે તે ખૂબ અશક્ત અને નંખાઈ ગયેલા લાગતા હતા. અત્યારે તેના કરતાં પણ વધારે અશક્ત યશવંતરાયને જોવાની તેની અપેક્ષા હતી. પણ તે ઊલટા પહેલાં કરતાં સારા કેમ દેખાતા હતા ? તેનું મગજ એટલું બધું અસ્તવ્યસ્ત થઈ ગયું હતું કે આંખોને ભ્રમ થવા લાગ્યો હતો ?

તેણે પાસે જઈને, તેમની સામે બેસતાં, તેમના સ્મિત સામે વળતું સ્મિત કરતાં ફરી વાર ધ્યાનથી જોયું. પહેલાં કરતાં ઓછું, તાજગીભર્યું સ્મિત કરતા હતા તેઓ. ચહેરા પર, આંખોમાં ઓજસ કરતાં ઝાંખપ વધારે દેખાતી હતી. અવાજમાં દેખીતી જ અશક્તિ

હતી. તેમણે કહ્યું કે, એક-બે વાતોડિયા સંબંધીઓ થોડી વાર પહેલાં જ ગયા હતા. તેમણે તેમને થકવી નાખ્યા હતા.

નીલિમાએ પાસે જઈને સ્મિત કર્યું. યશવંતરાયે વળતું સ્મિત કર્યું અને પછી આનંદ તરફ ફરતાં કહ્યું:

"આનંદ, તું પછી બેસજે. પહેલાં ડૉક્ટરને મળી લે. અને પછી ચાલીસ નંબરના રૂમમાં જઈ આવજે. મારા એક સંબંધી બિમાર થઈને આજે ત્યાં આવ્યા છે–રમેશચંદ્ર યાજ્ઞિક. તેમની ખબર મારા વતી પૂછતો આવજે. પાંચ દસ મિનિટ તેમની પાસે બેસજે. કંઈ કામકાજ હોય તો પૂછજે." એટલું કહેતાં જાણે થાકી ગયા હોય તેમ આંખો મીંચીને માથું ઓશીકા પર ઢાળી ગયા.

ચિંતાભરી નજરે તેમની સામે જોઈને આનંદ અનિચ્છાભર્યા ચહેરે ત્યાંથી ગયો. બહાર નીકળી તેણે રૂમનું બારણું પાછું બંધ કર્યું તે સાથે જ યશવંતરાયે આંખો ઉઘાડીને નીલિમા સામે સ્મિત કર્યું...તાજગીભર્યું, સ્ફૂર્તિભર્યું, શક્તિભર્યું.

નીલિમાને બીજી વાર આંચકો લાગ્યો. બીજી વાર તેને બીજી જ જાતનો ભ્રમ થઈ રહ્યો હતો ?

"હું દિલગીર છું, નિલીમા કે મારે આનંદને ચિંતામાં મૂકી દેવો પડ્યો છે, પણ તે સિવાય કોઈ રસ્તો પણ નહોતો." યશવંતરાય કહી રહ્યા હતા. તેમનો અવાજ પણ તાજગીભર્યો, ચકોર હતો. ચમકીને નીલિમાએ ધ્યાનથી તેમની સામે જોયું.

તેની સામે હોશિયારીભર્યું હસતાં યશવંતરાયે કહ્યું; "સમય ઓછો છે, એટલે જલદી મને કહી દે...શું બન્યું છે ?"

"શું બન્યું છે ?" પડઘો પાડતી હોય તેમ નીલિમા બોલી "એટલે-એટલે..."

"જો નીલિમા." યશવંતરાયે કહ્યું, "હું શું પૂછવા માગું છું

તે તું બરાબર સમજે છે. હવે નકામો સમય ન બગાડ. સમય માત્ર થોડોક જ છે. આ પહેલાં તું અહીં આવી ત્યાં સુધી બધું બરાબર હતું, સરસ હતું. પણ હમણાં હમણાં આનંદ વાતમાં તારો ઉલ્લેખ કરતોય બંધ થઈ ગયો છે. મેં વારંવાર દબાણ ન કર્યું ત્યાં સુધી તને અહીં લાવ્યો પણ નહિ-તું પણ આવી નહિ... આખરે મારે નાટક કરવું પડ્યું, મારી તબિયતનું નાટક. રોજ રોજ તબિયત ખરાબ દેખાડવામાં મને બહુ મહેનત પડી છે. ડૉક્ટર અને આનંદને મળતા પણ રોકવા પડ્યા છે. આનંદના મન ઉપર ચિંતાનો ભાર નાખવો પડ્યો છે. હવે તું સમય ન બગાડ. જલદી કહી દે... શું હકીકત છે?"

આંખો ફાડીને નીલિમા થોડી વાર તેમની સામે જોઈ રહી. યશવંતરાય શરારતી બાળક જેવું હસી પડ્યા. નીલિમા પણ ખડખડાટ હસી પડી. હસતાં હસતાં તેની આંખોમાં પાણી આવી ગયાં.

"આનંદ સાથે તારે કંઈ ઝઘડો થયો છે?" યશવંતરાયે પૂછ્યું.

"ના. ઝઘડો તો નહિ." કહીને નીલિમા પછી અટકી ગઈ.

"જો, નિલીમા," યશવંતરાયે કહ્યું, "જાણે મારે કોઈના દાંત એક પછી એક ખેંચી લેવાના હોય એટલી વાર તારી પાસેથી એક પછી એક હકીકત કઢાવતાં લાગે તો બધું ફોગટ છે. એવી રીતે એ વાતો ય મને જાણવા નહિ મળી હોય અને આનંદ પાછો આવી જશે."

"નિરાલી પાછી આવી છે." નીલિમા બોલી.

"હેં? એ બલા પાછી ક્યાંથી આવી? પેલો માણસ તેને પરણ્યો નહિ?"

"ના..."

"એટલે હવે આનંદની મધલાળ તે ફરીથી પકડવા માગે છે. એમ?"

"હા. જો કે પેલા માણસ પાસેથી તે સંપૂર્ણ સલામત રહીને

છટકી ગઈ છે. એટલે તેના તરફની તેને કંઈ ચિંતા રહી નહોતી. તેની ચિંતા પછી એ જ હતી કે આનંદ સાથેનો તૂટેલો દોર કેમ પકડી લેવો અને સાંધી લેવો."

"કેટલી નફ્ફટ!...બેશરમ!" યશવંતરાય બોલી ઊઠ્યા, "અને આનંદે તેને કંઈ કોઠું આપ્યું?"

"એ જ મને ખબર નથી." નીલિમાએ કહ્યું, "એ હજી મને જ સમજાયું નથી. પણ મારું ચાલ્યું ત્યાં સુધી મેં નિરાલીને આનંદથી દૂર રાખવા પ્રયત્ન કર્યો હતો."

"સારું કર્યું. એ તેં બહુ સારું કર્યું,"

એ માટે મારે ઘણી વ ર જૂઠાણાનો માર્ગ અપનાવવો પડ્યો હતો."

"કશો વાંધો નહિ!"

"પણ પછી એકવાર સાવ અણધારી રીતે તેમની મુલાકાત થઈ ગઈ. મેં જે કર્યું હતું તે શા માટે કર્યું હતું તે આનંદને સમજાવવાની મને તક મળે તે પહેલાં મુલાકાત થઈ ગઈ. પરિણામે હું જ ભૂંડી દેખાઈ."

"એ કેવી રીતે?"

"દેખાવ એવો જ થઈ ગયો કે, તે બન્નેની વચ્ચે ફાટ પડાવવા જ હું અત્યાર સુધી મથતી રહી હતી."

"આનંદ પણ એવું માને છે? તને ખાતરી છે?"

"બીજું શું માની શકે? મને ખબર નથી"

"તારી ભૂલ તો નથી થતીને?"

"ના. એ ગુસ્સે પણ થઈ ગયા હતા. અને આજે રસ્તામાં પણ મને કહ્યું કે ખટરાગ તો મિત્રો અને સંબંધીઓ વચ્ચે પણ ઊભો થઈ જતો હોય છે."

"મિત્રો અને સંબંધીઓ એટલે તે અને તું ? એવું કહેવા માગતો હતો ? કે સૌની વાત કરતો હતો ?"

"એ તો મને કેમ ખબર પડે ?" નીલિમાએ જરા હતાશ થતાં કહ્યું, "તેની અને નિરાલી વચ્ચે ખરેખર શું પરિસ્થિતિ છે એની પણ મને ક્યાં ખબર પડે છે."

"તો એની ફિકર પણ છોડી દે ને," યશવંતરાયે ભારપૂર્વક કહ્યું, "એ ઊંધો અભિગમ છે. ખરેખર મહત્ત્વની વાત એ છે કે આનંદની અને તારી વચ્ચે પરિસ્થિતિ કેવી છે ?

"મારી પરિસ્થિતિ તો પહેલાં પણ—"

"સારી જ હતી," યશવંતરાય વચ્ચે બોલ્યા, "નિરાલી કરતાં અનેકગણી સધ્ધર હતી તારી સ્થિતિ. એમ નહોતું એવું કહીને તું મારી બુદ્ધિ અને તારી લાયકાત બન્નેને અન્યાય ન કરીશ." થોડી વાર તેની સામે જોઈ રહેતાં તેમણે ઉમેર્યું, "નિરાલીને તેની નજીક જતી રોકવા તેં ગમે તે રસ્તા લીધા હોય. ગમે તેટલાં જૂઠાણાં કહ્યા હોય- આનંદના બાપના તને આશીર્વાદ છે !"

અને નીલિમા હસી પડી. નીચું જોઈને ક્યાંય સુધી મરકતી રહી. આખરે તે બોલી.

"તમારો કેટલો આભાર માનું ? તમે તો મને નવી શક્તિ આપી દીધી."

બારણું ખોલીને અંદર આવી ગયેલા આનંદે તેનું છેલ્લું વાક્ય સાંભળ્યું. જેને શક્તિની જરૂર હતી તેણે બીજાને શક્તિ આપ્યાની ઊંધી વાત સાંભળીને ઘડીભર તે અસમંજસમાં પડી ગયો. હળવા આશ્ચર્યથી પોતાના પિતા અને નીલિમા સામે વારાફરતી જોઈ રહ્યો.

પછી થોડીવાર બહુ બિમાર, બહુ અશક્ત યશવંતરાય સાથે વાતો કરીને નીલિમા અને આનંદ જવા માટે ઊઠયા. ફિક્કું, નબ-

ળાઈભર્યું હસતાં યશવંતરાયે નીલિમાને વિદાય આપી, ફરી વાર જલદી પાછી આવવા આગ્રહ કર્યો અને તેને જલદી જલદી પાછી લઈ આવવા આનંદને દબાણ કર્યું. જલદી પાછી લઈ આવવાની આનંદે ખાતરી આપી અને બન્ને ત્યાંથી નીકળ્યાં.

આનંદથી સહેજ પાછળ ચાલતી નીલિમાની ડોક હવે ઊંચી રહેતી હતી. પગ હળવાશભરી સ્ફૂર્તિથી પડતા-ઉપડતા હતા. યશવંતરાયના શબ્દો વળીવળીને મનમાં પડઘાતા હતા. આનંદ અને નિરાલી વચ્ચે શું સ્થિતિ છે તેને વધારે પડતું મહત્ત્વ આપવાની જરૂર નથી, ખરું મહત્ત્વ તેની અને આનંદની વચ્ચે શું સ્થિતિ છે તેનું છે ! વિશ્વાસ અને હર્ષના એ મૂડમા પેલી નવજાત હિંમત, ઉત્સાહ—નીખરી રહ્યાં હતાં. સુંદર-સુદર હોટેલમાં આનંદ સાથે ભોજન લઈને આનંદની કારમાં ત્યાંથી નીકળી ત્યારે આસપાસની દુનિયામાં નવી સુંદરતા નીખરી ઊઠી હતી.

આજે આનંદ તેને ઘર સુધી મૂકવા જઈ શકે તેમ નહોતો. એક બહુ અગત્યની મુલાકાતનો સમય થઈ ગયો હતો. સ્ટેશન સુધી સ્ટેશનના પ્લેટફોર્મ સુધી તે તેની સાથે ગયો. પ્લેટફોર્મ પર પહોંચતાં જ ટ્રેઈન આવી, તરત જ તે ટ્રેઈનમાં ચડી ગઈ, અને તરત જ ટ્રેઈન ઊપડી–બેવકૂફ જેવી ! વાતો કરવા એક મિનિટેય ન મળી !

ઘરમાં પગ મૂકતાં તેણે પોતાના રૂમમાં જોયું. નિરાલી આરામ ખુરશીમાં બેઠી બેઠી તેની સામે જોઈ રહી હતી.

"નિરાલી," અંદર જતાં તેણે કહ્યું, "આજે મારે અચાનક આનંદ સાથે તેના પિતા પાસે જવું પડયું હતું. હું મોડી આવી તેથી તું ચિંતા તો કરતી નહોતી ને ?"

"ના." નિરાલીએ કહ્યું, "મને ખબર હતી કે તું આનંદ સાથે ગઈ છે."

"ખબર હતી? તને? શી રીતે?"

"આનંદે જ ઑફિસમાંથી મને ફોન કર્યો હતો-એ કહેવા માટે."

"શું?" હેબતાવી નાખતા અણધાર્યા ફટકા જેવું કંઈક મન પર ધડાક દઈને વાગ્યું. ઠંડું હિમ જેવું એક લખલખું શરીરમાં ફરી વળ્યું. થોડી વાર પહેલાં અત્યંત સુંદર દેખાતી દુનિયાના બધા રંગ એક સાથે ઊડી ગયા... તો આનંદ અને નિરાલી વચ્ચે આ પરિસ્થિતિ હતી! ઉફ્! ભગવાન!

પગ લથડી ન જાય તે માટે મથતાં તેણે અંદરના રૂમ તરફ ચાલવા માટે પગ ઉપાડયો ત્યારે જ તેની નજર નીરાલીના જમણા હાથમાં ચળકતી એક ચીજ પર પડી.

અને તે સ્તબ્ધ થઈ ગઈ. નિરાલીની આંગળીમાં ચમકતી એ વીંટી પહેલાં પણ તેણે જોયેલી હતી-અમદાવાદમાં. એ વીંટી આનંદે તેને આપેલી હતી-વેવિશાળ વખતે, જીવન જોડવાના નિર્ધારના પ્રતીક તરીકે.

(૨૪)

અંદરથી સખત હચમચાવી નાખતો એક ખતરનાક આંચકો નીલિમાને લાગ્યો. પણ તાજ્જુબીની વાત હતી કે તે બોલી શકી. નિરાલીને પૂછી શકી.

"આ- આ તો આનંદની વીંટી નહિ? હવે એ તારી આંગળીમાં કયાંથી? તેં તેને–"

ઠંડકથી મરકતાં નિરાલીએ કહ્યું, "પાછી આવી, નીલૂ." અને થોડી વાર નિરીક્ષણ કરતી હોય તેમ તેની સામે જોઈ રહેતાં પૂછ્યું, "ચમકી ગઈ?"

"ના," નીલિમા બોલી. એ એક શબ્દ જ તેના મોંએથી નીકળ્યો. પણ ગજબનો નીકળ્યો એ એક શબ્દ. એ એક જ શબ્દ પછી મન જાણે સાવ ખાલી પડી ગયું. હજી હમણાં જ નવી કૂંપળો જેમ ફૂટેલી આશાઓ, હજી હમણાં જ આંખો ઉઘાડતાં નવલાં સપનાઓ, હજી હમણાં જ, આનંદથી છૂટી પડીને ઘેર પહોંચી ત્યાં સુધીમાં હાશ કરીને મરકી ઊઠેલી ઝંખનાઓ–બધું એક "ના" સાથે જાણે બહાર નીકળી ગયું. ધુમાડાના ગોટની જેમ ઊડી ગયું. ખાલી ખાલી હૈયામાં ધગધગતા શબ્દો અથડાઈ રહ્યા, વીંટી "પાછી આવી!" આનંદે નીરાલીને પાછી આપી એ વીંટી...તેનો અર્થ? તેનો અર્થ સમજવા હવે કોઈનીય પાસે જવાની જરૂર ખરી? અર્થ સ્પષ્ટ છે: જેનું જે હતું તેનું તે

બની ગયું છે. પોતે એક સાધન હતી. જરૂરી હતી ત્યાં સુધી રહી, હવે પડતી મૂકાઈ છે. સાધનની કિંમત કેટલી ? ક્યાં સુધી ?"

પળ વાર તેને લાગ્યું, માત્ર તેનું મન જ નહિ. આખી દુનિયા ખાલી પડી ગઈ છે–સૂનકાર. નિર્જીવ થઈ ગઈ છે. ને એ સૂનકાર દુનિયામાં પોતે ક્યાંક પડી છે. એકલી, ઉપયોગિતા ગુમાવી બેઠેલા અર્થહીન સાધન જેવી નકામી !

ભયાનક સપના જેવી એ પળ બે પળ વીતી અને તેનું મગજ પાછું, આઘાતમાંથી બહાર આવવા લાગ્યું. આંખો પટપટાવીને તેણે નિરાલી સામે જોયું.

નિરાલીએ પૂછ્યું "આનંદે તને કંઈ કહ્યું જ નથી ?"

બોલતાં બીક લાગતી હતી. બોલવા જતાં રડી પડાય તેમ હતું, પ્રયત્ન કરીને નીલિમા બોલી, "ના."

"તો પછી તે એમ માનતા હશે કે તેં એ જાણી જ લીધું હશે મારી પાસેથી." નિરાલીએ કહ્યું.

"હશે," નિલીમા ગણગણી, "એમ હશે."

એ કલાક પહેલાં સ્ટેશનના પ્લેટફોર્મ પર તેને વિદાય આપતો આનંદ તેની નજર સામે તરી રહ્યો. ઘણા દિવસો પછી એટલો આનંદ, એટલો ઉત્સાહ, એટલી ઉષ્મા દેખાઈ હતી તેની વાણીમાં. તેનું વર્તન પણ એવું જ દેખાતું હતું. અને પોતે ભોટની જેમ એ બધું પોતાને બંધબેસતું કરી લીધું હતું. આખે રસ્તે પતંગની જેમ ચગી ઊડી હતી, ને દોર તો હતો નહિ ! મૂર્ખાઓને સ્વર્ગ ઊભું કરતાં સહેજેય વાર લાગતી નથી. પોતે મૂર્ખ હતી. નહીંતર તેને એ વિચાર આવ્યો હોત કે આનંદના એ આનંદનું બીજું પણ કારણ હોઈ શકે. આ દુનિયા બહુ વિશાળ છે, ને આનંદ આ દુનિયામાં રહે છે.

પણ હવે તેને બધું સમજાય છે. બહુ મોડું. અત્યાર સુધીમાં તો ઘણું બની ગયું હશે નિરાલી અને આનંદની વચ્ચે. અને એ બધું બની ગયા પછી જ આ નિર્ણય લેવાયો હશે–આ વીંટી નિરાલીની આંગળીમાં પાછી આવી હશે. પોતે તે જાણી ન શકી, સમજી ન શકી. એ પોતાની મૂર્ખતા છે.

આઘાત, હતાશા અને વિચારોમાંથી છૂટવા તે સતત મથતી રહી, વારંવાર કંઈક બોલવા જબરદસ્ત પ્રયત્ન કરતી રહી. પણ નિરાલી સામે જોઈ જોઈને માત્ર આંખો પટપટાવવા સિવાય તે કંઈ ન કરી શકી.

"ખેર, નીલૂ," નિરાલીનો ઠાવકાઈભર્યો અવાજ સંભળાયો. આની વધારે ચર્ચા કરવાનું તને ન ગમે, સ્વાભાવિક છે. પણ મને તું શુભેચ્છા આપી શકે–વાતને આપણે હવે બંધ કરીએ."

"શુભેચ્છા જ છે, નિરાલી," રુક્ષ અવાજે બોલીને તે ત્યાંથી નીકળી ગઈ ફેબાની પાસે ઊંઘી જવા માટે. (ખરેખર, ઊંઘી શકવાની કોઈ આશા તેને હતી ?)

પોતાના રૂમના બારણા સુધી તે માંડમાંડ પહોંચી. પણ રૂમમાં જઈને બારણું બંધ કરી બારણાને અઢેલીને છાતીને સખત ભીંસતા ડૂમાને રોકવા મથી રહી. હોઠ ભીંસીને, આંખો મીંચીને માથું ધુણાવતી રહી. એક મૂંગું ડૂસકું હોઠ ખોલીને બહાર ધસી આવ્યું, ઊનાં આંસુની ધાર પાંપણની પાળ તોડીને ધસી આવી. બળબળતા રુદનને તે રોકી ન શકી.

શુભેચ્છા ! નિરાલીને તેણે શુભેચ્છા પાઠવી હતી ? ખરેખર ? હરગીઝ નહિ. કડવી ઝેર જેવી, કાળી ઘોર લાગણીઓ આંધીની જેમ મનમાં ઘુમરાતી હતી.

આનંદને તેણે પ્રેમ કર્યો હતો. કેવો, કેટલો પ્રેમ કર્યો હતો ! એ પ્રેમ માટે જિગરને ચીરાવા દીધું હતું તેણે. એ પ્રેમ માટે પળપળ

તરફડી હતી આજ સુધી. એ પ્રેમને હવે સાવ છોડી દેવાનો તેણે ? સાવ ભૂલી જવાનો ? હારી જવાનું, અને તે પણ કપટી. લુચ્ચી, સ્વાર્થી પ્રતિસ્પર્ધી સામે ? એટલા માટે કે પોતે તેના જેવી નહોતી ?

સંસ્કારી, ગુણવાન મૂર્ખ તરીકેની પોતાની ભૂમિકા પર તેને ધિક્કાર છૂટયો. નિરાલી પર પણ તેને ધિક્કાર છૂટયો. જ્યાં સારી પોતે નિષ્ફળ ગઈ હતી, ત્યાં બૂરી તે સફળ થઈ હતી.

અને આનંદને તે હજી ચાહતી હતી, હજી ઝંખતી હતી !

નિરાલી આનંદને લાયક હરગીઝ નથી. છીછરી, સ્વાર્થી, સુંદર નિરાલી, જેનામાં એક પણ સ્થિર ગુણ નથી.

પણ એવી નિરાલી જ એક વાર આનંદને ગમી હતી. હવે ફરી વાર ગમવા લાગી છે.

પણ તેથી પોતાનું શું થશે તેની આનંદને કયાં ખબર છે ? મોતથી ય ભૂંડી જિંદગી તે કેમ જીવશે તેની તેને કયાં ચિંતા છે?... "મારા ભગવાન !" એક ધગધગતો નિસાસો તેના મોંએથી નીકળી ગયો, "આનંદે એક વાર—ફક્ત એક જ વાર મારા અને નિરાલીના પ્રેમની તુલના કરી જોઈ હોત !"

નિસાસાનો શું અર્થ હતો ? લોકો પ્રેમ કરે છે. પ્રેમને જોખવા નથી બેસતા. આનંદ નિરાલીને ચાહતો હતો. વાત ત્યાંથી જ શરૂ થઈ હતી અને ત્યાં જ પૂરી થાય છે.

બે કલાક પહેલાં પોતાની આ હાલતની કલ્પનાને પણ તેણે હસી કાઢી હોત. ભાવિ ત્યારે ભર્યું ભર્યું લાગતું હતું. એક રળિયાત સપના જેવું. હવે સપનું ઊડી ગયું હતું અને પોતે ફરી એ સ્થિતિમાં ફેંકાઈ ગઈ હતી, જે સ્થિતિમાં નિરાલીના લગ્નની સુંદર કંકોતરી હાથમાં લઈને તે એક વાર ઊભી હતી.

એ રાત બહુ ખરાબ વીતી. સેંકડો ને હજારો વરવા વિચારોની આંધીમાં ચોમેરથી થપાટો ખાતી તે ભાગ્યે જ થોડું ઊંઘી શકી. કોઈ વાર પોતાની મૂર્ખતાને શાપતી, કોઈ વાર હીચકારા, નિર્દય નસીબને શાપતી છેક પરોઢિયે તે થોડું ઊંઘી. સવારે જાગીને પથારીમાંથી નીકળતાં પહેલાંય વિચારોમાં ગોથાં ખાતી રહી. પણ આખરે મનને એક વાત પર સ્થિર કરી શકી—જે હકીકત અફર છે તેને સ્વીકારી લેવી કે જિંદગી જીવ્યા વિના કોઈનો ય છૂટકો નથી. એક વાર, અમદાવાદથી ટ્રેનમાં મુંબઈ આવતાં, તેણે જ મનને કહ્યું હતું ને કે જિંદગી જો સપનું બની જશે તો સપનામાં જ જીવી લઈશ, જાગીશ જ નહિ ?

જીવ્યા વગર તેનો છૂટકો નહોતો, પણ રોજ રોજ આનંદ તેની નજરની સામે જ રહેવાનો હોય તો જીવી નહિ શકાય...

મનને મોડે મોડે પણ કોઈ વાર કોઈ પ્રકારની શાંતિ મળવાની હોય તો તે આનંદથી દૂર જ મળે. ભાંગી પડયા પછી, સાવ તૂટી પડયા પછી પણ એક સમજદારી તેણે બતાવવી પડશે. જે ગુમાવ્યું હતું તે ફરી મળવાની કોઈ જ શકયતા નહોતી. જિંદગીનો એ પ્રવાહ હવે આગળ વહી શકે તેમ નહોતો. બીજે કયાંક, ભાગેલા સપના જેવું કોઈક જીવન શરૂ કરવાનો એક માર્ગ જ ઉઘાડો હતો.

ચા પીવા માટે રસોડામાં તે નિરાલી પાસે બેઠી ત્યારે સખત જહેમત પછી પોતાના દેખાવને સ્વસ્થ બનાવી શકી હતી. ચા પીતાં પીતાં તેને લાગ્યું કે, નિરાલી અવારનવાર તેની સામે જોઈ રહેતી હતી, જાણે નિરીક્ષણ કરી રહી હતી. એકાએક તેને પોતાની જાત પર તિરસ્કાર છૂટયો—પોતે આનંદના પ્રેમમાં છે એવું નિરાલીને કહેનાર પોતે કેવી મહામૂર્ખ ગણાય ?

ઘરથી ઑફિસ સુધીના આખા રસ્તે બસમાં બધા અજાણ્યા માણસો જ તેની આસપાસ હતા. તેને તેથી રાહત થઈ. આંખો બંધ

કરીને તે બેસી રહી અને અનુભવતી રહી કે તેનું મન અને શરીર બંને સાવ નંખાઈ ગયાં હતાં, ખાલી થઈ ગયાં હતાં. પણ મન સાથે તે સખત લડી રહી હતી, સતત લડી રહી હતી અને જ્યારે ઑફિસ ખૂબ નજીક આવી ગઈ ત્યારે ઠીક ઠીક શક્તિ, મક્કમતા અને સ્વસ્થતા પાછી મેળવી લીધી હતી. બસમાંથી જે નીલિમા ઊતરી તેના પગમાં સ્ફૂર્તિ હતી, ચહેરા પર હંમેશ જેવી સ્વસ્થતા હતી—હંમેશ કરતાં થોડી વધારે મક્કમતા હતી. પણ જ્યારે આનંદ પાસે જવું પડશે ત્યારે ખરી કટોકટી આવી પડશે, ખરી કસોટી આવી પડશે. મનમાં વિચાર ફફડતો હતો. જો કે તે માટેય તેણે વિચારી રાખ્યું હતું. તક મળે તો નિરાલી સાથેના પુનઃજોડાણ બદલ તેને અભિનંદન આપવા, અને અને તે પણ સહજભાવે, મિત્રતાપૂર્ણ રીતે !

પણ વિચારોએ પાછું પાસું બદલ્યું. પોતે એ બિહામણી વાત છેડવાની શી જરૂર હતી? કોને ખબર, પોતાની હાલત છે તેના કરતાંય વધારે ખરાબ નહિ થઈ જાય? વળી આનંદે પોતે પણ એ વાત તેને કહેવાનું ક્યાં મુનાસિબ માન્યું હતું...? તે તો કદાચ, એમ જ માનતો હતો કે બધી વાત તેણે નિરાલી પાસેથી જાણી લીધી છે...સૌથી સારો રસ્તો એ જ છે કે એ વાતને જ ટાળવી. પોતાના કામ પૂરતા આનંદ સાથેના સંબંધો—બની શકે તેટલા—હંમેશ જેવા રાખવા અને વહેલામાં વહેલી તકે બીજી કોઈ નોકરી શોધી લેવી, આનંદથી દૂર... ખૂબ દૂર...

રિસેસનો સમય થયો ત્યારે પણ મગજ વિચારોથી ઘેરાયેલું હતું. રોજ આ સમયે લાગતી થોડી ભૂખ આજે અણસાર આપતી નહોતી. ચા પીવાનુંય મન નહોતું. પણ થોડી વાર, અર્ધો-પોણો કલાક અહીંથી બહાર નીકળી જવાય તો સારું—એ જરૂરી હતું.

રૂમમાંથી બહાર નીકળતાં બારણામાં જ નેહા લગભગ અથડાઈ ગઈ.

" અરે," નેહા બોલી ઊઠી, " સારું થયું હું સમયસર પહોંચી. થોડીક મોડી પડી હોત તો તને મળ્યા વિના જવું પડત." નેહા તેની એકમાત્ર સખી હતી—છેક નાનપણથી સાથે રમેલી, સ્કૂલમાં સાથે ભણેલી પણ ત્યાર પછી તેના પિતાએ મલબાર હિલ પર બંગલો લીધો ત્યારથી તેઓ પાડોશી મટી ગયા, પણ મિત્રતા હજી અખંડ હતી.

" કેમ ઓચિંતી, નેહા ?" નીલિમાના મુખ પર સાચો હર્ષ પથરાયો. ખરા દુઃખની વેળાએ ખરા મિત્રને જોઈને પથરાય એવો.

" આમ તો ચાર દિવસથી તને મળવા આવું આવું કરતી'તી પણ કામમાં એવી રોકાઈ ગઈ કે, આવી ન શકી. છેવટે આજે તો ગમેતેમ કરીને નીકળી જ ગઈ. નહીંતર તને મળ્યા વિના જ મારે મુંબઈ છોડવું પડ્યું હોત."

" હેં ?" સહેજ ચમકતાં નિલીમાએ પૂછ્યું. " તું ક્યાંય જવાની છે ?"

" કલકત્તા !"

" ઓહ ! કલકત્તા ? કલકત્તા શા માટે ?"

" આપણે પહેલાં ક્યાંક બેસીએ, નિરાંતે તને બધું કહું." નેહાએ કહ્યું.

નીલિમા તેને લઈને ઑફિસની બહાર નીકળી. નજીકના એક રેસ્ટોરાંમાં જઈને બન્ને બેઠી. ચા-નાસ્તાનો ઑર્ડર વેઈટરને અપાઈ ગયો પછી નિલીમાએ નેહાની સામે જોતાં કહ્યું, " બોલ, હવે તારી વાત કહે."

" પપ્પાની કંપનીની નવી ઑફિસ કલકત્તામાં ખૂલવાની છે," નેહાએ કહેવાનું શરૂ કર્યું. ' ઑફિસ અને બિઝનેસનું બધું કામ બરાબર ગોઠવવા માટે પપ્પાએ ત્યાં રહેવાનું છે. એટલે અમે હવે એટલો સમય કલકત્તા રહેવા જઈએ છીએ."

"વાહ! બહુ સરસ!" નીલિમાએ કહ્યું, "તને એક નવું શહેર જોવા મળશે. કલકત્તા અને બંગાળમાં ઘણું જોવાનું છે. તને બહુ મજા આવશે, કૉન્ગ્રેચ્યુલેશન્સ!"

"થેંક્સ નીલૂ! આવતા અઠવાડિયે અમે નીકળવાનાં છીએ. હજી પાંચેક દિવસ તો અહીં ખરાં. પણ પછી જો હું કે તું કંઈક કામમાં અટવાઈ જઈએ તો ન મળાય–એકાદ વરસ સુધી ન મળાય. એટલે આજે દોડી આવી."

"મને એ બહુ ગમ્યું, નેહા!" નીલિમાએ કહ્યું. ખરેખર, નેહા આવી એ તેને બહુ ગમ્યું હતું. "પણ હવે એક વરસ સુધી તું મળવાની નથી એ બિલકુલ ન ગમ્યું. આખા મુંબઈમાં માત્ર એક બહેનપણી છે તેને પણ હવે હું ખોઈ બેસીશ."

"જા રે, જા, ગાંડી! એવું શું બોલે છે? મારે પણ તું એક જ બહેનપણી નથી?"

"પણ તારી અને મારી સ્થિતિ જુદી છે. નેહા, હું કોઈને ખોઈ બેસવાનું સહન કરી શકું તેમ નથી."

"બહુ બદલાઈ ગઈ છે તું તો! આવી ઢીલી ક્યારથી થઈ ગઈ? તને છોડતાં મને પણ એવું જ લાગે છે, પણ—"

"કેમ અટકી ગઈ?"

"કાંઈ નહિ, પણ મને એક વિચાર આવે છે, નીલૂ."

"શું?"

"આપણે જુદાં જ ન પડીએ તો કેમ?"

"એ કેમ બને? તારે તો કલકત્તા—"

"તારે પણ કલકત્તા આવવું. જો, આમેય ત્યાં નવી ઑફિસ એસ્ટાબ્લિશ કરવાની અને બિઝનેસનું કામ ઘણું રહેવાનું; એટલે

પપ્પાને કોઈ હોશિયાર સેક્રેટરીની જરૂર તો પડશે જ!"

"એટલે—"

"એટલે એમ કે ત્યાં જઈને કોઈ યોગ્ય સેક્રેટરીને શોધવા નીકળવું તે કરતાં તું જ સાથે કલકત્તા આવે તો કેવું સારું? ઑફિસમાં પપ્પા સાથે કામ કરવાનું ને ઘેર મારી સાથે રહેવાનું. બોલ કેવી મજા?"

"બહુ મજા આવે નેહા! સાચે જ બહુ મજા આવે." નીલિમા બોલી ઊઠી. અને તે સાચું જ બોલી હતી. એ નવા વિચારથી ઘડીભર તો ઉત્તેજિત થઈ ગઈ હતી. અહીંની અસહ્ય બની ચૂકેલી, યાતનાભરી જિંદગીથી છેડો ફાડી શકાય એવી એક તક તેની સામે ખડી હતી. નવી જ દુનિયા, નવા જ લોકો, નવો જ સંગાથ, નવી જ જિંદગી...

પણ આનંદથી દૂર–બહુ દૂર. તેની અને આનંદની વચ્ચે આખું હિંદુસ્તાન!

"તો પછી નક્કી?" નેહાએ પૂછ્યું, "હું આજે જ પપ્પાને કહીને બધું નક્કી કરી લઉં છું. પપ્પા પણ બહુ રાજી થશે..."

"પણ," નીલિમાને નવાઈ લાગી, હા કહી દેતાં તે શા માટે અચકાતી હતી? તેણે કહ્યું, "મારે મારી ઑફિસમાં અગાઉથી જણાવવું પડે ને? હું ઓચિંતી નોકરી છોડી દઉં—"

"તું તો એવી ને એવી જ રહી, નીલૂ! મુંબઈમાં સેક્રેટરીઓનો દુષ્કાળ પડયો છે? એક જોઈએ ત્યાં એકવીસ હાજર થાય છે! પણ બીજાની ચિંતા કર્યા કરવી, બિનજરૂરી ચિંતા કર્યા કરવી એ તારો સ્વભાવ થઈ પડયો છે."

"પણ નેહા, મારે તેમને કહેવું તો પડે ને? બિલકુલ કહ્યા વગર ચાલી નીકળાય?"

"સારું. તો આજે કહી દેજે. હું પપ્પા સાથે બધું નક્કી કરી રાખું છું. કાલે મને ફોન કરજે."

"ભલે, પણ કદાચ આજે મને એ કહેવાની તક ન મળે તો કાલે."

ઊભી થતાં નેહાએ કહ્યું, "તું તો નીલૂ, બધી વાતમાં ઢીલી એટલે ઢીલી. સારું; પરમ દિવસે ફોન કરજે બસ? હવે ચાલ, હું જઉં. મારે હજી બોરીવલી પણ જવાનું છે."

નેહાને ટેકસીમાં વળાવીને નિલીમા પાછી ઑફિસ તરફ ચાલી. જુદા જુદા સામસામા વિચારોની ડમરી પાછી મનમાં ચડી રહી હતી. વચ્ચેવચ્ચે પગ ચાલવાનું ભૂલી જતા હતા. થંભી જતા હતા.

આ ખરેખર અદ્ભુત તક હતી, અને અદ્ભુત રીતે આવી મળી હતી. આ ઑફિસ, આ લોકો, આ વાતાવરણ, ખુદ આનંદ – બધાથી દૂર કયાંક ચાલ્યા જવાની હજી તો તેણે ઈચ્છા કરી ત્યાં જ એ તક સામે દોડતી આવી હતી. ચમત્કાર જ કહેવાયને? એ તક ઝડપી ન લેવી તેને શું કહેવાય? એક વધારે મૂર્ખતા, બીજું શું?

હવે એક જ પગલું તેણે ભરવાનું હતું. માત્ર એક જ પગલું અને તે આનંદથી ખૂબ દૂર પહોંચી જશે! પણ એ પગલું કેમ મંડાતું નથી? પગ કેમ ભારે થઈ જાય છે?

ઑફિસમાં ટેબલ પર કંઈ કામ નહોતું. પણ મગજ સતત દોડતું હતું, વિચારો, વિચારો, વિચારો સતત ઝબકતા હતા અને ઓલવાઈ જતા હતા. નહિ નહિ તોય દસ વાર તેણે નિર્ણય કર્યો— કલકત્તા જતા રહેવું તેમાં કશું ખોટું નથી. તેથી બધાને શાંતિ થશે... આ તક ચૂકવા જેવી નથી. પણ દસેદસ વાર તેણે કલકત્તા ન જવાનાં બહાનાં શોધી કાઢયાં.

પોકળ હતાં એ બધાંય બહાનાં! તેમનો કંઈ જ અર્થ નહોતો- સિવાય કે, આનંદથી દૂર જવાની કલ્પના ખરેખર તેનાથી સહન થતી નહોતી.

"પણ આનંદ તો પોતાનાથી કલકત્તા કરતાંય વધારે દૂર જઈ બેઠો છે. છેક નિરાલીની પાસે," મન કહેતું, "એ નજીક આવે એવી કોઈ લાલચ હજી છે તને?

પટાવાળો તેની સામે ઊભો રહીને કહી રહ્યો હતો કે આનંદે તેને બોલાવી હતી.

આનંદના ટેબલ પાસે તેની સામે બેસતાં તેણે આનંદ સામે જોયું અને દિલમાં આછી વેદના ઊપડી. ઓહ! જ્યારે જ્યારે તે આમ આનંદને જોશે ત્યારે ત્યારે દિલ આમ જ દુખાતું રહેશે, આમ જ બળતું રહેશે. કારણ કે કોઈક વાર આનંદને તે ચાહતી હતી, દિલો-જાનથી, પ્રેમ કરતી હતી...કારણ કે—

તે એવા કાંટા પર ઊભી હતી જ્યાંથી ગમે તે બાજુ જાય, દુઃખ અને કરુણતા જ હતાં.

પત્ર લખાવતાં લખાવતાં આનંદે પોતાનો હાથ લંબાવીને નીલિમાની પાસે પડેલો એક કાગળ લીધો. છેક પાસે આવી ગયેલા એ મનભાવન હાથને તે ત્રાંસી નજરે જોઈ રહી અને કાગળ ઉપાડીને એ હાથ પાછો ખેંચાઈ ગયો, ફરી દૂર ચાલ્યો ગયો. અને જે નિર્ણય તે કલાકો સુધી લઈ નહોતી શકી તે એક સેંકડમાં લઈ લીધો-તે આનંદથી દૂર નહિ જાય તો રોજ રોજ ઠંડી આગમાં જલતી રહેશે, મરી જશે એક દિવસ ને કોઈ નહિ જાણે, શું થઈ ગયું!

પત્ર લખવાનું પૂરું થયું એટલે અવાજને સ્વસ્થ, શાંત રાખવાનો ભારે પ્રયત્ન કરતાં તેણે શબ્દો મનમાં બરાબર ગોઠવ્યા. જો કે તેની આંગળીઓ સહેજ ધ્રૂજતી ધ્રૂજતી ખોળામાં પડેલા પેડને પંપાળતી હતી.

"તમને એક વાત કહેવાની છે." તે બોલી.

"શું ?" કાગળોમાંથી ઊંચે જોતાં આનંદે પૂછ્યું.

"હું માનું છું કે તમને–તે સાંભળીને તમને દુ:ખ નહિ થાય. મને નોકરીની એક બહુ સારી ઑફર મળી છે. બહુ સારી ઑફર છે અને હું એ સ્વીકારવા માગું છું.

"શું કહ્યું તેં ?" ભડકી ગયો હોય તેવા અવાજે તે બોલી ઊઠ્યો. તેના ચહેરા પર સખત આશ્ચર્ય સ્પષ્ટ હતું–એટલો જ સ્પષ્ટ આઘાત હતો. "તું એમ કહેવા માગે છે કે તું મને છોડીને જવા ઈચ્છે છે ?"

પળભર નીલિમા સ્તબ્ધ થઈ ગઈ. પળભર તે કંઈ બોલી ન શકી, વિચારી ન શકી. પણ પછી તેણે કહ્યું, "મારા આ નિર્ણયને સાચે જ બધું જે બની ગયું છે તેની સાથે કંઈ સંબંધ નથી... પણ આ બહુ સરસ ઑફર છે, અને..."

"કેવી સરસ ઑફર છે, મને સમજાવીશ ?" કહેતાં તેની આંખોમાં, ચહેરા પર આઘાત સાથે નારાજગી તરી આવી.

"મને બહુ ગમે તેવા સ્થળે એ નોકરી છે, કલકત્તામાં..."

"હેં ? કલકત્તામાં ?" આનંદનો અવાજ એકદમ ઊંચો થઈ ગયો. નીલિમા સમજી ન શકી કે શાથી–આશ્ચર્યથી, આઘાતથી કે રોષથી ? તેણે કહ્યું, "હું એ માની જ શકતો નથી !"

નીલિમાને પળભર લાગ્યું કે તે પોતે પણ એ માની શકતી નહોતી. એવી જ વાત હતી એ, પણ તેણે કહ્યું, "કેમ માની શકતા નથી ? લોકો કલકત્તા નથી જતા ?"

"લોકો જઈ શકે." આનંદે કહ્યું, "તું નહિ !" અને માથાના વાળમાં હાથ ફેરવતાં પૂછ્યું, "તારે જવાનું કારણ શું છે ?"

"સરસ ઑફર છે એ જ, અને કલકત્તા સરસ શહેર છે; બીજું શું ?"

થોડી વાર આનંદ ચૂપચાપ તેને જોતો બેસી રહ્યો. તેના ચહેરા પર અનેક ભાવો સડસડાટ આવ્યા અને ચાલ્યા ગયા. આખરે સહેજ ઉકળાટભર્યા અવાજે તે બોલ્યો, "હું માનતો હતો...મેં કલ્પના પણ નહોતી કરી કે–પણ ખેર, તારો આ જ નિર્ણય છે ?"

નીલિમાએ હકારમાં માથું હલાવ્યું.

"ક્યારે જવું છે ?" આનંદે પૂછ્યું. 'પાંચ-છ દિવસ પછી.' નીલિમાએ સહેજ અચકાતાં કહ્યું, "તમને નવી સેક્રેટરી–"

"એની ચિંતા શા માટે કરે છે ?" આનંદે કહ્યું. હવે તેના અવાજમાં સ્પષ્ટ નાખુશી વરતાઈ આવતી હતી, કદાચ, થોડો રોષ પણ. "તારે એ જ જોઈતું હોય તો મને તે મંજૂર છે. પણ તું આ બહુ અણધાર્યું કરી રહી છે...તેં પૂરો વિચાર તો કર્યો છે ને ? કોઈ આવેશમાં–"

"મેં વિચાર કરી લીધો છે." નીલિમાએ કહ્યું, "આવેશનો કોઈ સવાલ નથી, મેં ખૂબ વિચાર કરેલો છે."

"ભલે, બહુ સારું," કહીને આનંદ બાજુના ડ્રોઅરમાં જોવાના બહાને મોં ફેરવી ગયો.

નીલિમા ઊઠી અને ધીમે પગલે ઑફિસની બહાર નીકળી તેને લાગ્યું, કોઈ સખત આંધીમાંથી પસાર થઈને તે બહાર નીકળી હતી. થાકથી તેનું અંગઅંગ તૂટતું હતું.

ઑફિસમાં પાછી આવીને નીલિમા તેની ખુરસીમાં બેઠી ત્યારે મન સૂનકાર થઈ ગયું હતું. તમામ વિચારો, તમામ ભાવો જાણે થંભી ગયા હતા. એક વિચિત્ર હળવાશ અનુભવતું મન જેટલું હળવું એટલું જ ખાલી લાગતું હતું. પણ એ હળવું હતું એ અગત્યનું હતું. આનંદની ઑફિસ છોડીને, જિંદગીના એક અણમોલ સપના પર હારીને ચોકડી મારી દેવાનું ખરેખર બહુ મુશ્કેલ હતું. તે તેણે કરી નાખ્યું

ત્યાં સુધી તે કરી શકવાની તેને ખાતરી નહોતી. પણ આખરે તે પતી ગયું હતું, અને તેનું મન સાવ ખાલી પડી ગયું હતું. એટલે જ કદાચ, હળવું લાગતું હતું.

પણ મન હળવું બન્યા પછીયે મનને જાણે હળવાશનો આનંદ નહોતો. હજી જાણે તે ચોપાસથી કસોકસ બંધાયેલું હતું, ભીંસાયેલું હતું.

તેણે કામ શરૂ કર્યું—સખત કામ કરવું પડશે તેણે, નહીંતર મનનો આ વિચિત્ર ખાલીપો જ મનનો ભાર બની જશે. અને ટેબલ પર પડેલું કામ પણ ઘણું હતું. તેણે કામ કરવા માંડયું.

ઑફિસનો સમય પૂરો થયો અને બધા કર્મચારીઓ એક પછી એક ચાલ્યા ગયા. નીલિમા જો અંદરથી સ્વસ્થ હોત તો તેને એ ખબર પડી હોત. પણ તેને ખબર નહોતી. તેની બરાબર સામેના ટેબલે કામ કરતી ટાઈપિસ્ટ રોઝાનાએ તેને કંઈક પૂછયું એવું તેને લાગ્યું અને તેને જવાબ આપવા તેણે ઊંચે જોયું ત્યારે જ તેને ખબર પડી કે, રૂમ ખાલી થઈ ગયો હતો. અને રોઝાના તેને કંઈક કહી રહી હતી.

"તમારે ઘણું કામ બાકી રહી ગયું લાગે છે, નહિ?" એંગ્લો-ઈંડિયન હોવા છતાં રોઝાના ગુજરાતી બોલી શકતી હતી. જોકે તેના કાલા કાલા ઉચ્ચારો સાંભળનારને થોડી ગમ્મત જરૂર આપી જતા.

"હા," નિલીમાએ ટૂંકો જવાબ આપ્યો. તેને ખબર હતી કે જવાબ નહિ મળે તો રોઝાના બીજો, ત્રીજો, પાંચમો અને પંદરમો પ્રશ્ન પણ પૂછશે જ, ખોરાક વગર તે કદાચ જીવી જાય, વાતો વગર જીવવાનું તેને માટે અશક્ય હતું.

ચપચપ, ચપચપ, એકધારી, કોઈને કોઈ વાત કર્યા કરવાની તેની ટેવને બાદ કરતાં, બીજા માણસોની અંગત બાબતોમાંય ભારે રસ લેવાની તેની ટેવને બાદ કરતાં, રોઝાના સારી યુવતી હતી. રોઝાનાના

જ શબ્દોમાં 'મેરી એન્ડ હેલ્પિંગ'.

"મારે આજે એક ડીનરમાં જવાનું છે, પણ હજી એકાદ કલાકની વાર છે. એટલે આમેય હું ઑફિસમાં જ બેસી રહેવાની છું." રોઝાનાએ કહ્યું, "લાવો, તમારું થોડું કામ મને આપી દો."

નીલિમાએ તેને આપેલા કાગળો ટાઈપ કરવા કોરા કાગળો ટાઈપ રાઈટર પર ચડાવતાં પાછી રોઝાના વાતે વળગી. ટાઈપ કરતાં કરતાં પણ તેની વાતો બંધ રહેવાની નહોતી. તેની પાસે એક કળા હતી. ટાઈપિંગ અને ટોકિંગ બન્ને તે એકસાથે કરી શકતી હતી. તેની અલકમલકની વાતો ચાલતી જ રહી, અને નીલિમા વચ્ચે વચ્ચે તેને હોંકારો આપતી પણ રહી-પોતાને આટલી મદદ કરનાર માટે એટલું તો કરવું જોઈએ ને?

રોઝાનાની વાતનો પ્રવાહ વહેતો વહેતો થોડી વારમાં આનંદ તરફ વળી ગયો, અને નીલિમાની ટાઈપિંગની ઝડપ અર્ધી થઈ ગઈ. પ્રયત્નપૂર્વક તે સતર્ક બની ગઈ—કંઈક બોલવા જતાં કંઈક બફાઈ ન જાય!

ટાઈપરાઈટર પર પટાપટ આંગળીઓ ફેરવતાં રોઝાનાએ નીલિમા સામે જોતાં પૂછયું, "મિ. આનંદ સાથે તમારે ખાસ સારું છે, નહિ?"

"હેં? હા—હાસ્તો!"

"હા અને હાસ્તો બન્ને?" આદત મુજબનું મરકતાં રોઝાનાએ પૂછયું અને ટાઈપ થઈ ગયેલો કાગળ ઝટકા સાથે ખેંચી કાઢયો. નવો કાગળ ચડાવતાં તેણે કહ્યું, "પણ એવો બેવડો ભાર મૂકવાની જરૂર નથી. આમેય મિ. આનંદ પોતાના પર ગમે તે સ્ત્રીનો ડોળો ઠરવા દે તેમ નથી—રાઈટ?"

નીલિમા અવાક્ થઈ ગઈ. એટલું સારું હતું કે પોતે કામમાં હોવાના બહાને ચૂપ રહી શકે તેમ હતું.

પણ રોઝાના ચૂપ રહે એ કેમ બને? તરત જ તે બોલી, "દાખલા તરીકે તેની પહેલાંની ફિયાન્સી–શું નામ છે તેનું? હમણાં હમણાં અહીં આંટા મારતી થઈ છે, પણ હવે શું વળે?

"તેની આપણને કેમ ખબર પડે?" નહોતું બોલવું તોય નીલિમાથી બોલાઈ ગયું.

"ખબર કેમ ન પડે? એક ને એક બે જેવી વાત છે. તેણે એકવાર મિ. આનંદને ફેંકી દીધા હતા, એટલે..."

"પણ છતાં તે નસીબદાર નીકળી છે. તેને જે જોઈતું હતું તે મળી ગયું છે," ફરી વાર નીલિમાથી બોલાઈ ગયું–નહોતું બોલવું તો ય. અને મનમાં પોતાની જાત પર તે ચીડાઈ ગઈ.

"ઓહ, નો!" રોઝાનાનું ટાઈપરાઈટર બંધ પડી ગયું, "સાચી વાત છે?"

"હા, સાચી વાત છે." નીલિમાને પોતાના પરની ચીડ વધી.

"માય ગોડ! નવાઈની વાત છે, ખરેખર!" રોઝાનાને વાતનો રસ-તરબોળ વિષય હાથમાં આવી ગયો હતો. "અને બીજી પણ મને આજે જ ખબર પડી કે મિ. આનંદ આવી વાતો પણ તમારી પાસે કરે છે!"

હવે નીલિમાની ચીડ પસ્તાવો બનવા લાગી. રોઝાનાના મોંમાં આંગળી આપીને તેણે ખરેખર ભૂલ કરી હતી. પોતાના અને આનંદ વિષે એક નવી વાત તેને જાણવા દીધી હતી–જ્યારે થોડાક જ દિવસમાં પોતે આ ઑફિસ છોડીને જવાની હતી ત્યારે જ!

અને આનંદની ઑફિસનું બઝર ગણગણી ઊઠયું. "અરે, ભગવાન!" નીલિમાથી બોલાઈ ગયું, આનંદ પાસે તેણે જવું પડશે. હજી કામનો તો ઢગલો પડેલો છે ટેબલ પર. ક્યારે પૂરું કરશે તે? અને હજી અહીંથી ઘેર જઈને નેહાને ફોન કરવાનો હતો કે, પોતે તેની

સાથે કલકત્તા આવશે–આનંદ સાથે તેને વાત થઈ ગઈ છે. આમને આમ મોડું થશે તો બધું ક્યારે કરશે તે? મન આનંદ પાસે ન જવાનાં વિવિધ કારણો ઊભાં કરી રહયું હતું–એક ખરા કારણ સિવાય કે આનંદ પાસે જવાનું તે સહન કરી શકે તેમ જ નહોતી.

"તમારે તમારું કામ પૂરું કરવું હોય તો હું તમારા બદલે જઈ આવું." રોઝાનાએ મદદનો હાથ ફરી લંબાવ્યો.

"ઓહ, ખરેખર?" નીલિમાએ તરત જ કહયું, "આઈ વીલ બી ઓફુલી ગ્રેટફુલ!"

"નો, નોટ એટ ઓલ!" ઊભી થતાં રોઝાનાએ હસીને કહયું, "મારે તો સમય કેમ ગાળવો એ પ્રશ્ન છે. તમે કામ કરો, હું જઈ આવું છું."

રોઝાના બહાર નીકળી અને નીલિમાના મનમાં ચટકા ભરાવા લાગ્યા. તેને જવા દીધી એ કરતાં પોતે જ ગઈ હોત તો? કદાચ આનંદે કંઈક કહયું હોત! (હવે શું કહેવાનું હતું તેની તેને ખબર નહોતી) વળી હવે તે ક્યાં તેને બહુ વાર મળી શકવાની હતી? થોડાક દિવસમાં તો તે કલકત્તા —

રૂમમાં સંપૂર્ણ નીરવતા હતી. માત્ર તેનું ટાઈપરાઈટર એકધારો અવાજ કરી રહયું હતું. ટપાટપ, ટપાટપ ટપાટપ...

થોડા દિવસ પછી તે કલકત્તા પહોંચી ગઈ હશે, દૂર દૂર! મન પાછું એકાએક ખાલી પડવા માંડયું.

રોઝાના જલદી પાછી આવી ગઈ. પોતાની ખુરસીમાં બેસતાં તેણે કહયું. "એક પત્ર લખવાનો હતો–નાનો એવો અને એ અગત્યનો છે એટલે આજે રાત પહેલાં રવાના કરી દેવાનો છે."

"તો તો પોતે ન ગઈ તેથી કંઈ ગુમાવ્યું નથી," નીલિમાના મનમાં પડઘો પડયો. પણ તોયે મનમાં ઇચ્છા થઈ આવી: પોતે જવું

જોઈતું હતું.

ટાઈપરાઈટર પર નવો કાગળ ચડાવતાં રોઝનાએ નીલિમા સામે જોયું, અને કહ્યું, “હમણાં તમે પેલી સાથે મિ. આનંદનું ફરી એન્ગેજમેન્ટ થવાની વાત કહી હતી...”

“હા કેમ ?” અનિચ્છાએ નીલિમા બોલી. એ વિષય નવેસરથી છેડવાનું હવે તેને પસંદ નહોતું.

“તમને તે ચોક્કસ ખબર છે ?” મનમાં નહિ બેસતી કોઈ ગડ જાણે કરચલી બનીને તેના કપાળમાં ચિતરાતી હતી, “આઈ મીન, એ એન્ગેજમેન્ટની વાતની તમને ખાતરી છે ?”

નિરાલીનો જમણો હાથ નીલિમાની નજર સામે તરી રહ્યો. તેની રૂપાળી આંગળી પર વીંટી કેવી ઝગારા મારતી હતી !

“ચોક્કસ,” તેનાથી બોલાઈ ગયું.

“ઓહ !” રોઝના બોલી ઊઠી. નીલિમા ટાઈપરાઈટર પર આંગળીઓ માંડવા ગઈ, પણ ત્યારે જ જાણે મનમાં ઝબકારો થયો—રોઝનાનું એ ‘ઓહ !’ ખાલી નહોતું, કંઈક અર્થ ભર્યો હતો તેમાં.

“શું થયું, રોઝા ?” તેણે પૂછ્યું.

“કંઈ સમજાતું નથી, પણ મેં મિ. આનંદને તેમના રિ-એન્ગેજમેન્ટ બદલ અભિનંદન આપ્યા ત્યારે ઊલટા તે જરા ભડકી ગયા હોય એવું લાગ્યું—”

“તમે–તેમને અભિનંદન આપ્યા ?” નીલિમા બોલી ઊઠી. “શા માટે ?”

“ખાલી,” રોઝનાએ ખભા ઉછાળતાં કહ્યું, “મને એમ કે મિ. આનંદ પણ કંઈક બોલશે–કંઈક જાણવા મળશે.”

“કંઈ મળ્યું ?”

“એક એકધારી તાકી રહેલી નજર, અને કરકસરભર્યું “થેંક્યુ !” ત્યારે જ રૂમના હાફશટરને જોરથી એક ધક્કો લાગ્યો, અને આનંદ લગભગ ધસી આવ્યો.

“તું થોડી વાર મારી ઑફિસમાં આવ – મારે કામ છે !” આશ્ચર્યથી તેની સામે તાકી રહેલી નીલિમાને તેણે કહ્યું ત્યારે તેનો ચહેરો, તેનો અવાજ તદ્દન જુદો હતો–અકળાયેલો અને ઉશ્કેરાયેલો.

એ એક વાક્ય બોલીને તે ઝડપથી પાછો ફરી ગયો અને પોતાની ઑફિસ તરફ ચાલ્યો ગયો. ઊભી થતાં નીલિમાએ રોઝનાની સામે જોયું. રોઝનાના પહોળા થઈ ગયેલા હોઠ અને આંખો સૂચવતાં હતાં કે, આનંદ ખુદ આવી રીતે અહીં ધસી આવે, આવી રીતે બોલે, ને આવી રીતે ચાલ્યો જાય એ બધું એક આશ્ચર્ય હતું, મહા આશ્ચર્ય !

એક શબ્દ પણ બોલ્યા વિના નીલિમા ત્યાંથી નીકળી અને આનંદની ઑફિસ તરફ ચાલવા માંડી, એક એક પગલે મનમાં વિચારોએ દોડમદોડ કરી મૂકી, આનંદે તેને શા માટે બોલાવી હશે–આવી રીતે ?

ઑફિસમાં આનંદ ઊભેલો જ હતો. તે અંદર પહોંચી અને બારણું બંધ થયું કે તરત જ તેની નજીક જતાં, ઉશ્કેરાયેલા અવાજે તેણે પૂછ્યું, “પેલી છોકરીને તેં કઈ બેવકૂફીભરી વાત કહી છે ?”

“કઈ છોકરી ?” નીલિમાએ ચમકતાં પૂછ્યું. તેના મનમાં નિરાલી ઝબકવા લાગી.

“હમણાં અહીં આવી હતી તે, રોઝના.”

“મેં તેને કંઈ બેવકૂફીભર્યું કહ્યું નથી,” અચાનક તેના મનમાં થોડો રોષ જાગવા માંડ્યો–શું પોતાને હંમેશા તતડાવાનું જ છે ? તેણે કહ્યું, “તમે શેની વાત કરો છો ?”

જાણે અત્યાર સુધી ઘણા કડવા ઘૂંટડા ગળે ઉતારવા પડ્યા હોય, ઘણું મનમાં ઉતારી ગયો હોય તેમ અકળામણ ભરી નજરે તે થોડી વાર

નીલિમાની સામે તાકી રહ્યો. પછી તે બોલ્યો, "તે મને અભિનંદન આપતી હતી–નિરાલી સાથે ફરી એન્ગેજમેન્ટ થવા બદલ!" થોડીવાર અટકીને તેણે કહ્યું, "અને એ વાત તેણે તારી પાસેથી જાણી હતી!"

"એમાં કંઈ ખોટું છે?" અવાજને ગળામાંથી બહાર લાવતાં જાણે તે થાકી ગઈ, "એ વાત કરવાની મનાઈ છે?"

આનંદની આંખોમાં, તેના આખા ચહેરા પર સખત રોષ તરી આવ્યો. કંઈક ગુસ્સાભર્યું બોલવા તેણે હોઠ ઉઘાડયા, પણ પાછા બીડી દીધા. જાત પર જાણે ફરી કાબૂ લેતો હોય તેમ જરા સ્વસ્થ અવાજે તેણે કહ્યું,

"બેસ. અને મને કહે, ખરેખર શું વાંધો છે?"

"કંઈ વાંધો નથી," ખુરસીમાં બેસી જતાં તે બોલી. તેને એક જ બીક હતી, ધ્રૂસકે ધ્રૂસકે રોઈ ન પડાય તો સારું.

આંખનો પલકારોય કર્યા વિના આનંદ તેની સામે જોઈ રહ્યો, નીલિમાને લાગ્યું, ઘણી વાર સુધી તે માત્ર તેને જોઈ જ રહ્યો–તેની આંખોમાંથી સખત ગૂંચવાડાએ પેદા કરેલો રોષ ખરતો હતો. એ રોષનો માર્યો હમણાં તે કંઈક બોલી નાખશે. તે કદી ન બોલ્યો હોય એવું કંઈક બોલી નાખશે. અને કંઈ પણ સાંભળી ન લેવાની, અને જરૂરી બને તો જવાબ પણ આપવાની તૈયારી, કરતાં નીલિમાએ માથું ઊંચું કર્યું. આનંદની આંખોમાં આંખો ઠેરવી. પણ આનંદ એવું કંઈ જ બોલ્યો નહિ. ઊંડા દુઃખપૂર્વક બોલતો હોય તેમ તેણે કહ્યું, "તું કલકત્તા જવા જ માગે છે?"

"ના," નીલિમાથી સાચું બોલાઈ ગયું, "પણ મને લાગે છે કે, એ સિવાય બીજો કોઈ રસ્તો મારે માટે નથી!"

"ઈશ્વરને ખાતર મને કહીશ?" ખૂબ પ્રયત્ન કરીને મગજ પર

કાબૂ રાખી રહેલા માણસની જેમ તે બોલી રહ્યો હતો, "એ કહીશ કે, શા માટે?"

પળવાર તેની સામે ચૂપચાપ જોઈ રહીને નીલિમાએ સામે પૂછ્યું,

"ખરેખર, તમારે એ જાણવું છે?"

"મારે એ જ જાણવું છે." ઊંચા શ્વાસે બોલતાં આનંદે કહ્યું. "આખી દુનિયામાંથી એ એક જ વાત મારે જાણવી છે...તાત્કાલિક!"

"તો જાણી લો," નીલિમાએ થરકતા અવાજે કહ્યું. "નિરાલી સાથે તમે લગ્ન કરી લો પછી આખી દુનિયામાં હું કયાં રહું? દુનિયાનો કોઈ ખૂણો પછી મને સંઘરી શકે કે ન પણ શકે. મને લાગ્યું કે, કોઈ એક ખૂણો શોધી રાખું, જ્યાં–"

તે આગળ બોલી ન શકી. દિલનાં બધાં જ ઘાયલ અરમાનો જાણે ડૂમો બનીને ગળામાં ભરાઈ ગયાં. આંખો જાણે વેદનાથી દાઝતી હોય એમ લાલ થઈ ને બળવા લાગી. હૈયાના જાણે બંધ ફાટયા અને એકામ રુદન ધસી આવ્યું, લાચાર થઈ ને તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

કેટલી વાર સુધી તે રડી, તેને ખબર નહોતી. પણ પછી રડવાનું બંધ થયું ત્યારે તેને લાગ્યું કે તેની આસપાસ ઊંડા પાણીના તળિયે હોય એવી નીરવતા છવાયેલી હતી. જાણે કોઈ અજબ તંદ્રામાં હોય એમ તેણે જાગવાનો પ્રયત્ન કરવા માંડયો.

"નીલૂ!"

એક અજબ શબ્દ, અદ્ભુત અવાજે બોલાયેલો એક શબ્દ સંભળાયો, અને તે ઝટકા સાથે જાગૃત બની ગઈ.

તેની ખુરસી પર ઝૂકીને આનંદ કહી રહ્યો હતો, "હું નિરાલી સાથે લગ્ન કરવાનો છું એ બલા તારા મનમાં પેઠી કયાંથી?"

"તેની સાથે તમે ફરી એંગેજ થઈ ગયા છો," તહોમતનામું મૂકતી હોય તેમ નીલિમા બોલી. "તમે તેને તમારી વીંટી પણ પાછી આપી છે, તે તેણે પહેરી છે!"

થોડીક લાંબી પળો સુધી તે તેની સામે જોઈ રહ્યો—ચુપચાપ, જાણે કંઈક વિચારતો હોય તેમ. થોડીવારે તેણે પૂછ્યું, "તેં ક્યારે તેને વીંટી પહેરેલી જોઈ?"

"કાલે—ગઈ કાલે જ!...તમે જ તે ન આપી હોય તો તેણે પહેરી કેવી રીતે હોય?"

"વીંટી જો મારે તેને આપવાની હોય તો તેટલા પૂરતો ય તેણે મારા પર આધાર રાખવો પડે, નિલૂ, પણ તેને કે તેની વાતોને આધારની કોઈ જરૂર જ નથી હોતી એ તું નથી જાણતી?"

"પણ વીંટી તેની આંગળીમાં ક્યાંથી આવી?"

"તેની બેગમાંથી, અથવા જ્યાં પણ તેણે અત્યાર સુધી તે રાખી હશે ત્યાંથી!" રુક્ષ પણ હળવા અવાજે આનંદે કહ્યું, અને થોડી વાર થોભીને ઉમેર્યું, "વીંટી તેણે મને પાછી જ ક્યારે આપી હતી કે મારી પાસેથી મેળવવી પડે?"

"ઓહ!" ખુરસીમાંથી ઊભી થઈ જતાં નીલિમા બોલી ઊઠી. એક અકલ્પ્ય તાજજુબી-એક અસહ્ય ભાન જાણે ચાબૂક બનીને તેને વાગ્યું હતું. કેવી બાલિશ, કેવી તદ્દન મૂર્ખતાભરી કલ્પનાઓમાં છેલ્લા ચોવીસ કલાકથી તે રીબાઈ હતી?

"એટલે—એટલે તે મારી પાસે જૂઠું—" બોલતી બોલતી તે અટકી ગઈ. નિરાલીને હવે તો તે ઓળખતી હોવી જોઈતી હતી. નિરાલી જાણી ગઈ હતી કે, તેણે એકવાર જૂઠું બોલીને તેને છેતરી હતી. બદલો લેવાની આવી તક તે શા માટે જવા દે?

તેણે એક લાંબો શ્વાસ લીધો. પછી એવો જ લાંબો શ્વાસ

મૂક્યો, અને પૂછ્યું—

"તો તમે નિરાલી સાથે લગ્ન કરવાના નથી?"

"ના, ના, ના!"

નીલિમા તેને જોઈ રહી.

"લગ્ન હું તારી સાથે કરવાનો છું નીલૂ, ડાર્લિંગ—સાંભળી લીધું?"

સ્તબ્ધ, અવાક્ નીલિમા શ્વાસ થંભાવીને તેને જોઈ રહી. શરીર, મગજ બધું સ્તબ્ધ થઈ ગયું.

આનંદનો અવાજ ફરી કેટલી વાર પછી સંભળાયો તેની તેને ખબર ન રહી, પણ અવાજ સંભળાયો ત્યારે તે પાછી ભાનમાં આવી હતી.

આનંદ કહી રહ્યો હતો, "હા, જો તું કલકત્તા જવાનું માંડી વાળે તો!"

"ઓહ આનંદ!" એકદમ માથું આનંદની છાતી પર ઢાળી દેતાં, લજવાતી તે બોલી. "એ તો—માત્ર હતાશામાં આવેલો વિચાર હતો, આનંદ."

"મારી બબૂચક!" તેના માથા પર હાથ ફેરવતાં આનંદે કહ્યું અને સ્મિત કરતાં ઉમેર્યું. "આઈ એમ સોરી! મને આટલી ખાતરી જ નહોતી કે, તું...તું મને..."

"હું તમને શી રીતે કહી શકું?" નીલિમાએ નીચું જોતાં કહ્યું. "જે બીજી કોઈનું બનવાનું નક્કી હોય તેને એ શી રીતે કહી શકાય?"

"કહેવાની હવે જરૂર પણ નથી." આનંદે પોતાના બંને હાથ તેને ફરતા વીંટાળ્યા. નીલિમાને પહેલી જ વાર લાગ્યું કે પોતે

સંપૂર્ણ સુદઢ રક્ષણમાં વીંટળાઈ ગઈ હતી.

"તમે હમણાં કહ્યું એ...એ સાચું જ છે ને?" તેની નજીક સરકતાં નીલિમાએ પૂછયું.

"શું?"

"લગ્નનું."

"નીલૂ...નીલૂ. મારું ભવિષ્ય સંપૂર્ણપણે તારા હાથમાં છે." તેના શબ્દોની પાછળ આવેલા એક ચુંબનની અમૃતથીય અદકી મીઠપ તેના રોમરોમને ઝણઝણાવી ગઈ.

પછી ફરી વાર તેના શબ્દો સંભળાયા, "પણ જો તું લગ્ન કરવાની ના કહીશ તો તેનો હું ભયંકર બદલો લઈશ. હું સીધો જ નિરાલી સાથે લગ્ન કરી લઈશ અને જિંદગીભર દુઃખમાં સબડયા કરીશ!"

"ના, ના! મહેરબાની કરીને એવું ન કરશો" બેય હાથથી તેને પકડી લેતી નીલિમા બોલી ઊઠી.

"તો પછી હવે બધું સ્પષ્ટ છે?" હસતાં હસતાં આનંદે કહ્યું, "બધું નક્કી?"

"હા, બધું જ નક્કી," નિર્લીમાએ કહ્યું, "પણ નિરાલી પાછી અહીં આવી ત્યાર પછી હું તમને વિચિત્ર લાગે તેમ શા માટે વર્તી એ મારે તમને સમજાવવાનું..."

"સમજી લીધું. હવે જૂની વાતો પાછી ઉખાળતી થઈ?"

"પણ તમે શું સમજ્યા?"

"એ જ કે તું મારા પ્રેમમાં હતી. બરાબર?"

"હં," આંખો નીચી ઢળી.

"પણ સાચું કહું? મને જ એ ખબર મોડી પડી. ખબર પડયા

પછી એ ખાતરી બહુ મોડી થઈ. વહેલી ખબર પડી હોત તો..."

'તો શું?"

"તો એકાદ વાર તને આકરા શબ્દો કહેલા તે ન કહયા હોત." સહેજ અટકીને તેણે ઉમેર્યું, "આઈ એમ સૉરી! પણ નસીબ આખરે પાંસરુ થયું કે પપ્પાની તબિયત કુદરતી રીતે જ બગડી. અને મને તક મળી ગઈ...તને જે કહેવાઈ ગયું હતું એ સુધારી લેવાની."

"એમની તબિયત પણ બગડી નહોતી. અને તેમાં કુદરતે કંઈ કર્યું'ય નહોતું."

"તો એ શું હતું?"

"નાટક...પપ્પાજીએ જ ગોઠવેલું." હસી પડતાં નીલિમા બોલી ઊઠી.

"ન હોય! નાટક? પપ્પાએ જ-?"

અને બન્ને હસી પડયાં. મન મૂકીને હસી પડયાં. એકબીજાંના હાથમાં વીંટળાઈને મન ધરાયું ત્યાં સુધી હસતાં રહયાં.

છેવટે આનંદે કહયું, "ચાલ, આજે આપણે સાથે જ સીધા અહીંથી પપ્પા પાસે જઈએ અને—અને—

"અને સીધું જ તમારે તેમને કહી દેવાનું, સાચેસાચું" નીલિમાનો અવાજ જાણે ટહુકો બની ગયો.

"આપણે પણ પપ્પા પાસે કંઈ નાટક કરીશું?"

"ના, બાબા!" નીલિમાએ હોઠ ઉપર હાથ મૂકતાં કહ્યું, "પપ્પાજી નાટકોના પાકા જાણકાર છે!"

ફરી બન્ને મોકળાશથી હસી પડયાં.

"પપ્પા પૂછશે કે લગ્ન ક્યારે કરો છો, તો ?" નિલીમાએ પૂછ્યું.

"તો કહીશ કે તેં હજી આજે જ રાજીનામું આપ્યું અને તેમાં પાંચથી છ દિવસની નોટિસ આપી છે. એ દરમ્યાન હું નવી સેક્રેટરી શોધી લઉં પછી તને છૂટી કરીશ !"

વળી બન્ને હસી પડયાં, અને હસતી હસતી નીલિમા આનંદના હાથમાંથી છૂટીને કાગળો વ્યવસ્થિત મૂકવા અને પોતાની પર્સ લેવા ઑફિસ રૂમ તરફ ગઈ.

